અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં 'ગુજરાત ટુડે' દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર 'ગુજરાત ટુડે' દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૪ અંક-૨૨ ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in

### UPSCમાં લેટરલ એન્ટ્રીથી ભરતી કરવાના સરકારના પગલાંનો વિપક્ષ સંયુક્ત રીતે વિરોધ કરશે

# વિપક્ષો દ્વારા લેટરલ એન્ટ્રી ભરતીની ટીકા, અનામત માટે ખતરો ગણાવી

## કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી અને બસપાએ અદૃશ્ય માધ્યમો દ્વારા મહત્ત્વના હોદ્દા પર તેના વૈચારિક સાથીદારોને સ્થાપિત કરવા માટે ભાજપ દ્વારા "ષડયંત્ર"વાળી પહેલ ગણાવી

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૯

વિરોધ પક્ષોએ લેટરલ એન્ટ્રી(પાછલા બારણે) દ્વારા જાહેર સેવકોની ભરતી કરવાના મોદી સરકારના નિર્ણયની ટીકા કરીને દાવો કર્યો છે કે તે એસસી, એસટી અને ઓબીસીના અનામત અધિકારોને નુકસાન પહોંચાડે છે. શાસક પક્ષ ભાજપે જો કે, આ પગલાંનો બચાવ કરતાં ભારપૂર્વક જણાવ્યું કે, એનડીએ સરકાર માત્ર કોંગ્રેસના નેતૃત્વ હેઠળની યુપીએ દ્વારા શરૂ કરવામાં આવેલી પ્રક્રિયામાં પારદર્શિતા લાવી રહી છે. કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી (સપા) અને બહુજન સમાજ પાર્ટીએ પોતાના વૈચારિક સાથીદારોને અપ્રગટ માધ્યમો દ્વારા મુખ્ય હોદ્દા પર સ્થાપિત કરવા માટે ભાજપ દ્વારા "ષડયંત્ર" તરીકેની પહેલને વખોડી કાઢી હતી. રાહુલ ગાંધીએ એક્સ પર પોસ્ટમાં જણાવ્યું કે, "કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયોમાં મહત્ત્વપૂર્ણ પોસ્ટ્સ પર લેટરલ એન્ટ્રી દ્વારા ભરતી કરીને એસસી, એસટી અને ઓબીસી વર્ગોની અનામત ખુલ્લેઆમ છીનવાઈ રહી છે." ગાંધીએ આરોપ લગાવ્યો કે પીએમ નરેન્દ્ર મોદી "યુનિયન પબ્લિક સર્વિસ કમિશનને બદલે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) દ્વારા જાહેર સેવકોની ભરતી કરીને બંધારણ પર હુમલો કરી રહ્યા છે." રાહુલના મંતવ્યોનો પડઘો પાડતા કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આરોપ લગાવ્યો કે "સુયોજિત કાવતરાના ભાગરૂપે ભાજપ જાણીજોઈને નોકરીઓમાં આવી ભરતીઓ કરી રહી છે જેથી એસસી, એસટી, ઓબીસી વર્ગોને અનામતથી દૂર રાખી શકાય." ખડગેએ દલીલ કરી હતી કે, "ભારતના બંધારણમાં સમાવિષ્ટ આર્થિક, સામાજિક અને રાજકીય ન્યાયની જોગવાઈઓનો સંપૂર્ણ અમલ કરવો જરૂરી છે. તેથી જ કોંગ્રેસ પાર્ટી સામાજિક ન્યાય માટે જાતિ ગણતરીની માંગ કરી રહી છે." વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ "આઈએએસનું ખાનગીકરણ કરવાની મોદીની યોજના અનામત પર સીધો હુમલો છે." રાહુલ ગાંધીએ કહ્યું, ઈન્ડિયા બ્લોક આ "રાષ્ટ્રવિરોધી પગલાં"નો સખત વિરોધ કરશે. સપા પ્રમુખ અખિલેશ યાદવે ૨ ઓક્ટોબરથી આંદોલન કરવાની ચેતવણી આપી હતી. જવાબમાં ભાજપે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના ૨૦૨૦ નિર્દેશ સહિત વિવિધ સત્તાવાર મેમોરેન્ડમને ટાંક્યા હતા જે તેની ભરતીમાં અનામત માર્ગદર્શિકાનું પાલન કરવાના મહત્વ પર ભાર મૂકે છે. પાર્ટીએ રાહુલ ગાંધીને "જૂઠાણું ફેલાવવાનું બંધ કરવા" જણાવ્યું હતું. શનિવારે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC)એ ૪૫ જગ્યાઓની જાહેરાત કરી હતી જેમાં ૧૦ સંયુક્ત સચિવ અને ૩૫ ડિરેક્ટર/ડેપ્યુટી સેક્રેટરીનો સમાવેશ થાય છે જેમાં કોન્ટ્રેક્ટના આધારે લેટરલ એન્ટ્રી દ્વારા ભરવામાં આવશે. એક અધિકારીના જણાવ્યા અનુસાર, કેન્દ્ર દ્વારા અત્યાર સુધી હાથ ધરવામાં આવેલી લેટરલ ભરતીની આ સૌથી મોટી બેચનું પ્રતિનિધિત્વ કરે છે. બીએસપીના વડા માયાવતીએ આ નિર્ણયને "ગેરકાયદેસર અને ગેરબંધારણીય" ગણાવ્યો અને દલીલ કરી કે તે નિમ્ન કક્ષાના કર્મચારીઓને પ્રમોશનનો લાભ લેતા અટકાવશે. જો કે, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે વિપક્ષની ટીકાને ફગાવી દીધી અને તેને "દંભી" ગણાવી હતી. એક્સ પરની એક પોસ્ટમાં તેમણે જણાવ્યું હતું કે એનડીએ સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલી લેટરલ એન્ટ્રી સિસ્ટમનો હેતુ શાસનને સુધારવાનો છે. તેમણે વીરપ્પા મોઈલીની અધ્યક્ષતા હેઠળના બીજા વહીવટી સુધારણા કમિશન (ARC)નો સંદર્ભ આપતા ઉમેર્યું, જેણે વિશેષ જ્ઞાનની આવશ્યક ભૂમિકાઓ ભરવા માટે નિષ્ણાતોની ભરતી કરવાની ભલામણ કરી હતી અને જણાવ્યું કે, "યુપીએ સરકારે પોતે લેટરલ એન્ટ્રીના વિચારની કલ્પના કરી હતી." સરકારી સૂત્રોએ જણાવ્યું હતું કે, ભારતના વહીવટી તંત્રની અસરકારકતા વધારવા માટે ડોમેન નિષ્ણાતોની જરૂરિયાતને ઓળખીને લેટરલ એન્ટ્રી પહેલ સત્તાવાર રીતે પીએમ મોદી હેઠળ શરૂ કરવામાં આવી હતી.




## UPSCએ વરિષ્ઠ સરકારી હોદ્દા માટે ૪૫ લેટરલ એન્ટ્રી ખાલી જગ્યાઓની જાહેરાત કરી

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC)એ સંયુક્ત સચિવ, નિયામક અને નાયબ સચિવ સહિત વિવિધ હોદ્દાઓ માટે લેટરલ એન્ટ્રી નોકરી માટે ૪૫ જગ્યાઓ માટે જાહેરાત કરી છે. આ પોસ્ટ્સ ૧૭ સપ્ટેમ્બર સુધી અરજીઓ માટે ખુલ્લી છે અને પહેલનો હેતુ સરકારી કામગીરીની અસરકારકતા સુધારવા માટે વિશિષ્ટ કૌશલ્ય ધરાવતી વ્યક્તિઓને લાવવાનો છે. અરજી upsconline.nic.in પર ઓનલાઈન સબમિટ કરવાની રહેશે. UPSCએ ૧૦ જોઈન્ટ સેક્રેટરીની ખાલી જગ્યાઓ અને ૩૫ ડિરેક્ટર/ડેપ્યુટી સેક્રેટરીની જગ્યાઓની જાહેરાત કરી છે. સંયુક્ત સચિવની જગ્યાઓ માટે અરજીઓમાં નાણા મંત્રાલયમાં બે ખાલી જગ્યાઓ, ગૃહ મંત્રાલય અને ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયમાં એક-એક જગ્યાનો સમાવેશ થાય છે. બીજી તરફ ડાયરેક્ટર/ડેપ્યુટી સેક્રેટરીના હોદ્દા માટેની અરજીઓમાં કૃષિ મંત્રાલયમાં આઠ, શિક્ષણ મંત્રાલયમાં બે અને વિદેશ અને નાગરિક ઉડ્ડયન મંત્રાલયમાં એક-એક પદનો સમાવેશ થાય છે. અધિકૃત સૂચના અનુસાર 'રાષ્ટ્ર નિર્માણમાં યોગદાન આપવા ઈચ્છુક પ્રતિભાશાળી અને પ્રેરિત ભારતીય નાગરિકો પાસેથી ઓનલાઈન અરજીઓ આમંત્રિત કરવામાં આવે છે કે, તેઓ સરકારમાં સંયુક્ત સચિવ અથવા નિયામક/નાયબ સચિવના સ્તરે મુખ્ય મથક સાથેના વિવિધ મંત્રાલયો/વિભાગોમાં નીચે જણાવેલ પોસ્ટ પર જોડાય. નવી દિલ્હી ખાતે કરારના આધારે (રાજ્યો/યુટી કેડર, જાહેર ક્ષેત્રના ઉપક્રમો (પીએસયુ), સ્વાયત્ત સંસ્થાઓ, વૈધાનિક સંસ્થા, યુનિવર્સિટીઓ, માન્યતા પ્રાપ્ત સંશોધન સંસ્થાઓના અધિકારીઓ માટે પ્રતિનિયુક્તિ પર) ત્રણ વર્ષના સમયગાળા માટે (પ્રદર્શન પર આધાર રાખીને પાંચ વર્ષ સુધી વધારી શકાય છે).' નોટિસમાં આ હોદ્દાઓ માટેની યોગ્યતા પણ સ્પષ્ટ કરવામાં આવી છે. જોઈન્ટ સેક્રેટરીની નોકરી માટેના અરજદારોને ઓછામાં ઓછો ૧૫ વર્ષનો સંબંધિત અનુભવ હોવો જોઈએ અને તેમની ઉંમર ૪૦થી ૫૫ વર્ષની વચ્ચે હોવી જોઈએ. ડિરેક્ટર પદના અરજદારોને ઓછામાં ઓછો ૧૦ વર્ષનો અનુભવ હોવો જોઈએ અને તેમની ઉંમર ૩૫થી ૪૫ વર્ષની વચ્ચે હોવી જોઈએ. ડેપ્યુટી સેક્રેટરી ઉમેદવારોએ ફરજિયાત ઓછામાં ઓછા ૭ વર્ષનો અનુભવ હોય અને ૩૨ અને ૪૦ વર્ષની વચ્ચે હોવી જોઈએ. સત્તાવાર સૂચના મુજબ એવા અધિકારીઓ જેઓ હાલમાં કોઈપણ રાજ્ય સરકાર માટે કામ કરે છે તેઓ જાહેર ક્ષેત્રના ઉપક્રમો (પીએસયુ), સ્વાયત્ત સંસ્થાઓ, વૈધાનિક સંસ્થાઓ, યુનિવર્સિટીઓ, સંશોધન સંસ્થાઓ અને ખાનગી ક્ષેત્રની કંપનીઓમાં સમકક્ષ સ્તરે કામ કરતા લોકો, કન્સલ્ટિંગ સંસ્થાઓ અને આંતરરાષ્ટ્રીય અથવા બહુરાષ્ટ્રીય સંસ્થાઓ હોદ્દા માટે અરજી કરવા પાત્ર છે. આ છૂટ કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે જ છે. જોબ વર્ણન અને શૈક્ષણિક લાયકાત સંબંધિત વધુ માહિતી માટે મહત્ત્વાકાંક્ષી ઉમેદવાર સંપૂર્ણ સૂચના જોઈ શકે છે.

## આસામમાં 'લવ જેહાદ'ના આરોપમાં ટોળાના હુમલાનો શિકાર બન્યા બાદ મુસ્લિમ કિશોરની ધરપકડ કરાઈ

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૯

અલી અહેમદ નામના મુસ્લિમ કિશોરની શુક્રવારે આસામના કચર જિલ્લામાં હિંદુ કટ્ટરવાદી યુવાનોના ટોળા દ્વારા નિર્દયતાથી હુમલો કર્યાના થોડા કલાકો પછી ધરપકડ કરવામાં આવી હતી. ટોળાએ તેના પર "લવ જેહાદ"નો આરોપ મૂક્યો હતો જેનો ઉપયોગ કેટલાક હિન્દુત્વ જૂથો દ્વારા કથિત ષડયંત્રનું વર્ણન કરવા માટે કરવામાં આવે છે જ્યાં મુસ્લિમ પુરૂષો કથિત રીતે હિંદુ મહિલાઓને ઈસ્લામમાં પરિવર્તિત કરવાના ઈરાદાનો આરોપ લગાવાય છે. આ ઘટના સોનાઈ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના નરસિંગપુરમાં એક ઉચ્ચ માધ્યમિક શાળા નજીક બની હતી જ્યાં ૧૨માં ધોરણનો વિદ્યાર્થી અલી સ્વતંત્રતા દિવસ પર તેની મિત્રને મળવા ગયો હતો. બંને સહપાઠી હતા અને ધોરણ ૧૦ સુધી સાથે ભણ્યા હતા. સવારે ૮ વાગ્યાની આસપાસ જ્યારે અલી અને છોકરી વાત કરી રહ્યા હતા ત્યારે હિન્દુ સમુદાયના છોકરાઓના એક જૂથે તેને અટકાવ્યો હતો અને તેનું નામ પૂછ્યું હતું. પોલીસના આવ્યા પછી અલીએ પત્રકારોને જણાવ્યું કે, "તેઓએ મારૂં નામ પૂછ્યું અને જ્યારે મેં અલી અહેમદ કહ્યું ત્યારે તેઓએ મને મારવાનું શરૂ કર્યું, ત્યાં ૧૫-૨૦ લોકો હતા. હું તેમને ઓળખતો નથી. ઘણા લોકો પછીથી આવ્યા હતા અને માર માર્યો હતો." ત્યારપછી આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. એક વીડિયોમાં અલી અર્ધનગ્ન અવસ્થામાં અને થાંભલા સાથે બાંધેલો જોવા મળે છે, તેના નાક અને મોંમાંથી ખૂબ લોહી નીકળતું હતું. અન્ય એક વિડિયોમાં તેને હાથ બાંધીને દોરડા વડે ખેંચીને ભીડની સામે ખેંચવામાં આવે છે. જે છોકરી પર પણ હુમલો કરવામાં આવ્યો હતો તે પાછળ રડતી જોવા મળે છે. અલીના પરિવારે ફરિયાદ નોંધાવી હોવા છતાં હુમલાના સંબંધમાં કોઈ ધરપકડ કરવામાં આવી નથી. જોકે, યુવતીના પરિવારની ફરિયાદના આધારે અલીની ધરપકડ કરવામાં આવી હતી.



કચરના પોલીસ અધિક્ષક નુમલમહટ્ટાએ પુષ્ટિ કરી કે છોકરાની છોકરીના નિવેદનના આધારે પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (POCSO) એક્ટના આરોપ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. સોનાઈ પોલીસ સ્ટેશનના એક અધિકારીએ દાવો કર્યો હતો કે અલીએ યુવતીને વોટ્સએપ પર એક "અશ્લીલ" વીડિયો મોકલ્યો હતો અને શરૂઆતમાં બિન-મુસ્લિમ નામનો ઉપયોગ કરીને પોતાનો પરિચય આપ્યો હતો. અધિકારીએ જણાવ્યું હતું કે, "છોકરીએ તે વાતનો ઈનકાર કર્યો હતો કે તેઓ રિલેશનશિપમાં હતા પરંતુ કહ્યું કે તેઓ ક્લાસમેટ છે અને તે જ સ્કૂલમાં ધોરણ ૧૦ સુધી અભ્યાસ કરે છે. તેની મુખ્યત્વે POCSO આરોપ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી." અલીના કાકા રહીમુદ્દીન બરભુયાનનો આરોપ છે કે "હિંદુત્વ જૂથ બજરંગ દળના આવ્યા પછી પરિસ્થિતિ વણસી, બજરંગ દળના દબાણ હેઠળ અલીની ધરપકડ કરાઈ, મારા ભત્રીજાને ખૂબ માર્યો હોવા છતાં અને વીડિયો પુરાવા હોવા છર્તા પોલીસે કોઈની ધરપકડ કરી નથી. આ સદંતર અન્યાય અને ભેદભાવ છે."

### રાજ્યપાલ વિરૂદ્ધ મુખ્યમંત્રીની અરજી પર હાઈકોર્ટમાં સુનાવણી થઈ, સિદ્ધારમૈયાને મોટી રાહત

## MUDA કેસ : સિદ્ધારમૈયા વિરૂદ્ધ કાર્યવાહી કરવા કર્ણાટક હાઈકોર્ટનો ઈન્કાર

(એજન્સી) નવી દિલ્હી, તા. ૧૯

કર્ણાટક હાઈકોર્ટે સોમવારે કથિત મુડા કૌભાંડમાં સિદ્ધારમૈયાને રાહત આપતા કહ્યું કે જ્યાં સુધી રાજ્યના રાજ્યપાલ સામેની તેમની અરજીની સુનાવણી ન થાય ત્યાં સુધી કર્ણાટકના સીએમ વિરૂદ્ધ વિશેષ અદાલત સમક્ષ કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં. કોંગ્રેસ નેતાએ જમીન ફાળવણી કૌભાંડમાં તેમની સામે કાર્યવાહી કરવાના રાજ્યપાલ થાવરચંદ ગેહલોતના આદેશને પડકારતી અરજી દાખલ કરી હતી. સુનાવણીની આગામી ૨૯ ઓગસ્ટે નક્કી કરવામાં આવી છે. હાઈકોર્ટે જણાવ્યું હતું કે, "આ કોર્ટ દ્વારા મામલો સાંભળવામાં આવ્યો હોવાથી અને સુનાવણીની આગામી તારીખ સુધી દલીલો પૂર્ણ થવાની હોવાથી સંબંધિત અદાલતે તેની કાર્યવાહી સ્થગિત કરવી જોઈએ."

સિદ્ધારમૈયાનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ દલીલ કરી હતી કે અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે કર્ણાટકના રાજ્યપાલ દ્વારા જારી કરાયેલ મંજૂરીનો



**રાજ્યપાલ દ્વારા લેવાયેલા પગલાં રાજ્યની સરકારને અસ્થિર કરવાનો ઈરાદો હતો જેમાં રાજકીય હેતુ છૂપાયેલો હતો : સિદ્ધારમૈયાના વકીલ સિંઘવીની દલીલ, આગામી સુનાવણી ૨૯ ઓગસ્ટે**

આદેશ ખામીયુક્ત છે અને રાજકીય હેતુઓ માટે કાયદેસર રીતે ચૂંટાયેલી સરકારને અસ્થિર કરવાના ઈરાદાપૂર્વકના પ્રયાસનો ભાગ છે. કર્ણાટકના મુખ્યમંત્રીએ સોમવારે શરૂઆતમાં કહ્યું હતું કે, "અમે કાનૂની લડાઈ પણ લડીશું, અમે રાજકીય લડાઈ પણ લડીશું. મને રાજકીય લડાઈ દરમિયાન વધુ 'જોશ' (ઉત્સાહ, જુસ્સો) મળે છે. હું તે સતત કરતો આવ્યો છું. મેં પહેલાં પણ કર્યું છે, હજુ પણ કરી રહ્યો છું અને ભવિષ્યમાં પણ કરીશું." સામાજીક કાર્યકર્તા સ્નેહમયી કૃષ્ણાએ સિદ્ધારમૈયા અને અન્ય નવ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવ્યા બાદ મુડા કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું. મુડા પાસેથી વળતરની છેતરપિંડી કરવા માટે ઉપયોગમાં લેવાતા દસ્તાવેજોની બનાવટ પરના આરોપ પછી કેન્દ્રમાં આવ્યું હતું. ૫૦:૫૦ ગુણોત્તર યોજના હેઠળ મુડાએ કર્ણાટકના મુખ્યમંત્રીની પત્ની પાર્વતીને તેમની અવિકસિત જમીનના ૩ એકર અને ૧૬ ગુંઠાના બદલામાં ૧૪ સાઈટ્સ ફાળવી હતી જેનો ઉપયોગ પછી રહેણાંક લેઆઉટ વિકસાવવા માટે કરવામાં આવ્યો હતો.

### ક્યા બાત હૈ ?!

**સોનું સસ્તું થયું એટલે મારી હારો હાર તમારા ભાઈએ પણ પોતાની માટે ઘરેણાં બનાવડાવી લીધા !**




## કોલકાતા જેવી ઘટના : ઉત્તરાખંડમાં મુસ્લિમ નર્સનો કોહવાઈ ગયેલો મૃતદેહ જંગલમાંથી મળી આવ્યો

(એજન્સી) તા.૧૯

ઉત્તરાખંડના ઉધમસિંહ નગરમાં પોલીસે એક આઘાતજનક હત્યા કેસને ઉકેલવાનો દાવો કર્યો છે. કોલકાતામાં તાજેતરના ગુનાને પ્રતિબિંબિત કરતા આ કેસમાં એક નર્સ ૩૦મી જુલાઈના રોજ ગુમ થઈ હતી અને મૃત હાલતમાં મળી આવી હતી. પોલીસે રાજસ્થાનના આરોપીની ધરપકડ કરી છે, જેણે લૂંટ, બળાત્કાર અને મહિલાની હત્યા કર્યાની કબૂલાત કરી છે. ૩૧મી જુલાઈના રોજ નર્સની બહેને કામ પરથી ઘરે પરત ન ફર્યા બાદ ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. આઠ દિવસ પછી ૮મી ઓગસ્ટે ઉત્તરપ્રદેશના બિલાસપુરમાં વસુંધરા એન્કલેવ પાસે ઝાડીઓમાં નર્સનો મૃતદેહ સડી ગયેલી હાલતમાં મળી આવ્યો હતો. પોસ્ટમોર્ટમમાં પુષ્ટિ થઈ છે કે, મહિલાનું યૌન શોષણ કરવામાં આવ્યું હતું અને તેનું

**હવે આ મામલામાં મીડિયા ઊહાપોહ કરશે ?? ઉત્તરાખંડ સરકારને ભીડવવા બંગાળ જેવી ઝુંબેશ થશે ખરી ?** ન્યુઝ GT પોઈન્ટ



ગળું દબાવીને હત્યા કરવામાં આવી હતી.

પોલીસે કહ્યું કે, અમે શંકાસ્પદ, ધર્મેન્દ્ર અને તેની પત્ની ખુશ્બુને રાજસ્થાનના જોધપુરમાં શોધી કાઢ્યા છે અને પૂછપરછ માટે તેમને રૂદ્રપુર લઈ આવ્યા છીએ. ધર્મેન્દ્રએ ગુનો કબૂલતા કહ્યું કે, તેણે મહિલાને વસુંધરા કોલોનીના રસ્તા પર એકલી જોઈ હતી. તે તેને ઝાડીઓમાં ખેંચી ગયો, તેના પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો અને જ્યારે તેણીએ પ્રતિકાર કર્યો, ત્યારે તેણે તેનું માથું જમીન પર પછાડી દીધું, તેના પર બળાત્કાર કર્યો અને પછી તેના દુપટ્ટા વડે તેનું ગળું દબાવી દીધું હતું.

પોલીસ તપાસમાં પીડિતાના મોબાઈલને ટ્રેક કરવા અને સીસીટીવી ફૂટેજની સમીક્ષા કરવાનો સમાવેશ થાય છે, જેના કારણે ધર્મેન્દ્રની ધરપકડ કરવામાં આવી છે. હત્યા બાદ ધર્મેન્દ્ર પીડિતાનો મોબાઈલ ફોન અને રૂા.૩૦,૦૦૦ લઈને ભાગી ગયો હતો. જો કે, પીડિતાના પરિવારે પોલીસના દાવાને નકારી કાઢ્યા છે અને તપાસને 'બનાવટી ખુલાસો' ગણાવ્યો છે. પીડિતાની બહેને કહ્યું કે, પોલીસની વાર્તા સાચી નથી. મારી બહેનનું શરીર માત્ર આઠ દિવસમાં હાડપિંજરમાં વિઘટિત થઈ શકે નહીં. અમારૂં માનવું છે કે, તેના શરીર પર કેટલાક કેમિકલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, સંભવતઃ તબીબી જાણકાર વ્યક્તિ દ્વારા. અમે સીબીઆઈ તપાસની માગણી કરીએ છીએ.

પીડિતાના પિતા અને ભાઈએ પોલીસના વર્ણન પર સવાલ ઊઠાવતા યુવાન નર્સ માટે ન્યાયની માગણી કરીને તેની ચિંતાઓ વ્યક્ત કરી હતી. પોલીસ પર દબાણ વધારતા, રાજ્ય મહિલા કોંગ્રેસના વરિષ્ઠ ઉપાધ્યક્ષ મીના શર્માએ સીબીઆઈ તપાસની માગણી સાથે એસએસપીની ઓફિસમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેણીએ કહ્યું કે, જ્યાં સુધી ન્યાય નહીં મળે અને ગુનેગારને મૃત્યુદંડની સજા ન થાય ત્યાં સુધી અમે વિરોધ કરીશું. કોંગ્રેસ મહિલા સમિતિએ એસપી સિટી મનોજ કાત્યાલને એક મેમોરેન્ડમ પણ સુપરત કર્યું, જેમણે તેમને સંપૂર્ણ સહકારની ખાતરી આપી અને મહિલાઓને સુરક્ષા માટે ગૌરા શક્તિ એપ્લિકેશનનો ઉપયોગ કરવા વિનંતી કરી હતી.

# ભાજપે કોલકાતાના ડોક્ટર પર બળાત્કાર-હત્યાને લઈને મમતાના રાજીનામાની માગણી કરી, ઇન્ડિયા બ્લોકના નેતાઓને 'રાજકીય ગીધ' કહ્યા

**ભાજપે સોમવારે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીને 'બેશરમ' ગણાવ્યા અને તેમના રાજીનામાની માંગ કરી છે, તેણે કોંગ્રેસના રાહુલ ગાંધી સહિત વિપક્ષી ઇન્ડિયા જૂથના નેતાઓની પણ નિંદા કરી અને તેમને 'રાજકીય ગીધ' કહ્યા અને આરોપ લગાવ્યો કે, તેઓએ તાલીમાર્થી ડોક્ટરના બળાત્કાર અને હત્યાની ઘટનાને 'સામાન્ય' બનાવી દીધી છે**




(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

ભારતીય જનતા પાર્ટી (BJP)એ સોમવારે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીને 'બેશરમ' ગણાવ્યા અને તેમના રાજીનામાની માંગ કરી. તેઓએ આક્ષેપ કર્યો હતો કે, કોલકાતાની આર.જી. કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં તાલીમાર્થી ડોક્ટરની બળાત્કાર અને હત્યાના ગુનેગારોને બચાવવા માટે તેમના કહેવા પર નિર્ણાયક પુરાવાનો નાશ કરવામાં આવ્યો હતો.

તેણે કોંગ્રેસના રાહુલ ગાંધી સહિત વિપક્ષી ઈન્ડિયા જૂથના નેતાઓની પણ નિંદા કરી અને તેમને 'રાજકીય ગીધ' કહ્યા અને આરોપ લગાવ્યો કે, તેઓએ તાલીમાર્થી ડોક્ટરના બળાત્કાર અને હત્યાની ઘટનાને 'સામાન્ય' બનાવી દીધી છે. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા ગૌરવ ભાટિયાએ જણાવ્યું હતું કે, મમતા બેનરજી મમતા હવે રાજ્ય માટે વિનાશક બની ગયા છે. તેણીના દુષ્કૃત્યો દ્વારા તેમણે એક મહિલા અને સમાજની સેવા કરતી ડોક્ટરની ગરિમાને નષ્ટ કરી છે. મમતા બેનરજી કાયદાના શાસન અને બંધારણનો નાશ કરનાર છે. નવી દિલ્હીમાં બીજેપી હેડક્વાર્ટર ખાતે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, મુખ્યપ્રધાને તાલીમાર્થી ડોક્ટરની સામૂહિક બળાત્કાર અને હત્યાની શક્યતાની ઝડપી તપાસ સુનિશ્ચિત કરવા માટે નક્કર પગલાં લીધાં નથી અને તેમને જઘન્ય અપરાધના નિર્ણાયક પુરાવા મળ્યા છે તેનો નાશ કર્યો છે. નિર્લજ્જ મમતા બેનરજીની વિનાશકતા જુઓ. તેણીએ કોલકાતામાં એક કૂચ કરી હતી જ્યારે આખો દેશ બળાત્કાર અને હત્યાની ઘૃણાસ્પદ ઘટનાથી શરમમાં હતો. તેણીએ તાત્કાલિક રાજીનામું આપવું જોઈએ. કોલકાતાની આ ભયાનક ઘટનામાં તપાસ કરતાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ને આર.જી. કર બળાત્કાર-હત્યાના આરોપી સંજય રોયનો પોલીગ્રાફ ટેસ્ટ કરાવવાની પરવાનગી આપવામાં આવી છે, કેન્દ્રીય એજન્સીએ કોર્ટ સમક્ષ આ માટે અરજી દાખલ કરી હતી. આરોપીનું જૂઠાણું તપાસવા માટે આ ટેસ્ટ માટે કોર્ટની પરવાનગી જરૂરી છે. સીબીઆઈએ પહેલાથી જ શ્રેણીબદ્ધ મનોવૈજ્ઞાનિક પરીક્ષણો કર્યા છે અને પછી પોલીગ્રાફ ટેસ્ટ માટે પરવાનગી માંગતી અરજી દાખલ કરી છે. સૂત્રોએ કહ્યું હતું કે, નિવેદનમાં વિસંગતતાઓને કારણે પોલીગ્રાફ ટેસ્ટ જરૂરી છે. પોસ્ટ ગ્રેજ્યુએટ ટ્રેઈની ડોક્ટરનો મૃતદેહ ૯ ઓગસ્ટના રોજ રાજ્ય સંચાલિત આર.જી. કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના પરિસરમાં મળી આવ્યો હતો. બુધવારે મધ્યરાત્રિ પછી અજાણ્યા ગુંડાઓ હોસ્પિટલના પરિસરમાં પ્રવેશ્યા હતા અને સુવિધાના એ ભાગોમાં તોડફોડ કરી હતી, જ્યાં મહિલાનો મૃતદેહ મળ્યો હતો. ઘટનાના વિરોધમાં મહિલાઓના વિરોધ વચ્ચે મધરાતે તોડફોડની ઘટના બની હતી.

**ન્યૂઝ પોઈન્ટ**

**એપ્રિલ ૨૦૧૮માં કાશ્મીરમાં કઠુઆ રેપ-મર્ડર કેસ થયેલ જેમાં એક ૮ વર્ષની આસિફાને ૮ આરોપીઓ કે જે હિન્દુ હતા તેમણે બળાત્કાર કરી રહેંસી નાંખેલ. તે વખતે મહેબૂબા મુફ્તી સઈદ મુખ્યમંત્રી હતાં અને ઉપમુખ્યમંત્રી ભાજપના કવિન્દર ગુપ્તા હતા. તે વખતે જમ્મુ-કાશ્મીરમાં મહેબૂબા અને ભાજપની સરકાર હતી ત્યારે ૨ મંત્રી આરોપીના ટેકામાં નીકળેલી રેલીમાં જોડાયા હતા. એટલું નહીં પરંતુ ડેપ્યુટી ચીફ મિનિસ્ટર કવિન્દર ગુપ્તાએ પોતાના નિવેદનમાં જણાવેલ કે 'આ તો એક નજીવી બાબત છે' સિનિયર મંત્રી ચૌધરી લાલસિંઘે કહ્યું કે, 'કલમ ૧૪૪ ક્રિમિનલ પ્રોસિજર કોડનો વિરોધ કરતાં તેમણે કહ્યું કે, આવી તો કેટલીય સ્ત્રી અહીં મૃત્યુ પામે છે.'**

**ત્યારબાદ સપ્ટેમ્બર ૨૦૨૦માં ઉત્તરપ્રદેશના હાથરસમાં એક ૧૯ વર્ષની દલિત મહિલાને ૪ આરોપીઓએ ગળામાં દુપટ્ટાથી ખેંચી જઈ બળાત્કાર કરી, તેની જીભ કાપી નાંખેલ અને ગળું દબાવી નિર્દયપણે મોતને ઘાટ ઉતારેલ. આ વખતે મુખ્યમંત્રી આદિત્યનાથ યોગી હતા. આ પીડિતાનું અંતિમ સંસ્કાર રાત્રે ૨:૩૦ વાગ્યે તેના માં-બાપની સંમતિ વગર કરી નાંખેલ !**

**૧૫મી ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ બિહારમાં એક દલિત મહિલાનો બળાત્કાર કરી મારી નાંખેલ. મુખ્યમંત્રી ભાજપના ટેકેદાર નીતિશકુમાર છે.**

**આ ત્રણ બનાવ વખતે સોશિયલ મીડિયા કે ટી.વી. ચેનલો તેમજ કોર્ટે શું ભાગ ભજવેલ તે આપણે સૌ જાણીએ છીએ. પશ્ચિમ બંગાળમાં જે કંઈ થયું તે ખૂબ જ નિંદનીય છે પરંતુ હવે મીડિયા ટ્રાયલ મારફત કેટલીક રાજકીય પાર્ટીઓ મુખ્યમંત્રી મમતા બેનરજીને જ ટાર્ગેટ કરે છે. જો કે, બનાવના દિવસે જ મમતા બેનરજીએ કહ્યું હતું કે, આરોપીને ૧૦ દિવસમાં ફાંસીએ લટકાવીશું. બનાવમાં પોતાનો કોઈ સગો છે જ નહીં.**

**પરંતુ સરકાર પાડવા માટે પૈસો ખૂબ કામ કરી જાય છે અને એ પણ જો વિરોધ પક્ષની સરકાર હોય અને તદન બિનસાંપ્રદાયિક હોય તો ભલું પૂછવું.**

# મણિપુરની ટેપ કમિશનને સુપરત કરવામાં આવી : શું બીરેન સિંહે અમિત શાહની અવગણના કરીને રાજ્યમાં 'બોમ્બ'ના ઉપયોગને મંજૂરી આપી હતી ?

**આ એક વિસ્ફોટક રેકોર્ડિંગ છે, મણિપુર સરકાર દાવો કરે છે કે તે 'ડોક્ટરેડ' છે અને હવે આ ટેપ રાજ્યમાં હિંસાની તપાસ કરતા ન્યાયિક પંચ સમક્ષ મૂકવામાં આવી છે**



(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

મણિપુર હિંસાની તપાસ માટે ગૃહ મંત્રાલય દ્વારા રચવામાં આવેલા તપાસ પંચને એક ઓડિયો ફાઈલ પ્રદાન કરવામાં આવી છે. જેમાં મુખ્યમંત્રી એન. બિરેન સિંહનું રેકોર્ડિંગ હોવાનો દાવો કરવામાં આવ્યો છે અને જો તે સાચો હોય, તો તે ૩ મે, ૨૦૨૩થી રાજ્યમાં ચાલી રહેલા ગૃહ યુદ્ધમાં રાજ્યની સત્તાવાર સંડોવણીનો પુરાવો બની શકે છે.

૪૮-મિનિટના આ રેકોર્ડિંગના કથિત નિર્માતાઓ દ્વારા ધ વાયરને જાણ કરવામાં આવી હતી કે તે એક મીટિંગમાં રૂબરૂમાં શૂટિંગ કરવામાં આવ્યું હતું જ્યાં મુખ્યમંત્રીએ નિઃશંકપણે હિંસામાં તેમની પક્ષપાતી ભાગીદારીનો સંકેત આપ્યો હતો. વ્યક્તિગત સલામતી માટેના જોખમને કારણે નામ જાહેર ન કરવાનો દાવો કરતા સૂત્રોએ ધ વાયરને જણાવ્યું કે આ સામગ્રી કમિશનને પણ સબમિટ કરવામાં આવી છે અને સાથે રેકોર્ડિંગ કરનાર વ્યક્તિ/વ્યક્તિઓ તરફથી તેની અધિકૃતતાને પ્રમાણિત કરતું એફિડેવિટ પણ આપવામાં આવ્યું છે અને તેમની સુરક્ષા કરવા અને અનામી રાખવા માટે પણ કમિશન પાસે વિનંતી કરવામાં આવી છે. આ રેકોર્ડિંગની તારીખ અને સમય તેમજ જે સંજોગોમાં તે કરવામાં આવ્યું હતું તે એફિડેવિટમાં કમિશનને આપવામાં આવ્યું છે પરંતુ વાયર એવી કોઈપણ વિગતોને પ્રકાશિત કરવાથી અટકાવી રહ્યું છે જે જુબાની આપનારની ઓળખ જાહેર કરવામાં મદદ કરી શકે અને તેમની સુરક્ષાને જોખમમાં મૂકે છે.

મે ૨૦૨૪ સુધીમાં સત્તાવાર મૃત્યુઆંક ૨૨૬ છે અને અન્ય લોકો ૩૯ ગુમ છે અને મેઈતેઈ અને કુકી-ઝો બંને સમુદાયોના લગભગ ૬૦,૦૦૦ લોકો હજુ પણ વિસ્થાપિત છે અને તેમના ઘરે પાછા ફરવામાં અસમર્થ છે. ભારતીય જનતા પાર્ટીની સરકારો આ રક્તપાતનો અંત લાવવામાં નિષ્ફળ રહી છે. વધુ મહત્ત્વની વાત એ છે કે, તેઓએ મેઈતેઈ અને કુકી-ઝો સમુદાયો વચ્ચે વિવાદ દૂર કરવા માટે કંઈ કર્યું નથી.

અનેક નિવેદનો સાંપ્રદાયિક રીતે વિભાજનકારી અને ઉશ્કેરણીજનક છે અને હિંસાગ્રસ્ત રાજ્યમાં શાસક વ્યવસ્થા અંગે મૂળભૂત ચિંતાઓ ઊભી કરે છે. તે સૂચવે છે કે શાસક વ્યવસ્થા પક્ષપાતી છે અને મેઈટી અને કુકી વચ્ચેના હાલના ધ્રુવીકરણને દૂર કરવાને બદલે તેને વધારે છે.

મણિપુર સરકારે એક નિવેદન બહાર પાડ્યું છે જેમાં આ રેકોર્ડિંગમાં અવાજ બીરેન સિંહનો હતો તે માનવાનો ઈન્કાર કરતાં આ રેકોર્ડિંગને "ડોક્ટરેડ" ગણાવ્યું છે. સરકારના ધ્યાન પર આવ્યું છે કે એક ઓડિયો રેકોર્ડિંગ, માનનીય મુખ્યમંત્રી, મણિપુરના હોવાનો ખોટો દાવો કરીને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રસારિત કરવામાં આવી રહ્યો છે. આ ડોક્ટરેડ ઓડિયો અમુક વર્ગો દ્વારા સાંપ્રદાયિક હિંસા ભડકાવવા અથવા બહુવિધ સ્તરે શરૂ કરાયેલી શાંતિની પ્રક્રિયાને અવરોધિત કરવાનો પ્રયાસ છે.

મીટિંગમાં સહભાગી હોવાનો દાવો કરતા કેટલાક વ્યક્તિઓ દાવો કરે છે કે આ અવાજ ખરેખર મુખ્ય પ્રધાન બિરેન સિંહનો છે અને તેમણે તેમની હાજરીમાં રેકોર્ડિંગમાં બધી બાબતો કહી હતી. આ સંપૂર્ણ ઓડિયો ક્લિપ તપાસ પંચને સબમિટ કરવામાં આવી છે. આ આયોગની સ્થાપના ૪ જૂન, ૨૦૨૩ના રોજ ગૃહ મંત્રાલય (MHA)ની સૂચના દ્વારા કરવામાં આવી હતી.

રેકોર્ડિંગમાં મેઈટીસ અને કુકી વચ્ચેની વંશીય હિંસાનો સામનો કરવા માટે મુખ્ય પ્રધાન તરીકે બિરેન સિંઘની ભૂમિકા વિશે મુખ્ય પ્રશ્ન ઊભો થાય છે : શું તેઓ રાજ્યમાં શાંતિ લાવવાનો પ્રયાસ કરવાની તેમની બંધારણીય ફરજ બજાવી રહ્યા હતા ? તેમની આ અવગણના અને કૃત્યોને લીધે તેમના રાજ્યના તમામ સમુદાયોના લોકોએ ભારે કિંમત ચૂકવી છે. ૧ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ, સિંહે રાજ્ય વિધાનસભાને જણાવ્યું હતું કે મે ૨૦૨૩થી વંશીય સંઘર્ષમાં ૨૨૬ લોકો માર્યા ગયા છે અને ૩૯ લોકો હજુ પણ ગુમ છે. તેમણે કહ્યું કે ૧૧,૧૩૩ ઘરોને આગ લગાડવામાં આવી હતી અને હિંસાના સંબંધમાં ૧૧,૮૯૨ કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં ૫૯,૪૧૪ લોકો હજુ પણ રાહત શિબિરોમાં છે. તેમણે કહ્યું કે ૫,૫૫૪ વ્યક્તિઓની ખેતીની જમીન પણ પ્રભાવિત થઈ છે. મણિપુર કટોકટી અંગે સરકારના સંચાલનની ટીકાના બચાવમાં ઓગસ્ટમાં સંસદમાં અમિત શાહે બિરેન સિંહનો બચાવ કર્યો હતો અને કહ્યું હતું કે રાજ્યમાં વંશીય સંઘર્ષને શાંત કરવા માટે મુખ્ય પ્રધાન સંઘને સહકાર કરી રહ્યા છે. મણિપુર પર વિપક્ષો પર 'રાજનીતિ રમવાનો' આરોપ લગાવતા, શાહે ૯ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ રાજ્યમાં પાર્ટીની 'ડબલ એન્જિન સરકાર' પર વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

"...અમે ડીજીપી બદલ્યા, તેઓએ કેન્દ્રના ડીજીપીને સ્વીકાર્યા. અમે મુખ્ય સચિવને બદલી નાખ્યા, અમે મોકલેલા મુખ્ય સચિવને તેઓએ સ્વીકારી લીધું. જ્યારે મુખ્યમંત્રી સહકાર ન આપે ત્યારે તેને બદલવાની જરૂર પડે છે. પરંતુ અહીં મુખ્યમંત્રી સહકાર આપી રહ્યા છે.

**પરંતુ ઓડિયો ક્લિપ અન્યથા સૂચવે છે.**

નામ ન આપવાની શરતે વાત કરનાર વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, આ વંશીય સંઘર્ષના ૨-૩ દિવસ પછી, ગૃહ વિભાગને તમામ માહિતી મુખ્ય પ્રધાનને આપવા સૂચના આપવામાં આવી હતી; અમે તે અનૌપચારિક આદેશનું પાલન કર્યું. તેથી ગૃહ પ્રધાન તરીકે તેઓ જ આ સૂચનાઓ આપી રહ્યા હતા.

**"બોમ્બ"ના ઉપયોગના અન્ય પુરાવા**

ગયા વર્ષે શાહની મુલાકાત પછી ઈન્ડિજિનિયસ ટ્રાઈબલ લીડર્સ ફોરમ (ITLF) દ્વારા જારી કરાયેલી સંખ્યાબંધ પ્રેસ રિલીઝમાં પણ કુકી ગામો પર ૫૧ mm મોર્ટાર બોમ્બના ઉપયોગનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ૨૨ જૂન, ૨૦૨૩ના રોજ, ITLFની એક અખબારી યાદીમાં દાવો કરવામાં આવ્યો હતો કે કેટલાક અજાણ્યા બદમાશોએ "લામકા ચુરાચંદપુર તરફ જતો રસ્તો બંધ કરવાના પ્રયાસમાં એક પુલને નષ્ટ કરવા માટે કવાક્તા વિસ્તારમાં "અત્યંત સઘન બોમ્બ"નો ઉપયોગ કર્યો હતો. જૂન ૨૦૨૩ માં આસામ રાઈફલ્સ અને રાજ્ય પોલીસની સંયુક્ત ટીમે સર્ચ ઓપરેશન દરમિયાન ઈમ્ફાલ પૂર્વ જિલ્લામાંથી એક ૫૧ એમએમ મોર્ટાર બોમ્બ મેળવ્યો હતો. આગામી મહિનાઓમાં આવા વધુ કેસો નોંધાયા છે. ૩૧ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ, ITLF દ્વારા "બોમ્બ"નો ઉપયોગ કરવામાં આવી રહ્યો હોવાનો વધુ એક ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. પોલીસ સ્ટેશનો અને શસ્ત્રાગારોમાંથી ચોરાયેલા મોર્ટાર શેલો સાથે આદિવાસી વિસ્તારોમાં તેનો ઉપયોગ કરવામાં આવ્યો છે. રાજ્યના શસ્ત્રાગારમાંથી લૂંટાયેલા શસ્ત્રો અને દારૂગોળાના વિશાળ જથ્થા વિશે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મીડિયામાં વ્યાપક કવરેજ આવ્યું હતું. રાજ્યના વહીવટીતંત્ર પર તેમને જપ્ત કરવા માટે દબાણ હતું. સરકારે સમગ્ર ખીણ વિસ્તારોમાં બૉક્સ ગોઠવીને પોલીસ શસ્ત્રાગારમાંથી શસ્ત્રો લીધા હતા તેમને પાછા આપવા વિનંતી કરી અને રાજ્ય વહીવટીતંત્ર દ્વારા મૌન ખાતરી હતી કે હથિયારો પરત કરનાર કોઈપણ સામે કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહીં. ગૃહ મંત્રાલય (MHA)ના વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા અનુસાર રાજ્યના શસ્ત્રાગાર લૂંટાયા પછી તરત જ, ગૃહ પ્રધાન શાહે મુખ્યમંત્રી સાથે MHA અને રાજ્ય સરકારના ટોચના અધિકારીઓ અને ઓછામાં ઓછા એક મંત્રીની હાજરીમાં વિડિયો કોન્ફરન્સ યોજી હતી.

# તમિલનાડુ નકલી NCC કેમ્પ શોકર : ૧૩ છોકરીઓનું જાતીય શોષણ; પ્રિન્સિપાલ, શિક્ષકોની કેસ પર ઢાંકપિછોડો કરવા બદલ ધરપકડ

**આવી ઘટનાઓ અન્ય શાળાઓમાં બની છે કે કેમ તે અંગે પોલીસ તપાસ કરી રહી છે**

(એજન્સી) તા.૧૯

પોલીસે જણાવ્યું હતું કે,૫ થી ૯ ઓગસ્ટ દરમિયાન તેના કેમ્પસમાં આયોજિત નકલી નેશનલ કેડેટ કોર્પ્સ (NCC) કેમ્પ દરમિયાન, તમિલનાડુના ક્રિશાંગિરી ખાતેની એક ખાનગી શાળામાં ઓછામાં ઓછી ૧૩ શાળાની વિદ્યાર્થિનીઓનું યૌન શોષણ કરવામાં આવ્યું હતું. એક છોકરીનું જાતીય શોષણ થયું હતું જ્યારે ૧૨ અન્યને જાતીય સતામણી કરવામાં આવી હતી. આ કેસમાં અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૧૧ લોકોની ધરપકડ કરવામાં આવી છે. મુખ્ય આરોપી શિવરામન તરીકે ઓળખાય છે, જેણે નકલી શિબિર દરમિયાન છોકરીઓનું જાતીય શોષણ કર્યું હતું, તે ફરાર હતો અને સોમવારે તેની ધરપકડ કરવામાં આવી હતી. શિવરામન, જે નામ તમિલાર કચ્છી યુવા પાંખના ક્રિર્ષણગિરી પૂર્વ જિલ્લા સચિવ હતા, તેમની સામે પોક્સો એક્ટ અને બીએનએસ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. શાળાના આચાર્ય એ. સતીશ કુમાર, શાળાના સંવાદદાતા સેમસન વેસ્લી અને બે શિક્ષકોની વિદ્યાર્થીઓએ ગુના અંગે ફરિયાદ કર્યા બાદ પોલીસને જાણ ન કરવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું હતું કે શાળામાં એનસીસી યુનિટ નથી જ્યારે નકલી કેમ્પના આયોજકે મેનેજમેન્ટનો સંપર્ક કર્યો હતો અને કહ્યું હતું કે જો તેઓ શિબિરનું આયોજન કરશે તો તેઓ એનસીસી યુનિટ રાખવા માટે લાયક બનશે. શાળા મેનેજમેન્ટે ન તો જૂથની પૃષ્ઠભૂમિ તપાસ કરી કે ન તો શિબિર યોજવાની પરવાનગી લીધી. તેણે શિક્ષકોને વિદ્યાર્થીઓની દેખરેખ રાખવાનું કામ પણ નહોતું આપ્યું. આવી ઘટનાઓ અન્ય શાળાઓમાં બની છે કે કેમ તે અંગે પોલીસ તપાસ કરી રહી છે.

# ઉદયપુરના ૧૫ વર્ષના પીડિતનું સારવાર દરમિયાન મોત; પ્રદેશમાં તંગ વાતાવરણ

(એજન્સી) તા.૧૯

રાજસ્થાનના ગૃહમંત્રી જવાહર સિંહ બેધમે કહ્યું કે સરકાર આરોપીઓ સામે કડક કાર્યવાહી સુનિશ્ચિત કરશે અને પીડિતાના પરિવારને દરેક રીતે મદદ કરશે. રાજસ્થાનના ઉદયપુરમાં શુક્રવારે હોમવર્ક બાબતે થયેલા ઝઘડા બાદ તેના ક્લાસમેટ દ્વારા ૧૫ વર્ષના છોકરાનું મોત થયું હતું. આ મુદ્દો શહેરના હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે સાંપ્રદાયિક ભડકામાં ફેરવાઈ ગયો હતો.

રાજસ્થાનના ગૃહમંત્રી જવાહર સિંહ બેધમે કહ્યું, "અમારા તમામ પ્રયત્નો છતાં સગીરનું મોત થયું. રક્ષાબંધનના અવસર પર આ એક દુઃખદ ઘટના છે. અમે તેને ઈલાજ કરવા માટે શક્ય તેટલી શ્રેષ્ઠ રીતો અજમાવી છે. પીડિતના પરિવાર પ્રત્યે મારી સંવેદના. સરકાર આરોપીઓ સામે કડક કાર્યવાહી સુનિશ્ચિત કરશે, જ્યારે અમે પીડિતાના પરિવારને દરેક રીતે મદદ કરીશું. એમબી હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. આર. એલ. સુમને જણાવ્યું હતું કે, "સોમવારે બપોરે તેની તબિયત અચાનક બગડી હતી ત્યારબાદ મંગળવારે સગીરે દમ તોડી દીધો હતો. મૃતદેહને હોસ્પિટલના શબઘરમાં પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે." શુક્રવારે, બે સગીરોએ વચ્ચે હોમવર્કને લઈને ઝગડો થયો હતો, પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું. "તેઓ અગાઉના દિવસોથી ઝઘડામાં હતા કારણ કે આરોપીઓએ હોમવર્કની નકલ માંગી હતી, પરંતુ પીડિતે તે કોઈ અન્યને આપી હતી. ઉદયપુરના પોલીસ અધિક્ષક યોગેશ ગોયલે જણાવ્યું હતું કે, "શુક્રવારે, જ્યારે બંને વચ્ચે ઉગ્ર દલીલ થઈ હતી, ત્યારે આરોપીએ પીડિતને ચાકુ માર્યું હતું, જેના કારણે તેના પેટમાં ગંભીર ઈજા થઈ હતી." પીડિતને સ્થાનિક મહારાણા ભોપાલ સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો અને બાદમાં શનિવારે તેની સારવાર માટે જયપુર અને કોટાથી બે વિશેષ તબીબી ટીમોની પણ નિમણૂક કરવામાં આવી હતી.

આરોપી વિરૂદ્ધ BNSની કલમ ૧૦૯, ૧૧૫ અને ૧૨૬ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે. સગીર આરોપી અને તેના પિતાની અટકાયત કરવામાં આવી છે, ગોયલે જણાવ્યું હતું કે, પિતા અને તેના પુત્રની શાળામાં ખંજર લઈ જવા અંગે પૂછપરછ કરવામાં આવી રહી છે. આ ઘટનાને પગલે જિલ્લામાં કોમી અથડામણ પણ થઈ હતી. ગોયલે જણાવ્યું હતું કે, "એક ટોળું રસ્તા પર ઉતરી આવ્યું હતું, ઘણી કારને આગ ચાંપી હતી અને પથ્થરમારો કર્યો હતો જેના પગલે પ્રશાસનને પ્રતિબંધિત આદેશો લાદવા અને ઈન્ટરનેટને સ્થગિત કરવાના પગલાં લેવા પડ્યા હતા." અથડામણ બાદ પોલીસે અજાણ્યા લોકો સામે બે કેસ દાખલ કર્યા હતા અને રવિવાર સુધીમાં ૧૫થી ૨૦ લોકોની અટકાયત કરી હતી. રવિવારે, પીડિતના પરિવારે પણ વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે તેમને હોસ્પિટલમાં પીડિતને મળવાની મંજૂરી આપવામાં આવી ન હતી, આ આરોપને પોલીસે ફગાવી દીધો હતો. પીડિતાની માતાએ આક્ષેપ કર્યો હતો કે, "તેઓએ મારા પુત્રને મારી નાખ્યો છે. હવે, વહીવટીતંત્ર અમને તેને મળવા દેતું નથી,",તેણે મુખર્જી નગર ચોકથી ૩૦થી ૪૦ મહિલાઓના જૂથની રેલીનું નેતૃત્વ કર્યું હતું, જે મોટાભાગે મુસ્લિમોના કબજામાં છે. સૂત્રોચ્ચાર કરતા, વિરોધીઓ મહારાણા ભૂપાલ (એમબી) હોસ્પિટલમાં પહોંચ્યા, જ્યાં છોકરો સારવાર હેઠળ હતો અને તેના પરિવારને તેને મળવા દેવાની માંગ કરી. જ્યારે જિલ્લા કલેક્ટર અરવિંદ પોસવાલ સ્થળ પર પહોંચ્યા, ત્યારે વિરોધીઓએ આરોપ લગાવ્યો કે પીડિત ઈજાને પગલે મોતને ભેટ્યો છે અને પરિવારને અંધારામાં રાખવામાં આવ્યો હતો તે પછી બંને પક્ષો વચ્ચે દલીલ થઈ હતી.

# ઉત્તરપ્રદેશમાં શિક્ષકની ભરતી : મૌર્યએ '૬૯,૦૦૦' વિરોધીઓને સમર્થન આપ્યું, જેમને યોગીએ સપાના 'પ્યાદા' તરીકે બરતરફ કર્યા હતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

ઉત્તરપ્રદેશમાં ૬૯,૦૦૦ સહાયક શિક્ષકોની ભરતી પ્રક્રિયામાં અનામત નીતિના અમલીકરણમાં વિસંગતતાઓએ યોગી આદિત્યનાથ સરકારને પાછળ ધકેલી દીધી છે. નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય મુખ્યમંત્રી આદિત્યનાથના વલણથી વિચલિત થતાં ભારતીય જનતા પાર્ટીની આગેવાની હેઠળની સરકારની અંદર આ મુદ્દા પર વિરોધાભાસી સ્થિતિ પણ આ બાબત સામે આવી છે. અલ્હાબાદ હાઈકોર્ટે તાજેતરમાં રાજ્યમાં ૬૯,૦૦૦ મદદનીશ શિક્ષકોની ભરતી માટે સરકાર દ્વારા ૧ જૂન, ૨૦૨૦ અને જાન્યુઆરી ૫, ૨૦૨૨ના રોજ જારી કરાયેલ પસંદગીની યાદીઓને બાજુ પર મૂકી દીધી છે અને ત્રણ મહિનાની અંદર પસંદગીના ઉમેદવારોની નવી યાદી બહાર પાડવાનો નિર્દેશ આપ્યો છે. પરીક્ષાઓ ૨૦૧૯માં યોજવામાં આવી હતી અને ત્યારથી ભરતી પ્રક્રિયા વિવાદોમાં ઘેરાયેલી છે, ખાસ કરીને અનામત વર્ગના ઉમેદવારો માટે અનામતના અમલીકરણમાં વિસંગતતાઓને કારણે ભરતી પ્રક્રિયા વિવાદોમાં રહેલી છે. કેટલાક અનામત ઉમેદવારોએ એવી દલીલ કરી હતી કે અનામત નીતિમાં વિસંગતતાઓ છે કારણ કે સામાન્ય ઉમેદવારો માટે કટ-ઓફ કરતાં વધુ માર્ક્સ મેળવવા છતાં, તેમને સામાન્ય પોસ્ટ્સ હેઠળ ભરતી માટે ધ્યાનમાં લેવાની મંજૂરી આપવામાં આવી ન હતી. આના પરિણામે, તેઓએ આક્ષેપ કર્યો હતો કે, અનામત વર્ગને તેમના નિયત ક્વોટા મુજબ યોગ્ય પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું ન હતું અને સામાન્ય શ્રેણીના ૫૦%થી વધુ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી હતી. બીજા શબ્દોમાં કહીએ તો, મેરીટોરીયસ રિઝર્વ્ડ કેટેગરી (MRC) ઉમેદવારોને સામાન્ય કેટેગરીમાં મૂકવાને બદલે અનામત કેટેગરીમાં મૂકવામાં આવ્યા હતા. આ મામલો આદિત્યનાથ સરકાર માટે નવો મુદ્દો બની ગયો છે, કારણ કે કાનૂની લડાઈઓએ તેમની ભરતીની ઝુંબેશને અટકાવી દીધી હતી અને તેને OBC અને દલિત ઉમેદવારોના હિતોની વિરૂદ્ધ ચલાવવાના આરોપોનો સામનો કરવો પડ્યો હતો. સરકારે આખરે અનામત નીતિમાં વિસંગતતાઓ સ્વીકારી અને ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણી પહેલાના છેલ્લા પગલામાં, વધારાના ૬,૮૦૦ અનામત કેટેગરીના ઉમેદવારોને શિક્ષક તરીકે નિયુક્ત કરવાનો નિર્ણય કર્યો હતો. જો કે અલ્હાબાદ હાઈકોર્ટે આ નિર્ણય પર રોક લગાવી દીધી હતી. છેલ્લા પાંચ વર્ષમાં સામાન્ય અને અનામત વર્ગના ઉમેદવારો ભરતી પ્રક્રિયા પર સવાલ ઉઠાવતા મામલો કોર્ટમાં લઈ ગયા છે. વધુમાં, લખનૌમાં ઓબીસી અને દલિત ઉમેદવારો દ્વારા તેમની નિમણૂંકની રાહ જોતા લાંબા સમય સુધી વિરોધ કરવામાં આવ્યો હતો. તેઓએ આરોપ લગાવ્યો કે કૌભાંડના ભાગરૂપે તેમને નોકરીથી વંચિત રાખવામાં આવી રહ્યા છે. '૬૯,૦૦૦' પ્રશ્નએ ૨૦૨૨ અને ૨૦૨૪ બંને ચૂંટણીઓમાં ભાજપને નુકસાન પહોંચાડ્યું હતું, કારણ કે વિરોધ પક્ષો-કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીએ આંદોલનને સમર્થન આપ્યું હતું અને સરકારને હાંસિયામાં ધકેલી દેવાતા અને અનામત વર્ગના સમુદાયોના નોકરી ઈચ્છુકો વિરૂદ્ધ હોવાનું ગણાવ્યું હતું. હાઈકોર્ટના તાજેતરના ચુકાદાથી વિરોધ કરી રહેલા ઓબીસી અને દલિત ઉમેદવારોને રાહત મળી છે, જેમણે તેને તેમના જમીન પરના સંઘર્ષના સમર્થન તરીકે ગણાવ્યું હતું. મૌર્ય તેમજ કેન્દ્રીય મંત્રી અને ભાજપના સાથી અનુપ્રિયા પટેલ, બંને OBC, ઉમેદવારોને અભિનંદન આપવા માટે ઉતાવળમાં હતા. તેણીએ કહ્યું કે જ્યાં સુધી વંચિત વર્ગોને આ મામલે ન્યાય ન મળે ત્યાં સુધી તેઓ 'તાર્કિક નિષ્કર્ષ' પર પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે તમામ શક્ય પ્રયાસો કરશે. આ તે પછાત વર્ગ અને દલિત ઉમેદવારોની જીત છે જેમણે તેમના અધિકારો માટે લાંબો સંઘર્ષ કર્યો. મૌર્યએ પણ અટકળોને વેગ આપ્યો હતો જ્યારે ગયા મહિને તેમણે યુપી નિમણૂક અને કર્મચારી વિભાગને એક પત્ર લખીને સરકારી વિભાગોમાં કરાર અને આઉટસોર્સ કર્મચારીઓની ભરતીમાં ઓબીસી, દલિતો અને આદિવાસીઓ માટે અનામતના અમલીકરણની વિગતોની માંગણી કરી હતી. જો કે, આદિત્યનાથે કહ્યું કે 'યુપી સરકાર સ્પષ્ટ અભિપ્રાય ધરાવે છે કે અનામત વર્ગના ઉમેદવારોએ અનામત નીતિનો લાભ મેળવવો જોઈએ અને કોઈપણ ઉમેદવાર સાથે અન્યાય થવો જોઈએ નહીં.'

# ભાજપના કાર્યકરોએ નારાયણગાંવમાં અજિત પવાર સામે શા માટે કાળા ઝંડા ફરકાવ્યા

(એજન્સી) પુણે, તા.૧૯

ડેપ્યુટી સીએમ અજિત પવારને એનસીપીની જન સન્માન યાત્રા માટે શહેરની મુલાકાત દરમિયાન નારાયણગાંવમાં ભાજપના કાર્યકરોના વિરોધનો સામનો કરવો પડ્યો હતો.

તેઓએ કાળા ધ્વજ લહેરાવ્યા હતા અને સ્થાનિક પ્રવાસન સંબંધિત ઘણા વિકાસ પ્રોજેક્ટ્સ પર સમીક્ષા બેઠક માટે સ્થાનિક મહાયુતિ જોડાણ ભાગીદારોને આમંત્રણ ન આપવા બદલ NCP નેતા વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. ૨૦૧૮માં રાજ્ય સરકાર દ્વારા જુન્નરને મહારાષ્ટ્રનું પ્રથમ 'સ્પેશિયલ ટુરિઝમ ઝોન' જાહેર કરવામાં આવ્યું હતું.

ભાજપના કાર્યકરોએ દાવો કર્યો હતો કે, અજિત પવાર જે પુણે જિલ્લાના પાલક મંત્રી પણ છે, તેમણે સવારે વહીવટી અધિકારીને બેઠક માટે બોલાવ્યા હતા. એનસીપીના સ્થાનિક કાર્યકરોને પણ બેઠકમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું, પરંતુ મહાયુતિ ગઠબંધનનો ભાગ હોવા છતાં ભાજપ તરફથી કોઈને આમંત્રણ મળ્યું ન હતું.

પૂર્વ જિલ્લા પરિષદના અધ્યક્ષ આશા બુચાકેએ જણાવ્યું હતું કે, સ્થાનિક એનસીપી કાર્યકરોએ સભા સ્થળે બેનરો લગાવ્યા હતા જેમાં સીએમ એકનાથ શિંદે અને ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસના ફોટા નહોતા. બેનરો પર માત્ર અજિત પવાર અને જુન્નરના ધારાસભ્ય અતુલ બેનકેના ફોટા હતા. તે એક સરકારી મીટિંગ હતી અને કોઈ રાજકીય પક્ષની નહીં, તેથી અમને આમંત્રણ આપવું જોઈએ કારણ કે, અમે વર્ષોથી અમારા પ્રદેશ માટેના ઘણા પ્રોજેક્ટ્સ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી સાથે ફોલોઅપ કરી રહ્યા છીએ. તેમણે (અજિત પવાર) એ સ્પષ્ટ કરવું જોઈએ કે, NCP શા માટે પાર્ટીના નામ સાથેના બેનરો મૂકે છે. તેમણે ઉમેર્યું હતું કે, અગાઉ પવારે જુન્નરના વિકાસ પ્રોજેક્ટ્સ માટે સમાન બેઠકો યોજી હતી અને માત્ર પસંદગીના લોકોને જ આમંત્રણ આપવામાં આવ્યું હતું.

એનસીપીના પ્રવક્તા અમોલ મિતકારીએ કહ્યું કે, ફડણવીસે સ્પષ્ટતા કરવી જોઈએ કે શું તેઓ ઈચ્છે છે કે, રાજ્યમાં મહાયુતિ ગઠબંધન ચાલુ રહે. નાયબ મુખ્યમંત્રીએ તરત જ તેમનું વલણ સ્પષ્ટ કરવું જોઈએ કે શું તે (ભાજપ) મહાયુતિ ગઠબંધન તરીકે વિધાનસભાની ચૂંટણી લડવા માંગે છે અને શું તેમણે તેમના પક્ષના કાર્યકરોને રાજ્યભરમાં કંઈપણ કરવા માટે છૂટો દોર આપ્યો છે. તેમણે અકોલામાં મીડિયાકર્મીઓ સાથે વાતચીત કરતી વખતે કહ્યું તે કોઈ રાજકીય ઘટના નહોતી અને તે એનસીપી દ્વારા આયોજિત એક કાર્યક્રમ હતો. અજિત પવારે બાદમાં 'જન સન્માન યાત્રા'ના ભાગરૂપે નારાયણગાંવમાં એક સભાને સંબોધિત કરી હતી.

પુણે ગ્રામીણ પોલીસે પુષ્ટિ કરી હતી કે, નારાયણગાંવમાં વિરોધ સ્થળેથી ઓછામાં ઓછા ૩૦થી ૩૫ લોકોની અટકાયત કરવામાં આવી હતી અને બાદમાં તેમને છોડી દેવામાં આવ્યા હતા.

ભાજપના જુન્નર તાલુકા પ્રમુખ સંતોષ ખૈરેએ જણાવ્યું હતું કે, એનસીપીને ટેકો આપતાં કેટલાય ગામોના સરપંચોને બેઠકમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું, પરંતુ ભાજપ તરફથી કોઈને બોલાવવામાં આવ્યા ન હતા.

# UPના હરદોઈમાં તેના ભાઈને રાખડી બાંધવા માટે તેણીના મામાના ઘરે જવાનો આગ્રહ કરતા રોષે ભરાયેલા પતિએ પત્નીનું નાક કાપી નાંખ્યું

(એજન્સી) તા.૧૯

ઉત્તરપ્રદેશના હરદોઈમાં રવિવારે એક વ્યક્તિએ તેની પત્નીનું નાક કાપી નાખ્યું કારણ કે, તેણીએ તેના ભાઈને રાખડી બાંધવા માટે તેના મામાના ઘરે જવાની જીદ કરી હતી. રિપોર્ટ અનુસાર, ઘટના બાદ તરત જ મહિલાને ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાંથી તેને લખનૌના ટ્રોમા સેન્ટરમાં ખસેડવામાં આવી હતી. વીડિયોમાં મહિલાએ તેની આપવીતિ જણાવી અને તેના પતિ પર તેનું નાક કાપવાનો આરોપ લગાવ્યો. તેણીને એવું કહેતા સાંભળી શકાય છે કે, તે હવે જીવવા માંગતી નથી. તેણે એમ પણ કહ્યું કે, તે તેના પતિ સામે કાર્યવાહી કરવા માંગે છે.

અહેવાલ મુજબ બનિયાની પૂર્વા નિવાસી રાહુલ નામના વ્યક્તિએ તેની પત્ની અનિતા સાથે ઝઘડો કર્યો જ્યારે તેણે રક્ષાબંધનના અવસર પર બેહતાગોકુમાં તેના મામાના ઘરે જવાનું કહ્યું. મામલો એટલો વધી ગયો કે, મહિલાની બૂમો સાંભળીને ગુસ્સે થયેલા પતિએ પત્નીનું નાક કાપી નાખ્યું અને તેને લોહીના ખાબોચિયામાં પડેલી જોઈને તેના સસરાએ ૨૫ વર્ષની અનિતાને ગંભીર હાલતમાં હરદોઈ મેડિકલ કોલેજમાં દાખલ કરી. જ્યાંથી તેણીને લખનૌ ટ્રોમા સેન્ટર લઈ જવામાં આવી હતી. ઘાયલ મહિલાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ હરદોઈ પોલીસે X પર એક પોસ્ટમાં કહ્યું કે, આ મામલે તપાસ કરવામાં આવી રહી છે અને જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. હરદોઈ પોલીસે ટ્વિટર પર જણાવ્યું કે, સંદર્ભિત કેસના સંબંધમાં ઈન્સ્પેક્ટર-ઈન-ચાર્જ (ગ્રામીણ)ને તપાસ કરવા અને જરૂરી પગલાં લેવા સૂચના આપવામાં આવી છે. રિપોર્ટ અનુસાર મહિલાએ જણાવ્યું કે, તેનો પતિ તેની સાથે અવારનવાર ઝઘડો કરે છે અને તેથી જ તે તેના મામાના ઘરે ગઈ હતી. જો કે, તે ચાર દિવસ પહેલાં જ પાછી આવી હતી અને રક્ષાબંધન નિમિત્તે ફરી મુલાકાત લેવાનું વિચારી રહી હતી.

### રાજ્યપાલ સી. વી. આનંદ બોઝે કરી ટીકા

# મહિલાઓ માટે સુરક્ષિત નથી પશ્ચિમ બંગાળ, મમતા સરકાર અસંવેદનશીલ

**બંગાળને તેનું ગૌરવ પરત મળવું જોઈએ જ્યાં મહિલાઓ માટે સમાજમાં સન્માનજનક સ્થાન હતું : રાજ્યપાલ**

**ન્યુઝ GT પોઈન્ટ** પ. બંગાળમાં સીએમ તત્કાલ પગલાં લે છે છતાં સરકારના બંધારણીય વડા ગણાતા રાજ્યપાલ વિરોધ પક્ષના નેતાની જેમ બોલે એ વિધિની વક્રતા જ છે કે નહીં ?! બંગાળમાં જ મહિલાઓ વધુ સુરક્ષિત છે...

(એજન્સી) કોલકાતા, તા.૧૯

કોલકાતાની આર.જી. મેડિકલ કોલેજમાં મહિલા ડૉક્ટર સાથે દુષ્કર્મ અને હત્યા કેસ મામલે દેશભરમાં આક્રોશ ભભૂકી રહ્યો છે. એવામાં પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સી. વી. આનંદ બોઝે રાજ્ય સરકારની ટીકા કરી છે. તેમણે કહ્યું છે કે બંગાળમાં મહિલાઓ સુરક્ષિત નથી. વર્તમાન સરકારે મહિલાઓને નિરાશ કરી છે. બંગાળને તેનું ગૌરવ પરત મળવું જોઈએ જ્યાં મહિલાઓ માટે સમાજમાં સન્માનજનક સ્થાન હતું. મહિલાઓ હવે ગુંડાઓથી ગભરાય છે. રાજ્ય સરકાર આ મુદ્દે અસંવેદનશીલ છે.




આ કેસ મામલે માત્ર બંગાળ જ નહીં દેશના દરેક રાજ્યમાં સ્વાસ્થ્યકર્મીઓ હડતાળ તથા પ્રદર્શન કરીને વિરોધ કરી રહ્યા છે. મમતા સરકાર પર સતત ગંભીર આરોપ લાગી રહ્યા છે. પીડિતાના પરિજનો પણ રાજ્ય સરકારની કાર્યવાહીથી સંતુષ્ટ ન હોવાનું જણાવી રહ્યા છે. ત્યાં IMA તથા પદ્મ વિજેતા તબીબો આ મામલે પીએમ મોદીને પત્ર લખ્યો છે. આ મુદ્દે હવે પદ્મ સન્માનિત તબીબો એક થઈને અવાજ ઉઠાવ્યો છે. પદ્મ પુરસ્કારથી સન્માનિત ૭૧ તબીબોએ રવિવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને આ ઘટના પર ચિંતા વ્યક્ત કરી છે. સાથે સાથે તબીબોની સુરક્ષા માટે અલગથી કાયદો બનાવવા માંગ કરી છે. ડૉક્ટર્સે પત્રમાં લખ્યું છે કે, 'આવા અત્યાચારોને રોકવા માટે કડક એક્શન લેવાની જરૂર છે. મહિલાઓ અને સ્વાસ્થ્ય કર્મીઓ વિરુદ્ધ થતી હિંસા તાત્કાલિક રોકવાની જરું છે. તબીબો તથા સ્વાસ્થ્ય કર્મીઓ વિરુદ્ધ થતી હિંસા/અત્યાચાર રોકવા માટે સરકારનો ખરડો તૈયાર છે પણ હજુ સુધી તેને સંસદમાં રજૂ કરવામાં આવ્યો નથી. આગ્રહ કરીએ છીએ તાત્કાલિક અધ્યાદેશ લાવી કાયદો બનાવવો જોઈએ અને ખરડો પસાર કરવો જોઈએ. જેથી સ્વાસ્થ્યકર્મીઓ નીડર થઈને કામ કરી શકે.' જે તબીબોએ આ પત્રમાં સહી કરી છે જેમાં એઈમ્સના પૂર્વ ડિરેક્ટર રણદીપ ગુલેરિયા, ઝસઈના પૂર્વ ચીફ બલરામ ભાર્ગવ, એસ કે સરીન, ગંગારામ ટ્રસ્ટ સોસાયટીના ચેરમેન ડી. એસ. રાણા, અરવિંદ લાલ, મેદાન્તાના ચેરમેન નરેશ ત્રેહાન, ફોર્ટિસના ચેરમેન અશોક શેઠ, મહેશ વર્મા, યશ ગુલાટી, પુરુષોત્તમ લાલ જેવા જાણીતા તબીબોના નામ સામેલ છે.

# રાજસ્થાનના બાલોત્રામાં હિન્દુ સાધુએ મુસ્લિમો સામે હિંસા કરવાની હાકલ કરી

(એજન્સી) બાલોત્રા, તા.૧૯

રાજસ્થાનના બાલોત્રા વિસ્તારમાં એક હિન્દુ સાધુએ મુસ્લિમ સમુદાય વિરુદ્ધ ભડકાઉ ભાષણ આપીને કોમી તણાવમાં વધારો કર્યો છે. મુસ્લિમ વિરોધી નફરતનું ભાષણ શનિવારે ૧૭ ઓગસ્ટના રોજ આપવામાં આવ્યું હતું જ્યારે સાધુ એક વિશાળ સભાને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે મુસ્લિમોને 'રાક્ષસ અને નરભક્ષક' તરીકે ઓળખાવ્યા, જ્યારે તેમની સામે સામૂહિક હિંસા કરવા માટે આહ્વાન કર્યું. સોશિયલ મીડિયા પર સામે આવી રહેલા એક વીડિયોમાં સાધુ કથિત રીતે ત્રિરંગો અને ભગવા ધ્વજ ધરાવતા ભીડને સંબોધતા જોઈ શકાય છે. તે



કહી રહ્યો છે કે, જો તેઓ (મુસ્લિમો) એક હિન્દુને મારી નાખશે તો અમે ૧૦૦ મુસ્લિમોને મારી નાખીશું. અમે તેમના ઘરમાં ઘૂસીને તેમને મારી નાખીશું. સાધુએ એક ખતરનાક ષડ્યંત્રની થિયરીનો ખોટો દાવો કર્યો હતો કે, મુસ્લિમ પ્રાર્થના, અઝાન એ હિંદુઓને મારી નાખવાની ચેતવણી છે. આ મેળાવડાએ હિંદુઓને જાગૃત કરવા અને મુસ્લિમોને પાઠ ભણાવવાના શપથ લઈને કાર્યક્રમનું સમાપન કર્યું હતું. એ ઉલ્લેખ કરવો મહત્ત્વપૂર્ણ છે કે, ભારતમાં ૧૪.૨ ટકા વસ્તી ધરાવતા ચોક્કસ લઘુમતી સમુદાય વિરુદ્ધ આ ઘૃણાસ્પદ અને દ્વેષપૂર્ણ ટિપ્પણીઓ એવા સમયે આવે છે જ્યારે દેશમાં લઘુમતી વિરોધી હિંસામાં વધારો જોવા મળે છે, જે ઘણીવાર હિંદુ ઉગ્રવાદી જૂથો દ્વારા આચરવામાં આવે છે.

# સોશિયલ મીડિયા પોસ્ટ પર નોટિસ બાદ વરિષ્ઠ ડોક્ટરોએ લાલબજારમાં કોલકાતા પોલીસ હેડક્વાર્ટર તરફ કૂચ કરી

(એજન્સી) તા.૧૯

સોમવારે કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ટ્રેઈની ડૉક્ટર પર દુષ્કર્મ અને હત્યાના કેસમાં કથિત રીતે જાહેર ટિપ્પણી કરવા બદલ બે વરિષ્ઠ ડૉક્ટરોને નોટિસના મુદ્દાને લઈને ડૉક્ટરોએ મેડિકલ કૉલેજથી લઈને કોલકાતા પોલીસ હેડક્વાર્ટર સુધી વિરોધ કર્યો હતો એક કૂચ. પોલીસે બે વરિષ્ઠ ડોકટરો, કુણાલ સરકાર અને સુબર્ણા ગોસ્વામીને નોટિસ પાઠવી હતી, જેમાં તેમને લાલબજારમાં કોલકાતા પોલીસ હેડક્વાર્ટરમાં અધિકારીઓ સમક્ષ હાજર થવા જણાવ્યું હતું. પશ્ચિમ બંગાળના ડૉક્ટરોના સંયુક્ત ફોરમે કોલકાતા મેડિકલ કોલેજથી લગભગ એક કિલોમીટર દૂર લાલબજાર ખાતેના પોલીસ હેડક્વાર્ટર સુધી સરઘસ કાઢ્યું હતું. તેમણે કહ્યું કે જે ડોક્ટરોને નોટિસ આપવામાં આવી છે તેઓ પોલીસ અધિકારીઓને મળવા માટે લાલબજાર સુધી સરઘસ સાથે જશે.



કૂચને રોકવા માટે પોલીસે રસ્તામાં બેરિકેડ લગાવ્યા હતા.

# તૃણમૂલના સાંસદ સુખેન્દુ શેખર રોય કોલકાતા પોલીસના સમન્સ સામે કલકત્તા હાઈકોર્ટ પહોંચ્યા

(એજન્સી) કોલકાતા, તા.૧૯

તૃણમૂલ કોંગ્રેસના વરિષ્ઠ સાંસદ સુખેન્દુ શેખર રોયે સોમવારે કોલકાતા પોલીસ દ્વારા મોકલવામાં આવેલી નોટિસને પડકારતી કલકત્તા હાઈકોર્ટમાં અરજી કરી હતી.

આ નોટિસ તેમના દ્વારા સોશિયલ મીડિયા પર કરવામાં આવેલી એક પોસ્ટના સંદર્ભમાં મોકલવામાં આવી છે, જેમાં તેમણે આર.જી. કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલના ડોક્ટર પર કથિત બળાત્કાર અને હત્યાના મામલામાં સવાલ ઊઠાવ્યા હતા.

કોલકાતા પોલીસે રવિવારે તેને નોટિસ જારી કરી હતી, જેમાં તેને પૂછપરછ માટે હાજર થવા માટે કહેવામાં આવ્યું હતું. રોયના વકીલે આ નોટિસને પડકારવા માટે હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરવાની પરવાનગી માંગી હતી, જેને જસ્ટિસ રાજર્ષિ ભારદ્વાજે મંજૂર કરી હતી. આ કેસની સુનાવણી મંગળવારે હાથ ધરાશે.

સુખેન્દુ શેખર રોયે પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં સીબીઆઈને કોલકાતાના પોલીસ કમિશનર અને આર.જી. કર



મેડિકલ કોલેજ અને હોસ્પિટલના પૂર્વ પ્રિન્સિપાલની કસ્ટોડિયલ પૂછપરછ કરવાની માંગ કરી હતી, જેથી મહિલા ડોક્ટર સાથે બળાત્કાર અને હત્યાની તપાસમાં વધુ માહિતી મેળવી શકાય.

# CBI અધિકારીઓએ સતત ચોથા દિવસે આર.જી. કર મેડિકલ કોલેજના પૂર્વ પ્રિન્સિપાલ સંદિપ ઘોષની પૂછપરછ કરી

(એજન્સી) કોલકાતા, તા.૧૯

કોલકાતા રેપ-મર્ડર કેસમાં સીબીઆઈએ ઘટનાસ્થળનું ૩ડી મેપિંગ કર્યું હતું. કોલેજના પૂર્વ પ્રિન્સિપાલ સંદિપ ઘોષની સીબીઆઈ દ્વારા ૧૦ કલાક સુધી પૂછપરછ કરવામાં આવી હતી. આરોપી સંજય રોયનો સાયકોલોજિકલ ટેસ્ટ કરવામાં આવ્યો હતો, જે આજે ફરી કરવામાં આવશે. કોલકાતા પોલીસે મેડિકલ કોલેજ પાસે કલમ ૧૬૩ લાગુ કરી દીધી છે, ત્યારબાદ કોલેજની નજીક વિરોધ પ્રદર્શન પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે.

CBIને તપાસમાં હોસ્પિટલ સંબંધિત મહત્ત્વના લીડ મળ્યા છે, જેના કારણે CBI પૂર્વ પ્રિન્સિપાલની સતત પૂછપરછ કરી રહી છે. પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતાની આર.જી. કર હોસ્પિટલના પૂર્વ પ્રિન્સિપાલ સંદિપ ઘોષની સીબીઆઈની પૂછપરછ ત્રીજા દિવસે પણ ચાલુ રહી છે. કેન્દ્રીય એજન્સીએ તેની ૧૦ કલાકથી વધુ પૂછપરછ કરી છે અને હવે ચોથા દિવસે પણ પૂછપરછ ચાલુ રાખશે.

આ કેસના મુખ્ય આરોપી સંજય રોયનો રવિવારે સાયકોમેટ્રિક ટેસ્ટ કરવામાં આવ્યો હતો. અહેવાલ છે કે, આજે ફરી સંજય રોયને સાયકોમેટ્રિક ટેસ્ટ માટે બોલાવવામાં આવ્યા છે. જો કે, સીબીઆઈની ટીમે હજુ સુધી તપાસ અંગે કોઈ માહિતી આપી નથી. તેમની ફોરેન્સિક ટીમે ગઈકાલે ફરી એકવાર આર.જી. કર હોસ્પિટલમાં તપાસ હાથ ધરી હતી અને ૩ કલાક સુધી સ્થળ પર ૩ડી લેસર મેપિંગ કર્યું હતું.

CBIની ઘણી ટીમો એક સાથે તપાસમાં લાગેલી છે, પરંતુ કોલકાતા અને દિલ્હીમાં ન્યાય માટે સતત અવાજ ઉઠાવવામાં આવી રહ્યો છે. તબીબોનો વિરોધ રાત સુધી ચાલુ રહ્યો હતો. ઘણા તાલીમાર્થી ડોક્ટરોએ તેમના હાથ પર કાળી પટ્ટીઓ પહેરી



હતી અને રક્ષણની માંગ કરી હતી. દરમિયાન બંગાળના ગવર્નર ડૉ.સી.વી. આનંદ બોઝ આજે દિલ્હી આવી રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર રાજભવને ગૃહમંત્રી અમિત શાહને મળવા માટે પણ સમય માંગ્યો છે. રાજ્યપાલ રાજ્યની વર્તમાન સ્થિતિ અંગે પોતાનો અહેવાલ ગૃહમંત્રીને સુપરત કરી શકે છે.

# 'સોરેનની પાર્ટીને તોડવા માટે ચૂંટણી મોકૂફ રાખવામાં આવી છે' : ચંપાઈ સોરેનના NDAમાં જોડાવાની અટકળો વચ્ચે શિવસેના-UBT નેતા સંજય રાઉતનો દાવો

(એજન્સી) મુંબઈ, તા.૧૯

શિવસેના-યુબીટી નેતા સંજય રાઉતે મહારાષ્ટ્ર અને ઝારખંડમાં ચૂંટણીની જાહેરાત કરવાની માંગ કરી છે. ઝારખંડના પૂર્વ સીએમ અને જેએમએમ નેતા ચંપાઈ સોરેનના ભાજપમાં જોડાવાની અટકળોનો જવાબ આપતા તેમણે આ માંગ કરી છે. રાઉતે કહ્યું કે, ઝારખંડના સીએમ હેમંત સોરેનને હેરાન કરવાના પ્રયાસો થઈ રહ્યા છે.

સંજય રાઉતે રવિવારે મીડિયા સાથે વાત કરતા કહ્યું, તમે જોયું જ હશે કે ઝારખંડમાં શું થઈ રહ્યું છે અને શું થવાનું છે. ત્યાં ફરી હેમંત સોરેનને મુશ્કેલીમાં મૂકવાના પ્રયાસો થઈ રહ્યા છે. તેમની સરકાર મજબૂત સરકાર છે. આમાંથી કેટલાક લોકોને તોડવાના પ્રયાસો થઈ રહ્યા છે. તેથી જો ચૂંટણી જાહેર થઈ હોત તો આચારસંહિતામાં થોડો ફરક પડ્યો હોત. રાઉતે કહ્યું, મહારાષ્ટ્રમાં બેઠેલા લોકો જેઓ ત્રિપુટી (CM અને ડેપ્યુટી CM) છે, તેમને વધુ રમવા માટે સમયની જરૂર છે. ભાજપ પર કટાક્ષ કરતા સંજય રાઉતે કહ્યું કે, તમે એક રાષ્ટ્રીય, એક ચૂંટણીની વાત કરો છો અને તમે એક સાથે ચાર રાજ્યોમાં ચૂંટણી નહીં કરાવી શકો. ચૂંટણી પંચે તાજેતરમાં જમ્મુ-કાશ્મીર અને હરિયાણામાં વિધાનસભા ચૂંટણીની જાહેરાત કરી છે. જ્યારે આ વર્ષે મહારાષ્ટ્ર અને ઝારખંડમાં પણ ચૂંટણી યોજાવાની છે, જેની તારીખો જાહેર થવાની રાહ જોવાઈ રહી છે. બીજી તરફ ચૂંટણી પહેલાં જ પક્ષપલટો શરૂ થઈ ગઈ છે. મહારાષ્ટ્રમાં એનસીપી, શિવસેના, શિવસેના-યુબીટી, ભાજપ, કોંગ્રેસ અને એનસીપી-એસપીના નેતાઓ પક્ષ બદલતા જોવા મળ્યા છે.

બીજી તરફ ઝારખંડના પૂર્વ સીએમ ચંપાઈ સોરેન વિશે એવા સમાચાર છે કે, તેઓ આજે એટલે કે ૧૮મી ઓગસ્ટે દિલ્હીમાં ભાજપ નેતાઓને મળી શકે છે અને કેન્દ્રમાં સત્તાધારી




પક્ષમાં જોડાઈ શકે છે. જેએમએમના કેટલાક અન્ય ધારાસભ્યો પણ સોરેનના સંપર્કમાં છે.

# DU વિદ્યાર્થીઓએ જામા મસ્જિદ ખાતે રક્ષાબંધનની ઉજવણી કરી, સાંપ્રદાયિક સૌહાર્દને પ્રોત્સાહન આપ્યું

(એજન્સી) તા.૧૯

દિલ્હી યુનિવર્સિટીના કેટલાક વિદ્યાર્થીઓએ સોમવારે જૂની દિલ્હીની જામા મસ્જિદમાં મુસ્લિમ પુરૂષો, સ્ત્રીઓ અને બાળકો સહિત પસાર થતા લોકોને રાખડી બાંધીને રક્ષાબંધનની ઉજવણી કરી. ક્રાંતિકારી યુવા સંગઠનના સભ્યો દ્વારા 'કોમી સમરસતાની રાખડી બાંધો' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંગઠન દિલ્હી યુનિવર્સિટીનું વિદ્યાર્થી સંગઠન છે જે મજૂર વર્ગ અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગનું પ્રતિનિધિત્વ કરે છે. વિદ્યાર્થિનીઓએ સાંપ્રદાયિક સૌહાર્દનો સંદેશ આપવા માટે બુરખા પહેરેલી મહિલાઓ અને પરંપરાગત કેપ પહેરેલા પુરૂષોને રાખડી બાંધી હતી.



રક્ષાબંધનનો તહેવાર ભાઈ-બહેનના સંબંધનું પ્રતીક છે અને પવિત્ર હિંદુ મહિના શ્રાવણના છેલ્લા દિવસે આવે છે.

# એવા IIT ગ્રેજ્યુએટ જેમને રૂા.૧૦૦ કરોડનું પેકેજ આપવામાં આવ્યું હતું અને એલોન મસ્ક દ્વારા તેઓને બરતરફ કરવામાં આવ્યા હતા, તેઓ ટ્વિટરના CEO હતા

(એજન્સી) તા.૧૯

પરાગ અગ્રવાલનો જન્મ અજમેરમાં એક સુશિક્ષિત પરિવારમાં થયો હતો. તેમના પિતા ભારતીય અણુ ઊર્જા વિભાગમાં ઉચ્ચ હોદ્દા પર હતા, જ્યારે માતા અર્થશાસ્ત્રના નિવૃત્ત પ્રોફેસર છે.

વિશ્વની સંખ્યાબંધ સૌથી મોટી ટેક કંપનીઓનું નેતૃત્વ IIT સ્નાતકો દ્વારા કરવામાં આવે છે; આઈઆઈટી બોમ્બેના આવા જ એક સ્નાતકને જ્યારે એક કંપનીના સીઈઓ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા અને તેમને મોટો પગાર આપવામાં આવ્યો ત્યારે તેઓ હેડલાઈન્સમાં હતા. જ્યારે IIT બોમ્બેના સ્નાતકની ભરતી કરવામાં આવી હતી, ત્યારે તેમનો પગાર આશરે રૂા. ૮ કરોડ હતો, અને તેમને આશરે રૂા.૯૪ કરોડના મૂલ્યના સ્ટોક યુનિટ્સ પણ મળ્યા હતા. ૧૦૦ કરોડથી



વધુનું વળતર પેકેજ પ્રાપ્ત કરવા છતાં, માત્ર એક વર્ષની નોકરી પછી તેમને તેમના પદ પરથી બરતરફ કરી દેવામાં આવ્યા હતા.

પરાગ અગ્રવાલનો જન્મ અજમેરમાં એક સુશિક્ષિત પરિવારમાં થયો હતો. તેમના પિતા ભારતીય અણુ ઊર્જા વિભાગમાં ઉચ્ચ હોદ્દા પર હતા, જ્યારે માતા અર્થશાસ્ત્રના નિવૃત્ત પ્રોફેસર છે. ૭૭મો અખિલ ભારતીય રેન્ક મેળવ્યા પછી, અગ્રવાલ ૨૦૦૫માં IIT બોમ્બેમાંથી સ્નાતક થયા. બાદમાં, તેઓ કમ્પ્યુટર સાયન્સમાં પીએચડી કરવા માટે સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં યુએસ ગયા હતા.

૨૦૧૧માં ટ્વિટરમાં જોડાતા પહેલા અગ્રવાલે યાહૂ અને માઈક્રોસોફ્ટ રિસર્ચમાં ઈન્ટર્ન કર્યું હતું. મેસિંગર કંપનીના ચીફ ટેક્નોલોજી ઓફિસર બન્યા ત્યારે તેઓ લગભગ છ વર્ષ સુધી ટ્વિટરમાં નોકરી કરતા હતા. પરાગ અગ્રવાલ ટ્વિટર છોડ્યા પછી બીજી કંપનીમાં જોડાયા નથી. તેના LinkedIn બાયો પર "Twitterના ભૂતપૂર્વ CEO" લખેલું છે. વેન્ચર કેપિટલ ફર્મ એન્ડ્રીસેન હોરોવિટ્ઝની ભાગીદાર, વિનીતા અગ્રવાલ એ પરાગ અગ્રવાલની પત્ની છે અને આ એન્જિનિયર બે બાળકોના પિતા પણ છે.

# ૯મું પાસ રાજીન્દર ગુપ્તા જેમણે ૧૪ વર્ષની ઉંમરમાં ૩૦ રૂપિયામાં મજૂરી કરી, હવે ૧૭,૦૦૦ કરોડની ફર્મના માલિક છે, ૨૧ કરોડ રૂપિયાનું દાન કર્યું

(એજન્સી) તા.૧૯

રાગ ટુ રિચ સ્ટોરીઝ એ એવા લોકો સાથે સંકળાયેલી સૌથી પ્રેરણાદાયી ઘટનાઓ છે જેઓ ઘણા અવરોધો છતાં હાર માનતા નથી. આવી જ એક પ્રેરણાદાયી જીવન કહાની છે, ભારતમાં કાપડ અને કાગળ ઉદ્યોગની પ્રતિષ્ઠિત કંપની, ટ્રાઈડેન્ટ ગ્રુપના અધ્યક્ષ રાજીન્દર ગુપ્તા પંજાબના કપાસના વેપારીઓના પરિવારમાંથી આવે છે. આર્થિક તંગીના કારણે તેમણે ૧૪ વર્ષની ઉંમરે ૯મા ધોરણ પછી શાળા છોડવી પડી હતી. તેથી તેમણે રોજના ૩૦ રૂપિયાના પગારે મીણબત્તીઓ અને સિમેન્ટની પાઈપ બનાવવા જેવી વિચિત્ર નોકરીઓ કરવાનું શરૂ કર્યું. ઘણા વર્ષો સુધી પ્રતિકૂળ સંજોગો સાથે સંઘર્ષ કર્યા પછી તેમણે ૧૯૮૦ના દાયકામાં એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો. ૧૯૮૫માં તેમણે રૂા.૬.૫ કરોડના રોકાણ સાથે અભિષેક



ઈન્ડસ્ટ્રીઝ નામની ખાતર ઉત્પાદનની ફેક્ટરી ખોલી. ૧૯૯૧માં તેઓએ કટાઈ મિલ નામની સંયુક્ત કંપની ખોલી, જે પાછળથી નફાકારક બની.

બાદમાં ગુપ્તાએ ટેક્સટાઈલ, પેપર અને કેમિકલ ઈન્ડસ્ટ્રીમાં કામ કરવાનું શરૂ કર્યું. તેમણે પંજાબ અને મધ્યપ્રદેશમાં ટ્રાઈડેન્ટ ગ્રુપ નામની તેમની કંપનીના અનેક યુનિટ સ્થાપ્યા.

હાલમાં તેમની પાસે જે.સી.J.C. Penney, Walmart અને લક્ઝરી અને લિનન જેવા રિટેલ જાયન્ટ્સ તેમના ગ્રાહકો તરીકે છે.

ઘણા વર્ષો સુધી તેમના બિઝનેસ ગ્રુપમાં કામ કર્યા પછી ૬૪ વર્ષીય ગુપ્તાએ ૨૦૨૨માં ટ્રાઈડેન્ટના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાંથી અંગત કારણોસર રાજીનામું આપ્યું હતું. હાલમાં તેઓ ટ્રાઈડેન્ટ ગ્રુપની ફ્લેગશિપ કંપની ટ્રાઈડેન્ટ લિમિટેડના ચેરમેન છે. તેમને ૨૦૦૭માં પદ્મશ્રીથી પણ નવાજવામાં આવ્યા હતા. હાલમાં તેમની કુલ સંપત્તિ ૧૨,૩૬૮ કરોડ રૂપિયા છે.

તેમની શાનદાર કારકિર્દી અને સફળતા માટે તેમને પંજાબના ધીરૂભાઈ અંબાણીના સમકક્ષ ગણવામાં આવે છે. તાજેતરમાં તેમણે તિરૂમાલા તિરૂપતિ દેવસ્થાનમ (TTD)ને ૨૧ કરોડ રૂપિયાનું દાન આપ્યું.

### જુનિયર તબીબોની હડતાળના ચોથા દિવસે બી.જે. મેડિકલમાં ધરણાં જારી

# મહિલા ડૉક્ટર્સ હવે સેલ્ફ ડિફેન્સ માટે થશે સજ્જ : માર્શલ આર્ટની ટ્રેનિંગ અપાશે

## મેડિકલ કોલેજમાં ૩ દિવસ મહિલા ડૉક્ટર્સને જૂડો-માર્શલ આર્ટ શીખવાડાશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

કોલકાતાની મેડિકલ કોલેજમાં બનેલ દુષ્કર્મ અને હત્યાના બનાવ અંગે દેશભરમાં વિરોધ ચાલી રહ્યો છે. ગુજરાતમાં પણ સરકારી મેડિકલ કોલેજમાં જૂનિયર ડોક્ટરો દ્વારા હડતાળ કરવામાં આવી છે. જૂનિયર ડોક્ટરોની હડતાળનો આજે ૪થો દિવસ છે. સતત ચોથા દિવસે જુનિયર ડોક્ટરો બીજે મેડિકલ કોલેજમાં ધરણાં પર બેઠા છે અને ઈમરજન્સી સિવાયની OPD અને વોર્ડ સર્વિસ બંધ રાખવામાં આવી છે. આજે મહિલા ડોક્ટરોને સેલ્ફ ડિફેન્સની ટ્રેનિંગ આપવામાં આવી છે.



બીજે મેડિકલ સહિત રાજ્યભરમાં છેલ્લા ચાર દિવસથી જૂનિયર ડોક્ટરો OPD અને વોર્ડ સર્વિસ બંધ કરી ધરણાં પર બેઠા છે. હોસ્પિટલમાં માત્ર ઈમરજન્સી સેવા જ ચાલી રહી છે. કોલકાતામાં ડોક્ટર પર થયેલા હુમલા મામલે જ્યાં સુધી સંતોષકારક જવાબ આપી કાર્યવાહી કરવામાં ના આવે ત્યાં સુધી જુનિયર ડોક્ટરની હડતાળ ચાલુ રહેવાની છે. આજે પણ બીજે મેડિકલ કોલેજમાં ૫૦૦થી વધુ જુનિયર ડોક્ટર હડતાળ પર બેઠા છે. દરમ્યાન બી.જે. મેડિકલ કોલેજમાં ધરણાં પર બેઠેલા મહિલા ડોકટરો માટે આજથી સેલ્ફ ડિફેન્સની ટ્રેનિંગ શરૂ કરવામાં આવી છે. ભવિષ્યમાં કોઈ ડોક્ટર સાથે કોઈ બનાવ બને તો મહિલા ડોક્ટર પોતાનું રક્ષણ જાતે કરી શકે તે માટે સેલ્ફ ડિફેન્સની ટ્રેનિંગ આપવામાં આવી રહી છે. ત્રણ દિવસ સુધી મહિલા ડોક્ટરોને સેલ્ફ ડિફેન્સની ટ્રેનિંગ આપવા આવશે. ૩૦૦થી વધુ મહિલાઓને માર્શલ આર્ટ સહિતની ટ્રેનિંગ આપવામાં આવી રહી છે. જૂનિયર ડોક્ટર એસોસિએશનના "સિડેન્ટ ડૉ.ધવલ ગામેતીએ જણાવ્યું હતું કે, આજે અમારી હડતાળનો ચોથો દિવસ છે. કોલકાતામાં બનેલી ઘટના બાદ અહીંયા પણ આ પ્રકારની ઘટના બને તો ડોક્ટરો જાતે જ લડી શકે તે માટે સેલ્ફ ડિફેન્સ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું છે. ટ્રેનિંગ બાદ પણ અમારી હડતાળ ચાલુ જ રહેશે. જૂનિયર ડોક્ટરે જણાવ્યું હતું કે અમે સેન્ટ્રલ ડોક્ટર પ્રોટેક્શન એક્ટની માંગણી કરી છે. સરકાર તો અમારૂ રક્ષણ કરશે, પરંતુ અમારે કેટલીક પરિસ્થિતિમાં જાતે જ અમારું સ્વરક્ષણ કરવું પડશે. તે માટે આજે અમે સેલ્ફ ડિફેન્સની ટ્રેનિંગ લઈ રહ્યા છીએ. જુડો, માર્શલ આર્ટ સહિતની સેલ્ફ ડિફેન્સની ટ્રેનિંગ અમને આપવામાં આવી છે.

# અયોગ્યતાના આરોપમાં બરતરફ કરાયેલાં મહિલા જજને રાહત આપવાનો ઈન્કાર કરતી હાઈકોર્ટ

## તત્કાલીન મહિલા સિવિલ જજની અરજીની સુનાવણી દરમિયાન રાજીનામાનો પત્ર બનાવટી હોવાનો મુદ્દો ચર્ચાયો હતો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૯

રાજ્યની ન્યાયિક સેવાઓ દરમિયાન ન્યાયાધીશ તરીકે સેવામાં અયોગ્યતાના મુદ્દે બરતરફ કરાયેલા ભૂતપૂર્વ ન્યાયાધીશ મયુરી પંચાલની રિટ અરજી ગુજરાત હાઈકોર્ટે ફગાવી દીધી હતી. અગાઉ સુરેન્દ્રનગર જિલ્લાના એડિશનલ જજના બોગસ અને બનાવટી રાજીનામા પત્ર ફરતા કરવાના ચકચારી કેસમાં ભૂતપૂર્વ સિવિલ જજ મયુરી પંચાલ દ્વારા પોતાની સંભવિત ધરપકડ ટાળવા ગુજરાત હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી કરાઇ હતી તે જસ્ટિસ સમીર જે.દવેએ તે ફગાવી દીધી હતી. હાઈકોર્ટે આ બાબતની પણ ગંભીર નોંધ લીધી હતી અને પૂર્વ મહિલા જજને કોઈપણ રાહત આપવાનો ઈક્રાર કરી દીધો હતો. સાથી ન્યાયાધીશો ના બોગસ રાજીનામા તૈયાર કરવાના ચકચારભર્યા કેસની વિગત મુજબ, સુરેન્દ્રનગરના લીબડી પોલીસ સ્ટેશનમાં બે અલગ અલગ ફરિયાદ નોંધાઇ હતી જેમાં સ્થાનિક એડિશનલ સેશન્સ જજના બોગસ અને બનાવટી રાજીનામા પત્ર ચેડાં કરીને તૈયાર કરવામાં આવ્યા હતા. જેની જાણ પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજે આ સમગ્ર મામલે ખુલાસો માંગ્યો ત્યારે તે એડિશનલ સેશન્સ જજને થઇ હતી. બાદમાં સમગ્ર કાવતરાંનો પર્દાફાશ થતાં લોઅર જયુડીશીયરીમાં આ બનાવને પગલે ભારે ચકચાર મચી ગઇ હતી. સિવિલ જજ(જુનીયર ડિવીઝન) મયુરી પંચાલને ૨૦૧૩માં બે વર્ષના પ્રોબેશન પીરીયડ સાથે સેવામાં લેવાયા હતા. તેણીનું પ્રોબેશન માર્ચ-૨૦૨૨ સુધી લંબાવવામાં આવ્યું હતું. જયારે ઉપરોકત વિવાદ બાદ તેણીની સેવાઓને સમાપ્ત કરવાનો એક સરળ આદેશ જારી કરાયો હતો. જેમાં તેમની કામગીરી સંતોષકારક નહી હોવાનું જણાવાયું હતું. લંબાવાયેલા પ્રોબેશનના સમયગાળા દરમ્યાન તેણીની વર્તણૂંક અંગે ખાતાકીય તપાસ પણ હાથ ધરાઇ હતી. જો કે, હાઇકોર્ટે તેની સામે એ વખતે કોઇ કાર્યવાહી નહી કરવાનો નિર્ણય લીધો હતો અને પ્રોબેશન લંબાવી આપ્યું હતું.

દરમ્યાન ૨૦૨૧માં તેણીને સુરેન્દ્રનગર જિલ્લામાં લીંબડી કોર્ટ ખાતે પોસ્ટીંગ અપાયું હતું તે દરમ્યાન બે સાથી જજોના બનાવટી રાજીનામા પત્રો લખવાના પ્રકરણમાં મહિલા જજ મયુરી પંચાલની સંડોવણી સામે આવી હતી. જે મામલે બે એફઆઇઆર પણ દાખલ થઇ હતી. ડિસેમ્બર-૨૦૨૨માં હાઇકોર્ટે આ પ્રકરણમાં તેણીના આગોતરા જામીન પણ ફગાવ્યા હતા. મહિલા જજે બાદમાં સુપ્રીમકોર્ટમાં પિટિશન કરી હતી અને તે પણ મે મહિનામાં આખરે પાછી ખેંચી લીધી હતી. બાદમાં માર્ચ-૨૦૨૨માં ત્યાંથી તેમને જવા માટે કહેવાયું હતું. નારાજ મહિલા જજ મયુરી પંચાલે પોતાની બરતરફીને હાઇકોર્ટમાં પડકારી હતી. જો કે, હાઇકોર્ટની ખંડપીઠે તેને કોઇ રાહત નહી આપતાં રિટ અરજી ફગાવી દીધી હતી.

# દીકરાને હાર્ટ-એટેક આવ્યો સાંભળી માતાનું પણ હૃદય બેસી ગયું

## એકસાથે બેનાં હાર્ટ-એટેકથી મોત થતાં પરિવાર શોકમાં ગરકાવ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

રાજ્યમાં છેલ્લા કેટલાક વર્ષોમાં હાર્ટ-એટેકથી મૃત્યુની સંખ્યા વધવા લાગી છે. એવામાં ફરી એકવાર આવો જ એક કિસ્સો સામે આવ્યો છે, માતા અને પુત્રાનો સંબંધ સર્વશ્રેષ્ઠ છે. ઘરમાં પુત્ર ન હોય તો માતાને પણ ઘરમાં રહવું ગમતુ નથી. ત્યારે સુરતમાં ચકચારી ઘટના સામે આવી છે. પુત્રાના હાર્ટ-એટેકથી મોત થવાના સમાચાર સાંભળી માતાને પણ હાર્ટ-એટેક આવી ગયો હતો જેથી તેમનું પણ મોત નિપજયું હતું. સુરતના આખાખોલ ગામે ૪૦ વર્ષીય યુવક મજૂરો પાસે કામ કરાવતો હતો એ સમયે હાર્ટ-એટેક આવતાની સાથે જ તેને હોસ્પિટલ લઇ જવામાં આવ્યો હતો જયાં તેની ટૂંકી સારવાર દરમિયાન મોત થયું હતું. પુત્રાના મોતનો સમાચાર સાંભળી માતા આઘાતમાં સરી ગઈ હતી અને એ બાદ માતા મનુબેન બેલડિયાને પણ હાર્ટ-એટેક આવતા મોત નિપજયું હતું. એક સાથે માતા-પુત્ર બંનેના હાર્ટએટેકથી મોત થતાં પરિવાર શોકમાં ડૂબી ગયો છે. આ સમગ્ર ઘટનાની જાણ કામરેજ પોલીસને કરવામાં આવી છે. કોઈને પણ હાર્ટ-એટેક ત્યારે આવે છે, જયારે દિલમાં બ્લડનો પ્રવાહ ઓછો કે અવરોધિત થઈ જાય છે. ઘણીવાર કોરોનરી ધમનીઓમાં કેલેસ્ટ્રોલ અને ફેટ જમા થઈ જવાને કારણે પણ આમ બને છે. હૃદયને બ્લડ સપ્લાય કરનાર વાહિકાઓને કોરોનરી ધમનીઓ કહેવાય છે. ઘણા સમયથી રાજયમાં હાર્ટ-એટેકથી મોત થવાના કેસમાં ચિંતાજનક વધારે થઈ રહ્યો છે. ૧૮-૨૦ વર્ષના યુવકો પણ હાર્ટ-એટેક આવતા ઢળી પડે છે ત્યારે આરોગ્યને સ્વસ્થ રાખવું જરૂરી છે.

# અમદાવાદના દરોડાઓએ શહેર પોલીસ વિભાગ પર ધ્યાન દોર્યું જે અપરાધોનો સામનો કરવામાં તેની કાર્યક્ષમતા અંગે ચિંતા ઊભી કરે છે

## કમિશનરની કચેરીની કાર્યકારી અસરકારકતા અને જવાબદારી વિશેષ તપાસ હેઠળ આવી છે, રાજ્યની કામગીરીના પરિણામો અને સ્થાનિક પોલીસના પરિણામો વચ્ચેનું સ્પષ્ટ અંતર શહેરની ગુના વ્યવસ્થાપન વ્યૂહરચનામાં સંભવિત ખામીઓ સૂચવે છે

અમદાવાદ, તા.૧૯

અમદાવાદમાં તાજેતરના હાઇ-પ્રોફાઇલ દરોડાઓએ શહેરના પોલીસ વિભાગ પર ધ્યાન દોર્યું છે, જે ગુનાનો સામનો કરવામાં તેની કાર્યક્ષમતા અંગે ચિંતા ઉભી કરે છે. સીઆઈડી ક્રાઈમ યુનિટ દ્વારા આંતરરાષ્ટ્રીય સેક્સ રેકેટનો પર્દાફાશ અને સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી) દ્વારા ગેરકાયદેસર દારૂ પરની કાર્યવાહી સહિત રાજ્ય એકમોની આગેવાની હેઠળની સંગઠિત અને અસંગઠિત અપરાધ વિરૂદ્ધની સફળ કામગીરીએ બંનેને ઉકેલવામાં અમદાવાદ શહેર પોલીસની અસરકારકતા અંગે ચર્ચા જગાવી છે.

કમિશનરની કચેરીની કાર્યકારી અસરકારકતા અને જવાબદારી વિશેષ તપાસ હેઠળ આવી છે, રાજ્યની કામગીરીના પરિણામો અને સ્થાનિક પોલીસના પરિણામો વચ્ચેનું સ્પષ્ટ અંતર શહેરની ગુના વ્યવસ્થાપન વ્યૂહરચનામાં સંભવિત ખામીઓ સૂચવે છે

**અમદાવાદ શહેર પોલીસે ગુનાખોરીને ડામવા માટે નિર્ણાયક કાર્યવાહી હાથ ધરી છે ? :** તાજેતરના મહિનાઓમાં રાજ્યનું વહીવટીતંત્ર અમદાવાદ શહેર પોલીસના અધિકારક્ષેત્રમાં વધુને વધુ સક્રિય થઈ રહ્યું છે અને ગુનાઓને કાબૂમાં લેવા નિર્ણાયક પગલાં લઈ રહ્યું છે. રાજ્યની આગેવાની હેઠળના અમલીકરણમાં આ વૃદ્ધિથી શહેરના પોલીસ પ્રતિભાવની પર્યાપ્તતા અને સુધારાઓ અથવા સુધારાઓ જરૂરી છે કે કેમ તે અંગે અટકળો થઈ છે.

**તાજેતરના દરોડા શહેરમાં સંગઠિત ગુનાનો વ્યાપ દર્શાવે છે :** અમદાવાદ સંગઠિત ગુનામાં વધારોનો સામનો કરી રહ્યું છે, કારણ કે તાજેતરના રાજ્યની આગેવાની હેઠળની કામગીરીએ વિવિધ ક્ષેત્રોમાં વ્યાપક ગેરકાયદેસર પ્રવૃત્તિઓનો પર્દાફાશ કર્યો છે. તેના કડક કાયદાઓ માટે જાણીતું શહેર હવે સેક્સ રેકેટ, ગેરકાયદેસર દારૂના વેપાર અને માદક દ્રવ્યોની હેરાફેરીથી ઝઝૂમી રહ્યું છે, જે સ્થાનિક પોલીસ દળની અસરકારકતા અંગે ગંભીર ચિંતાઓ ઉભી કરે છે.

**સેક્સ રેકેટનો પર્દાફાશ :** જુલાઈના અંતમાં, CID ક્રાઈમ યુનિટે સમગ્ર અમદાવાદમાં ૩૫ સ્પા સેન્ટરો અને હોટેલો પર દરોડા પાડ્યા હતા, જેમાં રમાડા અને વિવાંતા જેવી અગ્રણી સંસ્થાઓનો સમાવેશ થાય છે. આ ઓપરેશનમાં સ્પા સેવાઓ અને હોટલમાં રહેઠાણની આડમાં ચાલતી વેશ્યાવૃત્તિની વિશાળ રિંગનો પર્દાફાશ થયો હતો. ૧૩ વિદેશીઓ સહિત ૫૦ થી વધુ મહિલાઓને બચાવી લેવામાં આવી હતી, જેને એક દાયકામાં શહેરમાં સૌથી મોટા સેક્સ રેકેટનો પર્દાફાશ તરીકે ઓળખવામાં આવે છે. આ સફળતા છતાં, શહેરમાં સેંકડો સમાન સ્પા કેન્દ્રો છે, જ્યાં સંગઠિત વેશ્યાવૃત્તિ બેરોકટોક ચાલુ છે.

**ગેરકાયદેસર દારૂનું રેકેટ :** ગુજરાત ડ્રાય સ્ટેટ તરીકેનું સ્ટેટસ હોવા છતાં, અમદાવાદ લાંબા સમયથી ગેરકાયદે દારૂના વેપાર સાથે સંઘર્ષ કરી રહ્યું છે. એકલા ૨૦૨૪ ના પ્રથમ છ મહિનામાં, ડીજીપી ઓફિસના સ્ટેટ મોનિટરિંગ સેલે ૧૭ કેસ નોંધ્યા, જે ચારેય કમિશનરેટ્સમાં સૌથી વધુ છે. અમદાવાદ પોલીસ કમિશનરને પગલાં લેવા વિનંતી કરતા પત્રો મોકલવામાં આવ્યા છે, ત્યારે દારૂની હોમ ડિલિવરી બેરોકટોક ચાલુ રહે છે, જે પ્રતિબંધના કાયદાનો અમલ કરવાના સતત પડકાર પ્રત્યે ધ્યાન દોરે છે.

**ડ્રગ હેરફેરની ચિંતા :** અમદાવાદમાં પણ ડ્રગ સંબંધિત ગુનાઓમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. જે એક સમયે એક ભટકી ગયેલ મુદ્દો માનવામાં આવતો હતો તે હવે સંગઠિત ગુનાહિત સાહસમાં વિકસ્યો છે. નાના અને મોટા પાયે ડ્રગ પેડલર્સ અવારનવાર પકડાય છે, તેમ છતાં મોટા સપ્લાયર્સ બચેલા રહે છે. રાજ્યના વિપક્ષે ડ્રગના વેપારમાં પ્રભાવશાળી વ્યક્તિઓ અને ફાર્માસ્યુટિકલ કંપનીઓની સંડોવણી અંગે ચિંતા વ્યક્ત કરી છે, કૃત્રિમ દવાનો વપરાશ વધી રહ્યો છે, ખાસ કરીને ઉચ્ચ સ્તરના વિસ્તારોમાં જ્યાં તેને ફ્લેવર્ડ હુક્કા બારના અગ્રભાગ પાછળ છૂપાવવામાં આવે છે.

**કોલ સેન્ટર સ્કેમ્સ રિસરફેસિંગ :** છેતરપિંડીભર્યા કોલ સેન્ટરોનું પુનરુત્થાન એ શહેર માટે વધુ એક ચિંતાનો વિષય છે. કુખ્યાત ૨૦૧૬ સાગી ઠક્કર કોલ સેન્ટર કૌભાંડ, જેણે એફબીઆઈનું ધ્યાન દોર્યું હતું, એક સમયે અમદાવાદમાં આવા ઓપરેશનો લગભગ ગાયબ થઈ ગયા હતા. જો કે, આ કૌભાંડોએ પુનરાગમન કર્યું છે.

અપરાધ વ્યવસ્થાપન સાથે કમિશનરેટનો સંઘર્ષ: સૈદ્ધાંતિક અભિગમો વિ વ્યવહારૂ જરૂરિયાતો અમદાવાદ પોલીસ કમિશનર તેના ગુનાના સંચાલન માટે વધતી જતી ટીકાઓનો સામનો કરી રહ્યું છે, કારણ કે નિષ્ણાતો સૈદ્ધાંતિક અભિગમો અને વ્યવહારુ, અનુભવ-આધારિત વ્યૂહરચનાઓ વચ્ચેના મુશ્કેલીજનક ડિસ્કનેક્ટને પ્રકાશિત કરે છે. સક્રિય રાજ્ય મશીનરી સ્થાપિત પ્રોટોકોલ સાથે આગળ વધી રહી હોવા છતાં, અનુકૂલનશીલ ક્ષેત્રના અનુભવને બદલે પ્રક્રિયાગત ધોરણો પર કમિશનરેટની નિર્ભરતા તેના ગુના વ્યવસ્થાપન અને પ્રતિભાવની અસરકારકતા વિશે ચિંતાઓ ઊભી કરી રહી છે.

ટીકાકારો દલીલ કરે છે કે કમિશરેટનો વર્તમાન અભિગમ, જે નિયમોના પુસ્તકોનું ચુસ્તપણે પાલન કરે છે, તે અપરાધની વિકસતી અને અનિયંત્રિત પ્રકૃતિને ધ્યાનમાં લેવામાં નિષ્ફળ જાય છે. કાર્યપદ્ધતિના ધોરણો પરનો આ ભારે મદાર પૂરતા ક્ષેત્રના અનુભવ વિના ગુનાના ઓછા અસરકારક સંચાલનમાં નોંધપાત્ર પરિબળ તરીકે જોવામાં આવે છે.

આ મુદ્દાઓને વધુ જટિલ બનાવતા કમિશનરની પીસીબી ટુકડીની કથિત નિષ્ફળતા છે. નિરીક્ષકો સૂચવે છે કે ટીમે તેના આદેશનું પાલન કર્યું નથી, જ્યારે ક્રાઈમ બ્રાંચ, હજુ પણ કાર્યરત હોવા છતાં, ઓછા અનુભવી અધિકારીઓની બદલીને કારણે નબળી પડી રહી છે.

સૂત્રો સૂચવે છે કે કમિશનરની કચેરીએ વ્યવહારિક સંભવિતતાને બદલે ઔપચારિક પ્રશંસાના આધારે નિર્ણયો પોસ્ટ કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. સૈદ્ધાંતિક લાયકાત અને ક્ષેત્રની આવશ્યકતાઓ વચ્ચેની આ અસંગતતાને અમદાવાદ પોલીસ દ્વારા સામનો કરવામાં આવતા વર્તમાન પડકારોમાં મુખ્ય પરિબળ તરીકે જોવામાં આવે છે.

### પોલીસ તટસ્થ તપાસ કરી પશુનું માથું ફેંકનારને ઝડપે તેવી બુલંદ માંગ

# બોરસદમાં કેનાલમાંથી ગાયનું કપાયેલું માથું મળતા ચકચાર

## ગત વર્ષે આણંદમાં પણ પશુનું કપાયેલું માથું મળી આવ્યું હતું, જે ગાયને બદલે ભેંસનું હોવાનો FSLમાં પર્દાફાશ થયો હતો

(સંવાદદાતા દ્વારા)

આણંદ,તા.૧૯

આણંદ જિલ્લાનાં બોરસદ શહેરમાં કસારી રોડ પર વનતળાવ નજીક આવેલી મહિ સિંચાઈ કેનાલમાંથી ગાયનું કપાયેલું માથુ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. એક વર્ષ પૂર્વે આણંદ શહેરમાં સંકેત નજીક ગાયનું કપાયેલું માથુ મળી આવતા હિંદુ સંગઠનો દ્વારા બુમરાણ કરવામાં આવી હતી પરંતુ એફએસએલ તપાસમાં આ માથુ ગાયનું નહી પણ ભેંસનું હોવાનો પર્દાફાશ થયો હતો અને ત્યારબાદ ફરી એક વાર બોરસદમાં ગાયનું માથુ મળી આવવાની ઘટનાને લઈને આ ઘટનાની પોલીસ દ્વારા તટસ્થ અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તેવી માંગ પ્રવર્તી રહી છે. બોરસદ શહેરમાં કસારી રોડ પરથી પસાર થતી મહિકેનાલમાંથી આજે સવારે ગાયનું કતલ કરાયેલું માથુ મળી આવવાની ઘટના બનતા લોકોનાં ટોળે ટોળા ઘટના સ્થળે ઉમટી પડયા હતા અને હિંદુ સંગઠનોનાં કાર્યકરો પણ દોડી આવ્યા હતા, આ બનાવ અંગે બોરસદ ટાઉન પોલીસ દ્વારા જાણવાજોગ નોંધી મળેલા ગાયનાં માથાનું એફએસએલ પરિક્ષણ કરાવવામાં આવ્યું છે,ત્યારે પોલીસ દ્વારા ગાયનું માથુ ફેંકનારા તત્વોને તાત્કાલીક ઝડપી પાડવાની લોકમાંગ જોવા મળી રહી છે, આજથી ૧૪ માસ પૂર્વે ઈદુલ અઝહા ૨૦૨૩નાં રોજ પણ આણંદ શહેરમાં સંકેત નજીકથી કથીત ગાયનું માથુ મળી આવવાની ઘટના બની હતી અને એફએસએલ રીપોર્ટમાં મળેલું માથુ ગાયનું નહી પરંતુ ભેંસનું હોવાનો પર્દાફાશ થયો હતો પરંતુ ત્યારબાદ આ ઘટનામાં પોલીસો આજ દીન સુધી માથુ ફેંકનારને ઝડપી પાડયો નથી જે જગ્યાએ માથુ ફેંકાયું હતું તેની આસપાસનાં મુખ્યમાર્ગનાં તેમજ પોલીસનાં નેત્રમનાં સીસીટીવી કેમેરાની જો ઝીણવટભરી તપાસ કરવામાં આવે તો માથુ ફેંકનાર શખ્સ ઝડપાઈ શકે તેમ લાગતું હતું પરંતુ પોલીસ આ માથુ ફેંકવાની ઘટનાનો ભેદ ઉકેલવામાં સાવ નિષ્ફળ રહી છે.જયારે જયારે ગાયનું માથુ મળી આવ્યું છે, ત્યારે કેટલાક તત્વો દ્વારા એક ચોક્કસ સમાજ તરફ શંકાની સોય તાણવામાં આવે છે, અને બે કોમ વચ્ચે વૈમન્સય ઊભુ થાય તેવા પ્રયાસો થાય છે.

# લોટસ સ્કૂલના વિદ્યાર્થીઓ આજે પણ અભ્યાસથી વંચિત રહેશે

## આજે બેંક ખુલ્યા બાદ ટ્રસ્ટ તરફથી બાકી લોનની ભરપાઈ કરવામાં આવશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૨૧

ઈસનપુર વિસ્તારમાં આવેલી લોટસ સ્કૂલને બેંકે સીલ મારી દીધા બાદ હજુ સુધી લોનની ભરપાઈ કરવામાં આવી ન હોવાથી સ્કૂલનું સીલ ખુલ્યું નથી. જેથી મંગળવારના રોજ બાળકો સ્કૂલમાં અભ્યાસ કરી શકે તેમ નથી. સળંગ રજાઓના પગલે ટ્રસ્ટ દ્વારા બેંકમાં લોનની ભરપાઈ કરી શકાઈ ન હતી. જોકે, હવે મંગળવારના રોજ બેંક શરૂ થયા બાદ ટ્રસ્ટ દ્વારા લોનની ભરપાઈ કરી દેવામાં આવશે તેમ જણાવાઈ રહ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, શહેરના ઈસનપુર વિસ્તારમાં લોટસ સ્કૂલ આવેલી છે. આ સ્કૂલના ટ્રસ્ટીઓ પૈકી એક ટ્રસ્ટી દ્વારા રૂ. ૧.૪૬ કરોડની મોર્ગેજ લોન પંજાબ નેશનલ બેંકમાંથી લીધી હતી. લોન લીધા બાદ ટ્રસ્ટીનું અવસાન થઈ ગયું હોવાથી લોનની ભરપાઈ કરી શકાઈ ન હતી. આમ, લોનની ભરપાઈ થઈ ન હોવાના લીધે બેંક દ્વારા સ્કૂલને અવારનવાર નોટિસ આપવામાં આવી હતી. બેંક તરફથી વારંવાર નોટિસ આપવામાં આવ્યા બાદ પણ લોનની ભરપાઈ કરવામાં આવી ન હોવાના પગલે બેંક દ્વારા સ્કૂલને સીલ મારી દેવામાં આવી હતી. શનિવાર અને રવિવારની રજા બાદ સોમવારના રોજ પણ રક્ષાબંધનની રજા હોવાના લીધે ટ્રસ્ટીઓ દ્વારા લોનની ભરપાઈ કરી શકાઈ ન હતી. જેથી મંગળવારના રોજ જયારે વિદ્યાર્થીઓ શાળાએ અભ્યાસ માટે જશે ત્યારે સ્કૂલ સીલ હોવાથી તેઓને ફરી પરત ફરવાની ફરજ પડશે. સળંગ રજા હોવાના લીધે બેંકની લોનની રકમ ભરી શકાઈ ન હતી. જોકે, મંગળવારના રોજ બેંક ખુલ્યા બાદ તાત્કાલીક લોનની રકમ ભરી દેવામાં આવશે. લોન ભરપાઈ કર્યા બાદ સીલ ખુલશે, જેથી બુધવારથી સ્કૂલ શરૂ કરી શકાશે.

# નડિયાદના ડભાણ પાસે ગાય સાથે બાઈક અથડાતાં ચાલકનું મોત

નડિયાદ, તા.૧૯

નડિયાદ તાલુકાના ડભાણ ગામ પાસે હાઈવે રોડ પર ગઈકાલે મધ્યરાત્રી પછી પુરપાટ પસાર થતું એક બાઈક રોડ પર એકાએક ઘસી આવેલ ગાય સાથે અથડાતા શરીર ગંભીર ઈજાગ્રસ્ત થયેલ બાઈક ચાલકનું ઘટના સ્થળે મૃત્યુ નીપજવાની સાથે પાછળ બેઠેલ મિત્રાને શરીરે વધતી ઓછી ઈજાઓ પહોંચી હતી.મળતી માહિતી મુજબ કણજરી નગરમાં રેલ્વે સ્ટેશન પાસે આવેલ બંસરી પાર્ક સોસાયટી માં રહેતા અલ્પેશભાઈ રણજીતભાઈ પરમાર ઉવ.૨૯ અને નગર માં રહેતા મિત્ર સુનીલકુમાર જશુભાઇ પરમાર બાઈક પરથી ઉછળી રોડ પર પટકાતા ઈજાગ્રસ્ત થયા હતા જેમાં શરીર ગંભીર ઈજાગ્રસ્ત થયેલ બાઈક ચાલક સુનિલનું ઘટના સ્થળે જ કમ કમાટી ભર્યું મૃત્યુ નિપજયું હતું. નડિયાદ ગ્રામ્ય પોલીસે આ અંગે ગુનો નોધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# સામખિયાળી ખાતે જર્મન ગ્રીન સ્ટીલ કંપનીમાં કોમી એકતાના માહોલમાં રક્ષાબંધનની ઉજવણી



અમદાવાદ,તા.૧૯

સામખિયાળી ખાતે આવેલ જર્મન ગ્રીન સ્ટીલ એન્ડ પાવર લિમિટેડમાં રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. તેમાં કંપનીના તમામ કર્મચારીઓએ કંપનીમાં કામ કરતી બહેનો પાસે રાખડી બંધાવી હતી. હિન્દુ અને મુસ્લિમ મહિલાઓએ કામ કરતા ભાઈઓને રાખડી બાંધી હતી. આ કંપની દ્વારા રાષ્ટ્રીય પર્વ હોય કે, રક્ષાબંધન, દિવાળી, હોળી જેવા તહેવારોની ધામધૂમથી ઉજવણી કરાતી હોય છે. ત્યારે રક્ષાબંધનના દિવસે કંપનીના માલિક ઈનામુલભાઈ ઈરાકીએ હાજર રહીને કંપનીમાં કામ કરતી બહેનોને વચન આપ્યું હતું કે, કોઈ પણ તકલીફ પડે ત્યારે કંપનીના શેઠ તરીકે નહી ભાઈ તરીકે યાદ કરજો સો ટકા મદદ માટે ઉભો રહીશ અને વધુમાં કંપનીમાં કામ કરતા ભાઈ-બહેનોને જણાવ્યું હતું કે કામ કરતી વખતે આપણી સુરક્ષાનું ખાસ ધ્યાન રાખવું.


# ચોરો માટે પંચમહાલના વેપારીઓએ દુકાનના શટર પર લગાવી નોટિસ

## ચોરોની મહેનત પાણીમાં જશે તેવા લખાણની સમગ્ર ગુજરાતમાં ચર્ચા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

ગોધરા શહેરમાં પાછલા ઘણા સમયથી એક દુકાનદાર સોશિયલ મીડિયામાં ભારે ચર્ચામાં આવ્યો છે. થોડા દિવસ અગાઉ ચોરોએ તેમની દુકાનના તાળા તોડ્યા હતા. જેને લઈને ચોરોને ચેતવવા માટે પોતાની દુકાન પર એક બોર્ડ લગાવી દીધું છે.દુકાનની બહાર તસ્કરો માટે વેપારીઓએ નોટિસ લગાવી છે. ચોરોની મહેનત પાણીમાં જશે તેવા પોસ્ટર્સ લગાવ્યા છે.




દુકાનો પર વેપારીઓએ ચોરો માટે લગાવેલી સૂચના

દુકાનમાંથી કંઈ મળશે નહીં તેવા લખાણ સાથે વેપારીઓએ શટર પર પોસ્ટર લગાવ્યા છે. ચોરી કરવા આવેલા તસ્કરો દુકાનમાં તોડફોડ કરતા હોવાથી પોસ્ટર્સ લગાવ્યા છે. જો કે, કાઝીવાડા વિસ્તારમાં લાગેલા પોસ્ટર્સે સમગ્ર શહેરમાં ચર્ચા જગાવી છે.પોસ્ટરના હેડિંગમાં લખ્યું છે કે, ચોરી કરનાર ભાઈઓ માટે જાહેર સુચના, ત્યારબાદ તેમા લખ્યું છે કે, 'આ દુકાન પરથી તમને શેમ્પુ ક્લીનર અને લાકડાના વેર સિવાય કાંઈ ના મળે એટલે મહેરબાની કરી દુકાનનો તાળો તોડવાનો પ્રયત્ન ના કરતા તમારી મહેનત પાણીમાં જશે, આભાર' ગોધરા શહેરમાં બેફામ બનેલા તસ્કરોથી લોકો ત્રાસી ગયા છે. જ્યારે બીજી બાજુ તસ્કરોના ત્રાસ સામે વેપારીઓ નવા નુસ્ખાઓ અજમાવી રહ્યા છે આ લખાણ સોશિયલ મીડિયા પર પણ વાયરલ થતાં લોકોમાં ભારે ચર્ચા ચાલી હતી.

# ગાઝાના બચાવકર્તાઓનું કહેવું છે કે, ઈઝરાયેલના હુમલામાં એક જ પરિવારના ૧૫ લોકોનાં મોત થયા

(એજન્સી) કૈરો, તા.૧૮

ગાઝાની સિવિલ ડિફેન્સ એજન્સીએ જણાવ્યું હતું કે, શનિવારની વહેલી સવારે ઈઝરાયેલી હવાઈ હુમલામાં નવ બાળકો અને ત્રણ મહિલાઓ સહિત એક જ પેલેસ્ટીની પરિવારના ૧૫ લોકો માર્યા ગયા હતા.

નાગરિક સંરક્ષણના પ્રવક્તા મહમૂદ બસ્સલે એએફપીને જણાવ્યું હતું કે, હુમલો મધ્ય ગાઝાના અલ-ઝવૈદા પડોશમાં અજલાહ પરિવારના ઘર પર થયો હતી. ઈઝરાયેલી સૈન્યએ આ વિશે તાત્કાલિક ટિપ્પણી કરી ન હતી.

બસ્સલે જણાવ્યું કે, 'અલ-ઝવૈદામાં અજલાહ પરિવારના ઘર અને તેમના વેરહાઉસ પર ઈઝરાયેલની હુમલાથી ૧૫ લોકોનાં મોત થયા છે.'



બસ્સલે માર્યા ગયેલા લોકોની યાદી આપી, જેમાં નવ બાળકો અને ત્રણ મહિલાઓનો સમાવેશ થાય છે. એક સાક્ષી, અહેમદ અબુ અલ-ગૌલે જણાવ્યું હતું કે, આ હુમલો મધ્યરાત્રિ પછી તરત જ કરવામાં આવ્યો હતો. ત્રણ રોકેટ સીધા ઘર પર ત્રાટક્યા હતા. એએફપી બચાવકર્તાઓએ સપાટ મકાનના કાટમાળમાંથી મૃતદેહોને બહાર કાઢ્યા હતા. અંદર ઘણા બાળકો અને સ્ત્રીઓ હતા... તેઓએ આને લાયક બનવા માટે શું કર્યું ? AFPTV ફૂટેજ સવાર પછી કેપ્ચર કરવામાં આવ્યું હતું, જેમાં બચાવકર્તાઓ તૂટી પડેલા કોંક્રિટ બ્લોકના ઢગલા હેઠળ મૃતદેહોને શોધી રહ્યા હતા. ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના ૧૦ મહિનાથી વધુના યુદ્ધે ગાઝાના વિશાળ વિસ્તારને ખંડેર બનાવી દીધો છે.

૭ ઓક્ટોબરના રોજ હમાસે ઈઝરાયેલ પર હુમલો કર્યા પછી યુદ્ધ ફાટી નીકળ્યું હતું, જેના પરિણામે સત્તાવાર ઈઝરાયેલી આંકડા મુજબ ૧૧૯૮ લોકો મૃત્યુ પામ્યા હતા, જેમાં મોટાભાગના લોકો સામાન્ય નાગરિકો હતા. હુમલા દરમિયાન આતંકવાદીઓએ ૨૫૧ લોકોની ધરપકડ કરી હતી, જેમાંથી ૧૧૧ હજુ પણ ગાઝામાં બંધક છે, જેમાં ૩૯ ઈઝરાયેલી સૈન્ય મૃત્યુ પામ્યા હોવાનું કહે છે. હમાસ દ્વારા સંચાલિત પ્રદેશના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા મુજબ ઈઝરાયેલના બદલો લશ્કરી અભિયાનમાં ગાઝામાં ઓછામાં ઓછા ૪૦,૦૦૫ લોકો માર્યા ગયા છે, જે નાગરિક અને આતંકવાદી મૃત્યુની વિગતો પ્રદાન કરતું નથી.

# ગાઝા યુદ્ધમાં મૃત્યુઆંક ૪૦,૧૦૦ : ઈઝરાયેલે અન્ય ૬૯ પેલેસ્ટીનીઓની હત્યા કરી

## ૭ ઓક્ટોબર, ૨૦૨૩થી ઈઝરાયેલના હુમલામાં ઓછામાં ઓછા ૯૨,૫૩૭ પેલેસ્ટીનીઓ ઘાયલ થયા છે

(એજન્સી) અંકારા, તા.૧૯

ઈઝરાયેલી સેના દ્વારા ગાઝા પટ્ટીમાં વધુ એક હુમલામાં ૬૯ પેલેસ્ટીનીઓની હત્યા કરવામાં આવી છે અને ૭ ઓક્ટોબરથી અત્યાર સુધીમાં કુલ મૃત્યુઆંક ૪૦,૦૭૪ થઈ ગયો છે. આરોગ્ય મંત્રાલયે શનિવારે જણાવ્યું હતું કે, આ જીવલેણ હુમલાઓમાં લગભગ ૯૨,૫૩૭ અન્ય લોકો ઘાયલ થયા છે. મંત્રાલયે જણાવ્યું હતું કે, ઈઝરાયલી દળોએ છેલ્લા ૪૮ કલાકમાં પરિવારો વિરુદ્ધ પાંચ 'નરસંહાર'માં ૬૯ લોકોની હત્યાઓ કરી છે અને ૧૩૬ અન્ય ઘાયલ થયા છે. ઘણા લોકો હજુ પણ કાટમાળ હેઠળ અને રસ્તાઓ પર ફસાયેલા છે કારણ કે બચાવકર્તા તેમના સુધી પહોંચવામાં અસમર્થ છે.



હમાસ દ્વારા ઑક્ટોબર ૭ના હુમલા પછી ગાઝા પર સતત ક્રૂર આક્રમણ વચ્ચે ઈઝરાયેલે, તાત્કાલિક યુદ્ધવિરામની માગણી કરતા યુએન સુરક્ષા પરિષદના ઠરાવને ફગાવી દીધો છે જેના કારણે તેને આંતરરાષ્ટ્રીય નિંદાનો સામનો કરવો પડ્યો છે. ઈઝરાયેલી યુદ્ધમાં ૧૦ મહિનાથી વધુ સમયથી ગાઝાનો વિશાળ વિસ્તાર ખોરાક, સ્વચ્છ પાણી અને દવાઓની અછતથી પીડડાઈ રહ્યો છે. ઈઝરાયેલ પર ઈન્ટરનેશનલ કોર્ટ ઑફ જસ્ટિસ (ICJ) દ્વારા નરસંહારનો આરોપ મૂકવામાં આવ્યો છે, અને કોર્ટે તેને દક્ષિણના શહેર રફાહમાં તરત જ તેની સૈન્ય કાર્યવાહી અટકાવવાનો આદેશ આપ્યો હતો, કારણ કે ત્યાં ૧૦ લાખથી વધુ પેલેસ્ટીનીઓએ યુદ્ધ દરમિયાન આશ્રય મેળવ્યો હતો.

# ૭ ઑક્ટોબરથી ગાઝામાં ઈઝરાયેલી હુમલામાં ઓછામાં ઓછા ૮૨ નાગરિક સંરક્ષણ કર્મચારીઓ માર્યા ગયા છે અને સેંકડો ઘાયલ થયા છે : સિવિલ ડિફેન્સ એજન્સી

(એજન્સી) તા.૧૯

ઑક્ટોબર ૭, ૨૦૨૩થી ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલી હુમલામાં ઓછામાં ઓછા ૮૨ નાગરિક સંરક્ષણ કર્મચારીઓ માર્યા ગયા છે અને ૭૨૦થી વધુ અન્ય ઘાયલ થયા છે. એક નિવેદનમાં, સિવિલ ડિફેન્સ એજન્સીએ જણાવ્યું હતું કે પેલેસ્ટીની એન્ક્લેવ પર તેના આક્રમણ દરમિયાન ઈઝરાયેલી સેના દ્વારા તેની સુવિધાઓ અને વાહનોને નિયમિતપણે નિશાન બનાવવામાં આવ્યા હતા. તેણે ઈઝરાયેલ પર જીવન બચાવવા અને નાગરિકોનું રક્ષણ કરવાના હેતુથી માનવતાવાદી પ્રયત્નોને ઈરાદાપૂર્વક અવરોધવાનો આરોપ મૂક્યો હતો. આ એજન્સી અનુસાર, નાગરિક સંરક્ષણની ટીમોએ ૩૫,૦૦૦ લોકોના મૃતદેહ બહાર કાઢવામાં સફળતા મેળવી છે, જ્યારે લગભગ ૧૦,૦૦૦ લોકો કાટમાળ નીચે ફસાયેલા છે.



ઈંધણની તંગી અને ઈઝરાયેલના હુમલાને લીધે નાગરિક સંરક્ષણ ટીમોને કટોકટી માટે આવતા હજારો કોલનો જવાબ આપવામાં અવરોધ આવી રહ્યો છે. ગાઝા પટ્ટીમાં કબ્રસ્તાનમાંથી લગભગ ૨,૨૧૦ મૃતદેહો ગાયબ થઈ ગયા છે. ઈઝરાયેલ દ્વારા ગાઝા પટ્ટી પર લગભગ ૮૫,૦૦૦ ટન વિસ્ફોટક ફેંકવાથી ૮૦થી વધુ શહેરી માળખાકીય સુવિધાઓ અને ૯૦% સામાન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો નાશ થયો છે. હજુ લગભગ ૧૭% ઓર્ડનન્સ વિસ્ફોટ વિના જીવંત પડ્યા છે. યુએન સિક્યુરિટી કાઉન્સિલના તાત્કાલિક યુદ્ધવિરામની માંગણી કરતાં ઠરાવને ફગાવતા ઈઝરાયેલને આંતરરાષ્ટ્રીય નિંદાનો સામનો કરવો પડ્યો છે. સ્થાનિક આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલના આક્રમણથી લગભગ ૪૦,૧૦૦ લોકો માર્યા ગયા છે, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો છે, અને ૯૨,૬૦૦થી વધુ ઘાયલ થયા છે. ઈઝરાયેલી હુમલામાં ગાઝાનો વિશાળ વિસ્તાર ખોરાક, સ્વચ્છ પાણી અને દવાઓની અછતને લીધે ખંડેર બની ગયો છે.

# યુનાઈટેડ અરબ અમીરાત (UAE) ખાન યુનિસમાંથી વિસ્થાપિત કરવામાં આવેલા પેલેસ્ટીનીઓને સહાય પૂરી પાડશે

(એજન્સી) ગાઝા, તા.૧૮

રાજ્ય સમાચાર એજન્સી અહેવાલ આપ્યો હતો કે, યુએઈએ ઈઝરાયેલી દ્વારા વિસ્તારને ખાલી કરાવવાના આદેશો વચ્ચે પૂર્વ ખાન યુનિસથી વિસ્થાપિત પેલેસ્ટીનીઓને સહાય પૂરી પાડી છે.

તેમના નવા વિસ્તારોમાં વિસ્થાપિત પરિવારોને ટેકો આપવા માટે આશ્રય તંબુ, ફૂડ બાસ્કેટ અને કટોકટીની સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું. સ્થળાંતર શરૂ થયું ત્યારથી UAE સ્વયંસેવક ટીમોએ વિસ્થાપિત લોકો માટે તંબુ ગોઠવ્યા અને સજ્જ કર્યા અને ખોરાકની બાસ્કેટનું વિતરણ કર્યું હતું. અત્યાર સુધીમાં ૧૩,૦૦૦થી વધુ તંબુઓએ ૭૨,૦૦૦ લોકોને આશ્રય આપ્યો છે. ગાઝા પટ્ટીના વિવિધ વિસ્તારોના પરિવારો સુધી વિતરિત કરાયેલા ખાદ્ય પાર્સલની સંખ્યા ૩,૦૦,૦૦૦ને વટાવી ગઈ છે.



# હિઝબુલ્લાહનું ડ્રોન નેતાન્યાહુના નિવાસસ્થાનની ઉપર ઊડી રહ્યું હોવાની ચેતવણી : અહેવાલ

## નેતાન્યાહુના કાર્યાલયે આ અહેવાલને 'ખોટી ચેતવણી' કહીને ફગાવી દીધો છે

(એજન્સી) તા.૧૯

લેબનીઝ જૂથ હિઝબુલ્લાહનું ડ્રોન ભૂમધ્ય સમુદ્રના કિનારે હૈફાથી ૩૭ કિમી દક્ષિણમાં સ્થિત સીઝેરિયામાં વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહુના નિવાસસ્થાનનું શૂટિંગ કરવા માટે ઉત્તર ઈઝરાયેલમાં ઘૂસી ગયું હોવાની શંકા અંગે અહેવાલો સામે આવ્યા છે. રવિવાર, ૧૮ ઓગસ્ટના રોજ ઈઝરાયેલી નૌકાદળના એક મિસાઈલ જહાજે શુક્રવારે, ૧૬ ઓગસ્ટના રોજ સીઝેરિયાના કિનારે એક શંકાસ્પદ ડ્રોન ફરતો હોવાની જાણ કરી હતી. આ ડ્રોનને મિસાઈલ જહાજના રડાર દ્વારા શોધી કાઢવામાં આવ્યું હતું પરંતુ અન્ય નિયંત્રણ પ્રણાલીઓ દ્વારા અને ફાઈટર જેટ તેને શોધી શક્યા ન હતા.જો કે, ઈઝરાયેલી સૈન્ય દલીલ કરે છે કે આ રડાર સિસ્ટમ 'ખોટી ચેતવણી' આપતું હોઈ શકે છે, કારણ કે તે કેટલીકવાર પક્ષીઓ અથવા અન્ય વસ્તુઓ માટે પણ આવી ચેતવણીઓ આપે છે, જે અગાઉ સચોટ માનવામાં આવતી હતી. દ્રશ્યમાન પુષ્ટિના અભાવ સાથે લશ્કરી અને હવાઈ દળના અધિકારીઓએ લેબનોનથી શરૂ કરાયેલા નાના માનવરહિત હવાઈ વાહન (યુએવી)ની શક્યતાને સંપૂર્ણપણે ફગાવી નથી. નેતાન્યાહુના કાર્યાલયે આ અહેવાલને 'ખોટા એલાર્મ' તરીકે ફગાવી દીધો અને સ્પષ્ટતા કરી કે વડા પ્રધાન તે સમયે તેમના સીઝેરિયા નિવાસસ્થાનમાં હાજર ન હતા. નેતાન્યાહુની ઓફિસે લખ્યું કે, નેતાન્યાહુ, સરકારી મીટિંગમાં છે અને ઈઝરાયેલ કોઈપણ જોખમ માટે તૈયાર છે. રક્ષણાત્મક અને આક્રમક રીતે અમે અમારી જાતનો બચાવ કરવા માટે કટિબદ્ધ છીએ અને અમારા પર હુમલો કરવાની હિંમત કરનારા કોઈપણ શત્રુ સામે લડવા કટિબદ્ધ છીએ.ગાઝા પટ્ટી પર ઈઝરાયેલી હુમલાના પરિણામે ૭ ઓક્ટોબર, ૨૦૨૩થી લગભગ ૪૦,૧૦૦ લોકોના મોત થયા છે. ઑક્ટોબર ૮, ૨૦૨૩ના રોજ લેબનોન-ઈઝરાયેલ સરહદ પર તણાવ વધ્યો હતો, અને ૭ ઓક્ટોબરે ઈઝરાયેલ પર હમાસના હુમલા સાથે એકતામાં હિઝબુલ્લાહ દ્વારા ઈઝરાયેલ તરફ રોકેટ છોડવામાં આવ્યા હતા. ત્યારપછી ઈઝરાયેલે દક્ષિણપૂર્વીય લેબનોન તરફ ભારે તોપમારો કરીને બદલો લીધો હતો.



# યુદ્ધવિરામ માટેની વાટાઘાટો એ બંધકોને મુક્ત કરવાની છેલ્લી તક છે : યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટની બ્લિંકન

## ગાઝા સંઘર્ષમાં અત્યાર સુધીમાં માત્ર એક જ યુદ્ધવિરામ થયો છે અને આ યુદ્ધમાં હજારો લોકો માર્યા ગયા છે

(એજન્સી) તા.૧૯

યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટની બ્લિંકને કહ્યું છે કે ગાઝામાં યુદ્ધવિરામ કરવું એ બંધકોની મુક્તિ કરવા માટે હવે કદાચ શ્રેષ્ઠ અને કદાચ છેલ્લી તક છે. ઑક્ટોબરમાં યુદ્ધ શરૂ થયું ત્યારથી આ પ્રદેશની નવમી યાત્રા દરમિયાન બ્લિંકને ઈઝરાયેલી પ્રમુખ આઈઝેક હરઝોગ સાથેની બેઠક દરમિયાન આ ટિપ્પણીઓ કરી હતી. ગયા અઠવાડિયે દોહામાં વાટાઘાટો ફરી શરૂ થઈ ત્યારથી યુએસએ આ કરાર અંગે આશાવાદ વ્યક્ત કર્યો છે, પરંતુ હમાસ કહે છે કે આ એક "ભ્રમણા" છે. હમાસ આગ્રહ કરે છે કે ગાઝામાંથી ઈઝરાયેલી સૈનિકોને સંપૂર્ણપણે પાછા ખેંચી લેવા જોઈએ.

બ્લિંકન ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતાન્યાહુ પર દબાણ કરે તેવી અપેક્ષા છે. તેમણે કહ્યું કે, અમે એ સુનિશ્ચિત કરવા માટે કામ કરી રહ્યા છીએ કે કોઈ ઉશ્કેરણી ન થાય, એવી કોઈ ક્રિયાઓ ન થાય જે કોઈપણ રીતે આ કરાર પર અસર કરે અથવા સંઘર્ષને વધારી શકે. ઓક્ટોબર ૭થી આ મારી નવમી મુલાકાત છે, ઈઝરાયેલ અને મધ્ય પૂર્વમાં આ એક નિર્ણાયક ક્ષણ છે, બંધકોને ઘરે લાવવાની, યુદ્ધવિરામ કરવાની અને શાશ્વત શાંતિ અને સલામતીનો માર્ગ શોધવા અને દરેકને વધુ સારી સ્થિતિમાં લાવવાની આ છેલ્લી તક છે.



વર્તમાન વાટાઘાટો યુ.એસ. દ્વારા રજૂ કરાયેલ સંશોધિત દરખાસ્ત પર આધારિત છે, જેનો ઉદ્દેશ્ય ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના વિવાદને દૂર કરવાનો છે. અમેરિકાને આશા છે કે તેઓ આ વખતે આવતા અઠવાડિયે આ કરાર કરી શકશે. રવિવારે એક નિવેદનમાં, હમાસે ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુ પર કરારમાં "અવરોધો" ઊભા કરવા અને યુદ્ધને લંબાવવાના ઉદ્દેશ્ય સાથે નવી શરતો મૂકવાનો આરોપ મૂક્યો હતો. હમાસના એક સ્ત્રોતે અગાઉ સઉદી મીડિયાને જણાવ્યું હતું કે દરખાસ્તોમાં ફિલાડેલ્ફી કોરિડોર, ઈજિપ્ત સાથે ગાઝાની દક્ષિણ સરહદે જમીનની એક સાંકડી પટ્ટી પર ઓછી હાજરી જાળવી રાખવાનો સમાવેશ થાય છે.

ઈઝરાયેલી સૈન્યએ ૭ ઓક્ટોબરના રોજ દક્ષિણ ઈઝરાયેલ પર અભૂતપૂર્વ હુમલાના જવાબમાં હમાસને નષ્ટ કરવા માટે ગાઝામાં એક અભિયાન શરૂ કર્યું હતું. હમાસ સંચાલિત આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ત્યારથી ગાઝામાં ૪૦,૦૦૦થી વધુ લોકો માર્યા ગયા છે. નવેમ્બરમાં યુદ્ધવિરામમાં હમાસને એક સપ્તાહના યુદ્ધવિરામના બદલામાં બંધકોમાંથી ૧૦૫ને મુક્ત કરવામાં આવ્યા હતા અને ઈઝરાયેલની જેલમાં લગભગ ૨૪૦ પેલેસ્ટીની કેદીઓને મુક્ત કરવામાં આવ્યા હતા. ઈઝરાયેલનું કહેવું છે કે ૧૧૧ બંધકોને હજુ પણ રાખવામાં આવ્યા છે, જેમાંથી ૩૯ મૃત હોવાનું માનવામાં આવે છે. નેતાન્યાહુએ કેબિનેટની બેઠકમાં જણાવ્યું હતું કે બંધકોને સુરક્ષિત લાવવા માટે જટિલ વાટાઘાટો થઈ રહી છે, પરંતુ ઈઝરાયેલની સુરક્ષા માટે કેટલાક સિદ્ધાંતોને જાળવી રાખવાની જરૂર છે. તેણે હમાસ પર વાટાઘાટોમાં "જીદ" કરવાનો પણ આરોપ મૂક્યો હતો. હમાસના એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે, અમને મધ્યસ્થીઓ તરફથી જે શરતો મળી છે તે ખૂબ જ નિરાશાજનક છે. તેમાં કોઈ પ્રગતિ થઈ નથી.

ઈઝરાયેલના ૨૭ મેના પ્રસ્તાવના આધારે પ્રમુખ બાઈડેન દ્વારા દર્શાવેલ મૂળ સોદો ત્રણ તબક્કામાં હતો:

- પ્રથમમાં છ અઠવાડિયા સુધી "સંપૂર્ણ યુદ્ધવિરામ", ગાઝાના તમામ વસ્તીવાળા વિસ્તારોમાંથી ઈઝરાયેલી દળો પાછા ખેંચી લેવા, અને પેલેસ્ટીની માટે મહિલાઓ, વૃદ્ધો અને બીમાર અથવા ઘાયલો સહિત કેટલાક બંધકોની વિનિમયનો સમાવેશ થાય છે.
- બીજા તબક્કામાં અન્ય તમામ જીવંત બંધકોની મુક્તિ અને શત્રુતાનો કાયમી અંત સામેલ હશે.
- ત્રીજું ગાઝા માટે મુખ્ય પુનર્નિર્માણ યોજનાની શરૂઆત અને મૃત બંધકોના અવશેષોને પરત આપવા.

# ઈસ્લામોફોબિયામાં વધારો થતાં UKમાંથી પ્રતિભાશાળી મુસ્લિમો સ્થળાંતર કરી રહ્યા છે : કિંગ અને સરકારના સલાહકારની ચેતવણી

(એજન્સી) તા.૧૯

UKના જાતિ સંબંધો અંગે રાજાના મુખ્ય સલાહકાર હેરિસ બોખારીના જણાવ્યા અનુસાર, દેશમાં વધતા ઈસ્લામોફોબિયાને કારણે બ્રિટનને પ્રતિભાશાળી મધ્યમ-વર્ગના મુસ્લિમોના 'બ્રેઈન ડ્રેઈન'નો સામનો કરવો પડી રહ્યો છે. બોખારીએ તાજેતરના રમખાણો અને મસ્જિદો પરના હુમલાઓને પગલે મુસ્લિમ સમુદાયમાં વધતી જતી ચિંતાઓને દર્શાવી હતી અને જેના કારણે ઘણા મુસ્લિમ આ દેશમાં અસુરક્ષિતતા અનુભવે છે. શાહી પરિવાર અને સરકાર બંનેને સલાહ આપનાર બોખારીએ ખુલાસો કર્યો હતો કે બ્રિટન પ્રત્યેનો તેમને પ્રેમ હોવા છતાં તેણે અને તેના પરિવારે દેશ છોડવાનું વિચાર્યું છે. તેમણે નોંધ્યું હતું કે ડોકટરો અને આરોગ્યસંભાળ કાર્યકરો સહિત ઘણા કુશળ વ્યાવસાયિકો પહેલેથી જ દેશ છોડી ચૂક્યા છે અથવા દેશ છોડવાનું વિચારી રહ્યા છે.મુસ્લિમ વિરોધી નફરત પર નજર રાખનાર સંસ્થાએ દેશમાં મસ્જિદો અને ઈસ્લામિક કેન્દ્રોને નિશાન બનાવવા અને લોકોને મૃત્યુની ધમકીઓ અને તોડફોડ સહિત ૫૦૦ ઘટનાઓની જાણ કરી છે. ટેલ મામાના ડિરેક્ટર ઈમાન અટ્ટાએ ચેતવણી આપી હતી કે બ્રિટન છોડવાનો વિચાર હવે મુસ્લિમોમાં સામાન્ય છે. ટેલ મામાના સહ-સ્થાપક ફિયાઝ મુગલ પણ બ્રિટન છોડનારાઓમાં સામેલ છે. મુઘલ ઈસ્લામવાદી ઉગ્રવાદ અને અત્યંત કટ્ટર નફરત ધરાવતા અન્ય લોકો સામે આપે છે, તેમણે જણાવ્યું હતું કે તે મુસ્લિમ સમુદાયો 'વ્યાપક' ભય અનુભવે છે અને તેઓ યુરોપ જવાની યોજના ધરાવે છે.સ્કોટલેન્ડના ભૂતપૂર્વ પ્રથમ પ્રધાન હુમઝા યુસુફ અને લંડનના મેયર સાદિક ખાને પણ ચિંતા વ્યક્ત કરી છે. આ મહિનાની શરૂઆતમાં યુસફે યુકેમાં તેના પરિવારના ભવિષ્ય પર સવાલ ઉઠાવ્યા હતા. જાતિના રમખાણો અંગે તેમણે કહ્યું કે, આ ભયાનક છે. મને ખબર નથી કે મારું અને મારી પત્ની અને મારા ત્રણ બાળકોનું ભવિષ્ય અહીં સ્કોટલેન્ડ, યુનાઈટેડ કિંગડમ અથવા ખરેખર યુરોપ અને પશ્ચિમમાં સુરક્ષિત હશે.બોખારીએ યુવાનોને કટ્ટર વિચારધારાઓ તરફ લઈ જવા અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી અને સામાજિક એકતા અને નફરતનો સામનો કરવા માટે રાષ્ટ્રીય નાગરિક સેવા જેવી પહેલની શરૂઆત જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.



નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ ...... ગુજરાત ટુડે

# કોલકાતા દુષ્કર્મ અત્યંત ઘૃણાસ્પદ : સાથોસાથ દેશની તમામ પીડિતાઓને સત્વરે ન્યાય મળે

દિલ્હીના નિર્ભયાકાંડ બાદ ફરી એક વાર કોલકાતામાં અત્યંત જઘન્ય, ક્રૂર અને પશુઓ પણ ન આચરે એટલી જંગાલિયાતથી આચરાયેલા દુષ્કર્મે સમગ્ર દેશને હચમચાવી દીધો છે. આરજી કર મેડિકલ કોલેજમાં એક મહિલા ડોક્ટર સાથે જે હેવાનિયત આચરાઈ છે તેનાથી દેશભરમાં ભારે આક્રોશ છે. લોકોના દિલમાં રોષની સાથોસાથ દુ:ખ પણ એટલું જ છે કે આજના આધુનિક યુગમાં પણ દીકરીઓ દેશમાં ક્યાંય સલામત નથી. સંસદમાં ૩૩ ટકા અનામતથી માંડીને મહિલાઓના સશક્તિકરણની મોટી મોટી વાતો થાય છે પરંતુ સચ્ચાઈ એ છે કે આપણી જ બહેનો-દીકરીઓની સલામતી માટે કોઈ જડબેસલાક વ્યવસ્થા નથી. આટલા ઝેરી-બિનસલામત વાતાવરણમાં પણ દેશની બેટીઓ ચારેતરફના નકારાત્મક માહોલ વચ્ચે ટોચના પદો પર પહોંચી રહી છે અને છતાં પણ જો આપણે તેમના શિયળની સલામતીની ગેરંટી ન આપી શકતા હોઈએ તો એક દેશ તરીકે શરમથી ડૂબી મરવા જેવું લાંછન છે.

કોલકાતા મેડિકલ કોલેજની જે ઘટના છે એ નિર્ભયા સાથે દિલ્હીમાં આચરાયેલા દુષ્કર્મ કરતાં પણ ભયજનક જણાઈ રહી છે. એનો અર્થ એ થયો કે નિર્ભયાકાંડ બાદ પણ આપણા તંત્રએ કોઈ પણ સબક શીખ્યો નથી અને આપણી સરકારો પણ આવા દુષ્ટ-નરાધમ બળાત્કારીઓમાં ખોફ પેદા કરવામાં સરેઆમ નિષ્ફળ ગઈ છે. નિર્ભયાથી માંડીને કોલકાતા દુષ્કર્મ કાંડ વચ્ચે અનેક વર્ષોના વહાણા વહી ગયા છે પરંતુ દેશમાં એક પણ વિસ્તાર એવો નથી કે જ્યાં કોઈને કોઈ અબળા આવા દુષ્કર્મનો ભોગ બનતી ન હોય...એમાંય પણ દબાયેલા-કચડાયેલા વર્ગો ખાસ કરીને દલિતો પછાતો લઘુમતીઓ અને આદિવાસીઓ આ પ્રકારના જુલ્મોનો સતત ભોગ બની રહ્યા છે. છતાં અફસોસની વાત એ છે કે આવી પીડિતાઓ પરના દુષ્કર્મના સમાચાર અખબારોના પાનાઓમાં નાનકડા સમાચારરૂપે ક્યાંક દબાઈ જાય છે પરંતુ તંત્રનું કે લોકોના પેટનું પાણી પણ હલતું નથી... કોલકાતા મહિલા ડોક્ટર પર દુષ્કર્મ થયું તે જ અરસામાં ઉત્તરાખંડ એક મુસ્લિમ નર્સ પર અને અને યુપીમાં દલિત પીડિતા પર દુષ્કર્મની ઘટના ઘટી. આ દુષ્કર્મો પણ એટલા જ ભયંકર હતા. છતાં તેમના વિશે કોઈ ઉહાપોહ થયો નહીં. ઉત્તરાખંડની મુસ્લિમ નર્સ પર તો કોલકાતાની પીડિતા કરતાં પણ વધુ સીતમ ગુજારાયો છે, તેની લાશ અઠવાડિયા પછી તદ્દન કંકાલ થઈ ગયેલી હાલતમાં મળી. અત્યંત વિકૃત દુષ્કર્મનો તે ભોગ બની છે. છતાં કોઈ દેખાવ કે વિરોધ થયો નથી. આવાં તો દરરોજ સંખ્યાબંધ દુષ્કર્મના કિસ્સા બને છે પણ કોઈ દેખાવો નહીં... કોઈ હડતાળો નહીં કે કોઈ વિરોધ થતો નથી... મતલબ કે જ્યાં સુધી કોઈ હાઈપ્રોફાઈલ દુષ્કર્મની ઘટના ન ઘટે અને એમાંય પાછો કોઈ રાજકીય 'એંગલ' ન હોય ત્યાં સુધી કોઈ સળવળતું નથી... જ્યાં સુધી 'કોઈ'નો દોરીસંચાર ન થાય ત્યાં સુધી બધું રાબેતા મુજબ ચાલતું રહે છે. કોલકાતામાં તો ખુદ મુખ્યમંત્રી મમતા બેનરજી દુષ્કર્મ પીડિતાનાં વિરોધમાં જોડાયાં દુષ્કર્મના અપરાધીઓને ત્વરિત ફાંસીની માંગ કરી છે અને હવે આ તપાસ CBIને સોંપાઈ ગઈ છે તેમજ ખુદ સુપ્રીમ કોર્ટે આ ઘટનાની સુઓમોટો નોંધ લીધી છે.

તાજેતરના કોલકાતા દુષ્કર્મ પાછળ પણ જે રીતે રાષ્ટ્રીય સ્તરે વિરોધ થઈ રહ્યો છે એ ચોક્કસપણે થવો જ જોઈએ પરંતુ આવી જ જાગૃતિ દરેક દુષ્કર્મ પીડિતા માટે કેમ બતાવાતી નથી ? ઉલ્ટાનું કોલકાતાની આરજી કર હોસ્પિટલમાં વિરોધ પ્રદર્શનના નામે હજારોની ભીડ જે રીતે હોસ્પિટલમાં ઘૂસી ગઈ અને સંપત્તિની તોડફોડ, વાહનોને આગચંપી દ્વારા હોસ્પિટલને મોટા પાયે નુકસાન કરાયું એ કયા પ્રકારનો વિરોધ છે ? અરે હદ તો ત્યાં થાય છે કે જ્યાં ઈમરજન્સી વિભાગ હતો હોસ્પિટલના એ વિસ્તારને પણ હિંસાથી બાકાત ન રખાયો અને ત્યાં પણ મોટા પાયે તોડફોડ કરાઈ... જેમનો કોઈ વાંક નથી એવા નિર્દોષ દર્દીઓ કે સ્ટાફને આ રીતે પીડવાનો શો મતલબ છે ? દેખીતી રીતે જ કોઈ ગંદા રાજકારણના ભાગરૂપે કોઈના દોરીસંચાર હેઠળ તોડફોડ કરાઈ હોવાનું સમજાય છે. બાકી હજારો લોકો આ રીતે એકી સાથે એક જ સમયે કઈ રીતે હોસ્પિટલ પર હુમલો કરી શકે ? પૂર્વ આયોજિત ષડયંત્ર સિવાય આ શકય છે ખરૂં ? બળાત્કારની આટલી મોટી ઘટના બાદ પણ તંત્ર આ પ્રકારની હિંસાને રોકી ન શકયું એ પણ વખોડવાને પાત્ર છે પરંતુ અહીં ગભીર વિચાર માંગી લેતી બાબત એ છે કે આપણી સભ્ય સંસ્કૃતિને થયું છે શું ? કે જેને દેશના દરેક દુષ્કર્મીઓને આકરી સજા માટે સંઘર્ષ કરવો જોઈએ એના બદલે આવી નકારાત્મક હિંસાને પ્રેરિત કરે છે ? વળી જ્યાં સુધી દુષ્કર્મના બનાવો અંગે પણ 'સિલેકટીવ એપ્રોર્ચ' અપનાવીને ''અમુક રાજયના બનાવોનો જ વિરોધ કરવો'' અને જ્યાં પોતાને લાગતું વળગતું હોય ત્યાં વિરોધ ન કરવો જેવું પક્ષપાતી વલણ અપનાવાશે ત્યાં સુધી દુષ્કર્મના અપરાધીઓ કાબૂમાં નહિ આવે... એક બાજુ તમે પં.બંગાળના બળાત્કારીઓના વિરોધમાં ગુજરાતભરમાં દેખાવો કરો અને બીજી તરફ ગુજરાતની જ દીકરી બિલ્કીશબાનોના બળાત્કારીઓનું સન્માન કરો તો પછી આવા બેવડાં ધોરણો કઈ રીતે પીડિતાઓને ન્યાય અપાવી શકે? વાસ્તવમાં દેશને અત્યારે વિકાસની વાતોની નહીં પણ દરેકે દરેક નાગરિકને પૂર્ણ સલામતી બક્ષવાની જરૂર છે... આજે જો દેશની અડધોઅડધ વસ્તી એટલે કે મહિલાઓ જ જો સલામતી માટે વલખાં મારતી હોય તો પછી એ દેશ કે સંસ્કૃતિ ક્યાંથી પ્રગતિ કે વિકાસ કરી શકશે ?

# વૈશ્વિક સ્તરે ભારત : ન્યુયોર્કમાં 'મુસ્લિમ વિરોધી' ફ્લોટનો વિરોધ, બાંગ્લાદેશ પર ખોટી માહિતીનું અભિયાન

## વિશ્વ આપણી લોકશાહી અને દેશને કેવી રીતે જોઈ રહ્યું છે તે અંગે એક પખવાડિયાની હાઈલાઈટ

**આંતરરાષ્ટ્રીય મીડિયા અહેવાલો**

**ધ ઈકોનોમિસ્ટ, યુકે, ઓગસ્ટ ૧**

ઈકોનોમિસ્ટએ ચેતવણી આપી છે કે ભારતીય શહેરો તેમના પર જે અસર કરશે તે માટે સંપૂર્ણપણે તૈયાર નથી. ભારતની શહેરી વસ્તી ૨૦૫૦ સુધીમાં બમણી થવાનો અંદાજ છે, પરંતુ કોઈ તાજેતરની શહેરી વસ્તી ગણતરી સાથે, આજે ભારતીય શહેરોમાં કેટલા લોકો રહે છે તે કોઈ જાણતું નથી. અપેક્ષિત પ્રચંડ શહેરી વસ્તી વૃદ્ધિ સાથે, કેન્દ્ર સરકારે ૨૦૨૪ના રાષ્ટ્રીય બજેટના માત્ર ૧.૭% હાઉસિંગ અને શહેરી બાબતોના મંત્રાલયને ફાળવ્યા છે. ઝડપી શહેરીકરણ એ આબોહવા પરિવર્તનનું મુખ્ય કારણ છે. ભારતીય શહેરો આશરે ૩૮% વોર્મિંગ માટે જવાબદાર છે, જેના લીધે સૌથી ગરીબ લોકો સૌથી વધુ પીડાય છે. તમામ ભારતીય શહેરોની અસંખ્ય સમસ્યાઓનું સૌથી આત્યંતિક ઉદાહરણ મુંબઈ છે અને તેના પર ધ્યાન કેન્દ્રિત કરતાં, ઈકોનોમિસ્ટ જણાવે છે કે મુંબઈમાં અન્ય ભારતીય શહેરો કરતાં ઝૂંપડપટ્ટીમાં રહેતા લોકોનું પ્રમાણ વધારે છે. શહેરની સાર્વજનિક વાહનવ્યવહાર પ્રણાલી ખૂબ જ ખરાબ સ્થિતિમાં છે અને સરેરાશ દરરોજ સાત લોકો અકસ્માતમાં માર્યા જાય છે.

**મંથલી રિવ્યુ, યુએસએ, ઓગસ્ટ ૧**

સિનેમા અને મીડિયા સ્ટડીઝના પ્રોફેસર, જ્યોત્સના કપૂરે અનંત અંબાણી-રાધિકા મર્ચન્ટ લગ્નનું રાષ્ટ્રવાદના નવા સ્વરૂપ તરીકે વિશ્લેષણ કર્યું છે, જેમાં બજારમાં વ્યક્તિવાદ અને હિંદુકૃત ભારતીયોની વૈશ્વિક આકાંક્ષાઓનું સંયોજન છે. તેણી આ લગ્ન અને રામ મંદિરના ઉદ્ઘાટન વચ્ચે સમાનતા દર્શાવે છે કે-આ બંનેમાં સમાન મસાલા જેવા તત્વો હતા જેમાં નવા બનાવેલા ભવ્ય સેટ અને કેટલાક પોશાકમાં ફેરફારનો સમાવેશ થાય છે; અને મોદી અને અંબાણી પરિવાર દ્વારા રાજ્ય અને રાજધાનીના પ્રતિનિધિઓ તરીકે રજૂ કરવામાં આવ્યા છે.

**ધ ગાર્ડિયન, યુકે, ઓગસ્ટ ૧**

રાહુલ ભાટિયા લખે છે કે, ઈન ધ બેલી ઓફ ધ બીસ્ટ: ધ હિંદુ સર્વોપરીવાદી આરએસએસ એન્ડ ધ બીજેપી ઓફ ઈન્ડિયા, એન ઈન્સાઈડર્સ વ્યુ, પુસ્તકના લેખક પાર્થ બેનર્જી બાળપણમાં આરએસએસ તરફ આકર્ષાયા હતા કારણ કે તેમના પિતા આરએસએસના અન્ય ઘણા લોકોની જેમ, સ્વૈચ્છિક ત્યાગમાં ખાનદાનીની ભાવના સાથે જીવતા હતા. બેનર્જી કહે છે કે તેમના પિતા સંપૂર્ણપણે જાતિવાદી, ઈસ્લામોફોબિક અને ફાસીવાદી હતા. બેનર્જીને આરએસએસમાં એક દુર્લભ કાર્યકર તરીકે ઓળખવામાં આવે છે. બાળકોને આરએસએસમાં જોડાવવા માટે શિક્ષણ અધિકારી તરીકે કામ કરતા, તેમણે પરિવારોને એવો સંદેશ આપવાનો પ્રયાસ કર્યો કે તેમનું બાળક આરએસએસ પરિવારનો સભ્ય છે અને બાળકોના સમૂહ સાથે સારી સંગતમાં રહેશે. દેશ અને રાષ્ટ્ર વિશે વાત કરશે. જેઓ જોડાયા તેઓ મોટા પ્રમાણમાં અભણ અને અજાણ હતા. તેઓની વિચારવાની રીતોમાં પરિવર્તનના તેમણે RSS છોડ્યું હતું. તેઓ આરએસએસના ૯૦થી ૯૫% સભ્યોને વ્યવહારિક રીતે મગજ વિનાના મૂર્ખ માને છે જેઓ આંખ બંધ કરીને આદેશોનું પાલન કરે છે. આજે તેમની ચિંતા એ છે કે આરએસએસ ભારતને ફાસીવાદી રાજ્યમાં ફેરવી રહ્યું છે. તે માને છે કે ભારતીયો જેલની અંદર છે જેની દીવાલો તેઓ જોઈ શકતા નથી.

**મિડલ ઈસ્ટ આઈ, યુકે, ૫ ઓગસ્ટ**

પીટર ફ્રેડરિક યુનાઈટેડ સ્ટેટ્સમાં હિંદુ રાષ્ટ્રવાદી સંગઠનો સાથે જોડાણો માટે યુએસ ધારાસભ્યો માટે વધતી જતી ચળવળ વિશે લખે છે, જેમાં તેમની પાસેથી નોંધપાત્ર નાણાં લેવાનો સમાવેશ થાય છે. એપ્રિલ ૨૦૨૪માં, ૧૦૦થી વધુ દક્ષિણ એશિયાઈ અમેરિકન નેતાઓએ એક નિવેદન બહાર પાડ્યું અને હિંદુ સર્વોપરિતાવાદી સંગઠનો સાથે જોડાણ કરવા અને વિભાજનકારી નીતિની સ્થિતિને સમર્થન આપવા માટે ચૂંટણી લડતા કેટલાક ભારતીય અમેરિકન ઉમેદવારોને નામ આપ્યા હતા. હિંદુઝ ફોર હ્યુમન રાઈટ્સ (HfHR)ના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર સુનીતા વિશ્વનાથે ચેતવણી આપી જેઓ કહે છે કે તેઓ હિંદુ અમેરિકનોનું પ્રતિનિધિત્વ કરે છે તેમણે જાતિ અને હિંદુત્વની વિરુદ્ધમાં રહેલા આપણા સહિત આપણા સમગ્ર સમુદાય સાથે સંઘર્ષ કરવો પડે છે અથવા જો તેઓ ન કરે તો વિરોધનો સામનો કરવો પડશે. ફ્રેડરિક લખે છે કે હિંદુ રાષ્ટ્રવાદની ટીકા કરનારા અમુક લોકોમાં એક પૂર્વ કોંગ્રેસમેન એન્ડી લેવિન છે જેમણે કહ્યું હતું કે, હું અમેરિકામાં હિન્દુ રાષ્ટ્રવાદનો વિરોધ કરું છું અને હું આપણા દેશમાં કોઈપણ વંશીય-રાષ્ટ્રવાદી જૂથનો વિરોધ કરું છું.

**અલ જઝીરા, કતાર, ૫ ઓગસ્ટ**

કલમ ૩૭૦ નાબૂદ થયાના ચાર વર્ષ પછીના ''કાશ્મીરના ક્લેમ્પડાઉન'' પરના અહેવાલમાં નવી દિલ્હીની પકડ મજબૂત કરવાની શ્રેણીની અનેક નીતિઓને નોંધવામાં આવી છે. તે કહે છે કે, ભાજપ વોટ બેંક વધારવાની ઈચ્છાથી પ્રેરિત આવું કરે છે, અને તે વસ્તી વિષયક પરિવર્તન કરી રહ્યું છે. અલ જઝીરાએ તપાસ એજન્સીઓ દ્વારા દેખરેખમાં વધારો, રાષ્ટ્રવિરોધી તરીકે ગણવામાં આવતા લોકો સામે કાર્યવાહીની આડમાં પ્રેસની સ્વતંત્રતામાં ઘટાડો, તેમજ બેરોજગારીનો દર ૧૮ ટકા જે રાષ્ટ્રીય સરેરાશ કરતાં લગભગ બમણો છે તે અંગે વાત કરે છે.

**ન્યૂ લાઈન્સ મેગેઝિન, યુએસએ, ઓગસ્ટ ૫**

સૌરવ દાસે ઉત્તર પ્રદેશમાં પોલીસ ગોળીબાર વિશેના એક તપાસ અહેવાલમાં જણાવે છે કે કેવી રીતે પોલીસ કાયદાની છટકબારીઓનો ઉપયોગ કરે છે અને ફોરેન્સિક પુરાવાઓની અવગણના કરે છે. આ અહેવાલમાં આ હત્યાઓ ન્યાયવિહીન હતી કે કેમ તે અંગેના ચિંતાજનક પ્રશ્નો ઉભા કરે છે. માનવાધિકાર કાર્યકર્તાઓ અને પીડિત પરિવારો આને બનાવટી એન્કાઉન્ટર્સ કહે છે, જે ભારતમાં બિન-ન્યાયિક હત્યાઓનું વર્ણન કરવા માટે એક પ્રચલિત શબ્દ છે. દાસ અજ્ઞાત વ્યક્તિઓ સામે દાખલ કરાયેલા કેસોને ''કોલ્ડ સ્ટોરેજમાં'' રાખવાની પોલીસ પ્રથા અંગે પણ વાત કરે છે અને પસંદ કરેલા લોકોને ગુનેગાર તરીકે દર્શાવવામાં આવે છે તે પૈકી મોટા ભાગના પીડિતો ગરીબ અને મુસ્લિમ હતા, જેઓ નાના ગુનાના આરોપી હતા.

વરિષ્ઠ વકીલ વૃંદા ગ્રોવર, આવા એન્કાઉન્ટરને ''જાહેર તમાશો'' કહે છે. તેણી કહે છે કે વણઉકેલાયેલા ગુનાઓને છુપાવવા માટે રાજ્ય જાહેર સુરક્ષાની ચિંતાઓ દૂર કરવા એન્કાઉન્ટર કરે છે જેથી અમને એવું થાય કે ગુનેગારોને ઝડપી પકડીને ગુનાખોરી નાબૂદ કરવાથી ગુના પર નિયંત્રણ આવી જશે. દાસ રાજ્ય પોલીસ દ્વારા ''ઓપરેશન લંગડા'' (''ઓપરેશન લેમા'') તરીકે ઓળખાતી ''અર્ધ-એન્કાઉન્ટર્સ''ની ઘટનાને પણ પ્રકાશિત કરે છે, જેમાં પોલીસ અધિકારીઓ કોઈને ખૂબ જ ગંભીર રીતે ઈજા પહોંચાડે છે, અને કેટલીકવાર આરોપીઓને જીવનભર અપંગ બનાવે છે અને ભાજપના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ દ્વારા તેનો મહિમા કરવામાં આવે છે.

આ ''અડધા એન્કાઉન્ટર''ના પીડિતો એવું વિચારે છે કે જો તેઓ પોલીસ વિરુદ્ધ કાર્યવાહી કરશે તો તેઓ માર્યા જશે તેવો તેમને ડર હોય છે. એન્કાઉન્ટર મૃત્યુના કેસોમાં, કાયદાકીય પ્રણાલીની નિષ્ફળતાના પરિણામે મોટાભાગે પોલીસ અધિકારીઓ કોઈપણ ગેરરીતિથી મુક્ત થઈ જાય છે. મીડિયા અને રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ (NHRC) તેમાં મદદ કરતું નથી. મે ૨૦૨૪માં ગ્લોબલ એલાયન્સ ઓફ નેશનલ હ્યુમન રાઈટ્સ ઈન્સ્ટિટ્યૂશન્સ (GANHRI) દ્વારા સતત બીજા વર્ષે NHRCના પુન:પ્રમાણને સ્થગિત કરવાના જવાબમાં, NHRCના સેક્રેટરી જનરલે જવાબ આપ્યો કે, આપણી પોલીસ અને ભારતની પોલીસ પર સવાલ ઉઠાવનારા યુરોપિયનો કોણ છે? તેઓ માનવ અધિકારનું ધોરણ નક્કી કરશે? આપણી સંસ્કૃતિ ૫,૦૦૦ વર્ષ જૂની છે.




**વૈશ્વિક સ્તરે ભારતમાં માનવાધિકાર ઉલ્લંઘન અને હિન્દુત્વના ઉદય પર નજર રાખવામાં આવી રહી છે અને તેની ટીકા પણ થઈ રહી છે. ભારતની લોકશાહીની સ્થિતિ વિશે યુએન નિષ્ણાતો અને નાગરિક સમાજના જૂથોથી લઈને આંતરરાષ્ટ્રીય મીડિયા અને ઘણા દેશોના સંસદ સભ્યોના મંતવ્યો અંગે અમે અહીં આ પખવાડિયાની હાઈલાઈટ્સ રજૂ કરીએ છીએ.**

**ન્યુયોર્ક ટાઈમ્સ, ઓગસ્ટ ૬**

નીતીશ પાહવાની દ્વારા લખાયેલ પુસ્તક I Am on the Hit List: A Journalist's Murder and the Rise of Autocracy in India, Rollo Romig,માં સમીક્ષા કરવામાં આવી છે કે, ભારતના સૌથી જોરદાર વિરોધકર્તાઓ પૈકી એકની વાર્તા છે: અને તે ગૌરી લંકેશ છે જે એક સ્પષ્ટ વક્તા પત્રકાર હતા. લંકેશને ૨૦૧૭માં મોટરસાઈકલ પર આવેલા બે માણસોએ તેના ઘરની બહાર ગોળી મારીને હત્યા કરી હતી, અને આ હત્યા હિન્દુ સર્વોપરી જૂથના આદેશ પર કરવામાં આવી હોવાનું જણાયું હતું. તે કહે છે કે ૨૦૧૫માં ત્રણ અગ્રણી વ્યક્તિઓની હત્યા થયા પછી એક હિટલિસ્ટ ભારતીય પ્રગતિશીલ લોકો દ્વારા બનાવવામાં આવ્યું હતું. અને લંકેશને તે સૂચિમાં ચોથા સ્થાને રાખવામાં આવી હતી. આલેખ મોદી અને શાસક ભાજપ દ્વારા ગુનેગારોને આપવામાં આવેલી મુક્તિ અંગે વાત કરે છે જેના કારણે લંકેશની હત્યા શક્ય બની હતી. તેમણે તાજેતરના ચૂંટણી પરીક્ષણોની પણ પ્રશંસા કરી હતી અને કહ્યું કે તેનો અર્થ એ છે કે હજી પણ આશા છે કે ભારતમાં લોકશાહીની ભાવના પ્રવર્તી શકે છે.

**ESPN, USA, ઓગસ્ટ ૭**

ભારતીય મહિલા કુસ્તીબાજ વિનેશ ફોગટ વિશે, શારદા ઉગરા લખે છે કે, પેરિસ ઓલમ્પિક ૨૦૨૪ને લિંગ સમાનતા, સન્માન અને સમાવેશ માટે એક ઉદાહરણ ગણવું જોઈએ. શાસન અને તેમની પોલીસ તરફથી નિર્દયતાના પ્રતિભાવમાં, ઉગરા કહે છે કે, જુલાઈ ૨૦૨૪માં પ્રકાશિત થયેલ ''ભારતીય રેસલિંગ ફેડરેશનમાં જાતીય દુર્વ્યવહાર'' શીર્ષકવાળા સ્પોર્ટ એન્ડ રાઈટ્સ એલાયન્સના અહેવાલમાં ફોગાટ કહે છે કે ભારતીય સમાજ હુમલા અને ઉત્પીડનને સામાન્ય બનાવે છે. તેણીના મુદ્દાને સમજાવે છે કે હુમલો જ્યારે ભયંકર હોય ત્યારે જ ગંભીરતાથી લેવામાં આવે છે.

**ફાયનાન્સિયલ ટાઈમ્સ, યુકે, ઓગસ્ટ ૭**

બેન્જામિન પાર્કિન, ક્રિસ કે અને જોશ નોબલે નીતા અંબાણીની (એશિયાના સૌથી ધનાઢ્ય ઉદ્યોગપતિ મુકેશની પત્ની) ''પબ્લિસિટી બ્લિટ્ઝ'' પર પેરિસ ઓલિમ્પિકમાં ભારતના ઓલિમ્પિક અભિયાનનો ચહેરો શીર્ષક હેઠળ લખે છે કે તેઓ એથ્લેટ કે કોચ ન હોવા છતાં તે મહત્વ મેળવે લખ્યું છે. તેઓ અહેવાલ આપે છે કે તે ભારતના વિકસતા અને આકર્ષક રમતગમત ક્ષેત્ર પર અંબાણીનું પ્રભુત્વ છે અને ૨૦૩૬ સમર ગેમ્સની યજમાની માટે ભારત માટે તે લોબિંગ કરી રહી છે. પેરિસમાં તેણીની હિમાયત સંકેત આપે છે કે કેવી રીતે આ ઉદ્યોગપતિઓ ભારતમાં જાહેર જીવનને વધુને વધુ પ્રભાવિત કરી રહ્યા છે. ભારતીય રમતગમતને પૈસાની જરૂર છે એવું સ્વીકારતા, કટારલેખક સંતોષ દેસાઈ એમ પણ કહે છે કે જાહેર ક્ષેત્રોમાં આ ''ટાયકૂન્સ''નું રોકાણ તેમના પરોપકારી હેતુઓ ગમે તે હોય, તે આપણા જીવનના વ્યવસાયિક હિતોને નુકસાન કરે છે. જો કે અંબાણીઓએ પોતાને સાંસ્કૃતિક વારસા માટે કામ કરતા રાષ્ટ્ર નિર્માતા તરીકે દર્શાવ્યા હોવા છતાં, જાણીતા સ્પોર્ટ્સ લેખક શારદા ઉગરા પ્રશ્ન પૂછે છે કે જો તેઓ ટીમની માલિકી ધરાવતા હોય, તો તેમની ટીકા કોણ કરશે? અને તેઓ ટીવી ચેનલના માલિક પણ છે.

સાંપ્રત

**ધ ઈકોનોમિસ્ટ, ઓગસ્ટ ૮**

એશિયા બનિયાન કૉલમ ભારતની સરકારની જનતાને અસર કરતી રાષ્ટ્રીય સ્તરની સમસ્યાઓ વિશે નકારવાના વલણનું વર્ણન કરે છે. મોદી સરકારે તેને ન ગમતી પદ્ધતિ ક્યારેય જોઈ નથી. ગ્લોબલ હંગર ઈન્ડેક્સ હોય, પર્યાવરણીય સૂચકાંક હોય, વિશ્વ બેંકનો માનવ મૂડી સૂચકાંક હોય, વિશ્વ પ્રેસ ફ્રીડમ ઈન્ડેક્સ હોય, વિશ્વ સૂચકાંકમાં સ્વતંત્રતા હોય, EIU લોકશાહી સૂચકાંક હોય કે V-Dem સૂચકાંકો હોય, સરકાર દરેકની કાર્યપદ્ધતિને નકારી કાઢે છે. તે પછી તેમના સંબંધિત તારણોને નકારી કાઢે છે. ભારત સરકાર વિદેશી પત્રકારોને પરવાનગી આપવાનો ઈનકાર કરે છે. તે તેની ટીકા કરતી દસ્તાવેજી ફિલ્મો પર પ્રતિબંધ મૂકે છે. તે કાયદામાં નિયંત્રણોનો પ્રયાસ કરીને સોશિયલ મીડિયા પર સ્વતંત્ર અવાજોને કાબૂમાં રાખવા માંગે છે. યુવા બેરોજગારી, ભૂખમરો કે ગરીબી, એ ભારતની વાસ્તવિક સમસ્યાઓ છે.

**રોઈટર્સ, કેનેડા, યુએસએ, ઓગસ્ટ ૧૩**

સારાહ લિંચ, વા લોન અને જોર્જ ગાર્સિયા યુનાઈટેડ સ્ટેટ્સ અને કેનેડામાં ધમકીઓ અને ઉત્પીડનનો સામનો કરી રહેલા શીખ સમુદાયના નેતાઓ પર અહેવાલ આપે છે. કેનેડામાં એક શીખ અલગતાવાદી નેતાની હત્યા અને યુ.એસ.માં અન્ય એકની હત્યાના પ્રયાસને નિષ્ફળ બનાવ્યા પછી છેલ્લા વર્ષથી આવું થઈ રહ્યું છે. સાત શીખ કાર્યકરોએ રોઈટર્સને જણાવ્યું હતું કે એફબીઆઈ અથવા રોયલ કેનેડિયન માઉન્ટેડ પોલીસે ગયા વર્ષે તેમને ચેતવણી આપી હતી કે તેમના જીવન જોખમમાં હોઈ શકે છે. આ ધમકીઓના સ્ત્રોતો હજુ પણ અજ્ઞાત છે, ઓછામાં ઓછા છ કાર્યકરોએ જણાવ્યું હતું કે તેઓને શંકા છે કે તેમના વિરોધીઓ ભારત સરકાર અથવા તેના સમર્થકો આ માટે જવાબદાર હોઈ શકે છે, અને તે સાબિત કરવું મુશ્કેલ હશે. વોશિંગ્ટન, ડીસી સ્થિત ફ્રીડમ હાઉસના વરિષ્ઠ નિયામક, નેટ શેક્રન, જે વૈશ્વિક નાગરિક સ્વતંત્રતાઓનું નિરીક્ષણ કરે છે, અને તેમને જણાવ્યું હતું કે આ ધમકીઓ આંતરરાષ્ટ્રીય દમન માટે એક પ્રકારની સૌથી ખરાબ પરિસ્થિતિનું પ્રતિનિધિત્વ કરે છે અને જ્યારે કોઈ રાજ્ય કાયદાની બહાર સંપૂર્ણપણે કામ કરે છે અને અન્ય દેશમાં અસંમતિને શાંત કરવા માટે તેના સાધનોનો ઉપયોગ કરે છે તો તે ભયાનક છે.

**ડિપ્લોમેટ, એશિયા-પેસિફિક, ૧૪ ઓગસ્ટ**

ફરહાના સુલતાના શેખ હસીનાના શાસનની હકાલપટ્ટીના પગલે બાંગ્લાદેશને અસ્થિર કરવાના પ્રયાસો અને તે અંગે વ્યાપક રીતે ખોટી માહિતી અને પ્રચાર પર પ્રકાશ પાડે છે. સુલતાના કહે છે કે આ ખોટી માહિતી ઝુંબેશના બે મુખ્ય સ્ત્રોતો ભારત સાથે જોડાયેલા વૈશ્વિક હિંદુત્વ દળો અને બાંગ્લાદેશની બહાર અને અંદર અવામી લીગના વફાદાર છે. આ ઝુંબેશ બાંગ્લાદેશમાં હિંદુઓના અત્યાચારના ભ્રામક અને અતિશયોક્તિભર્યા આરોપો ફેલાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, અને બદલામાં હિંદુઓ દ્વારા સામનો કરવામાં આવતા વાસ્તવિક હુમલાઓને કાયદેસર ઠેરવવામાં આવે છે. સાથે સાથે, આ ઝુંબેશમાં કથિત ઈસ્લામિક ટેકઓવરના ભયને ફેલાવવામાં આવે છે. સુલતાના દ્વારા આ લેખમાં ''બાંગ્લાદેશ હિંદુ ટૂલકીટ'' ની લિંક પણ સામેલ છે જે ખોટા વર્ણનો બનાવવા માટે કરવામાં આવેલા પ્રયત્નો દર્શાવે છે. આ મુદ્દે ભારતીય હિન્દુઓની સંડોવણી પર, સુલતાનાને લાગે છે કે તે ભારતમાં મુસ્લિમો સામેની હિંસાથી ધ્યાન હટાવવા અને ભારતની અંદર હિંદુત્વની લાગણીઓને વધારવા માટે છે.

**એનબીસી ન્યૂ યોર્ક, યુએસએ, ઓગસ્ટ ૧૫**

૧૭-૧૮ ઓગસ્ટના રોજ ન્યૂયોર્ક સિટીમાં યોજાનારી ૪૨મી વાર્ષિક ઈન્ડિયા ડે પરેડમાં ''મુસ્લિમ વિરોધી'' તરીકે ઓળખાતા ફ્લોટના સમાવેશનો વિરોધ કરી રહેલા આંતરધાર્મિક અને મુસ્લિમ જૂથો પર કિકી ઈન્ટારાસુવાન અને એસોસિએટેડ પ્રેસનો અહેવાલ આ અંગે માહિતી આપે છે અને ન્યૂયોર્ક સિટીના મેયર એરિક એડમ્સ અને રાજ્યના ગવર્નર કેથી હોચુલને લખેલા પત્રમાં, ઘણી સંસ્થાઓએ તેમને અયોધ્યામાં રામ મંદિરનું ચિત્રણ કરતા ફ્લોટને દૂર કરવા દબાણ કરવા વિનંતી કરી હતી. લાંબી કાનૂની લડાઈ પછી અયોધ્યામાં જાન્યુઆરી ૨૦૨૪માં ખોલવામાં આવેલ મંદિર, ૧૯૯૨માં હિન્દુ રાષ્ટ્રવાદીઓ દ્વારા તોડી પાડવામાં આવેલી ૧૬મી સદીની મસ્જિદની જગ્યા પર બનાવવામાં આવ્યું હતું.

દક્ષિણ એશિયાના ઈતિહાસના પ્રોફેસર અને વિદ્વાન ડૉ. ઓડ્રે ટ્રુશકે ટ્વીટ કર્યું હતું કે, ન્યૂ યોર્ક સિટીને હિંદુ સર્વોપરી જૂથોને મુસ્લિમ વિરોધી પ્રતીક પરેડ કરવાની મંજૂરી આપવી એ શરમજનક છે. તે શહેર માટે એક પગલું પાછળ જવાની વાત છે. કાયદા અમલીકરણ દ્વારા આ માટે તૈયાર થવું જોઈએ. આ છબીનો ઉપયોગ દાયકાઓથી મુસ્લિમો વિરુદ્ધ લક્ષિત હિંસા ફેલાવવા માટે કરવામાં આવે છે.

**નિષ્ણાતોના મંતવ્યો**

બાંગ્લાદેશી બેરિસ્ટર અનિક હકે ૫ ઓગસ્ટના રોજ ધ વાયર સાથેની મુલાકાતમાં, બાંગ્લાદેશમાં ભારત અને મોદીને કેવી રીતે જોવામાં આવે છે તે પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે, આપણા સામાન્ય લોકો માને છે કે શેખ હસીના નરેન્દ્ર મોદીની કઠપૂતળી હતી અને લોકો મોદી જે કરી રહ્યા છે તેનાથી તેઓ બિલકુલ ખુશ નથી. ભારતમાં કોમી રમખાણો થયા છે. બાંગ્લાદેશમાં તેઓ કંઈક એવું શરૂ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ બાંગ્લાદેશના લોકોએ તેઓને સહકાર આપ્યો નથી.

ગ્લોબલ ઓપોર્ચ્યુનિટી યુથ નેટવર્ક, ગ્લોબલ ડેવલપમેન્ટ ઈન્ક્યુબેટર (GDI), ટ્રાન્સફોર્મ રૂરલ ઈન્ડિયા અને ડેવલપમેન્ટ ઈન્ટેલિજન્સ યુનિટ (DUI)એ ૬ ઓગસ્ટના રોજ સ્ટેટ ઓફ રૂરલ યુથ એમ્પ્લોયમેન્ટ રિપોર્ટ ૨૦૨૪ બહાર પાડ્યો. ભારતભરના ૨૧ રાજ્યોના ગ્રામીણ યુવાનોના ઈન્ટરવ્યુના આધારે, આ અહેવાલમાં જાણવા મળ્યું છે કે ગ્રામીણ વિસ્તારોમાં હાલમાં રોજગારી મેળવતા ૭૦-૮૫% યુવાનો નાના ઉત્પાદન, છૂટક અથવા ટ્રેડિંગ વ્યવસાય ચલાવવામાં રસ દર્શાવતા લિંગ અને વયની સ્પષ્ટ બહુમતી સાથે તેમની નોકરી બદલવાની ઈચ્છા ધરાવે છે. સમગ્ર ૨૧ રાજ્યોમાં, ગ્રામીણ યુવાનો કૃષિ ક્ષેત્રે કામ કરવા માંગતા નથી, ૭૦% આનું કારણ ઓછી ઉત્પાદકતા અને અપૂરતો નફો એવું આપે છે. ઉદ્યોગ સાહસિક કૌશલ્યો અને માનસિકતાનો અભાવ, મૂડીનો અભાવ, અને કામ કેવી રીતે શરૂ કરવું તે અંગેની સમજણના અભાવના કારણે ગ્રામીણ યુવાનો સ્વ-રોજગાર/ઉદ્યોગસાહસિકતા તરફ વળતા નથી. નોંધનીય રીતે, આ અહેવાલમાં એ પણ જાણવા મળ્યું છે કે યુવાનોની ઓછી આવક હોવા છતાં પણ તેમના ગામોની અંદર અથવા નજીક રહેવાનું પસંદ કરે છે.

હિન્ડેનબર્ગ રિસર્ચ દ્વારા ૧૦ ઓગસ્ટના રોજ તેના સંશોધનાત્મક તારણો પ્રકાશિત કરવામાં આવ્યા છે, જેમાં દસ્તાવેજો દ્વારા જાણવા મળ્યું છે કે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ના વર્તમાન અધ્યક્ષ, માધવી પુરી બૂચ અને તેમના પતિ ધવલ બૂચ, અનેક ઓફશોર કંપનીઓમાં છુપો હિસ્સો ધરાવે છે. માધવી પુરી બુચ એપ્રિલ ૨૦૧૭માં સેબીના ''સંપૂર્ણ સમયના સભ્ય'' બન્યા હતા, અને માર્ચ ૨૦૨૨માં તેમની અધ્યક્ષ તરીકે નિમણૂક કરવામાં આવી હતી. સેબી તેની અદાણી ગ્રૂપમાં સુપ્રીમ કોર્ટ દ્વારા ફરજિયાત તપાસમાં ''ઓફશોર ફંડ ધારકો'' ને ખુલ્લા પાડવામાં નિષ્ફળ રહી છે. હિંડનબર્ગના અહેવાલ ''શંકાસ્પદ છે. સેબીની શંકાસ્પદ ઓફશોર શેરધારકો સામે કાર્યવાહી કરવામાં અનિચ્છાનું કારણ માધવી પુરી બુચની વિનોદ અદાણી દ્વારા ઉપયોગમાં લેવાતા ચોક્કસ ભંડોળનો ઉપયોગ કરવામાં સંડોવણી હોઈ શકે છે.

હ્યુમન રાઈટ્સ વોચે ૧૪ ઓગસ્ટના રોજ તેના તારણો બહાર પાડ્યા હતા કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બીજેપીના અન્ય નેતાઓના ૨૦૨૪ ના ચૂંટણી અભિયાનમાં મુસ્લિમો અને અન્ય લઘુમતીઓ વિરુદ્ધ વારંવાર નફરતભર્યા ભાષણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, અને ભેદભાવ, દુશ્મનાવટ અને હિંસા માટે હિન્દુઓને ઉશ્કેરવામાં આવ્યા હતા. ૧૬ માર્ચે ચૂંટણીની આચારસંહિતા અમલી બન્યા બાદ મોદી દ્વારા આપવામાં આવેલા કુલ ૧૭૩ પ્રચાર ભાષણોનું વિશ્લેષણ કર્યા પછી, હ્યુમન રાઈટ્સ વોચને જાણવા મળ્યું કે ઓછામાં ઓછા ૧૧૦ ભાષણોમાં મોદીએ ઈસ્લામોફોબિક ટિપ્પણીઓ તેમના રાજકીય વિરોધને નબળો પાડવાના હેતુથી કરી હતી.

**ભારતીય ડાયસ્પોરા અને અન્ય નાગરિક સમાજ જૂથો**

યુ.એસ.માં માનવ અધિકારો અને આંતરધર્મી સંસ્થાઓનું ગઠબંધન - ભારતીય અમેરિકન મુસ્લિમ કાઉન્સિલ, અમેરિકન-ઈસ્લામિક સંબંધોનું કાઉન્સિલ, અમેરિકન-ઈસ્લામિક સંબંધોનું કાઉન્સિલ-ન્યૂયોર્ક, માનવ અધિકાર માટે હિન્દુઓની સંસ્થા, ઉત્તર અમેરિકાના ભારતીય અમેરિકન ચર્ચોનું ફેડરેશન (FIACONA)), મુસ્લિમ પબ્લિક અફેર્સ કાઉન્સિલ, ન્યૂયોર્ક સ્ટેટ કાઉન્સિલ ઓફ ચર્ચ, જેનોસાઈડ વોચ, સેન્ટર ફોર પ્લુરાલિઝમ, ઈન્ડિયા સિવિલ વોચ ઈન્ટરનેશનલ, અમેરિકન મુસ્લિમ ઈન્સ્ટિટ્યુશન, અને એસોસિએશન ઓફ ઈન્ડિયન મુસ્લિમ ઈન અમેરિકા -એ ન્યૂયોર્કના ગવર્નર કેથી હોચુલ અને ન્યૂયોર્ક સિટીના મેયર એરિક એડમ્સને સંયુક્ત પત્ર મોકલ્યો છે. તેમને ૧૮ ઓગસ્ટના રોજ યોજાનારી ઈન્ડિયા ડે પરેડમાં ''મુસ્લિમ વિરોધી'' ફ્લોટના સમાવેશનો વિરોધ કરવા વિનંતી છે. આ પત્ર જણાવે છે કે આ કાર્યક્રમનું આયોજન યુએસ સ્થિત અત્યંત જમણેરી હિંદુ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું છે. આ જૂથો અમેરિકન મુસ્લિમોમાં ધિક્કાર ફેલાવવા અને ભય પેદા કરવા માટે આ પરેડનો ઉપયોગ કરવાની યોજના ધરાવે છે. આ પરેડના કેન્દ્રસ્થાને ફ્લોટ દ્વારા ઐતિહાસિક બાબરી મસ્જિદના ગેરકાયદેસર ધ્વંસને મહિમા આપવાનો અને ૨૦ કરોડ ભારતીય મુસ્લિમો સામે ચાલી રહેલી હિંસા અને આતંકની ઉજવણીનો પ્રયાસ છે. આ ફ્લોટમાં રામ મંદિર દર્શાવવામાં આવશે જે બાબરી મસ્જિદના ખંડેર પર ઉભું છે જેના ધ્વંસને કારણે ભારતમાં વ્યાપક તોફાનો અને હજારો લોકોના મૃત્યુ થયા હતા, જેમાં પીડિતો મુખ્યત્વે મુસ્લિમો હતા. આ પત્ર ફ્લોટ પ્રદર્શિત કરવા માટે કટ્ટર જૂથો સાથે ભારતીય કોન્સ્યુલેટની ભાગીદારી અંગેની ચિંતા દર્શાવે છે. તે એ પણ ઉલ્લેખ કરે છે કે જાન્યુઆરી ૨૦૨૪માં રામ મંદિરના ઉદઘાટનથી ધાર્મિક તણાવને વધુ વેગ મળ્યો હતો, પરિણામે હિંસા અને અન્ય પૂજા સ્થાનો પર હુમલાઓ થયા હતા.

૧૨ ઓગસ્ટના રોજ એક નિવેદનમાં, ન્યૂ યોર્કના ઈન્ટરફેથ સેન્ટરે ભારતીય વાણિજ્ય દૂતાવાસ સહિત ઈન્ડિયા ડે પરેડના પ્રાયોજકોને અયોધ્યા રામ મંદિરની ઉજવણીના ફ્લોટના સમાવેશ પર પુનર્વિચાર કરવા માટે હાકલ કરી હતી. તેઓએ તેમની ચિંતા વ્યક્ત કરી કે મુસ્લિમ ન્યૂ યોર્કવાસીઓ મંદિરની ઉજવણીને ઈસ્લામોફોબિયાના જાહેર પ્રદર્શન તરીકે જોશે; અને ધાર્મિક સમુદાયો તરીકે ન્યુયોર્કમાં સમુદાય વિરુદ્ધ નફરત ન ફેલાવવી એ તેમની વિશેષ જવાબદારી છે. યુકેમાં ડાયસ્પોરા જૂથોએ ૨૯ જુલાઈના રોજ સાઉથપોર્ટમાં ૩ છોકરીઓને ચાકુ માર્યા બાદ યુકેમાં તાજેતરની અત્યંત કટ્ટર હિંસાના તેમના પ્રતિભાવોમાં, હિંદુત્વ અને ઈસ્લામોફોબિયા વચ્ચેની વૈશ્વિક કડીઓ પર વાત કરે છે. એક અખબારી યાદીમાં, હિંદુઝ ફોર હ્યુમન રાઈટ્સ યુકે એ આ ઘટનાની નિંદા કરી હતી. હિંદુ સર્વોપરિતા અને શ્વેત સર્વોપરિતા વચ્ચે વધતું જોડાણ એ ખતરનાક બની શકે છે. સપ્ટેમ્બર ૨૦૨૨માં લિસેસ્ટર હિંસા દરમિયાન, મુસ્લિમોના ઘરો અને દુકાનો પર હિંદુ ટોળા દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો, ત્યારે રોબિન્સને હુમલામાં જોડાવા માટે તેના કટ્ટર ધાર્મિક સમર્થકોને એકત્ર કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમનું આ નિવેદન ઈસ્લામોફોબિયાને પડકારવા અને આંતર-સંબંધિત વૈશ્વિક રાજકીય અને આર્થિક સંદર્ભોમાં અત્યંત કટ્ટર આયોજનને દર્શાવે છે. બાંગ્લાદેશ, નેપાળ અને શ્રીલંકાના પાંચ નાગરિકો - ફિરદૌસ અઝીમ, કનક મણિ દીક્ષિત, લક્ષ્મણ ગુણસેકરા, મંજૂર હસન અને સુશીલ પ્યાકુરેલ - બાંગ્લાદેશમાં મહત્વપૂર્ણ ફેરફારોના સંદર્ભમાં ૯ ઓગસ્ટના રોજ ધ વાયરમાં ભારત સરકારને માંગ કરે છે કે તે તેમના દેશોમાં દખલ કરવાનું ટાળે. તેઓ ભારપૂર્વક જણાવે છે કે ભારત સરકારના કોલંબો, ઢાકા અને કાઠમંડુમાં રાજકીય, અમલદારશાહી અને ગુપ્તચર કાર્યકર્તાઓએ અમારા દેશોમાં અરાજકીય અસ્થિરતામાં ફાળો આપ્યો છે અને નિરંકુશ શાસનને સશક્ત બનાવ્યું છે. ૧૫ ઓગસ્ટના રોજ, વેક્લેવ હેવેલ સેન્ટરે જાહેરાત કરી હતી કે ભારતીય લેખિકા અરુંધતી રોય અને ઈરાની રેપર તુમાજ સાલેહી ૨૦૨૪ ના 'ડિસ્ટર્બિંગ ધ પીસ' એવોર્ડના વિજેતા છે. આ પુરસ્કાર એવા લેખકોને માન્યતા આપે છે જેઓ માનવ અધિકારો માટે વેક્લેવ હેવેલની જુસ્સાદાર પ્રતિબદ્ધતા ધરાવે છે અને તેમની માન્યતાઓ માટે અન્યાયી જુલમ સહન કરે છે. રોયને ભારતમાં પછાત અને વંચિત લોકો માટે અવાજ ઉઠાવનાર તરીકે ગણવામાં આવ્યા હતા.

**(સૌ. : ધ વાયર)**

# આજે સદ્ભાવના દિવસ

સમગ્ર દેશમાં ૨૦ ઓગસ્ટે સદ્ભાવના દિવસ મનાવવામાં આવે છે. અને નાગરિકો આ દિવસે નીચેની પ્રતિજ્ઞા લે છે. "હું આ ગૌરવપૂર્ણ પ્રતિજ્ઞા લઉં છું કે હું જાતિ, પ્રદેશ, ધર્મ અથવા ભાષાને ધ્યાનમાં લીધા વિના ભારતના તમામ લોકોની ભાવનાત્મક એકતા અને સંવાદિતા માટે કામ કરીશ. રાજીવ ગાંધીની સ્મૃતિમાં સદ્ભાવના દિવસ મનાવવામાં આવે છે. કેમકે રાજીવ ગાંધી તેમની માતા ઈન્દિરા ગાંધીની હત્યા બાદ વડાપ્રધાન બન્યા હતા. રાજીવ ગાંધીએ ભારતીય સમુદાયમાં સૌહાર્દ, રાષ્ટ્રીય અખંડિતતા અને શાંતિને પ્રોત્સાહન આપવાનો પ્રયાસ કર્યો હતો અને વિશ્વના અન્ય ભાગોમાં તેમને સદ્ભાવના દૂત ગણવામાં આવતા




હતા. તેઓ યુવાન હતા ત્યારથી તેમની વિચારસરણી આધુનિક છે અને તેમણે વિવિધ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય કંપનીઓ દ્વારા વિકસિત દેશોની વિભાવનાની પહેલ કરી હતી.

**પ્રાસંગિક - ડો. જી. આર. ગોહિલ**

**હદીસ બોધ**

વૃક્ષો ઉગાડો અને ફળદ્રુપ જમીનમાં બી વાવો; આ જ કામો માનવજાતિ પ્રત્યે સાચી સદ્‌ભાવના છે. -હદીસ બોધ

**બોધ વચન**

મનુષ્યની મહાનતા તેના વિચારમાં રહેલી છે. સારા વિચાર કરવા એ જ મોટું કર્તવ્ય છે. -પાસ્કલ

**આજની આરસી**

૨૦ ઓગસ્ટ મંગળવાર ૨૦૨૪
૧૪ સફર હિજરી ૧૪૪૬
શ્રાવણ વદ એકમ સંવત ૨૦૮૦
સુબ્હ સાદિક ૪-૫૫
ખત્મે ઝવાલ ૧૨-૪૩
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૧૮
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૭-૦૯

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - **વ્યવસ્થાપક**

# રોહિત-કોહલીને લઈ BCCIના નિર્ણયથી ગાવસ્કર નાખુશ

## રોહિત અને વિરાટની ઉંમર વધી રહી છે, તેમણે ફોર્મમાં રહેવા માટે વધુથી વધુ રમવાની જરૂર છે : ગાવસ્કર

નવી દિલ્હી, તા.૧૯
દુલીપ ટ્રોફી માટે ટીમોની જાહેરાત પહેલાં એ કયાસ લગાવાઈ રહ્યો હતો કે, આ એક સ્ટાર ખેલાડીઓથી ભરેલી ઈવેન્ટ હશે. જેમાં રોહિત અને કોહલી સહિત ટીમ ઈન્ડિયાના સ્ટાર ખેલાડી હિસ્સો લેશે. જ્યારે પસંદગીકારોએ ચાર ટીમોની જાહેરાત કરી તો તેમાં રોહિત શર્મા, વિરાટ કોહલી, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ શમી અને હાર્દિક પંડ્યાનું નામ ન હતું. બુમરાહને પીઠની ઈજાને ધ્યાનમાં રાખીને આરામ અપાયો છે. જ્યારે મોહમ્મદ શમી ઘૂંટણની ઈજામાંથી સ્વસ્થ થઈ રહ્યો છે. જ્યારે પંડ્યા તો ડિસેમ્બર ૨૦૧૮થી જ ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ રમ્યો નથી. આવામાં આ ત્રણેયનું દુલીપ ટ્રોફીમાં ના રમવું સમજાય છે પણ રોહિત અને વિરાટ આ ટુર્નામેન્ટનો હિસ્સો કેમ નથી. જ્યારે આ વિશે જય શાહને પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું કે, વિરાટ અને રોહિતને ઘરેલુ ક્રિકેટમાં રમવા માટે કહીને તેમના પર કોઈ બોજ વધારવાનો કોઈ મતલબ નથી. તેમના ઈજાગ્રસ્ત થવાનું જોખમ રહે છે. જો કે, સુનીલ ગાવસ્કરનું માનવું અલગ છે. તેમનું કહેવું છે કે, રોહિત અને વિરાટની ઉંમર વધી રહી છે. તેમણે ફોર્મમાં રહેવા માટે વધુથી વધુ ક્રિકેટ રમવાની જરૂર છે. હવે જ્યારે આ બંને ખેલાડી ટી-૨૦માંથી સંન્યાસ લઈ ચૂક્યા છે અને આ વર્ષે કોઈ બીજી વન-ડે મેચ પણ નથી તો કોહલી-રોહિતને ફક્ત ટેસ્ટ મેચ જ રમવાની તક મળશે. આના લીધે તેમના માટે દુલીપ ટ્રોફીમાં તૈયારી કરવાની જરૂર હતી. ગાવસ્કરે પોતાની કોલમમાં લખ્યું છે કે, બુમરાહ જેવા ખેલાડી સાથે સાવધાની રાખવાની જરૂર છે પણ બેટ્સમેનોએ વચ્ચે અમુક સમય માટે બેટિંગ કરવાની જરૂર હોય છે. કોહલી-રોહિત દુલીપ ટ્રોફીમાં રમવાના નથી. એટલે તેઓ બાંગ્લાદેશ ટેસ્ટ સિરીઝમાં વધારે પ્રેક્ટિસ વિના જ ઊતરશે.

# એક ટેસ્ટમાં ૧૧ ખેલાડી ઝીરો પર આઉટ થવા છતાં પણ વર્લ્ડ રેકોર્ડ ના તૂટ્યો

ગુયાના, તા.૧૯
ટેસ્ટ ક્રિકેટમાં તમે અનેક રેકોર્ડ બનતા અને તૂટતા જોયા હશે પણ આજે આપણે એક એવા શરમજનક રેકોર્ડ વિશે વાત કરીએ જેને કોઈ ટીમ કદાચ જ તોડવા માંગશે. આ રેકોર્ડ પર સંયુક્ત રૂપથી ૧૪ ટીમો પહોંચી છે પણ કોઈએ આને તોડ્યો નથી. એક ટેસ્ટમાં સૌથી વધારે વખત ઝીરો પર આઉટ થવાનો આ રેકોર્ડ છે. હાલમાં જ વેસ્ટઈન્ડિઝ અને દ.આફ્રિકા વચ્ચે બે ટેસ્ટ મેચની સિરીઝની બીજી મેચ ગુયાનાના પ્રોવિડન્સ સ્ટેડિયમમાં રમાઈ હતી. આ મેચમાં બંને ટીમોના મળીને કુલ ૧૧ ખેલાડી ઝીરો પર આઉટ થયા. જે ટેસ્ટ ક્રિકેટના ઈતિહાસમાં સંયુક્ત રૂપથી એક ટેસ્ટ મેચમાં સૌથી વધારે શૂન્ય પર આઉટ થનારા ખેલાડીઓનો રેકોર્ડ છે. એક ટેસ્ટમાં ૧૧ ખેલાડીઓની ઝીરો પર આઉટ થવાની આ ટેસ્ટ ક્રિકેટમાં કુલ ૧૪મી ઘટના છે. ૩૦ ઓગસ્ટ, ૧૯૮૮ના રોજ સૌથી પહેલાં ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાયેલી એક મેચમાં હાઈએસ્ટ ૧૧ ખેલાડી શૂન્ય પર આઉટ થયા હતા. ત્યારબાદ ૧૩ વખત આ ઘટના ઘટી ચૂકી છે પણ ક્યારેય કોઈ ટેસ્ટ મેચમાં ૧૧થી વધારે ખેલાડી ઝીરો પર આઉટ થયા નથી. મેચની વાત કરીએ તો યજમાન ટીમ ૨૬૩ રનના લક્ષ્યાંક સામે ૨૨૨ રનમાં સમેટાઈ ગઈ અને દ.આફ્રિકાએ ૪૦ રનથી આ મેચ જીતી લીધી. વિયાન મુલ્ડર પ્લેયર ઓફ ધ મેચ અને કેશવ મહારાજ પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર થયા.

## રસેલ અને હોલ્ડરને આરામ અપાયો

# દ.આફ્રિકા વિરુદ્ધ ટી-૨૦ સિરીઝ માટે વેસ્ટઈન્ડિઝની ટીમ જાહેર

નવી દિલ્હી, તા.૧૯
ક્રિકેટ વેસ્ટઈન્ડિઝે દ.આફ્રિકા વિરુદ્ધ આગામી ટી-૨૦ સિરીઝ માટે રોવમેન પોવેલના નેતૃત્વમાં ૧૫ ખેલાડીઓની ટીમની જાહેરાત કરી છે. આ ટીમમાં આન્દ્રે રસેલ અને જેસન હોલ્ડર જેવા દિગ્ગજ ઓલરાઉન્ડર સામેલ નથી, તેમને આરામ અપાયો છે. રસેલે પોતે આરામ અને રિકવરીની માંગ કરી હતી. ટીમમાં એલિક અથાનાઝ અને મેથ્યુ ફોર્ડને સામેલ કરાયા છે. દ.આફ્રિકા સામે ૦-૧થી ટેસ્ટ સિરીઝ ગુમાવ્યા બાદ વેસ્ટઈન્ડિઝની નજર ટી-૨૦ સિરીઝમાં પુનરાગમન કરવા પર હશે. સાથે જ તેમની નજર ટી-૨૦ વર્લ્ડકપ ૨૦૨૪નો હિસાબ પણ ચૂકતે કરવા પર હશે. દ.આફ્રિકા સામે થયેલી હારના કારણે વેસ્ટઈન્ડિઝ આ ટુર્નામેન્ટની સેમિફાઈનલમાં પહોંચી શક્યું ન હતું. ટી-૨૦ સિરીઝની શરૂઆત ૨૩ ઓગસ્ટથી થશે. બીજી ટી-૨૦ મેચ ૨૪ અને અંતિમ મેચ ૨૭ ઓગસ્ટે રમાશે.

**વેસ્ટઈન્ડિઝ ટીમ :-** રોવમેન પોવેલ, રોસ્ટન ચેઝ, એલિક અથાનાઝ, જોનસન ચાર્લ્સ, મેથ્યુ ફોર્ડ, હેટમાયર, ફેબિયન એલેન, શાઈ હોપ, અકીલ હુસેન, શમર જોસેફ, ઓબેદ મેકકોય, ગુડાકેશ મોતી, નિકોલસ પૂરન, શેરફેન રૂધરફોર્ડ, રોમારિયો.

# મારી સામેની ખુરશી પર બેસો નહીં, હું તમારા ગુપ્તાંગમાં મરચાં નાખી દઈશ; છતરપુરની દલિત જિલ્લા મહિલા પ્રમુખનો ગંભીર આક્ષેપ



(એજન્સી) તા.૧૯
મધ્યપ્રદેશમાં દરરોજ મહિલા ઉત્પીડનના અનેક કિસ્સાઓ સામે આવતા રહે છે. આવો જ એક કિસ્સો મધ્યપ્રદેશના છતરપુર જિલ્લાના ગૌરીહર જિલ્લામાંથી સામે આવ્યો છે. જ્યાં મહિલાએ છતરપુર એસપી ઓફિસ પહોંચી ફરિયાદ અરજી આપી છે. મહિલા પ્રમુખે જિલ્લા ઉપાધ્યક્ષ અને ભાજપના નેતા અમિત વાજપેયી પર ગંભીર આક્ષેપો કર્યા છે. મહિલાનો આરોપ છે કે તે ગૌરીહર જિલ્લામાં અધ્યક્ષ છે, તેમ છતાં તેને ખુરશી પર બેસવા દેવામાં આવતી નથી. તેમને ઘણી વખત અપમાનિત અને દુર્વ્યવહાર કરવામાં આવે છે. તે જ સમયે, અમિત વાજપેયીએ મહિલાના આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. વાસ્તવમાં અમિત વાજપેયી છતરપુર જિલ્લાના ગૌરીહરમાં જિલ્લા ઉપાધ્યક્ષ છે. અહીંની દલિત મહિલા પ્રમુખે આરોપ લગાવ્યો છે કે અમિત સતત તેમને માનસિક રીતે હેરાન કરી રહ્યા છે. ઉપરાંત, જ્યારે તેઓ ઓફિસમાં ખુરશી પર બેસે છે, ત્યારે તેઓ તેમનું અને તેમના પતિનું અપમાન કરે છે. તેમણે મારી સાથે ઘણી વખત દુર્વ્યવહાર કર્યો છે. મારા ગુપ્તાંગમાં મરચાં નાખવાની ધમકી પણ આપી ત્યારે હદ તો પાર થઈ ગઈ. મને આટલા પૈસા આપવા પડશે નહીં તો હું તને મારી નાખીશ. દલિત પ્રમુખનો આરોપ છે કે અમિત વાજપેયી જનપદના પૈસાનો દુરૂપયોગ કરી રહ્યા છે. તે ઈચ્છે છે કે જનપદ પંચાયતમાં મળેલી રકમ તેની ઈચ્છા મુજબ વાપરવામાં આવે. આટલું જ નહીં, તેમણે વિકાસ કામ માટે મળેલા પૈસામાંથી પોતાના માટે લગભગ ૧૦ લાખ રૂપિયાની ઓફિસ બનાવી છે. જ્યારે ઉપપ્રમુખ માટે ક્યાંય અલગ ઓફિસની જોગવાઈ નથી. આ સમગ્ર મામલે જનપદના ઉપાધ્યક્ષ અમિત વાજપેયીનું કહેવું છે કે જનપદ પ્રમુખ દ્વારા કરાયેલા આક્ષેપો પાયાવિહોણા છે.જૈન કહે છે કે ગૌરીહર ની મહિલા પ્રમુખ તરફથી અરજી મળી છે. મામલાની ગંભીરતાથી તપાસ કરવામાં આવી રહી છે.

# સાકિબ મહેમૂદે ધ હન્ડ્રેડ ટુર્ના.માં ઓવલને ચેમ્પિયન બનાવ્યું

લંડન, તા.૧૯
ઝડપી બોલર સાકિબ મહેમૂદની ઘાતક બોલિંગની મદદથી ઓવલ ઈનવિંસિબલ્સે ઈંગ્લેન્ડની ધ હન્ડ્રેડ મેન્સ ટુર્નામેન્ટનું ટાઈટલ જીતી લીધું છે. સેમ બિલિંગ્સના નેતૃત્વવાળી આ ટીમે સતત બીજીવાર ટુર્નામેન્ટનું ટાઈટલ જીત્યું છે. પોઈન્ટ ટેબલમાં ટોપ પર રહેનાર ઓવલ સામે ફાઈનલમાં સદર્ન બ્રેવનો પડકાર હતો. પ્રથમ બેટિંગ કરતા ઓવલની ટીમે નવ વિકેટે ૧૪૭ રન બનાવ્યા હતા. જવાબમાં બ્રેવની ટીમ ૭ વિકેટે ૧૩૦ રન જ બનાવી શકી. ઓવલે ૧૭ રને ટાઈટલનો મુકાબલો જીતી લીધો. ૧૪૮ રનના જવાબમાં ૭૧ બોલ બાદ સદર્ન બ્રેવનો સ્કોર ત્રણ વિકેટે ૯૯ રન હતો. ૨૯ બોલમાં ટીમને વિજય માટે ૪૯ રનની જરૂર હતી પણ પછી પાકિસ્તાની મૂળના ઝડપી બોલર સાકિબ મહેમૂદે મેચનું પરિણામ બદલી નાંખ્યું. મહેમૂદે સાત બોલમાં લ્યુસ ડુ પ્લોય, કિરોન પોલાર્ડ અને લોરી ઈવાન્સની વિકેટ ઝડપી ટીમને યાદગાર વિજય અપાવ્યો.

# મહિલા રમતથી પુરૂષોને દૂર રાખવા જોઈએ : ડોનાલ્ડ ટ્રમ્પ

વોશિંગ્ટન, તા.૧૯
અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ અને રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ઓલિમ્પિકના 'લિંગ' વિવાદને વેગ આપ્યો છે. તાજેતરમાં પૂર્ણ થયેલા પેરિસ ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીતનાર બે બોક્સરની ટીકા કરતા ટ્રમ્પે કહ્યું હતું કે, 'પુરૂષોને મહિલા રમતથી દૂર રાખવા જોઈએ'. પેન્સિલવેનિયામાં એક રેલી દરમિયાન ટ્રમ્પે પુરૂષોને મહિલા રમતોથી દૂર રાખવાનું વચન આપ્યું હતું. તમને જણાવી દઈએ કે, આ પહેલીવાર નથી જ્યારે ટ્રમ્પે ઓલિમ્પિકમાં લિંગ વિવાદનો મુદ્દો ઊઠાવ્યો હોય. તેઓ પોતાની રેલીઓમાં આ વાતનો સતત ઉલ્લેખ કરી રહ્યા છે. તેને એલોન મસ્ક ઉપરાંત અન્ય ઘણી હસ્તીઓનું સમર્થન છે. જો કે, તે આ મુદ્દા પર આવી ભાષાનો ઉપયોગ કરી રહ્યો છે જેની LGBTQ+ જૂથો દ્વારા પણ ટીકા કરવામાં આવી રહી છે. તાજેતરમાં યોજાયેલી પેરિસ ઓલિમ્પિકમાં બે મહિલા એથ્લેટને લઈને સવાલો ઊભા થયા હતા. ટ્રમ્પે કહ્યું કે, તે મહિલાઓ માટે જોખમી છે. વાસ્તવમાં પેરિસ ઓલિમ્પિકમાં બોક્સિંગ મેચમાં ઈટાલીની એન્જેલા કેરિની અને અલ્જેરિયાની ઈમાન ખલીફ વચ્ચે મેચ ચાલી રહી હતી. એન્જેલા માત્ર ૪૬ સેકન્ડમાં મેચમાંથી ખસી ગઈ હતી. એન્જેલાએ પાછળથી દાવો કર્યો કે, તેને આટલો જોરદાર મુક્કો ક્યારેય મળ્યો નથી. આ વીડિયો શેર કરતી વખતે ટ્રમ્પે પણ સવાલો ઊઠાવ્યા હતા. DSDનો અર્થ એ છે કે, જે વ્યક્તિના શરીરમાં સ્ત્રી રંગસૂત્રો હોય અથવા સ્ત્રીના શરીરમાં પુરૂષ રંગસૂત્રો હોય. તેમને જૈવિક રીતે પુરૂષ કે સ્ત્રી કહેવાનું પણ ટાળવામાં આવે છે કારણ કે, મામલો ખરેખર જટિલ છે. સ્ત્રીના શરીરમાં પુરૂષ હોર્મોન્સ અને રંગસૂત્રોના કારણે શક્તિ પણ સ્ત્રીઓ કરતાં થોડી વધારે હોઈ શકે છે.

# દલિત યુવકની લાશ ઝાડ પર લટકતી મળી આવી, મુસ્લિમ યુવતી સાથે પ્રેમ હતો, પોલીસે શરૂ કરી તપાસ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯
ઉત્તરપ્રદેશના બરેલી જિલ્લામાં એક દલિત યુવકનો મૃતદેહ ઝાડ પર લટકતો મળી આવતાં ખળભળાટ મચી ગયો હતો. દલિત યુવક પર મુસ્લિમ સમાજની યુવતી સાથે ભાગી જવાનો આરોપ છે અને બીજી તરફ એવું કહેવામાં આવી રહ્યું છે કે, મૃતક સૂરજ અને મુસ્લિમ સમાજની યુવતી એકબીજાને પ્રેમ કરતા હતા. જણાવવામાં આવી રહ્યું છે કે, યુવતીના પરિવારે યુવકના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આજે સવારે સૂરજનો મૃતદેહ ઝાડ પર લટકતો મળી આવ્યો હતો અને આ પછી પોલીસે પરિવારની ફરિયાદ પર હત્યાનો કેસ નોંધીને તપાસ હાથ ધરી છે. પોલીસે બાળકીના પિતા છૂટ્ટાન ભાઈ તસ્લીમ, ઈર્શાદ હુસૈન પત્રકાર, અશફાક, રહેમાન અને ૧૦-૧૫ અજાણ્યા લોકો સામે કેસ નોંધ્યો છે. કેસની માહિતી આપતા પોલીસે જણાવ્યું કે BNSની કલમ ૧૯૧ (૨), ૧૦૩ (૧), ૨૩૮, ૩૫૨,૩૫૧ (૨), ૩ (૨) વ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે અને તપાસ કરવામાં આવી છે. તથ્યોના આધારે આરોપીઓની પૂછપરછ કરવામાં આવશે. વાસ્તવમાં ફતેગંજ પશ્ચિમમાં શેષગઢ શહેરના રહેવાસી સૂરજનો મૃતદેહ મળ્યો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું કે, સૂરજ અને એક મુસ્લિમ યુવતી વચ્ચે પ્રેમસંબંધ હતો અને બંને ક્યાંક ચાલ્યા ગયા હતા. યુવતીના પરિવારજનોએ શીશગઢ પોલીસ સ્ટેશનમાં અપહરણનો કેસ નોંધાવ્યો હતો અને ત્યારબાદ બાળકીને પરત મળી હતી. FIR નોંધ્યા બાદ પોલીસ સૂરજને શોધી રહી હતી. જેની શનિવારે ફતેગંજ વેસ્ટમાંથી લટકતી લાશ મળી આવી હતી. સીઓ નીતિન કુમારે જણાવ્યું કે, સૂરજ અને મુસ્લિમ યુવતી વચ્ચે પ્રેમસંબંધ હતો. સૂરજ ઉત્તરાખંડના રૂદ્રપુરમાં ખાનગી નોકરી કરતો હતો અને યુવતી તેની સાથે રહેતી હતી. દરમિયાન, જ્યારે છોકરીના પરિવારે અપહરણનો આરોપ લગાવતા કેસ દાખલ કર્યો, ત્યારે પોલીસે છોકરીને પરત મેળવી અને કોર્ટમાં તેનું નિવેદન નોંધ્યું. પોલીસે સૂરજની શોધખોળ કરી હતી, પરંતુ તે ફરાર હતો. આ પછી તેનો મૃતદેહ ભીટૌલી નાગલા પાસે ઝાડ પર લટકતો મળી આવ્યો હતો અને તેને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો. ફોરેન્સિક ટીમ અને અન્ય લોકો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને પુરાવા કબજે કર્યા હતા. વધુ તપાસ ચાલુ છે.

## રાજ્યપાલે બિલને મંજૂરી આપી

# ઉત્તરાખંડમાં રાજ્યના આંદોલનકારીઓને મળશે સરકારી નોકરીઓમાં અનામત

(એજન્સી) તા.૧૯
ઉત્તરાખંડમાં રાજ્યના આંદોલનકારીઓને સરકારી નોકરીઓમાં ૧૦ ટકા અનામત આપતા બિલને રાજ્યપાલ લેફ્ટનન્ટ જનરલ ગુરમીત સિંહ (નિવૃત્ત) દ્વારા મંજૂરી આપવામાં આવી છે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ કહ્યું કે સરકાર રાજ્યના આંદોલનકારીઓના સંઘર્ષ અને બલિદાનને ક્યારેય ભૂલી શકે નહીં અને તેમના કલ્યાણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે.તેમણે કહ્યું કે રાજ્ય સરકારે રાજ્યના આંદોલનકારીઓ અને તેમના તમામ આશ્રિતોને સરકારી નોકરીઓમાં ૧૦ ટકા અનામત આપવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીએ કહ્યું કે બિલને મંજૂરી મળતા રાજ્યના આંદોલનકારીઓની લાંબા સમયથી ચાલતી માંગ પૂરી થઈ છે. તેમણે કહ્યું કે રાજ્યના આંદોલનકારીઓના પેન્શનમાં વધારો કરવાની સાથે સરકારે તેમના મૃત્યુ પછી તેમના આશ્રિતોને પેન્શન આપવાનો પણ નિર્ણય કર્યો છે.તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરતા, CM ધામીએ કહ્યું, 'માનનીય રાજ્યપાલે ઉત્તરાખંડ રાજ્યના આંદોલનકારીઓ અને તેમના આશ્રિતો માટે સરકારી નોકરીઓમાં ૧૦% આડી અનામત માટેના બિલને મંજૂરી આપી છે. માનનીય રાજ્યપાલનો હૃદયપૂર્વક આભાર! રાજ્યના આંદોલનકારીઓ હંમેશા અમારા માટે સન્માનિત રહ્યા છે, અમે તેમના સપનાના ઉત્તરાખંડ બનાવવા માટે પ્રતિબદ્ધતા સાથે કામ કરી રહ્યા છીએ. આ બિલ પાસ થવાથી રાજ્યના આંદોલનકારીઓ અને તેમના આશ્રિતોને સરકારી નોકરીઓમાં પ્રાથમિકતા મળી શકશે.


**IDFC ફર્સ્ટ બેંક લિમિટેડ**
(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી)
IDFC FIRST Bank
CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસઃ KRM ટાવર્સ, ૮મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ - ૬૦૦૦૩૧.
TEL: +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્સઃ +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨ અધિકૃત અધિકારી - શ્રી દલજીતસિંહ દેવડા; સંપર્ક નંબર- ૯૪૨૬૦૩૨૩૧૧ અધિકૃત અધિકારી - શ્રી ચિન્મય આચાર્ય; સંપર્ક નંબર - ૯૫૭૪૪૪૮૮૪૪

**ઇન્વેન્ટરી આઇટમ્સ એકત્રિત કરવાની છેલ્લી તકની સૂચના**

આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઋણ લેનાર(રાઓ) અને બાંયધરી આપનાર(રાઓ)ને સૂચના આપવામાં આવે છે કે **સ્થાવર મિલકતના તમામ ભાગ અને હિસ્સા ધરાવતી મિલકત લીઝહોલ્ડ પ્લોટ નં.૩૩૫૩ હોવાનો, પ્લોટનો વિસ્તાર ક્ષેત્રફળ ૨૦૦૩.૮૭ ચો.મીટર. છત્રાલ ઔદ્યોગિક વસાહતના ફેઝ-૪માં બાંધકામ સાથે મળીને અને ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (જીઆઈડીસી)ની બિનખેતીની લીઝહોલ્ડ જમીન પર પડેલું રેવન્યુ સર્વે નંબર ૧૧૦૫ પૈકી અને ૧૧૦૪/૧ પૈકી ગામની સીમમાં મોજે છત્રાલ : તાલુકો : કલોલ ગાંધીનગર જિલ્લામાં અને રજિ. સબ જિ. કલોલ ગુજરાત રાજ્યમાં ૩૮૨૭૨૯, અને આ આ મુજબ ખૂટઃ પૂર્વઃ શેડ નંબર ૩૩૨૧/૧, પશ્ચિમઃ ૨૦ મીટર પહોળો રોડ, ઉત્તરઃ પ્લોટ નંબર ૩૩૫૨ અને દક્ષિણઃ ૧૪ મીટર પહોળો રોડ, સલામત લેણદાર પાસે** મોર્ગેજ/ચાર્જ કરેલ છે જેનો ભૌતિક કબજો **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ'ના અધિકૃત અધિકારી દ્વારા ૧) રોનક (ઇન્ડસ્ટ્રીઝ, ૨) આકાશ આચાર્ય, ૩) રાજેન્દ્રકુમાર સરજુ પ્રસાદ વૈષ્ણવ, ૪) સાવિત્રીબેન આચાર્ય અને ૫) સુભાષચંદ્ર આચાર્ય પાસેથી ૨૮મી જુલાઈ, ૨૦૨૪ના રોજ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ'ના કાયદેસર લેણાંની વસૂલાત માટે લેવામાં આવ્યો છે. આ નોટિસ દ્વારા ઋણ લેનારાઓ અને સહ-ઋણ લેનારાઓને.**

**આ નોટિસના પ્રકાશનના ૧૦ (દસ) દિવસની અંદર ઉપરોક્ત મિલકતમાં પડેલી ઇન્વેન્ટરી વસ્તુઓ એકત્રિત કરવા માટે છેલ્લી અને આખરી સૂચના** આપવામાં આવે છે, અન્યથા બેંકને વેચાણ/નિકાલ કરવાનો અધિકાર રહેશે. ઈન્વેન્ટરી આઈટમ્સ અને વેચાણની આવકમાંથી મળેલી રકમને વેચાણ પરના નુકસાન/ખર્ચની સામે જાળવી રાખશે. ઉપરોક્ત ઈન્વેન્ટરી વસ્તુઓમાં, ગીરો મૂકેલી મિલકતના વેચાણ પરના નુકસાન સામે વેચાણની આવકને પણ સમાયોજિત કરો.

**સહી/-**
**અધિકૃત અધિકારી**
**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ**
**(અગાઉની આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે જાણીતી)**


# દલિત મહિલાઓ પર થતા અત્યાચારો પર મૌન ચિંતાજનક છે

## NCRBના રિપોર્ટ અનુસાર ભારતમાં મહિલાઓની સુરક્ષાની સ્થિતિ ખૂબ જ ચિંતાજનક છે, આ રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૨૨માં મહિલાઓ વિરૂદ્ધ અપરાધની ૪,૪૫,૨૫૬ ઘટનાઓ નોંધાઈ હતી, એટલે કે દર કલાકે લગભગ ૫૧ FIR નોંધાઈ હતી



પશ્ચિમ બંગાળમાં મહિલા ડૉક્ટર પર બળાત્કાર અને હત્યા બાદ હવે બિહારમાં એક દલિત યુવતી પર સામૂહિક બળાત્કારનો મામલો સામે આવ્યો છે, જે ખૂબ જ ચોંકાવનારી ઘટના છે. મહિલાઓની સુરક્ષાની માંગ રસ્તાઓથી લઈને સંસદ સુધી ઉઠાવવામાં આવે છે, પરંતુ હાલના દિવસોમાં દેશના વિવિધ રાજ્યોમાં મહિલાઓ અને યુવતીઓ પર બળાત્કારની ઘટનાઓએ સરકાર અને વહીવટીતંત્ર પર સવાલો ઉભા કર્યા છે. ખાસ કરીને દલિત મહિલાઓ અને છોકરીઓ સામેના ગુનાઓ ખૂબ જ ચિંતાજનક છે. દલિત મહિલાઓ અને છોકરીઓ સાથે બળાત્કારની તાજેતરની કેટલીક ઘટનાઓને આ રિપોર્ટમાં સામેલ કરવામાં આવી છે, જે સમાજની વિકૃત વૃત્તિઓને ઉજાગર કરે છે.

**બિહાર :** તાજેતરમાં જ બિહારના મધુબની જિલ્લામાં ૧૮ વર્ષની દલિત બાળકી પર બળાત્કારનો મામલો સામે આવ્યો હતો અને તેના થોડા દિવસો પછી મુઝફ્ફરપુરમાં ૧૪ વર્ષની દલિત છોકરી સાથે સામૂહિક બળાત્કાર કરીને તેની હત્યા કરવામાં આવી હતી. વિપક્ષના નેતા અને પૂર્વ ડેપ્યુટી સીએમ તેજસ્વી યાદવે બિહારની કાયદો અને વ્યવસ્થાને લઈને નીતિશ સરકાર પર નિશાન સાધ્યું છે. આ દરમિયાન બીએસપી વડા માયાવતીએ પણ બિહાર સરકારને દલિતોની સુરક્ષાને લઈને કડક સલાહ આપી છે.

બીએસપી ચીફ માયાવતીએ તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ X પર લખ્યું છે કે તાજેતરમાં બિહારમાં, કમલેશ યાદવ અને તેના સાથીઓએ મધુબની જિલ્લામાં લગભગ ૧૮ વર્ષની એક દલિત છોકરી સાથે ગેંગરેપ કર્યો હતો અને તેના થોડા દિવસો પછી સંજય રાય (યાદવ) અને તેના સાથીઓએ ગેંગરેપ કર્યો હતો. મુઝફ્ફરપુર જિલ્લામાં ૧૪ વર્ષની દલિત બાળકી પર બળાત્કાર અને ક્રૂરતાપૂર્વક હત્યા કરી. BSP બિહાર રાજ્ય એકમ તરફથી મળેલો આ અહેવાલ અત્યંત દુઃખદ અને ચિંતાજનક છે. બિહાર સરકારે આ બંને ઘટનાઓને ખૂબ ગંભીરતાથી લેવી જોઈએ અને તમામ દોષિતો સામે કડક કાર્યવાહી કરવી જોઈએ, જેથી આવી ઘટનાઓ ફરીથી ન બને. સરકારે દલિતોની સુરક્ષા અને સન્માનનું ખાસ ધ્યાન રાખવું જોઈએ.

**ઉત્તર પ્રદેશ :** અમેઠી જિલ્લાના એક ગામની ૧૩ વર્ષની દલિત છોકરીએ તેના પિતા પર બળાત્કારનો આરોપ લગાવ્યો છે. પીડિતાનું કહેવું છે કે તેની માતાનું ૧૦ ઓગસ્ટના રોજ દિલ્હીમાં અવસાન થયું હતું અને તેની માતાના અંતિમ સંસ્કાર બાદ તે પોલીસ સ્ટેશનમાં જાણ કરવા ગઈ હતી. મુસાફિરખાનાના નાયબ પોલીસ અધિક્ષક અતુલ કુમાર સિંહના જણાવ્યા અનુસાર, ૧૪ ઓગસ્ટની સાંજે, ૧૩ વર્ષની છોકરીએ તેના પિતા પર બળાત્કારનો આરોપ લગાવતી ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે બળાત્કાર અને પોક્સો એક્ટ હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી હતી.

બીજી ઘટના ગોંડા જિલ્લાની છે જ્યાં આ વર્ષે જુલાઈમાં ૧૬ વર્ષની દલિત છોકરી પર સામૂહિક બળાત્કાર થયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર આ ઘટના ખોંડારે પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામની છે. પીડિતા તેની માતા સાથે શૌચ માટે બહાર ગઈ હતી, ત્યારે અન્ય સમુદાયના બે યુવકોએ તેની સાથે બળાત્કાર કર્યો હતો. માતાની ચીસો સાંભળીને આજુબાજુના વિસ્તારના ગ્રામજનો ત્યાં પહોંચી ગયા હતા, પરંતુ ત્યાં સુધીમાં આરોપી ભાગી ગયો હતો.

ગયા વર્ષે નવેમ્બરમાં, ઉત્તર પ્રદેશના બાંદા જિલ્લાના ગીરવાન પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૪૦ વર્ષીય દલિત મહિલા પર બળાત્કાર અને હત્યા કરવામાં આવી હતી. પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ ઈન્સ્પેક્ટર (એસએચઓ) સંદીપ તિવારીના જણાવ્યા અનુસાર, ૪૦ વર્ષીય મહિલા રાજકુમાર શુક્લાના ઘરે લોટ મિલમાં કામ કરવા ગઈ હતી. થોડા સમય પછી જ્યારે મહિલાની ૨૦ વર્ષની દીકરી ત્યાં પહોંચી તો તેણે મિલના ઘરનો દરવાજો ખખડાવ્યો. આ દરમિયાન તેણે તેની માતાની ચીસો સાંભળી. થોડા સમય પછી જ્યારે દરવાજો ખોલ્યો તો પુત્રીએ તેની માતાની લાશને ત્રણ ટુકડામાં પડેલી જોઈ અને પોલીસને જાણ કરી હતી. રાજ્યના બુલંદશહેરમાં, કૃષિ વિભાગના એક સરકારી અધિકારીએ ૬ વર્ષની દલિત બાળકી સાથે કથિત રીતે બળાત્કાર કર્યો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આરોપી ગજેન્દ્રસિંહની પોલીસે ધરપકડ કરી છે અને તેને તેના પદ પરથી સસ્પેન્ડ કરી દીધો છે.

**રાજસ્થાન :** ગયા મહિને રાજસ્થાનના ઝાલાવાડમાંથી સગીર દલિત બાળકી પર બળાત્કારનો મામલો સામે આવ્યો હતો. આરોપ મુજબ યુવતીનો વાંધાજનક વીડિયો પણ બનાવવામાં આવ્યો હતો. પીડિત યુવતીની ફરિયાદના આધારે પોલીસે તેનું મેડિકલ ટેસ્ટ કરાવ્યું અને આરોપીઓ વિરુદ્ધ ગંભીર કલમો હેઠળ કેસ નોંધીને તપાસ શરૂ કરી છે.

**ઉત્તરાખંડ :** ઉત્તરાખંડમાં, આ વર્ષે જૂન મહિનામાં, રાજ્યના દ્વારહાટમાં ૧૯ વર્ષની દલિત છોકરી પર નિર્દયતાનો મામલો સામે આવ્યો હતો. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, છોકરીને બળજબરીથી તેના ઘરમાં ઘૂસીને દારૂ પીવડાવીને તેના પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. યુવતીના ભાઈએ પોલીસને જણાવ્યું કે તેની બહેન પરિવાર સાથે ગામથી ત્રણ કિલોમીટર દૂર જાગરણમાં ગઈ હતી. રાત્રે ૧૧ વાગ્યે તે તેના પરિવારને ચાર્જર લાવવાનું કહીને ઘરે આવી હતી. જ્યારે તે સવારે ૧ વાગ્યા સુધી પરત ન આવી ત્યારે તે તેની બહેનને શોધવા માટે તેના ઘરે ગયો અને તે બેભાન હાલતમાં પડી હતી. સવારે ત્રણ વાગ્યે જ્યારે તેણીને હોશ આવતા ત્યારે તેણે જણાવ્યું કે આરોપી પ્રમોદ બિષ્ટે તેને બળજબરીથી દારૂ પીવડાવ્યો અને તેના પર બળાત્કાર ગુજાર્યો. તેણીની તબિયત બગડતા, બહેનને સામુદાયિક આરોગ્ય કેન્દ્રમાં લઈ જવામાં આવી હતી.

NCRBના રિપોર્ટ અનુસાર, ભારતમાં મહિલાઓની સુરક્ષાની સ્થિતિ ખૂબ જ ચિંતાજનક છે. રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૨૨માં મહિલાઓ વિરુદ્ધ અપરાધની ૪,૪૫,૨૫૬ ઘટનાઓ નોંધાઈ હતી, એટલે કે દર કલાકે લગભગ ૫૧ FIR નોંધાઈ હતી. વર્ષ ૨૦૨૧માં મહિલાઓ વિરુદ્ધના ગુનાઓની સંખ્યા ૪,૨૮,૨૭૮ હતી અને વર્ષ ૨૦૨૦ માં આ સંખ્યા ૩,૭૧,૫૦૩ હતી.


**રોકાણકાર શૈક્ષણિક અને જાગૃતિ પહેલ**

મ્યુચ્યુઅલ ફંડ્સ વિશે વધુ જાણકારી મેળવવા માટે અમારી સાથે જોડાઓ.

**તારીખ અને સ્થળ:**

બુધવાર, 21 ઓગસ્ટ 2024; સાંજે 7:00 વાગ્યાથી.
મયુર રેસ્ટોરન્ટ, પહેલો માળ, સેફ્રોન બિઝનેસ પાર્ક, જશોદાનગર ક્રોસ રોડ, અમદાવાદ, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ જનમ શહા, મોબાઈલ : 95108 06953.

બુધવાર, 21 ઓગસ્ટ 2024; સાંજે 6:30 વાગ્યાથી.
હૉટ પ્લેટર, 101, મંગલદીપ કોમ્પ્લેક્સ, પહેલો માળ, હીરાબાગ, સુરત – 395 006, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ અભિક રોય, મોબાઈલ : 99099 79712.

ગુરૂવાર, 22 ઓગસ્ટ 2024; સવારે 11:00 વાગ્યાથી.
શિવ શક્તિ હોલ, ક્રેસન્ટ સર્કલ, ભાવનગર – 364002, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ ચિંતન દલવાડી, મોબાઈલ : 98255 71968.

ગુરૂવાર, 22 ઓગસ્ટ 2024; સાંજે 6:30 વાગ્યાથી.
બ્લુબેરી રેસ્ટોરન્ટ, અંબા આશ્રમની સામે, નડિયાદ – 387 001, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ દીપક સોલંકી, મોબાઈલ : 99797 39737.

શુક્રવાર, 23 ઓગસ્ટ 2024; સાંજે 6:30 વાગ્યાથી.
બેન્કેટોરિયા, 301–303, જુનોમોનેટા ટાવર, પાલ આરટીઓ સામે, અડાજણ, સુરત – 395 009, ગુજરાત.
નોંધણી કરવા માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ અભિક રોય, મોબાઈલ : 99099 79712.

નોંધણી ફરજિયાત છે. નોંધણીનો સમય સવારે 9:30 થી સાંજે 5:00 સુધીનો જ રહેશે.
વોક–ઈન્સને મંજૂરી નથી.

Azadi Ka Amrit Mahotsav
HDFC MUTUAL FUND BHAROSA APNO KA
An Investor Education and Awareness Initiative

મ્યુચ્યુઅલ ફંડ્સમાં રોકાણ કરવા વન-ટાઈમ નો યોર કસ્ટમર (કેવાયસી) પૂર્ણ કરવાની પ્રક્રિયા વિશે વધુ જાણવા માટે વિઝિટ કરો https://www.hdfcfund.com/information/key-know-how. રોકાણકારોએ નોંધણીકૃત મ્યુચ્યુઅલ ફંડ્સ સાથે જ લેવડદેવડ કરવી જોઈએ, જેની વિગતો સેબીની વેબસાઈટ (www.sebi.gov.in/intermediaries.html) પર વેરિફાઈ કરી શકાશે. કોઈ પણ પૂછપરછ, ફરિયાદ અને તકરાર નિવારણ માટે રોકાણકારો એએમસી અને/ અથવા રોકાણકાર સંબંધ અધિકારીનો સંપર્ક કરી શકે છે. ઉપરાંત રોકાણકારોને એએમસીને પ્રત્યક્ષ ફરિયાદ પણ કરી શકે છે. જો એએમસી દ્વારા આપવામાં આવેલા ઉકેલથી સંતોષ નહીં હોય તો https://scores.gov.in પર સ્કોર્સ પોર્ટલ થકી ફરિયાદ નોંધાવી શકે છે. સ્કોર્સ પોર્ટલ પર રોકાણકારો સેબીને ઓનલાઈન ફરિયાદ કરી શકે છે અને ત્યારબાદ તેની સ્થિતિ જોઈ શકે છે. જો રોકાણકારોને એએમસી પાસે પ્રત્યક્ષ ઉપસ્થિત કરેલી અથવા સ્કોર્સ પોર્ટલ થકી કરેલી ફરિયાદના ઉકેલથી સંતોષ નહીં થાય તો તેઓ https://smartodr.in/login સ્માર્ટ ઓડીઆર પર કોઈ પણ ફરિયાદ કરી શકે છે.

**મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો બજારનાં જોખમોને અધીન હોય છે, સર્વ યોજના સંબંધી દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.**

# તેલંગાણા : ૧૧વર્ષની છોકરીનો માતાના મૃત શરીરની બાજુમાં બેસીને અંતિમ સંસ્કાર કરવા માટે પૈસાની ભીખ માંગતો હૃદયસ્પર્શી વીડિયો વાયરલ

(એજન્સી) તા.૧૯

તેલંગાણાના નિર્મલ જિલ્લાના એક ગામમાં રવિવારે એક મહિલાએ કથિત રીતે આત્મહત્યા કરી હતી, જેના પગલે મહિલાની ૧૨ વર્ષની પુત્રીએ પૈસાના અભાવે દાન તરીકે મળેલા પૈસાથી તેની માતાના અંતિમ સંસ્કાર કર્યા હતા. પોલીસ અધિકારીઓએ આ જાણકારી આપી. તેણે કહ્યું કે છોકરીના પિતાનું પહેલા જ નિધન થઈ ચૂક્યું છે. પોલીસના જણાવ્યા અનુસાર, બાળકીની માતાએ ગુરૂવારે રાત્રે કથિત રીતે ફાંસી લગાવીને આત્મહત્યા કરી હતી. તે સમયે યુવતી નજીકમાં જ તેની માસીના ઘરે સૂતી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે, દુઃખી છોકરી તેના ઘરની બહાર લાચાર બનીને બેઠી હતી કારણ કે તેની પાસે અંતિમ સંસ્કાર માટે પૈસા ન હતા અને સ્થાનિક રહેવાસીઓએ તેને દાન તરીકે પૈસા આપ્યા હતા. આ ઘટનાનો હૃદય સ્પર્શી વિડીયો સોશિયલ મીડિયા પર વાયરલ





થઈ રહ્યો છે. સ્થાનિક પોલીસે પણ અંતિમ સંસ્કાર માટે થોડી રકમ દાનમાં આપી હતી. બાદમાં યુવતીએ સ્થાનિક રહેવાસીઓની મદદથી તેની માતાના અંતિમ સંસ્કાર કર્યા હતા. ભારત રાષ્ટ્ર સમિતિ (BRS)ના કાર્યકારી પ્રમુખ કેટી રામા રાવે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર જણાવ્યું હતું કે તેમની સૂચના પર, BRSના સ્થાનિક નેતાઓ છોકરીને મળ્યા અને તાત્કાલિક સહાય તરીકે ૧૦,૦૦૦ રૂપિયા આપ્યા. તેમણે કહ્યું કે હું વ્યક્તિગત રીતે બાળક સાથે વાત કરીશ અને અમે તેને સુરક્ષિત ભવિષ્ય બનાવવામાં કેવી રીતે મદદ કરી શકીએ તેની યોજના બનાવીશ.

# બાંગ્લાદેશના યુનુસનું પ્રથમ નીતિગત ભાષણમાં રોહિંગ્યાને સમર્થન આપવાનું વચન

## બાંગ્લાદેશના વચગાળાના વડાપ્રધાને દેશના મહત્ત્વના કાપડ ઉદ્યોગને પણ જાળવી રાખવાનું વચન આપ્યું છે

(એજન્સી) તા.૧૯

બાંગ્લાદેશના વચગાળાના નેતા મુહમ્મદ યુનુસે તેમનું પ્રથમ મુખ્ય સરકારી નીતિ સંબોધન કર્યું હતું જેમાં તેમણે દેશમાં આશ્રય મેળવતા રોહિંગ્યા સમુદાયને સમર્થન આપવા અને બાંગ્લાદેશના કાપડના વેપારને જાળવી રાખવાનું વચન આપ્યું હતું. રાજદ્વારીઓ અને યુએનના પ્રતિનિધિઓ સમક્ષ પોતાની પ્રાથમિકતાઓ નક્કી કરતાં યુનુસે વચન આપ્યું હતું કે તેમની સરકાર 'બાંગ્લાદેશમાં આશ્રય પામેલા લાખથી વધુ રોહિંગ્યા લોકોને સમર્થન આપવાનું ચાલુ રાખશે'. તેમણે કહ્યું, 'અમને રોહિંગ્યા માનવતાવાદી કામગીરી માટે આંતરરાષ્ટ્રીય સમુદાયના સતત પ્રયત્નોની જરૂર છે અને તેમના વતન, મ્યાનમારમાં, સલામતી, ગૌરવ અને સંપૂર્ણ અધિકારો સાથે તેમના સ્વદેશ પરત ફરવાની જરૂર છે,'. બાંગ્લાદેશમાં લગભગ ૧૦ લાખ રોહિંગ્યા રહે છે. તેમાંથી મોટાભાગના ૨૦૧૭માં સૈન્ય ક્રેકડાઉન પછી પડોશી મ્યાનમાર ભાગી ગયા હતા જે હવે સંયુક્ત રાષ્ટ્રની અદાલત દ્વારા નરસંહારની તપાસનો વિષય છે. આ મહિનાની શરૂઆતમાં તબીબી ચેરિટી ડોક્ટર્સ વિધાઉટ બોર્ડર્સ, જે તેના ફ્રેન્ચ નામ MSF દ્વારા ઓળખાય છે તેણે જણાવ્યું હતું કે પશ્ચિમી રખાઈન રાજ્યમાં લશ્કર અને બળવાખોર અરાકાન આર્મી (AA) વચ્ચે વધતા સંઘર્ષ વચ્ચે યુદ્ધ સંબંધિત ઈજાઓ સાથે વધુ રોહિંગ્યા મ્યાનમારથી બાંગ્લાદેશ આવી રહ્યા છે. એક નિવેદનમાં ઉમેર્યું હતું કે, ઘાયલોમાં ૪૦ ટકાથી વધુ મહિલાઓ અને બાળકો છે. ૮૪ વર્ષીય નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા અર્થશાસ્ત્રી યુનુસ આ મહિને યુરોપથી પરત ફર્યા હતા જ્યારે તેમને રાષ્ટ્રપતિ મોહમ્મદ શહાબુદ્દીન દ્વારા વચગાળાની સરકારનું નેતૃત્વ કરવા માટે પસંદ કરવામાં આવ્યા હતા, જે



વિદ્યાર્થી વિરોધ નેતાઓની મુખ્ય માંગને પૂર્ણ કરે છે. તેમના પુરોગામી શેખ હસીના ૧૫ વર્ષ સત્તામાં રહ્યા પછી ૫ ઓગસ્ટના રોજ હેલિકોપ્ટર દ્વારા દેશમાંથી ભાગી ગયા હતા, જેમણે સરકાર વિરોધી વિરોધને કારણે પદ ત્યાગ કર્યો હતો . અશાંતિ અને સામૂહિક વિરોધના અઠવાડિયા કે જેણે હસીનાને ઉથલાવી નાખ્યા તેમાં પણ દેશના લિંચપિન ટેક્ષટાઈલ ઉદ્યોગમાં વ્યાપક વિક્ષેપ જોવા મળ્યો, જેમાં સપ્લાયરો દેશની બહાર ઓર્ડર ખસેડી રહ્યા હતા. યુનુસે કહ્યું, 'અમે વૈશ્વિક કપડાંની સપ્લાય ચેઈનને વિક્ષેપિત કરવાના કોઈપણ પ્રયાસને સહન કરીશું નહીં, જેમાં અમે મુખ્ય ખેલાડી છીએ.' બાંગ્લાદેશની ૩,૫૦૦ ગારમેન્ટ ફેક્ટરીઓ તેની વાર્ષિક નિકાસમાં $૫૫૦૦ કરોડનો લગભગ ૮૫ ટકા હિસ્સો ધરાવે છે. તેમના નીતિગત સંબોધનમાં યુનુસે એ પણ નોંધ્યું કે કેવી રીતે છેલ્લા મહિનામાં, 'આપણા હજારો બહાદુર વિદ્યાર્થીઓ અને લોકો શેખ હસીનાની ક્રૂર સરમુખત્યારશાહી સામે ઉભા થયા' અને તેમના મૃત્યુની તપાસ કરવાનું વચન આપ્યું. વિદ્યાર્થીઓના વિરોધ પર પોલીસની કાર્યવાહીની શરૂઆત અને ત્રણ અઠવાડિયા પછી હસીનાની હકાલપટ્ટી વચ્ચે ૪૫૦થી વધુ લોકો માર્યા ગયા હતા. યુનુસે કહ્યું 'અમે હત્યાકાંડની નિષ્પક્ષ અને આંતરરાષ્ટ્રીય સ્તરે વિશ્વસનીય તપાસ ઈચ્છીએ છીએ,'. 'યુએન તપાસકર્તાઓને જે કંઈપણ સમર્થન જોઈએ તે અમે પ્રદાન કરીશું.' વિદ્યાર્થીઓની આગેવાની હેઠળના વિરોધ પ્રદર્શનો દરમિયાન કરવામાં આવેલા 'અત્યાચાર'ની તપાસ કરવા માટે ટૂંક સમયમાં બાંગ્લાદેશમાં યુએન ફેક્ટ-ફાઈન્ડિંગ મિશનની અપેક્ષા છે. યુનુસે નજીકના ભવિષ્યમાં મુક્ત અને નિષ્પક્ષ ચૂંટણીઓ યોજવા માટે પણ પ્રતિબદ્ધતા દર્શાવી છે. યુનુસ પોતે અગાઉના વહીવટીતંત્ર દરમિયાન શ્રમ કાયદાનું ઉલ્લંઘન કરવા બદલ દોષી ઠેરવવામાં આવ્યા હતા, જેને રાજકીય રીતે પ્રેરિત ટ્રાયલ તરીકે ગણાવી નિંદા કરવામાં આવી હતી. યુનુસે કહ્યું, 'શેખ હસીનાની સરમુખત્યારશાહીએ દેશની દરેક સંસ્થાને નષ્ટ કરી દીધી,' તેમણે ઉમેર્યું હતું કે તેમનું વહીવટીતંત્ર 'રાષ્ટ્રીય સમાધાનને પ્રોત્સાહન આપવા માટે નિષ્ઠાવાન પ્રયાસો કરશે'.

# અમે દેશભરમાં ૧,૦૦૦ સદ્‌ભાવના મંચની સ્થાપના સાથે ભારતને 'શાંતિની ભૂમિ' બનાવવા ઈચ્છીએ છીએ : પ્રોફેસર સલીમ એન્જિનિયર

(એજન્સી) તા.૧૯

જમાત-એ-ઈસ્લામી હિંદના ઉપ-પ્રમુખ પ્રો. સલીમ એન્જિનિયર એક આંતર-ધર્મ નેતા છે જે વિવિધ ધર્મ જૂથોના સભ્યો વચ્ચે સાંપ્રદાયિક સંવાદિતા અને પરસ્પર સમજણને પ્રોત્સાહન આપે છે. તેઓ ફોરમ ફોર ડેમોક્રેસી એન્ડ કોમ્યુનલ એમિટી (FDCA)ના જનરલ સેક્રેટરી અને ધાર્મિક નેતાઓના સંયુક્ત રાષ્ટ્રીય મંચ, કેન્દ્રીય ધાર્મિક જન મોરચાના રાષ્ટ્રીય સંયોજક પણ છે. તેઓએ MOHD નૌશાદ ખાન સાથેની એક મુલાકાતમાં સાંપ્રદાયિક સંવાદિતાને પ્રોત્સાહન આપવા અને શાંતિ અને સાંપ્રદાયિક સૌહાર્દ ધરાવતા ભારતનું નિર્માણ કરવા માટે સમગ્ર ભારતમાં સ્થાનિક સ્તરે શરૂ કરાયેલ સદભાવના મંચ વિશે વાત કરી હતી. અહીં આ મુલાકાતના અમુક અંશો આપવામાં આવ્યા છે.

**પ્રશ્ન : અમારા વાચકોને જણાવશો કે સદ્‌ભાવનામંચ શું છે અને તેના ઉદ્દેશ્યો શું છે અને દેશમાં આવા મંચ શરૂ કરવાની જરૂર શા માટે છે ?**

**જવાબ :** ભારત વિવિધતા અને બહુલતાનો દેશ છે. લોકો જુદા જુદા ધર્મોને અનુસરે છે અને જુદી-જુદી ભાષાઓ બોલે છે. છેલ્લા ૧૦ વર્ષોમાં ભારતમાં સાંપ્રદાયિક સૌહાર્દ, એકતા, ભાઈચારો અને બંધુત્વનો સૌથી વધુ ભોગ બન્યો છે. નફરત અને વિભાજનકારી રાજકારણ લોકો પર પ્રભુત્વ ધરાવે છે. નિહિત હિત ધરાવતા રાજકીય પક્ષો તેમની નફરતની વિચારધારાને પ્રોત્સાહન આપે છે. ભેદભાવ કરવો એ તેમની ઓળખ બની ગયું છે; અને તેમની વિચારધારાને ટેકો આપતા અન્ય લોકોનું સમર્થન કરે છે. તેઓ સ્પષ્ટપણે તેમની સંસ્કૃતિ અને વિચારધારાને બીજા બધા પર લાદવાનો પ્રયાસ કરે છે. આ તમામ પ્રયાસોએ સાંપ્રદાયિક સૌહાર્દ, એકતા અને બંધુત્વને ખરાબ રીતે અસર કરી છે. આવા સંજોગોમાં જમાત-એ-ઈસ્લામી હિંદ (JIH) એ લોકોને રાષ્ટ્ર સામેના પડકારોથી વાકેફ કરવાની જરૂરિયાત સમજે છે. તેથી અમે સદભાવના મંચ અથવા અંગ્રેજી ભાષામાં 'ગુડવિલ ફોરમ' સ્થાપવાનું નક્કી કર્યું છે. આ મંચની સ્થાપનાનો ઉદ્દેશ્ય સામુદાયિક સૌહાર્દ અને ભાઈચારાને પ્રોત્સાહન આપવાનો છે, જેમાં ભારતને વાસ્તવિક અર્થમાં શાંતિની ભૂમિ બનાવવા માટે વિવિધ ધર્મના પ્રતિનિધિઓ સામેલ છે. અમને પ્રતિસાદ ખૂબ જ પ્રોત્સાહક રહ્યો છે અને અમે અમારા ધ્યેયો સિદ્ધ કરવા તરફ ઝડપથી આગળ વધી રહ્યા છીએ. અમે દેશભરમાં સદભાવના મંચ દ્વારા ભારતને 'શાંતિની ભૂમિ' બનાવવા માંગીએ છીએ.

**પ્રશ્ન : વર્તમાન રાજકીય વાતાવરણમાં સદભાવના મંચે તેના મૂળભૂત ઉદ્દેશ્યો સિદ્ધ કરવા શું કરવું જોઈએ ?**

**જવાબ :** બંધારણ એ આપણા દેશનો પાયો છે. સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વના બંધારણીય મૂલ્યો આપણા માર્ગદર્શક સિદ્ધાંત હોવા જોઈએ. રાજ્યએ કોઈ પણ સમુદાયને શ્રેષ્ઠ કે નિમ્ન ગણવો જોઈએ નહીં અને કોઈની સાથે કોઈ ભેદભાવ રાખવો જોઈએ નહીં. બધા માટે સમાન ન્યાય હોવો જોઈએ. વર્તમાન વાતાવરણમાં ભાઈચારાને પ્રોત્સાહન આપવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. નફરત અને ધ્રુવીકરણનું રાજકારણ કેટલાક રાજકીય સંગઠનોનો મુખ્ય એજન્ડા બની ગયો હોવાથી સદ્‌ભાવનામંચની ભૂમિકા વધુ મહત્ત્વની બની ગઈ છે. આપણે વિભાજનકારી શક્તિઓને રાજકીય રીતે નબળા પાડવાની જરૂર છે. આપણે સાંપ્રદાયિક સૌહાર્દના ધ્યેયને હાંસલ કરવા માટે ભાઈચારો, એકતા, પરસ્પર વિશ્વાસ અને આદરની ભાવના કેળવવા માટે સદભાવના મંચ દ્વારા સામાજિક પરિવર્તન માટે પણ કામ કરવાની જરૂર છે. શાંતિ અને સાંપ્રદાયિક સૌહાર્દ વિના, ભારતની વિકાસગાથા અધૂરી રહેશે; તેથી આવા ફોરમ ખૂબ જ મહત્ત્વપૂર્ણ બની જાય છે.

**પ્રશ્ન : શાંતિ અને સાંપ્રદાયિક સૌહાર્દને પ્રોત્સાહન આપવા માટે કામ કરતા લોકો કે**



**સંગઠનો સામે તમને શું પડકારો લાગે છે ?**

**જવાબ :** ભારતના વિવિધ ભાગોમાં સદભાવનામંચની રચનાની પ્રક્રિયા દરમિયાન, અમે ધાર્મિક જન મોરચાના બેનર હેઠળ ધાર્મિક નેતાઓ માટે પ્લેટફોર્મ પણ બનાવ્યા છે. સમાજમાં વિભાજન, નફરત અને હિંસા જેવી અનેક સમસ્યાઓનું મૂળ કારણ ધર્મ છે એવી એક ધારણા છે અને પાયાવિહોણો પ્રચાર કરવામાં આવે છે. મારા માટે તે ખોટી માન્યતા છે અને તેનો કોઈ આધાર નથી. આ સમસ્યાઓ ધર્મને કારણે નથી પરંતુ ધર્મના દુરૂપયોગને કારણે છે. ધાર્મિક જન મોરચાની રચના પાછળનો વિચાર ધર્મ અને ધાર્મિક નેતાઓ વિરૂદ્ધની માન્યતાને દૂર કરવાનો છે. દરેક ધર્મ એકતાની વાત કરે છે અને તેથી ધર્મ એક છે અને ક્યારેય વિભાજિત થતો નથી. આ પડકારોને ધ્યાનમાં રાખવા માટે જમાત-એ-ઈસ્લામી હિંદે રાજ્ય અને કેન્દ્રીય સ્તરે ધાર્મિક જન મોરચાની સ્થાપના કરી છે જેમાં વિવિધ ધર્મોના નોંધપાત્ર અને આદરણીય ધાર્મિક વ્યક્તિઓનો સમાવેશ થાય છે. ધાર્મિક જન મોરચા એક ડઝન રાજ્યોમાં સક્રિય છે જ્યારે સદભાવનામંચ સ્થાનિક સ્તરે છે અને આગામી વર્ષોમાં સમગ્ર ભારતમાં લગભગ ૧૦૦૦ સદ્‌ભાવનામંચની સ્થાપના કરવામાં આવશે. અમે મહિલાઓ અને યુવાનો માટે સદભાવના મંચ સ્થાપવાનું પણ નક્કી કર્યું છે. આ પ્લેટફોર્મ સાથે અમે રાષ્ટ્રવ્યાપી અભિયાન તરીકે સમગ્ર સમાજમાં શાંતિ અને સાંપ્રદાયિક સૌહાર્દનું વાતાવરણ ઊભું કરવા ઈચ્છીએ છીએ. આજે નફરત માટે આક્રમક ઝુંબેશ ચાલી રહી છે ત્યારે અમે પ્રેમ અને શાંતિ દ્વારા તેનો સામનો કરવા ઈચ્છીએ છીએ.

**પ્રશ્ન : ભારતમાં ૮૫ ટકાથી વધુ લોકો શાંતિથી જીવવા માંગે છે. તેઓ એકતા, પરસ્પર આદર અને પરસ્પર સહ-અસ્તિત્વમાં માને છે. તેઓ સહનશીલ છે. તેમ છતાં ભારતનો સૌથી મોટો ખતરો સાંપ્રદાયિક સંવાદિતા છે. તમને શું લાગે છે તેનું કારણ શું છે ?**

**જવાબ :** હા, તમારી વાત સાચી છે. સમાજમાં નકારાત્મકતા ફેલાવવા, શાંતિ ભંગ કરવા અને નફરત અને અસહિષ્ણુતા ફેલાવવાનો પ્રયાસ કરનારા ઓછા છે પરંતુ તેઓ સંગઠિત છે અને તેઓને રાજકીય સમર્થન છે. તેઓ માને છે કે તેઓ કંઈપણ કરી શકે છે અને તેઓ પોતાને કાયદાથી ઉપર માને છે. તેમના ગુના અને હિંસાના કૃત્ય માટે તેમની પ્રશંસા કરવામાં આવી રહી છે અને તેમને ફૂલોની માળા પણ આપવામાં આવી રહી છે. જેઓ શાંતિ ઈચ્છે છે તેઓ મોટી સંખ્યામાં છે પરંતુ તેઓ સંગઠિત નથી. તેમાંના મોટા ભાગના મૂંગા દર્શકો છે, તેઓ જ્યારે જરૂર પડે ત્યારે તેઓ પોતાનો અવાજ ઉઠાવતા નથી. અમે આ સદ્‌ભાવનામંચ અને ધાર્મિક જન મોરચા દ્વારા આપણા સમાજને સક્રિય બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. જ્યાં સુધી અને જ્યાં સુધી બહુમતી લોકો હિંસા, અન્યાય, અત્યાચાર અને ભેદભાવ સામે અવાજ ઉઠાવશે નહીં, ત્યાં સુધી ઈચ્છિત રીતે સાંપ્રદાયિક સંવાદિતા પ્રાપ્ત કરવી મુશ્કેલ બનશે. અમે શાંતિ અને સાંપ્રદાયિક સૌહાર્દ સુનિશ્ચિત કરવા માટે તે ૮૫ ટકા લોકોમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. બહુમતીનું મૌન સમાજ અને રાષ્ટ્ર માટે હાનિકારક હશે. આપણે જોઈ શકીએ છીએ કે અમારા પ્રયત્નોની ધીમે-ધીમે સમાજ પર સકારાત્મક અસર પડી રહી છે.

**પ્રશ્ન : ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી પછી એવું માનવામાં આવતું હતું કે નવી સરકાર પહેલાની જેમ આક્રમક નહીં હોય પરંતુ તેઓએ નફરત અને વિભાજનકારી એજન્ડા ચાલુ રાખ્યો છે. તમે તેનો કેવી રીતે પ્રતિસાદ આપવા માંગો છો ?**

**જવાબ :** હા, તે અમુક અંશે સાચું છે પરંતુ લોકો તરફથી ચુકાદાનો સંદેશો સ્પષ્ટ હતો. તે સાંપ્રદાયિકતા, નફરત અને વિભાજનકારી રાજકારણ વિરૂદ્ધ ચુકાદો હતો. લોકોએ મોટા પાયે નફરત અને વિભાજનકારી રાજકારણને નકારી કાઢ્યું. જ્યાં દ્વેષપૂર્ણ ભાષણ થયું હતું ત્યાં લોકોએ તેની વિરૂદ્ધ મતદાન કર્યું, લોકોનું ધ્રુવીકરણ અને તેમને સાંપ્રદાયિક રીતે વહેંચવાના પ્રયાસો કરવામાં આવ્યા. સંદેશ સ્પષ્ટ હતો કે લોકો વિભાજનકારી એજન્ડા અને નફરતની રાજનીતિને સહન કરશે નહીં. લોકો શાંતિ ઈચ્છે છે અને પરસ્પર સહઅસ્તિત્વમાં રહેવાની ઈચ્છા રાખે છે. પરંતુ નફરત અને વિભાજનકારી રાજકારણ સામે લોકોનો સ્પષ્ટ સંદેશ હોવા છતાં શાસનમાં ખરેખર કોઈ ફેરફાર થયો નથી. અ નફરતનું ઝેર સમાજમાં ઊંડે સુધી ઘૂસી ગયું છે અને તેને દૂર કરવા માટે વર્ષો લાગશે. નફરત અને હિંસાના ગુનેગારોને પ્રોત્સાહિત નહીં પરંતુ સજા મળે તે સુનિશ્ચિત કરવાની સરકારની ફરજ અને જવાબદારી છે. જો આપણે સાંપ્રદાયિક સૌહાર્દને પ્રોત્સાહન આપવા માટે સતત કામ કરીશું તો પરિસ્થિતિ બદલાશે.

**પ્રશ્ન : તાજેતરમાં કર્ણાટકમાં સદભાવનામંચને મજબૂત કરવા અને તેને વધુ અસરકારક અને અર્થપૂર્ણ બનાવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. શું તમે તેના પર વિગતવાર માહિતી આપશો ?**

**જવાબ :** સાંપ્રદાયિક સૌહાર્દને પ્રોત્સાહન આપવું એ જમાતની મુખ્ય નીતિ છે અને અગાઉના કાર્યકાળમાં પણ પ્રયાસો કરવામાં આવ્યા હતા. આ સમયગાળામાં અમે આ પહેલોને વધુ મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. સદ્‌ભાવનામંચના નવા એકમોની સ્થાપના કરવા અને હાલના એકમોને મજબૂત કરવા મેં અનેક રાજ્યોમાં પ્રવાસ કર્યો છે. વિવિધ રાજ્યોમાં JIHના પ્રમુખો અને સચિવો સક્રિયપણે સમાન લક્ષ્યો માટે કામ કરી રહ્યા છે. તાજેતરમાં કર્ણાટકની મારી બે સપ્તાહની મુલાકાત દરમિયાન મેં ૨૦થી વધુ જિલ્લાઓ અને ૧૦થી વધુ શહેરોમાં પ્રવાસ કર્યો છે. અમે સ્થાનિક સમુદાયો સાથે જોડાણ કર્યું છે અને જ્યાં સદ્‌ભાવનામંચની સ્થાપના થઈ ચૂકી છે ત્યાં કાર્યક્રમો યોજ્યા અને નવા એકમો બનાવ્યા છે. કર્ણાટકમાં વાતાવરણ ખૂબ જ સકારાત્મક હતું અને લોકો સાંપ્રદાયિક સૌહાર્દને પ્રોત્સાહન આપવા સદ્‌ભાવનામંચના સંદેશને સ્વીકારવા અને ફેલાવવા આતુર હતા. લિંગાયત સમુદાય કર્ણાટકમાં નોંધપાત્ર પ્રભાવ ધરાવે છે, અમારી મુલાકાત દરમિયાન તેમના પર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. અમે લિંગાયત સમુદાયના સ્થાપક બસવાના મઠ સહિત તેમના ઘણા મઠોની મુલાકાત લીધી. ઘણા સ્થળોએ ધાર્મિક નેતાઓએ સ્વયં તેમના મઠમાં કાર્યક્રમોનું આયોજન કર્યું હતું, જે શાંતિને પ્રોત્સાહન આપવા માટે વિવિધ સમુદાયોને એકસાથે લાવવાની મજબૂત પ્રતિબદ્ધતા દર્શાવે છે. **(સૌ.: ઈન્ડિયાટુમોરો.નેટ)**

## ભાભીનું દેવું પતાવવું હતું

# અગ્નિવીર જવાને જ્વેલરીની દુકાનમાં લૂંટ્યા ૫૦ લાખ રૂપિયા

## પોલીસના જણાવ્યા અનુસાર આ લૂંટનો મુખ્ય આરોપી અગ્નિવીર જવાન ભારતીય સેનામાં છે અને હાલમાં તે પઠાણકોટમાં પોસ્ટેડ છે

(એજન્સી) ભોપાલ, તા.૧૯

મધ્યપ્રદેશની રાજધાની ભોપાલના બગસેવનિયા વિસ્તારમાં (૯ ઓગસ્ટ) જ્વેલરીની દુકાનમાં ૫૦ લાખ રૂપિયાથી વધુની લૂંટના કેસમાં પોલીસે ચોંકાવનારો ખુલાસો કર્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર આ લૂંટનો મુખ્ય આરોપી અગ્નવીર જવાન ભારતીય સેનામાં છે અને હાલમાં તે પઠાણકોટમાં પોસ્ટેડ છે. અધિકારીઓએ જણાવ્યું કે હાલમાં તે પોતાની બહેન અને ભાભીના ઘરે રજાઓ પર ભોપાલ આવ્યો હતો.ભોપાલના પોલીસ કમિશનર હરિનારાયણચારી મિશ્રાએ જણાવ્યું હતું કે લૂંટના માસ્ટરમાઈન્ડ આકાશ રાય અને મોહિત સિંહ બઘેલ ભાઈ-ભાભી અને સાળા હોવાનું જણાય છે. પોલીસ કમિશનરના જણાવ્યા અનુસાર, મોહિત સિંહ બઘેલ ભારતીય સેનામાં એક બહાદુર સૈનિક છે અને હાલમાં તે પઠાણકોટમાં પોસ્ટેડ છે. ભોપાલ પોલીસે સેના પાસેથી મોહિત સિંહ બઘેલ વિશે પણ માહિતી માંગી છે. અધિકારીઓનું કહેવું છે કે તેઓ આરોપીઓ વિશે તમામ માહિતીની તપાસ કરી રહ્યા છે. હકીકતમાં, ગયા મંગળવારે ભોપાલના બગસેવનિયા વિસ્તારમાં એક જ્વેલરીની દુકાનમાં બે લોકો ઘૂસી ગયા હતા અને બંદૂકની અણીએ દુકાન માલિકને લૂંટી લીધા હતા. આ દરમિયાન એક આરોપીએ દુકાનદાર પર પણ છરી વડે હુમલો કર્યો હતો આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે. આ પછી બંને આરોપીઓ દુકાનમાં રાખેલા દાગીના અને રોકડની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા.પોલીસ કમિશનરે જણાવ્યું કે ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આરોપીની ધરપકડ માટે ૫૦,૦૦૦ રૂપિયાના ઈનામની જાહેરાત કરવામાં આવી હતી. ૪ અલગ અલગ ટીમો બનાવવામાં આવી હતી. સિંહ બઘેલે જણાવ્યું કે તે ભારતીય સેનામાં અગ્નવીર છે. આ દિવસોમાં તે બગસેવનિયા વિસ્તારમાં રહેતી તેની બહેન અને ભાભીના ઘરે આવ્યો હતો. પોલીસ અધિકારીઓનું કહેવું છે કે જ્યારે મોહિતની કડક પૂછપરછ કરવામાં આવી ત્યારે તેણે કબૂલ્યું કે તેણે તેના સાળાની હાઉસ લોન ચૂકવવા અને પછી બાકીની રકમનો આનંદ માણવાના ઈરાદાથી લૂંટની યોજના બનાવી હતી.



ઘટના સ્થળની ૨૦ કિલોમીટરની ત્રિજ્યામાં ૪૦૦થી વધુ સીસીટીવી ફૂટેજ સ્કેન કરવામાં આવ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે સીસીટીવી ફૂટેજ પરથી એક શંકાસ્પદ યુવક મોહિત સિંહ બઘેલની ઓળખ થઈ હતી અને જ્યારે તેની કડક પૂછપરછ કરવામાં આવી ત્યારે તેણે લૂંટની વાત સ્વીકારી લીધી હતી. મોહિત પોલીસના જણાવ્યા અનુસાર મોહિતે રાત્રે દુકાનની રેકી કરી હતી. આ પછી લૂંટની યોજના ઘડી હતી.બંનેએ લૂંટના પૈસા અને દાગીના અલગ અલગ જગ્યાએ છુપાવી દીધા હતા. પોલીસે તે લોકોને પણ આરોપી બનાવ્યા છે, જેમની જગ્યાએ આ વસ્તુઓ રાખવામાં આવી હતી પોલીસે કુલ ૭ લોકોને આરોપી બનાવ્યા છે.

## પોલીસે આરોપીની ધરપકડ કરી

# રોહતકમાં ડોક્ટરનું અપહરણ કરીને મેડિકલ સ્ટુડન્ટને માર માર્યો

## મેડિકલ સ્ટુડન્ટ પર હુમલાના મામલામાં રોહતક પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને આરોપી ડૉક્ટરની ધરપકડ કરી હતી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

કોલકાતા મેડિકલ કોલેજમાં તાલીમાર્થી મહિલા ડૉક્ટર પર બળાત્કાર અને હત્યાના સમગ્ર દેશમાં વિરોધ વચ્ચે હરિયાણાના રોહતકમાં મેડિકલ સ્ટુડન્ટ પર હુમલાનો મામલો સામે આવ્યો છે. મામલો સામે આવ્યા બાદ રોહતક સ્થિત પોસ્ટ ગ્રેજ્યુએટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સે એનાટોમીમાં MD કરી રહેલા આરોપી રેસિડેન્ટ ડોક્ટરને હાંકી કાઢ્યો છે.મેડિકલ સ્ટુડન્ટ પર હુમલાના કેસમાં પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી આરોપી ડોક્ટરની ધરપકડ કરી છે. આ કેસમાં દરેક પાસાને ધ્યાનમાં રાખીને ઉચ્ચ સ્તરીય તપાસ કરવામાં આવી રહી છે.રોહતકના નાયબ પોલીસ અધિક્ષક વીરેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે પીજીઆઈએમએસ બીડીએસના વિદ્યાર્થીએ ગઈકાલે રાત્રે હુમલાની ફરિયાદ કરી હતી. પોલીસની ટીમ અને પીજીઆઈએમએસના વરિષ્ઠ અધિકારીઓ તરત જ ઘટનાસ્થળે પહોંચી



ગયા હતા અને મામલાની તાત્કાલિક નોંધ લીધી હતી અને પીજીઆઈએમએસ પોલીસ સ્ટેશનમાં આરોપી યુવક વિરુદ્ધ એફઆઈઆર નોંધી હતી. કાઉન્સેલિંગની સાથે વિદ્યાર્થીના પરિવારજનો અને એડવોકેટ સમક્ષ વિદ્યાર્થીની મેડિકલ તપાસ પણ કરવામાં આવી હતી. પીડિત વિદ્યાર્થીનું નિવેદન મેજિસ્ટ્રેટ સમક્ષ નોંધવામાં આવ્યું છે. ફરિયાદમાં પીડિત યુવતીએ જણાવ્યું કે ૧૬ ઓગસ્ટના રોજ આરોપી ડોક્ટર તેનું પીજીઆઈએમએસથી અપહરણ કરીને તેને અંબાલા અને ચંદીગઢ લઈ ગયો અને આ દરમિયાન આરોપીઓએ તેની પર ત્રાસ ગુજાર્યો અને મારપીટ પણ કરી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે પીડિત વિદ્યાર્થી અને આરોપી ડોક્ટર બંને પીજીઆઈએમએસના છે. પીડિત વિદ્યાર્થિની બીડીએસનો અભ્યાસ કરે છે જ્યારે આરોપી ડોક્ટર એનાટોમી શીખવે છે. બંને એકબીજાને લગભગ ૫-૬ મહિનાથી ઓળખે છે. યુવતીના નિવેદન અને તપાસમાં અત્યાર સુધી જાતીય સતામણી/બળાત્કારનો કોઈ કેસ બહાર આવ્યો નથી. મામલાની ગંભીરતા જોઈને પોલીસે દરોડો પાડી આરોપી ડોક્ટરની ધરપકડ કરી હતી અને આવતીકાલે તેને કોર્ટમાં રજૂ કરવામાં આવશે. મામલાની ઉંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે. પોલીસ પીડિતા અને તેના પરિવારના સતત સંપર્કમાં છે અને તેને શક્ય તમામ મદદ પૂરી પાડવામાં આવી રહી છે.

# ગામડાઓને સાથે રાખી ૨૧મી સદીના ભારતનું નિર્માણ કરનાર રાજીવ ગાંધીની આજે જન્મજયંતી

**● માનવતાના અભિગમ સાથે બંધારણની મૂળ ભાવનામાં ફેરફાર કર્યા વગર સ્ત્રીઓ, યુવાનો અને વંચિતોને દેશના સંચાલનમાં હક્ક આપ્યો ● બંધારણ અને લોકશાહીના રક્ષણ અર્થે રાષ્ટ્રીય એકતાના જવાહરલાલ નહેરૂના વિચારને આગળ ધપાવ્યો**



અમદાવાદ, તા.૧૯

" સાચું ભારત ગામડાઓમાં વસે છે " યુગપુરુષ મહાત્મા ગાંધીની માનવીય અભિગમની આ ભાવનાને પોતાના જીવનમાં ઉતારી બંધારણ અને લોકશાહીનાં રક્ષણ માટે વિચારશીલ મહાપુરુષ એવા દેશનાં છઠ્ઠા સૌથી યુવાન વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીની જન્મજયંતિ નિમિત્તે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ સાથે જોડાયેલ દરેક સ્ત્રીઓએ તેમને પોતાના ચાલુ કાર્યકાળમાં જ અનામત આપવા બદલ તેમનો આભાર માનવો જોઈએ. માત્ર કાગળ પર જ સ્ત્રીઓને દેશનાં સંચાલનમાં અનામત આપવાની જગ્યાએ સ્વ. રાજીવ ગાંધીએ તેને દેશના દરેક ગામડાઓમાં અને શહેરોમાં લાગું કરાવી હજારો બહેનોને રાજકારણમાં સંભાવનાઓનું આકાશ ઉડવા માટે ખુલ્લું કરી આપ્યું છે.

ગામડાની એક સામાન્ય સ્ત્રી જાહેર જીવનમાં આવી દેશસેવા કરતાં કરતાં દેશનાં સર્વોચ્ચ પદ એવા રાષ્ટ્રપતિની જવાબદારી મેળવી શકે તે શક્યતાઓને વાસ્તવિક બનાવવામાં સ્વ.રાજીવ ગાંધીનો સિંહફાળો રહ્યો છે. સ્ત્રીઓને દેશનાં સંચાલનમાં ભાગીદારી મળ્યા બાદ ભારતે દરેક ક્ષેત્રમાં અભૂતપૂર્વ પ્રગતિ કરી છે.

સ્ત્રીઓને દેશમાં સંચાલકીય ભૂમિકા સાથે સ્વ.રાજીવ ગાંધીએ પોતાની દીર્ઘદ્રષ્ટિ દ્વારા એકવીસમી સદીનાં ભારતનું નિર્માણ કરવા માટે યુવાનોને બંધારણમાં સંશોધન કરી ૨૧ વર્ષની જગ્યાએ ૧૮ વર્ષની વયે મતદાન અધિકાર આપ્યો અને વિપક્ષોનાં વિરોધ વચ્ચે આધુનિક ટેકનોલોજી અને અસરકારક વિદેશનીતિને પણ આવકારી જેના પરીણામે આજે કોમ્પ્યુટર અને ઈન્ફોર્મેશન ટેકનોલોજીને દેશમાં લાવી મોબાઈલ ક્રાંતિ દ્વારા દેશમાં માનવજીવન સુગમ બનાવ્યું છે. તેમણે ભારતને વૈશ્વિક અર્થવ્યવસ્થા સાથે સાંકળવાની જરૂરિયાતને ઓળખી અને અર્થતંત્રમાં વિદેશી રોકાણ માટે દ્વાર ખોલવા માટે પગલાં લીધા. તેમના પ્રયાસોએ ૧૯૯૦ના દાયકામાં આર્થિક ઉદારીકરણનો પાયો નાખ્યો જેના પગલે ભારત દુનિયાની ઝડપી વિકસતી અર્થતંત્રમાંનું એક બન્યું છે. - ડૉ.મનિષ દોષી

### રાજ્યમાં ચિંતાજનક સ્તરે આપઘાતના બનાવો

# રાજકોટમાં માત્ર ૨૪ કલાકમાં જ ૬ લોકોનાં આપઘાતથી ભારે ચકચાર

અમદાવાદ, તા.૧૯

રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી આપઘાતની ઘટનાઓમાં વધારો થયો છે. તેનાથી એવું સાબિત થાય છે કે લોકો જીવન જીવવાને લઈ અનેક હાડમારીઓનો સામનો કરી રહ્યા છે. તો બીજી તરફ લોકોમાં ધીરજ અને આત્મવિશ્વાસ ઘટી રહ્યા છે ત્યારે રાજકોટમાં ૨૪ કલાકમાં વેપારી સહિત ૬ લોકોએ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. મિત્રએ લોન ન ચૂકવતા વેપારીએ દુકાનમાં જ ગળાફાંસો લગાવી લીધો હતો, જ્યારે એક કિસ્સામાં કારખાનેદારના યુવાન પુત્રએ મોત વ્હાલું કર્યું છે. જેમાં આપઘાતનું કારણ અકળ છે.

પ્રથમ બનાવવામાં મોરબી રોડ પર જકાતનાકા પાસે સંગીતા પાર્કમાં રહેતા જીવનભાઈ રતાભાઈ રાઠોડ (ઉ.વ.૬૨) તેઓએ ગત તા.૧૦-૮ના રોજ પોતાના ઘરે હતા ત્યારે એસિડ પી જતા તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા.

જેનું સારવારમાં મોત નિપજયું હતું. બનાવ અંગે પોલીસે તપાસ કરતા વૃદ્ધ છેલ્લા કેટલાક સમયથી માનસીક બીમારી હોય અને પગલું ભરી લીધાનું બહાર આવતા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

બીજા બનાવમાં મવડી પાસે ૪૦ ફૂટ રોડ પર શ્રી એપાર્ટમેન્ટમાં રહેતા અને અંબિકા ટાઉનશિપ પાસેની કસ્તૂરી શાક માર્કેટ પાસે ડી-માઈક નામે જનરલ સ્ટોરની દુકાન ચલાવતા વેપારી ગોકુલભાઈ નાગજીભાઈ ગજેરા (ઉ.વ.૩૬) એ પોતાની દુકાનમાં ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. જેની જાણ રાજકોટ તાલુકા પોલીસને થતાં તુરંત દોડી ગયો હતો.

ત્રીજા બનાવમાં વડાળી ગામે રહેતાં દેવદીપસિંહ વિરમદેવસિંહ જાડેજા (ઉ.વ.૨૦) નામનો યુવક ગઈ કાલે સાંજના છ વાગ્યા આસપાસ પોતાનાં ઘરે હતો ત્યારે ગળાફાંસો ખાઈ લેતા તાકિદે યુવકને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા ગમગીની છવાઈ ગઈ હતી. આપઘાતનું કારણ જાણવા આજીડેમ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ચોથા બનાવમાં મોરબી રોડ સીતારામ સોસાયટીમાં રહેતાં નુતનબેન મેહુલભાઈ સોલંકી (ઉ.વ.૩૪) તેણીએ ગઈ કાલે પોતાનાં ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં જેની જાણ ૧૦૮ને થતાં ત્યાં ટીમ પહોંચી જોઈ તપાસી મૃત જાહેર કરી હતી. બનાવની જાણ બી ડિવિઝન પોલીસને થતાં તુરંત દોડી ગયો હતો. અને આપઘાતનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

પાંચમાં બનાવમાં યુનિવર્સિટી રોડ પર શીવ સંગમ સોસાયટી શેરી નં-૩માં રહેતાં પાર્થભાઈ અશોકભાઈ વોરા (ઉ.વ.૨૭) નામનાં યુવકે ગઈ કાલે પોતાનાં ઘરે ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું હતું. બનાવની જાણ ગાંધીગ્રામ પોલીસને થતાં તુરંત દોડી ગયો હતો. અને તપાસમાં મૃતકના પિતાને શાપરમાં કારખાનું છે. ત્યાં સાથે યુવક કામ કરતો હતો. યુવકે ક્યાં કારણોસર આપઘાત કર્યો તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે. છઠ્ઠા બનાવમાં ૧૫૦ ફુટ રીંગ રોડ પ્રિયદર્શન સોસાયટી શેરી નં-૩ માં રહેતાં જયદીપ રમેશભાઈ વીસપરા (ઉ. વ.૨૩) નામનાં યુવકે ગઈ કાલ રાત્રીના પોતાનાં ઘરે એસિડ પી લેતાં તાકિદે યુવકને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જેને સારવારમાં દમ તોડી દિધો હતો. મૃતક ફર્નિચરનું કામ કરતો હતો. બે ભાઈ અને બે બહેનમાં મોટો અને માનસિક બિમાર હોવાનું મૃતકના પરિવારજનોએ જણાવ્યું હતું.

# એલ.જી. હોસ્પિટલમાં દર્દીના પરિવારજનોએ ડૉક્ટરનું ગળું દબાવતા ચકચાર

અમદાવાદ, તા.૧૯

કોલકાતામાં મહિલા ડોક્ટર પર દુષ્કર્મ અને હત્યાની ઘટનાના પડઘા સમગ્ર દેશમાં પડ્યા છે. હોસ્પિટલમાં ડોક્ટરો દ્વારા સુરક્ષા માટે કડક કાયદાની માગ સાથે હડતાળ કરવામાં આવી રહી છે. ત્યારે અમદાવાદના મણિનગરમાં આવેલી એલજી હોસ્પિટલ (નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજ)માં દર્દીઓ દ્વારા રેસિડન્ટ ડોક્ટર સાથે બોલાચાલી કરી ઘર્ષણ કર્યું હોવાની ઘટના બની છે. દર્દીના પરિવારજને સારવાર બાબતે ઉગ્ર બોલાચાલી કરી રેસિડન્ટ ડોક્ટરનું ગળું દબાવી દીધું હતું. જોકે બહાર હાજર સિક્યોરિટી સ્ટાફ દ્વારા તાત્કાલિક ધોરણે ડોક્ટરને છોડાવવામાં આવ્યા હતા. આ ઘટના બાદ રેસિડન્ટ ડોક્ટરો ઈમર્જન્સી સારવારથી પણ અળગા રહ્યા હતા. જો કે સુપરિન્ટેન્ડન્ટ સહિતના ડોક્ટરો દ્વારા તેમને સમજાવવામાં આવતાં ફરીથી કામગીરી શરૂ કરી હતી. લેડી રેસિડેન્ટ ડોક્ટર દર્દીના સગાંને દવા વિશે સમજાવી રહ્યાં હતા ત્યારે જેન્ટ્સ ડોક્ટર ત્યાં આવ્યા હતા. ત્યારે દર્દીના સગાંએ ઉશ્કેરાઈને લેડી ડોક્ટરની બાજુમાં ઉભેલા ડોક્ટરનું ગળું દાબૂ દાબી દીધું હતું.

એલજી હોસ્પિટલનાં સુપરિન્ટેન્ડન્ટ માધ્યમો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે ઈમર્જન્સીમાં વહેલી સવારે એક દર્દીને સારવાર માટે લાવવામાં આવ્યો હતો. ઝેરી દવા પીધી હોવાથી પોલીસ કેસ અને સારવારની પદ્ધતિ જાણવા માટે મહિલા ડોક્ટર દ્વારા જ્યારે તેમને વિગત પૂછવામાં આવતી હતી ત્યારે અચાનક દર્દીના સગા ઉશ્કેરાઈ ગયા હતા અને બોલાચાલી કરી હતી. આ દરમિયાન દર્દીના સગાએ બાજુમાં ઉભેલા જેન્ટ્સ રેસિડન્ટ ડોક્ટરનું ગળું દબાવ્યું હતું. એક તરફ નોન-ઈમર્જન્સી સેવામાં રેસિડન્ટ ડોક્ટરો હડતાળ પર છે તો બીજી તરફ ઈમર્જન્સી સેવામાં પણ આ રીતે દર્દીના પરિવારજન દ્વારા હુમલો કરવાની ઘટના બનતાં રેસિડન્ટ ડોક્ટરો ઈમર્જન્સી સેવા બંધ કરી હતી. જોકે ત્રણથી ચાર કલાક સુધીની સમજાવટ બાદ ફરીથી તેમણે કામગીરી શરૂ કરી હતી. આ બાબતે મણિનગર પોલીસ સ્ટેશનમાં દર્દીના પરિવારજન વિરુદ્ધ ફરિયાદ પણ નોંધાવાઈ છે.

# હજ-૨૦૨૫ માટે જિલ્લા વાર ટ્રેઈનરોની યાદી વેબસાઈટ પર જાહેર

**ઓનલાઈન ફોર્મ ભરવા તેમજ હજ અંગેની માહિતી મેળવવા વિનામૂલ્યે સેવા મળશે**

અમદાવાદ,તા.૧૯

હજ ૨૦૨૫ માટે હજ અરજદારોને પોતાના જિલ્લામાં હજના ઓનલાઈન ફોર્મ ભરવા માટે તથા હજ અંગેની માહિતી મેળવવા માટે ગુજરાત રાજ્ય હજ કમિટી તરફથી જિલ્લા વાઈઝ ફિલ્ડ ટ્રેનર અને આસીસ્ટન્ટ ફિલ્ડ ટ્રેનરોની વિના મૂલ્યે સેવા લેવા નિમણૂક કરવામાં આવેલ છે. જેની યાદી હજ કમિટીની વેબસાઈટ https://gujarathajhouse.in/trainers-2025 પર મુકેલ છે. જેથી દરેક હજ અરજદારો પોતાના જિલ્લામાં હજનું ઓનલાઈન ફોર્મ ભરવા માટે ઉક્ત વેબસાઈટ પર આપેલ લીસ્ટ મુજબ પોતાના જિલ્લાના હજ ફિલ્ડ ટ્રેનર અને આસીસ્ટન્ટ ફિલ્ડ ટ્રેનરોનો સંપર્ક કરી હજના ઓનલાઈન ફોર્મ ભરવાની શકે છે. આ કામ માટે કોઈપણ હજ અરજદારે જિલ્લા ફિલ્ડ ટ્રેનર તથા આસીસ્ટન્ટ ફિલ્ડ ટ્રેનરો સાથે નાણાકીય વ્યવહાર કરવાની જરૂરિયાત રહેતી નથી. તેઓને ફકત અરજદારોની સેવા વિનામૂલ્યે કરવા માટે હજ કમિટી દ્વારા નિમણૂક આપવામાં આવેલ છે તેમ ગુજરાત રાજય હજ સમિતિના અધ્યક્ષ ઈકબાલ સૈયદ અને સચિવ આઈ.એમ. ઘાંચીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

### દેશવ્યાપી સદસ્યતા અભિયાન ૧ સપ્ટેમ્બરથી શરૂ કરાશે

# રાજ્યભરમાં ભાજપ દ્વારા તા.૨૧મી ઓગસ્ટથી સદસ્યતા અભિયાન શરૂ

**રાજ્યમાં અભિયાન માટે છ સભ્યોની કમિટીની કરાઈ રચના**

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતમાં ભાજપ સદસ્યતા અભિયાન દ્વારા શરૂ થવા જઈ રહી છે. મ્નનું સદસ્યતા અભિયાન ૨૧ ઓગસ્ટથી શરૂ થશે. સમગ્ર રાજ્યમાં ૪૫ દિવસ સદસ્યતા અભિયાન ચલાવાશે. ગુજરાત ભાજપનું સદસ્યતા અભિયાન એક દિવસ બાદ ૨૧મી ઓગસ્ટથી રાજ્યભરમાં ભારતીય શરૂ થશે, જે ૪૫ દિવસ સુધી ચલાવવામાં આવશે. ગાંધીનગર ખાતે સદસ્યતા અભિયાનને લઈને ભાજપની મહત્વની બેઠક મળશે અને આ બેઠકમાં તમામ ધારાસભ્યો, સાંસદો હાજર રહેશે. આ સિવાય પ્રદેશ હોદ્દેદારોની પણ બેઠક મળશે. ભાજપે સદસ્યતા અભિયાન માટે કમિટીની રચના કરી છે. ૬ સભ્યોની કમિટીની રચના કરી છે અનેક લોકોને પાર્ટીના સભ્યો બનાવવામાં આવશે.

દેશવ્યાપી ભાજપનું સદસ્યતા અભિયાન આગામી ૧ સપ્ટેમ્બરથી શરૂ કરવામાં આવશે. આ વખતે પાર્ટીએ ૧૦ કરોડથી વધુ લોકોને પોતાના સભ્ય બનાવવાનું લક્ષ્ય નક્કી કર્યુ છે. જમ્મુ-કાશ્મીર, હરિયાણા, મહારાષ્ટ્ર અને ઝારખંડમાં વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓને લઈ આ રાજ્યોમાં ચૂંટણી પૂર્ણ થયા બાદ સદસ્યતા અભિયાન ચલાવવામાં આવશે. દેશમાં કોઈપણ વ્યક્તિ ૪ રીતથી પાર્ટીનું સભ્યપદ લઈ શકે છે જેમાં મિસ કોલ કરીને, ક્યુઆર કોડ દ્વારા, નમો એપથી અને ભાજપની વેબસાઈટ દ્વારા સભ્યપદ મેળવી શકાશે. દેશમાં કૂલ બે તબક્કામાં અભિયાન યોજાશે, જેમાં પ્રથમ તબક્કામાં આ અભિયાન ૧થી ૨૫ સપ્ટેમ્બર સુધી અને બીજા તબક્કા ૧થી ૧૫ ઓક્ટોબર સુધી ચલાવવામાં આવશે અને ત્યારબાદ પાર્ટી ૧૬ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર વચ્ચે સક્રિય સભ્યપદ અભિયાન ચલાવશે. તા.૧થી ૧૦ નવેમ્બર સુધી પ્રાથમિક અને સક્રિય સભ્યોનું સભ્યપદ રજિસ્ટર તૈયાર કરાશે.

### રાજકોટ અગ્નિકાંડના મુખ્ય આરોપીઓમાંના એક

# સાગઠિયાના સગાઓ પર કાનૂની સકંજો કસાતાં આગોતરા જામીન અરજી કરાઈ

**જામીન મેળવવાની અરજી અંગે ૨૧મી ઓગસ્ટે સુનાવણી**

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ,તા.૧૯

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખ સાગઠિયાની રાજકોટના ટીઆરપી ગેમ ઝોનના ગેરકાયદેસર બાંધકામ સામે પગલાં ન લેવા અને ફરજમાં બેદરકારી દાખવવા મુદ્દે ધરપકડ કરવામાં આવી હતી. ત્યાર બાદ તો તેઓ સામે અપ્રમાસાર મિલકતને પણ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરાઈ હતી તેઓ સામેની તપાસમાં ઘણી વધી વિગતો બહાર આવી હતી. જેમાં હવે તેમના પરિવારજનો પર પ કાનૂની સકંજો કરાવવાનો હોઈ તે પહેલા જ સાગઠિયાના પરિવારજનોએ જામીન માટે અરજી મુકલ છે. જેની સુનાવણી તા.૨૧ ઓગસ્ટના રોજ રાખવામાં આવેલ છે.હાલમાં જયુડિશિયલ કસ્ટડી ભોગવી રહેલ મ્યુનિ.ના તત્કાલિન ટીપીઓ મનસુખ સાગઠિયાના પરિવારજનોએ આગોતરા જામીન અરજી કરી છે. સાગઠિયાના ભાઈ દિલીપ સાગઠિયા, તેની પત્ની ભાવના સાગઠિયા અને પુત્ર કેયુર સાગઠિયાએ આગોતરા જામીન માટે અરજી કરી છે. સાગઠિયા સામે ગુનાની તપાસ કરી રહેલ એસીબીએ તમામને જવાબ આપવા માટે બોલાવતા આગોતરા જામીન અરજી કરી હતી. જેની વધુ સુનાવણી ૨૧ ઓગસ્ટના રોજ યોજાશે. સાગઠિયાની અપ્રમાણસર મિલકતો તેના ભાઈ, પુત્ર અને પત્નીના નામે છે. અપ્રમાણસર મિલકતના ગુનામાં એસીબીએ સાગઠિયા વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે અને હાલમાં સાગઠિયા જેલમાં છે. એટલે કે હવે આગામી સમયમાં સાગઠિયાના પરિવારજનો પણ કાનૂની ગિરફતમાં આવી શકે છે. આજે રક્ષાબંધનના પર્વ નિમિત્તે મનસુખ સાગઠિયાને રાખડી બાંધવા માટે તેમના બહેનો આવેલ હતા. જે દરમ્યાન તેમના બહેને સાગઠિયાને ચીઠ્ઠી આપી હતી. જે પોલીસના નજરમાં આવી ગઈ હતી. જેને કારણે ચિઠ્ઠી પાછી આપી દેવી પડી હતી.

# ગાંધીનગરમાં યોજાયેલ ચેમ્પિયનશીપમાં ગુજરાતના ખેલાડીઓએ ૩૪ મેડલ મેળવ્યા




અમદાવાદ, તા.૧૯

"ગીફ્ટ સિટી ગાંધીનગરમાં વિયેટનામ દ્વારા વાય.એસ.કે. યોગ સ્ટાર ઈન્ટરનેશનલ ચેમ્પિયનશિપમાં ભારતએ ૮ ગોલ્ડ,૧૮ સિલ્વર અને ૧૦ બ્રોન્ઝ મેડલ મળી ટોટલ ૩૬ મેડલ મેળવ્યા છે. જેમાંથી ગુજરાતના ખેલાડીઓના ૭ ગોલ્ડ,૧૭ સિલ્વર અને ૯ બ્રોન્ઝ એમ કુલ ૩૪ મેડલ મેળવીને ઈતિહાસ રચ્યો છે.

તા.૧૭ ઓગસ્ટના રોજ આયોજિત YSK ઈન્ટરનેશનલ યોગ ચેમ્પિયનશીપ ૨૦૨૪ ગાંધીનગરમાં આ મેડલો મેળવ્યા હતા. આ ટૂર્નામેન્ટમાં મુખ્ય મહેમાન તરીકે શિશપાલ સેવક ચેરમેન ગુજરાત યોગ બોર્ડ, મેડમ વુ હોંગ યેન YSK ઈન્ટરનેશનલ યોગ પ્રેસિડેન્ટ, ડૉ.શિવમ મિશ્રા YSF જનરલ સેક્રેટરી,ડો.મહેબુબ કુરેશી (વર્લ્ડ રેકોર્ડ હોલ્ડર પ્રેસિડેન્ટ યોગ સ્પોર્ટસ ફાઉન્ડેશન ઓફ ગુજરાત) કરીમ લાખાણી CA, વિનુભાઇ પટેલ પ્રોજેક્ટ ચેરમેન, વિશ્વાસ ત્યાગી ખજાનચી હાજર રહ્યા હતા.

### કર્મચારીઓના મનમાં વારંવાર ઉઠી રહ્યો છે સવાલ

# ગુજરાત રાજ્ય વેરા કમિશનરની કચેરીમાં બઢતી, કાયમી નિમણૂકો અને બદલીઓ ક્યારે ?

અમદાવાદ, તા.૧૯

ગુજરાત રાજ્ય વેરા કમિશનરની કચેરીના અનેક કર્મીઓ છેલ્લા ઘણા સમયથી પ્રમોશન નિયમિત નિમણૂંક અને સ્વવિનંતીથી કરાયેલી અરજી સામે કયારે બદલી થશે ? તેની કાગડોળે રાહ જોઈ રહ્યા છે. જ્યારે બઢતી પાત્ર જુનિયર કારકુનોને સિનિયર કારકુન સંવર્ગમાં બઢતી આપવા મુખ્ય રાજ્યવેરા કમિશનરને રજૂઆત પણ કરવામાં આવી છે. ત્યારે બધા જ મામલે યોગ્ય હુકમ કયારે થશે તેની કર્મીઓ હાલ તો રાહ જોઈ રહ્યા છે. રાજ્ય સરકારની આવકની તિજોરી છલકાવનાર વિભાગ એવા સ્ટેટ જી.એસ.ટી.માં વર્ગ-૩ના કર્મચારી છેલ્લા ઘણા સમયે પોતાને મળવાપાત્ર હક્કો માટે પણ વલખા મારી રહ્યા છે. તેવી ચર્ચા સાંભળવા મળી રહી છે.

ગુજરાત રાજ્ય વેરા કમિશનરની કચેરીમાં સિનિયર ક્લાર્ક સવર્ગમાં પ્રમોશનને લાયક એવી ૨૫૦થી વધુ જગ્યાઓ ખાલી હોવા છતાં ૧૩૦ જેટલા પાત્રતા ધરાવતા કર્મચારીઓને લાંબા સમયથી સિનિયર ક્લાર્કની બઢતીથી દૂર રાખવામાં આવી રહયા છે.

ગુજરાત રાજ્ય વેરા કમિશનર કચેરીમાં સીધી ભરતી વર્ષ ૨૦૧૮માં નોકરીમાં લાગેલ સિનિયર ક્લાર્કને આજે ખાતામાં આવેને ૬ વર્ષ પૂર્ણ થયા હોવા છતાં નિયમિત નિમણૂકના ઓર્ડરથી વંચિત રાખવામાં આવ્યા છે.

ગુજરાત રાજ્ય વેરા કમિશનરની કચેરીમાં વર્ષ ૨૦૨૧ બાદ સ્વવિનંતીની બદલી માટે કોઈની અરજીઓ ધ્યાને લેવાઈ નથી. જેમાં ગંભીર બીમારી, વિધવા મહિલા અને પતિ-પત્નીનાં કેસો પણ ધ્યાને લેવાયેલ નથી. સ્વ-વિનંતીથી બદલી માટે ઈન્સ્પેકટર કેડરમાં ૨૪૦+, સિનિયર ક્લાર્ક કેડરમાં ૪૦+, જ્યારે જુનિયર ક્લાર્ક કેડરમાં ૫૦ જેટલી અરજીઓ પેન્ડિંગમાં છે. જ્યારે બીજી બાજુ રાજકીય દબાણવાળા કર્મચારીઓને કોઈ ગંભીર કારણ ન હોવા છતાં સરકારનાં પરિપત્રોની સૂચનાઓને નેવે મૂકી લાગતા વળગતાની બદલી કરેલ છે આથી ગંભીર બીમારીવાળા કર્મચારીઓને ખરેખર અન્યાય થયેલ છે. છતાં રાજ્ય લેવલના મહેકમ અધિકારીઓનું પેટનું પાણી પણ હલતું નથી. હવે જોવાનું રહ્યું કે નવા મુખ્ય કમિશનર તરીકે IAS કેટલા દિવસમાં વર્ગ-૩ના બાકી બાબતોને ધ્યાને લઇ યોગ્ય હુકમ કરશે.

### ભાજપ-કોંગ્રેસ દ્વારા નારાજ કાર્યકરોને રિઝવવા પ્રયાસ

# ભાજપમાં ગયેલા કાર્યકરોને કોંગ્રેસમાં ઘરવાપસી કરવા સાંસદનું આમંત્રણ

**સાંસદ ગેનીબેન ઠાકોર દ્વારા પેટાચૂંટણી પહેલાં વાવ બેઠક મજબૂત કરવા પ્રયાસ**

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

ભાજપમાં ગયેલાં કાર્યકરોને કોંગ્રેસમાં ઘરવાપસી કરવા સાંસદ ગેનીબેને જાહેર મંચ પરથી આહવાન કર્યું હતું. સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પહેલાં ગુજરાતમાં ફરી તોડ જોડની રાજનીતિ ગરમ થઈ અને હવે રાજકીય પક્ષો પોતાના કાર્યકરોની નારાજગી દૂર કરવા પ્રયાસ કરી રહ્યા છે. ભાજપના કાર્યકરને કોંગ્રેસમાં ઘરવાપસી કરવા સાંસદ ગેનીબેને આમંત્રણ આપ્યુ છે. બનાસકાંઠાના લાખાણીના લાલપુરમાં સાંસદ ગેનીબેન ઠાકોરે કોંગ્રેસ છોડી ગયેલા પૂર્વ કાર્યકરોને ઘરવાપસી કરી પુનઃ કોંગ્રેસમાં આવવાનું કહ્યું હતું.

ભાજપના લાખાણીના તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ મહેશ દવેને આમંત્રણ આપતા કહ્યુ કે મહેશભાઈને ઘર વાપસી કરવી હોય તો આમંત્રણ આપીએ છીએ. હું મહેશભાઈને ફરી આવકારૂં છું, જો એમની લાગણી હોય તો દિવસનો ભૂલેલો હોય તો રાતે ઘરે પાછો આવે. મહેશભાઈ દૂધમાં સાકરની જેમ ભળી જજો. પેટાચૂંટણી પહેલા વાવ વિધાનસભાને મજબૂત કરવાનો પ્રયાસ રૂપે સાંસદ ગેનીબેન ઠાકોરે કાર્યકર્તાઓને આમંત્રણ આપ્યું હોવાનું મનાય છે. ગેનીબેન ઠાકોરે જાહેર મંચ પરથી કહ્યું કે, કોંગ્રેસ છોડીને ભાજપમાં ગયેલા પૂર્વ કાર્યકરોએ ઘરવાપસી કરવી જોઈએ. તેમણે કહ્યું કે, લાગણી હોય તો દિવસનો ભૂલેલો હોય એ રાતે ઘરે પાછો આવે...બધા ભાઈઓએ ભેગા થઈને વાવ વિધાનસભા બેઠકને વધુ મજબૂત કરવાની જરૂર છે. અત્રે ઉલ્લેખનીય છે કે મહેશ દવે ૨૦૧૭માં ભાજપ છોડી કોંગ્રેસમાં ગયા હતા. ફરી ૨૦૨૩માં કોંગ્રેસ છોડી ભાજપમાં આવ્યા હતા. વાવ વિધાનસભા બેઠકને વધુ મજબૂત કરવા ભાજપના કાર્યકરને કોંગ્રેસમાં ઘરવાપસી કરવા ગેનીબેને આજે કહ્યું હતું. કોંગ્રેસમાં ઘર વાપસી અંગે મહેશ દવેએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે હું ભાજપ સાથે છું અને ભાજપ સાથે જ રહીશ. ગેનીબેનનું આમંત્રણ માથા પર રાખું છું પણ ગઈકાલનો સ્ટેજ રાજકીય સ્ટેજ ન હતો. ગૌ માતાની વાત હતી એટલે હું સ્ટેજ ઉપર ગયો હતો. હું ભાજપ સાથે છું અને અમારી સરકાર ગૌ માતા માટે છે એટલે હું સ્ટેજ પર ગયો હતો.

# મિલ્લત એજ્યુકેશન ફેસ્ટિવલમાં બાવરચી જમાતના વિદ્યાર્થીઓ સન્માનિત




અમદાવાદ,તા.૧૯

આજે ટાગોર હોલ ખાતે મિલ્લત એજ્યુકેશન ફેસ્ટીવલ યોજાયો હતો જેમાં બાવરચી જમાતના હાફિઝ, આલીમ અને ધોરણ ૧૦થી કોલેજ અને ડિપ્લોમાના વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રઈસભાઈ મુનશી (મેનેજિંગ ડાયરેકટર સુલતાન અહેમદ ઓફ ઈન્સ્ટિટયુટ), ડો. એઝાઝ આઈઆઈએમ, ઈરશાદ અહેમદ મેવ એડવોકેટ, સઈદભાઈ રેડિમેઈડવાલા, ગુલામ મૈયુદ્દીન બેરાવાલા તેમજ બાવરચી જમાતના લોકો હાજર રહ્યા હતા. તેમ મિલ્લતના પ્રમુખ મો. આરિફ એમ. શેખે એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.

# મુખ્યમંત્રીને રાજ્યભરમાંથી આવેલી બહેનોએ રાખડી બાંધી રક્ષા કવચ આપ્યું

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર,તા.૧૯

મુખ્યમંત્રીને રક્ષાબંધન કરવા માટે આજે ભાજપ પ્રદેશ મહિલા મોરચાની વિવિધ જિલ્લાઓની બહેનો ઉમટી પડી હતી અને તેમણે મુખ્યમંત્રીને રાખડી બાંધી હતી. રાજયના મહિલા અને બાળ કલ્યાણમંત્રી ભાનુબેન બાબરિયા, ગાંધીનગરના ધારાસભ્ય રિટાબહેન પટેલ, મેયર મીરાબહેન, ભાજપ પ્રદેશ મહિલા મોરચા અધ્યક્ષ દીપિકા બહેન તેમજ સમાજના વિવિધ વર્ગોની બહેનોએ ભૂપેન્દ્ર પટેલને રક્ષા કવચ રાખડી બાંધીને પ્રદાન કર્યું હતું. મુખ્યમંત્રીને નાની દીકરીઓ અને દિવ્યાંગ બહેનોએ પણ રાખડી બાંધી આદર ભાવ વ્યકત કર્યો હતો. આ અવસરે અમદાવાદની સાધના વિનય મંદિર શાળાના બાળકોએ ભગવત ગીતાના શ્લોક લખેલી ૧૪૦ ફુટની વિશાળ રાખડી મુખ્યમંત્રીને અર્પણ કરી હતી.

## --------- અજીબો-ગરીબ અકસ્માત ---------



શહેરના ગુપ્તાનગર નજીક જુહાપુરા તરફથી પૂરપાટ ઝડપે આવતી રિક્ષાની બ્રેક ફેઈલ થઈ જતાં રોડ ઉપર આવેલ એક ધાર્મિક સ્થળના ઓટલા ઉપર ચડી જઈ બે રાઉન્ડ ગોળ ફરી પાસે ઉભેલી કારની વચ્ચે થઈ વિરૂદ્ધ દિશામાં ઉભી રહી જતાં જોનારા લોકોને આ કઈ રીતે થયું ? તે સમજવું ભારે થઈ પડયું હતું. જયારે રિક્ષામાં સવાર મુસાફરો અને રિક્ષા ડ્રાઈવર ઈજાગ્રસ્ત થતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જયારે મોડી સાંજે ક્રેનની મદદથી રિક્ષાને બહાર કાઢવામાં આવી હતી.

# જમ્મુ-કાશ્મીર : લાઈન ઓફ કંટ્રોલ પર ફરજ બજાવતા ભારતીય સેનાના જવાનોને રાખડી બાંધીને મહિલાઓએ ઉરીમાં રક્ષાબંધનની ઉજવણી કરી

(એજન્સી) બારામુલ્લા, તા.૧૯

રક્ષાબંધનના તહેવારની ઉજવણી કરતા સોમવારના રોજ જમ્મુ-કાશ્મીરના ઉરી સેક્ટરમાં LoC સાથેના સોની ગામમાં મહિલાઓએ ભારતીય સેનાના જવાનોને રાખડી બાંધી.

મહિલાઓએ સૈનિકોને તેમના ભાઈ ગણાવ્યા અને સરહદોની સુરક્ષા માટે તેમના પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવી. બદલામાં સૈનિકો રહેવાસીઓને કોઈપણ નુકસાનથી બચાવવા અને રક્ષણ આપવાનું વચન આપ્યું.

એક સ્થાનિક મહિલા સીરત બાનોએ જણાવ્યું હતું કે, અમે બહેનોએ અમારા ભાઈને સીમા પાર અમારી સુરક્ષા માટે રાખડી બાંધી છે.

રક્ષાબંધન એ પરંપરાગત હિંદુ તહેવાર છે જે ભાઈઓ અને બહેનો વચ્ચેના પ્રેમ અને બંધનને સમર્પિત છે. આ દિવસે બહેનો તેમના ભાઈના કાંડા પર રાખડી બાંધે છે. બદલામાં ભાઈઓ તેમની બહેનો માટે પ્રેમ અને સંભાળના પ્રતીક તરીકે ભેટો આપે છે. નાઝીર અહમદે અન્ય એક સ્થાનિક ગ્રામીણે રક્ષાબંધનના મહત્ત્વ પર પ્રકાશ પાડ્યો અને તેને શાંતિ અને સંવાદિતાનો તહેવાર ગણાવ્યો. આ તહેવાર શાંતિ અને



ભાઈચારાનો સંદેશ આપે છે. અમે સરહદ પર રહીએ છીએ અને અમારી સુરક્ષા કરનાર ભારતીય સેનાની પડખે ઊભા છીએ. આ તહેવાર સમાન ભાઈચારાનું પ્રતિનિધિત્વ કરે છે. શાળાની છોકરીઓએ રાખડી બાંધી, તિલક લગાવ્યું અને લશ્કરના જવાનોને મીઠાઈઓ અર્પણ કરી હિંદુ તહેવાર આનંદથી ઉજવવામાં આવ્યો.

આ પહેલાં આજે પીએમ નરેન્દ્ર મોદીએ પણ આ પ્રસંગે દેશને શુભેચ્છા પાઠવી હતી, ભાઈ અને બહેન વચ્ચેના અપાર પ્રેમનું પ્રતીક એવા તહેવાર રક્ષાબંધનના અવસર પર તમામ દેશવાસીઓને શુભકામનાઓ. આ પવિત્ર તહેવાર તમારા બધાના સંબંધોમાં અને જીવનમાં સુખ, સમૃદ્ધિ અને સારા નસીબ, નવી મધુરતા લાવે તેવી પ્રાર્થના.

રાખી રક્ષણની ભાવનાનું પ્રતીક છે. રક્ષાબંધન પર ભાઈઓ તેમની બહેનોને કોઈપણ પ્રકારના નુકસાનથી બચાવવાનું વચન આપે છે. રક્ષાબંધન એ ભારતીય સંસ્કૃતિમાં ઊંડે ઊતરેલો તહેવાર છે અને સદીઓથી ઉજવવામાં આવે છે. હિંદુ ધાર્મિક ગ્રંથોમાં બહેનો દ્વારા તેમના ભાઈઓના હાથના કાંડા પર રાખડી બાંધવાની ઘટનાઓનો ઉલ્લેખ છે.

# પ્રિયંકા ગાંધીએ રક્ષાબંધન પર ભાઈ રાહુલ ગાંધી સાથે ફોટો શેર કર્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ સોમવારના રોજ રક્ષાબંધન પર તેમના ભાઈ રાહુલ ગાંધી સાથેની તસવીરો પોસ્ટ કરતા જણાવ્યું હતું, ભાઈઓ અને બહેનો સંઘર્ષના ભાગીદાર છે અને યાદો બનાવવા માટેના સાથી છે.

પ્રિયંકા ગાંધીએ ટ્વિટર પર કહ્યું, ભાઈ અને બહેન વચ્ચેનો સંબંધ એક ફૂલના બગીચા જેવો છે, જેમાં આદર, પ્રેમ અને પરસ્પર સમજણ, વિવિધ રંગીન યાદો, એકતાની વાર્તાઓ અને મિત્રતા ગાઢ કરવાના સંકલ્પના પાયા પર ખીલે છે. ટ્વિટર પર હિન્દીમાં એક પોસ્ટમાં રાહુલ ગાંધીએ કહ્યું, ભાઈઓ અને બહેનો વચ્ચેના અતૂટ પ્રેમ અને સ્નેહના તહેવાર રક્ષાબંધન પર દેશના તમામ લોકોને ખૂબ-ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ. રક્ષાનો આ દોર હંમેશા તમારી પવિત્ર રહે. સંબંધ મજબૂત રીતે જોડાયેલ છે. કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ ટ્વિટર પર કહ્યું, બધાને રક્ષાબંધનના પવિત્ર તહેવાર પર હાર્દિક શુભેચ્છાઓ, જે અપાર પ્રેમ, અતૂટ સ્નેહ અને ભાઈ-બહેનના અમૂલ્ય સંબંધનું પ્રતીક છે. આ અનોખો તહેવાર, જે જાતિ, ધર્મ અને સંપ્રદાયને પાર કરે છે



અને પ્રોત્સાહન આપે છે. પરસ્પર ભાઈચારો અને સંવાદિતા, ભારતીય સમાજમાં મહિલાઓના સમાન મહત્ત્વ પર ભાર મૂકે છે. અમે આશા રાખીએ છીએ કે, રાખડીનો આ તહેવાર દેશના લોકોના જીવનમાં પ્રેમ, સંવાદિતા, એકતા અને પરસ્પર સદ્ભાવનાના સંબંધોને વધુ મજબૂત બનાવશે.

# મલયાલમ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મહિલાઓનું શોષણ કરવામાં આવે છે : હેમા કમિટીનો રિપોર્ટ

(એજન્સી) તા.૧૯

મલયાલમ ફિલ્મ ઈન્ડસ્ટ્રી (મોલીવૂડ)માં કાસ્ટિંગ કાઉચ અને અભિનેત્રીઓના રોજબરોજના શોષણ પર જસ્ટિસ હેમા કમિટીનો રિપોર્ટ બહાર પાડવામાં આવ્યો છે. જસ્ટિસ હેમા કમિટીના આ રિપોર્ટે મોલીવૂડની કાળી સચ્ચાઈનો પર્દાફાશ કર્યો છે.

આ રિપોર્ટ પાંચ વર્ષ બાદ બહાર પાડવામાં આવ્યો છે. કેરળ સરકારે કેરળ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં અભિનેત્રીઓ સાથે થઈ રહેલા અન્યાય અંગે આ રિપોર્ટ જાહેર કર્યો છે. જસ્ટિસ હેમા કમિટીના રિપોર્ટમાં મલયાલમ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના પડદા પાછળનું કાળું સત્ય સામે આવ્યું છે, જેને જાણીને કોઈના પણ પગ નીચેથી સરકી જશે. અભિનેત્રી સાથે મોટો અન્યાય થઈ રહ્યો છે. મલયાલમ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં લોકોને કેવી રીતે હેરાન કરવામાં આવે છે તેઓ ખુલાસો થયો છે.

૨૩૩ પાનાના આ રિપોર્ટમાં ખુલાસો થયો છે કે, અભિનેત્રીઓ માટે મલયાલમ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કરવું મુશ્કેલ બની ગયું છે. રિપોર્ટ અનુસાર મલયાલમ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં અભિનેત્રીઓ માત્ર કાસ્ટિંગ કાઉચની પીડાનો સામનો કરી રહી નથી, પરંતુ તેમને સેક્સ્યુઅલ ફેવર કરવા માટે પણ મજબૂર કરવામાં આવી રહી છે.

પત્રકારો સહિત પાંચ લોકોને એક-એક નકલ આપવામાં આવી હતી. તે જ સમયે આ માહિતી માહિતી આયોગને પણ મોકલવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે, મલયાલમ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં અભિનેત્રીઓ પર થતાં અત્યાચાર અને શોષણની તપાસ માટે જસ્ટિસ હેમા કમિટીની રચના ત્યારે



કરવામાં આવી હતી જ્યારે કેરળ હાઈકોર્ટે આ મામલે એક્ટ્રેસ રંજિનીએ કરેલી અરજીને રિલીઝ કરવાની મંજૂરી આપી હતી સિંગલ જજની બેન્ચના આદેશને ફગાવી દેવામાં આવ્યો હતો.

**જસ્ટિસ હેમા કમિટી રિપોર્ટ રિપોર્ટમાંથી ચોંકાવનારા ખુલાસા :**

૧. જાતીય તરફેણનો ઈન્કાર કરનાર અભિનેત્રીને પ્રોજેક્ટમાંથી બહાર ફેંકી દેવામાં આવી હતી.
૨. ફિલ્મમાં કામ કરતી અભિનેત્રીને એડજસ્ટ કરવા માટે કહેવામાં આવ્યું હતું.
૩. આ માફિયાઓમાં મુખ્ય કલાકારો, નિર્માતાઓ અને દિગ્દર્શકોનો સમાવેશ થાય છે.
૪. મલયાલમ ફિલ્મ ઉદ્યોગ પર અભિનેતાઓ (પુરૂષો) રાજ કરી રહ્યા છે.
૫. જે અભિનેત્રીઓ આજ્ઞા નથી માનતી તેમને વારંવાર શોટ આપવા મજબૂર કરવામાં આવે છે. કેટલીક અભિનેત્રીઓએ જણાવ્યું છે કે, સજા તરીકે તેમને એક પછી એક ૧૭ વખત શોટ આપવા માટે કહેવામાં આવ્યું હતું.
૬. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એક્ટર્સની વિચારસરણી એવી હોય છે કે, એક્ટ્રેસને જે કહેવામાં આવે તે કરવું જોઈએ.
૭. ફિલ્મોમાં માત્ર યુવા અભિનેત્રીઓને મુખ્ય ભૂમિકા આપવામાં આવી રહી છે.
૮. જે અભિનેત્રી સહકાર આપે છે તેને કામ આપવામાં આવે છે અને જે સહમત ન હોય તેને બહાર ફેંકી દેવામાં આવે છે.
૯. ધમકીઓથી બચવા અને તેના પરિવારની સલામતી માટે અભિનેત્રી ફરિયાદ નોંધાવતા ડરે છે.
૧૦. ગુનેગારોએ મલયાલમ ફિલ્મ ઉદ્યોગ પર કબજો કરી લીધો છે.
૧૧. મલયાલમ ફિલ્મ ઈન્ડસ્ટ્રી દૂરથી ગ્લેમરસ લાગે છે, પરંતુ વાસ્તવમાં તે નરક છે.
૧૨. જે અભિનેત્રીઓ સંમત થાય છે તેમને કોડ વર્ડમાં તેમના નામથી બોલાવવામાં આવે છે.

### આતંકવાદી હુમલામાં CRPFના ઈન્સ્પેક્ટર શહીદ થયા

# જમ્મુના ઉધમપુરમાં આતંકવાદીઓનો સુરક્ષા દળોની સંયુક્ત ટુકડી પર હુમલો

## આ હુમલાની જવાબદારી પાકિસ્તાન સમર્થિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ (JEM) સાથે જોડાયેલા એક અલગ જૂથ કાશ્મીર ટાઈગર્સે લીધી

(એજન્સી) જમ્મુ, તા.૧૯

CRPF અને જમ્મુ-કાશ્મીર પોલીસની SOG ટીમ પર આતંકવાદીઓએ હુમલો કર્યો, જેમાં CRPFના એક ઈન્સ્પેક્ટર શહીદ થયા. જણાવવામાં આવી રહ્યું છે કે, બસંતગઢના દૂરના ડુડુ વિસ્તારમાં બપોરે લગભગ સાડા ત્રણ વાગ્યે આતંકવાદીઓએ CRPF અને વિશેષ કાર્યવાહી જૂથ (SOG) પર ગોળીબાર કર્યો હતો.

અધિકારીઓએ જણાવ્યું કે, CRPFની ૧૮૭મી બટાલિયનના ઈન્સ્પેક્ટર કુલદીપસિંહને ગોળી વાગી હતી અને પછી હોસ્પિટલ લઈ જતી વખતે તેમનું મૃત્યુ થયું હતું. અધિકારીઓએ જણાવ્યું કે, SOG ટીમ દ્વારા જવાબી કાર્યવાહી કર્યા બાદ આતંકવાદીઓ ઘટનાસ્થળેથી ભાગી ગયા હતા.

આ આતંકવાદી હુમલો એવા સમયે થયો છે જ્યારે જમ્મુ-કાશ્મીરમાં કેન્દ્રશાસિત પ્રદેશ તરીકે પ્રથમ વિધાનસભા ચૂંટણી યોજાવા જઈ રહી છે. પૂર્વવર્તી જમ્મુ-કાશ્મીર રાજ્યમાં છેલ્લી વખત ૨૦૧૪માં વિધાનસભા ચૂંટણી યોજાઈ હતી. ૧૪ ઓગસ્ટે જમ્મુ-કાશ્મીરના ડોડામાં થયેલી અથડામણમાં સેનાના એક અધિકારી કેપ્ટન દીપકસિંહ શહીદ થયા હતા. આ ઘટનામાં એક નાગરિક પણ ઘાયલ થયો હતો. છેલ્લા ઘણા દિવસોમાં રક્ષામંત્રી રાજનાથસિંહે કેન્દ્રશાસિત પ્રદેશમાં સતત થઈ રહેલી અથડામણો અને છૂપાઈને થતાં વધતા આતંકવાદી હુમલાઓ પર એક ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠક દિલ્હીના સાઉથ બ્લોકમાં NSA અજીત ડોભાલ અને સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી સાથે યોજાઈ હતી.

જમ્મુ વિસ્તારમાં છેલ્લા મહિનાઓમાં આતંકવાદી પ્રવૃત્તિઓમાં વધારો જોવા મળ્યો છે. જુલાઈમાં ડોડા જિલ્લામાં એક જૈશ-એ-મોહમ્મદ (JEM) સાથે જોડાયેલા એક અલગ જૂથ 'કાશ્મીર ટાઈગર્સ'એ લીધી હતી.

૮ જુલાઈએ કઠુઆ જિલ્લાના વિકટ પહાડી વિસ્તારમાં સેનાના કાફલા પર છૂપાઈને કરવામાં આવેલા હુમલામાં પાંચ સૈનિકો શહીદ થયા, જેમાં એક જુનિયર કમિશન અધિકારી પણ સામેલ હતા, જ્યારે અન્ય ઘણા ઘાયલ થયા હતા. આ ઉપરાંત ૬ જુલાઈએ કુલગામ જિલ્લામાં બે અલગ-અલગ અથડામણો



અથડામણમાં એક અધિકારી સહિત ચાર સૈનિકો અને એક પોલીસ અધિકારીનું મૃત્યુ થયું હતું. આ હુમલાની જવાબદારી પાકિસ્તાન સમર્થિત આતંકવાદી સંગઠન દરમિયાન સુરક્ષા દળોએ છ આતંકવાદીઓને ઠાર માર્યા. દુઃખની વાત એ છે કે, આ અથડામણો દરમિયાન બે સૈનિકોએ પોતાના જીવ ગુમાવ્યા હતા.

# બિહારની દલિત કિશોરી પર સામૂહિક બળાત્કાર-હત્યા કેસ : મુખ્ય આરોપીની ધરપકડ, તેના સાથીઓની શોધ

## FIR મુજબ જ્યારે પીડિતાના પરિવારે કિશોર સાથે લગ્ન કરવાનો પ્રસ્તાવ નકારી કાઢ્યા બાદ ૧૪ વર્ષની દલિત છોકરી પર સંજય રાય અને તેના સાથીઓએ બળાત્કાર કર્યો હતો અને તેની હત્યા કરવામાં આવી હતી

(એજન્સી) પટના, તા.૧૯

૧૪ વર્ષની દલિત છોકરી પર કથિત ગેંગરેપ અને હત્યાના મુખ્ય આરોપી સંજય રાયની બિહારના મુઝફ્ફરપુર જિલ્લામાંથી ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું. મુઝફ્ફરપુર જિલ્લાના સરૈયા પોલીસ સ્ટેશનની હદમાં એક સૂચનાના આધારે પોલીસ ટીમે તેના મોબાઈલ ફોનને ટ્રેસ કર્યા પછી તેના શંકાસ્પદ છૂપાયેલા સ્થાન પર દરોડો પાડ્યો હતો, જેનો તે છેલ્લા કેટલાક દિવસોથી ઉપયોગ કરી રહ્યો હતો. તેની અને તેના સહયોગીઓ સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી ત્યારથી તે ફરાર હતો. મુઝફ્ફરપુરના વરિષ્ઠ પોલીસ અધિક્ષક રાકેશકુમારે જણાવ્યું હતું કે, પોલીસની વિશેષ ટીમ દ્વારા રાયની પૂછપરછ કરવામાં આવી રહી છે અને તેણે પુષ્ટિ કરી છે કે, તેના એક સહયોગીની અગાઉ ધરપકડ કરવામાં આવી હતી. રાયને બાદમાં મુખ્ય ન્યાયિક મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો અને તેને ૧૪ દિવસ માટે ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો. અપ્રમાણિત અહેવાલોમાં કહેવામાં આવ્યું છે કે, રાયના બે સાથીદારોને પૂછપરછ માટે લેવામાં આવ્યા છે. કોર્ટના નિર્દેશ બાદ તેની મિલકત જપ્ત કરવામાં આવી હતી અને



ઘરને જમીનદોસ્ત કરવા માટે બુલડોઝરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. FIRમાં છોકરીની માતાએ આરોપ લગાવ્યો છે કે, ત્રણ બાળકો સાથે પરિણીત રાય તેની કિશોરવયની પુત્રી સાથે લગ્ન કરવા માંગતો હતો. ગુનાના એક દિવસ પહેલાં તેણે તેના લગ્નના પ્રસ્તાવને ઠૂકરાવી દેવા બદલ પરિવારને ગંભીર પરિણામોની ધમકી આપી હતી. પીડિતાની માતાએ કહ્યું, અમે ૧૧ ઓગસ્ટના રોજ બનેલી અપ્રિય ઘટનાથી ડરતા હતા. બીજા દિવસે પીડિતાનો મૃતદેહ તેના ગામ પાસેના તળાવમાંથી મળી આવ્યો હતો. પીડિતાના પગ દોરડાથી બાંધેલા હતા અને તેના ગળા, માથા અને હાથ પર ઘા જોવા મળ્યા હતા. જો કે, પોલીસે દાવો કર્યો હતો કે, પોસ્ટમોર્ટમ દરમિયાન બળાત્કારનો કોઈ પુરાવો મળ્યો નથી પરંતુ તેણે સ્વીકાર્યું કે પીડિતાના ચહેરા, ગરદન અને ડાબા હાથ પર ઈજાના નિશાન જોવા મળ્યા હતા. મુખ્ય આરોપીને પકડવામાં પોલીસની નિષ્ફળતાને પગલે સ્થાનિક રહેવાસીઓએ રાયના સહાયકોના ઘરોમાં તોડફોડ કરી હતી. આના કારણે ગામમાં બે હરીફ જાતિના લોકો વચ્ચે તણાવ થયો હોવાનું એક રહેવાસીએ જણાવ્યું.

# ૧૬૭ વર્ષ પહેલાં ૧૯ ઓગસ્ટના રોજ અંગ્રેજોએ હિસારમાં લગભગ ૮૦૦ લોકોની હત્યા કરી હતી

## અંગ્રેજો સામે બળવો કરવા માટે શહેરના લોકોને ભારે કિંમત ચૂકવવી પડી હતી

(એજન્સી) હિસાર, તા.૧૯

૧૯ ઓગસ્ટ, ૧૮૫૭ના રોજ હિસાર નગરના ઈતિહાસમાં સૌથી લોહિયાળ દિવસ હતો. આ નગર જે સ્વતંત્રતાના પ્રથમ યુદ્ધ દરમિયાન ક્રાંતિકારીઓના મુખ્ય કેન્દ્રોમાંનું એક બની ગયું હતું તેને અંગ્રેજો સામે બળવો કરવા માટે ભારે કિંમત ચૂકવવી પડી હતી. સ્થાનિક ક્રાંતિકારીઓએ તે વર્ષે ૨૯ મેના રોજ હિસારને અંગ્રેજોથી સ્વતંત્ર જાહેર કર્યા હોવાથી તેના રહેવાસીઓએ ૮૩ દિવસ સુધી સ્વ-શાસનમાં રહ્યા હતા.

હરિયાણાના આધુનિક ઈતિહાસ પર પુસ્તકો લખનાર સ્થાનિક ડીએન કોલેજના ઈતિહાસના પ્રોફેસર મહેન્દ્રસિંહ કહે છે કે, હિસાર માટે તે સૌથી લોહિયાળ દિવસ હતો જ્યારે અંગ્રેજો દ્વારા ૭૯૬ જેટલા લોકોની હત્યા કરી હતી. હિસાર કિલ્લાના દરવાજાઓમાંથી એક નાગોરી ગેટ સહિત બે સ્થળોએ આ હત્યાઓ થઈ હતી. બ્રિટિશ સરકાર દ્વારા મહિનાઓ સુધી આ ક્રાંતિકારીઓ પર જુલમ ચાલુ રહ્યો અને બળવામાં ભાગ લેનારાઓને કચડી નાખવા માટે હિંસાનો આશરો લીધો એટલું જ નહીં પરંતુ હિસાર અને આજુબાજુના ગામોમાં રહેતા લોકોને આર્થિક રીતે પણ બરબાદ કર્યા હતા.

હરિયાણા આર્કાઈવ્સ વિભાગના દસ્તાવેજો અને તેમના સંશોધન પુસ્તક 'હરિયાણા ઈન ૧૮૫૭'માં સંકલિત કરતા સિંઘ કહે છે કે, બ્રિટિશરોએ ક્રાંતિકારીઓના કબજામાં રહેલા હિસાર અને હાંસી પર ફરીથી દાવો કરવાનો નિર્ણય લીધો હતો. બંને પક્ષોએ તેમની વ્યૂહરચના તૈયાર કરી અને યુદ્ધ થયું હતું. ફિરોઝપુરના ડેપ્યુટી કલેક્ટર જનરલ વેન કોર્ટલેન્ડની આગેવાની હેઠળ અંગ્રેજોએ હિસાર કિલ્લામાં પરિસ્થિતિને કાબૂમાં લીધી. ટોહાનામાં હોર્સ ફોર્સ અને બિકાનેર, પટિયાલા અને કાશ્મીરની 'રિયાસતો'માંથી સૈન્ય દળોને બોલાવવામાં આવ્યા હતા.

સિંઘ કહે છે કે, મોહમ્મદ આઝમે ક્રાંતિકારીઓનું નેતૃત્વ કર્યું હતું જ્યારે આર્થિક સહાય સાહબાઝ બેગ દ્વારા એકત્રિત કરવામાં આવી હતી, જે ક્રાંતિકારીઓમાં જોડાતા પહેલાં અહીંના વહીવટકર્તા હતા. હિસારના ત્રણ અગ્રણી વ્યક્તિઓ, ગુરબક્ષ સિંઘ, હુકમ ચંદ જૈન અને મુનીર બેગે નજીકના ગામોમાંથી સંસાધનો અને માનવબળ એકત્રિત કર્યું હતું.

ભારતીય પક્ષ પાસે લગભગ ૧૦,૦૦૦ લોકો અને માત્ર લાઠીઓ અને ખેત ઓજારો હતા, તેણે હિસારના કિલ્લા પર હુમલો કર્યો જેમાં અંગ્રેજ સૈનિકો અંદર હતા. જો કે, તેઓ કિલ્લાના દરવાજાને તોડી શક્યા ન હતા. આધુમિક હથિયારોથી સજ્જ અંગ્રેજોએ દિલ્હી ગેટ અને તલાકી દરવાજાથી ક્રાંતિકારીઓને ઘેરી લીધા. સાંજ સુધીમાં નાગોરી ગેટ પર ૪૩૫ લોકો માર્યા




ગયા હતા અને ૨૩૮ લોકોના મૃતદેહો શહેરમાં વેરવિખેર જોવા મળ્યા હતા. અંગ્રેજ સૈનિકોએ ૧૨૩ ક્રાંતિકારીઓને પકડી લીધા અને નાગોરી દરવાજા પાસેના રસ્તા પર લઈ ગયા. તેઓને રસ્તા પર સૂઈ જવા માટે કહેવામાં આવ્યું હતું અને રોડ રોલર તેમના પર ચલાવવામાં આવ્યા હતા. રોડ રોલર ચલાવતા પહેલાં તેમને રજિસ્ટર પર અંગૂઠાની છાપ આપવા માટે કહેવામાં આવ્યું હતું કે, તે પછી તેમને જવા દેવામાં આવશે પણ આ તમામ ૧૨૩ લોકો રોડ રોલર નીચે કચડાઈ ગયા હતા.

આ યુદ્ધમાં ભાગ લેનાર અગ્રણી ગામોમાં ખારાબરવાલા, સુલખાની, ખરારઅલીપુર, બટોલ, મંગલી, ચૌધરીવાસ, હાઝીમપુર, જમાલપુર, પુથીમંગલ ખાન અને રોહનતનો સમાવેશ થાય છે. સિંઘનું કહેવું છે કે, બ્રિટિશ સરકારે હાઝિમપુર, જમાલપુર, મંગલી, પુથીમંગલ ખાન અને રોહતત ગામની જમીનની હરાજી કરીને રહેવાસીઓને આર્થિક રીતે નબળા બનાવી દીધા હતા. ત્યારબાદ અંગ્રેજો દિલ્હી તરફ આગળ વધ્યા અને ૨૦ સપ્ટેમ્બરે દિલ્હી સલ્તનત પર ફરીથી કબજો કર્યો હતો.

# મંકીપોક્સનો વધતો ખતરો : એરપોર્ટ પર એલર્ટ જાહેર કરતું કેન્દ્ર

## ત્રણ હોસ્પિટલ નોડલ સેન્ટર તરીકે કરાઈ નક્કી, WHOની ચેતવણી બાદ ભારત સરકાર પણ સજાગ



(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

વિશ્વમાં મંકીપોક્સ મહામારી આરોગ્ય કટોકટી જાહેર કર્યા બાદ ડબ્લ્યુએચઓની ચેતવણીને પગલે ભારતમાં પણ સાવચેતીની હાલબેલ વગાડવામાં આવી છે. કેન્દ્ર સરકારે તમામ એરપોર્ટ પર એલર્ટ જાહેર કર્યું છે અને બંગ્લાદેશ તથા પાકિસ્તાનથી આવનારા ઉતારુ સહિતના તમામ મુસાફરોના ચેકિંગ માટે તમામ એરપોર્ટ સત્તાવાળાઓને સાવધ કરવામાં આવ્યા છે. કેન્દ્રના આરોગ્ય મંત્રાલય દ્વારા મહામારી અંગે એલર્ટ જાહેર કરાયું છે. સરકારે મહામારીના કોઈ દર્દી હોય તો તેને આઈસોલેટ કરીને અલગથી સારવાર થઈ શકે એ માટે દિલ્હીની ત્રણ હોસ્પિટલને મંકીપોક્સ સારવાર નોડલ સેન્ટર તરીકે નિશ્ચિત કરી છે. તમામ રાજ્યોને પણ મહામારી માટે અલગ હોસ્પિટલ નક્કી કરી લેવા કેન્દ્ર સરકારે આદેશ આપ્યો છે. અત્યારે વિશ્વભરમાં અને ખાસ કરીને આફ્રિકાના કોંગો દેશમાં મહામારીના ૨૭,૦૦૦ કેસ નોંધાયા છે અને ૧૧૦૦થી વધુનાં મોત થયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રિન્સિપાલ સેક્રેટરી પી.કે. મિશ્રાની અધ્યક્ષતામાં ઉચ્ચકક્ષાની બેઠક યોજાઈ હતી, જેમાં મહામારીનો સામનો કરવા માટે તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી. સરકારી સૂત્રો કહે છે કે હજી સુધી દેશમાં મહામારીનો એકપણ કેસ નોંધાયો નથી છતાં સરકાર સાવધ છે કેમ કે મંકીપોક્સનો નવો વાયરસ બહાર આવ્યો છે તે ખુબ જ ચેપી છે. એટલે મોટાપાયે રોગચાળો ફાટી નીકળવાનો ડર રહે છે.

# કાશ્મીરી વકીલની હત્યા કેસમાં ધરપકડ સાથે અનેક પ્રશ્નો અનુત્તરિત રહી જાય છે

(એજન્સી) તા.૧૯

આજથી ચાર વર્ષ પહેલાં શંકાસ્પદ આતંકવાદીઓએ ૪૦ વર્ષીય બાબર કાદરીની શ્રીનગરમાં તેમના ઘરની અંદર ગોળી મારીને હત્યા કરી હતી, જે એક સ્પષ્ટવક્તા વકીલ અને ટેલિવિઝન પેનલિસ્ટ હતા. આ હત્યા પાછળ કોઈ આતંકવાદી સંગઠન નથી. મે ૨૦૨૧માં પોલીસે પાકિસ્તાન સ્થિત લશ્કર-એ-તૈયબાના આતંકવાદી જૂથના કથિત રીતે રિબ્રાન્ડેડ સંસ્કરણ 'ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ'ના જિલ્લા કમાન્ડર સહિત આ કેસમાં છ આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરી હતી. જો કે, વકીલના પરિવારજનોને વિશ્વાસ થયો ન હતો. તેઓએ જમ્મુ અને કાશ્મીર પોલીસ સિવાય અન્ય એજન્સી દ્વારા આ હત્યાની તપાસની માંગ કરી હતી.

શ્રીનગરની અદાલતમાં આ કેસ ચલાવવામાં આવ્યો હતો. કોર્ટે બે આરોપીઓને જામીન પર છોડી દીધા હતા કારણ કે, પોલીસ તેમની સામે કોઈ પુરાવા લાવવામાં નિષ્ફળ રહી હતી. કોર્ટે આ કેસને જમ્મુ અને કાશ્મીર પોલીસની સ્પેશિયલ વિંગ સ્ટેટ ઈન્વેસ્ટિગેશન એજન્સીને ટ્રાન્સફર કરી દીધો.

કાદરીની હત્યાની સરખામણી ૨૦૧૮માં પત્રકાર શુજાત બુખારીની હત્યા સાથે કરવામાં આવી છે. પોલીસે મૂળ રૂપે બુખારીની હત્યા માટે લશ્કર-એ-તૈયબાના આતંકવાદીઓને જવાબદાર ઠેરવ્યા હતા અને તેમને ગોળીબારમાં માર્યા હોવાનો દાવો કર્યો હતો. પરંતુ પત્રકારની હત્યા આજ દિન સુધી એક રહસ્ય બની રહી છે, કારણ કે, પોલીસ તેની હત્યા પાછળના મોટા કાવતરા અંગે વિશ્વાસપાત્ર ખુલાસો કરવામાં નિષ્ફળ રહી છે. જો કે, કાદરીના કેસમાં વધુ આશાસ્પદ વળાંક આવ્યો હોવાનું જણાય છે. આ વર્ષે ૨૫ જૂનના રોજ રાજ્ય તપાસ એજન્સીએ એક સફળતા મેળવી હતી. તેણે મિયાં અબ્દુલ કયૂમની ધરપકડ કરી, જે એક પ્રખ્યાત



વકીલ અને રાજ્યમાં પ્રભાવશાળી અલગતાવાદી અવાજ છે. તેઓ કાદરી કયૂમના ટીકાકાર તરીકે જાણીતા હતા. તેમની વચ્ચે ઘર્ષણ કાશ્મીરના વકીલોમાં જાણીતો હતો. જો કે, પોલીસે અત્યાર સુધી કયૂમની ધરપકડના કારણોની વિગતો આપતા કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી.

કાદરીના પરિવારે કયૂમની ધરપકડ પર સાવધાનીપૂર્વક પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, અમારી અનેક અરજીઓ પછી આખરે કેસમાં પુનઃ તપાસ થઈ રહી છે, અમને આશા છે કે, બાબરની હત્યા પાછળના કાવતરાનો આખરે પર્દાફાશ થશે. કયૂમને કાશ્મીરીઓના સ્વ-નિર્ણયના અધિકારના હિમાયતી તરીકે ઓળખવામાં આવે છે અને તેને પાકિસ્તાન તરફી અલગતાવાદીઓની નજીક ગણવામાં આવે છે. તેઓ જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટ બાર એસોસિએશનના ૨૦ વખત પ્રમુખ પણ રહ્યા હતા. કયૂમની ધરપકડના બે અઠવાડિયા પહેલાં જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટ બાર એસોસિએશને જાહેરાત કરી હતી કે, તે મહિનાના અંત સુધીમાં વાર્ષિક ચૂંટણી યોજશે. ઓગસ્ટ ૨૦૨૨માં જમ્મુ અને કાશ્મીર પોલીસે કાદરી હત્યા કેસના સંબંધમાં શ્રીનગરમાં કયૂમના ઘર અને અન્ય બે વકીલોના ઘરે દરોડા પાડ્યા હતા. આ ધરપકડ કરવામાં લગભગ બે વર્ષનો સમય લાગ્યો છે.

જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટ બાર એસોસિએશનના એક સભ્યે કહ્યું કે, અમે નિશ્ચિતપણે કંઈ કહી શકતા નથી પરંતુ બાર એસોસિએશનની ચૂંટણીની જાહેરાત કરવામાં આવી ત્યારે તેની ધરપકડ કરવામાં આવી હતી. આ પહેલાં પણ તેને આ જ કેસમાં અનેક વખત સમન્સ પાઠવવામાં આવ્યા હતા. તેઓ તેની અગાઉ પણ ધરપકડ કરી શક્યા હોત. શ્રીનગર જિલ્લા મેજિસ્ટ્રેટે બાર એસોસિએશનની ચૂંટણી માટે પરવાનગી આપવાનો ઈન્કાર કર્યો હતો અને દલીલ કરી હતી કે, તે શાંતિનો ભંગ અને જાહેર વ્યવસ્થામાં વિક્ષેપ થઈ શકે છે. કયૂમની ધરપકડના અઠવાડિયા પછી તેના ભત્રીજા સહિત બાર એસોસિએશનના અન્ય ત્રણ સભ્યોને કાશ્મીરના કડક નિવારક કાયદા હેઠળ અટકાયતમાં લેવામાં આવ્યા છે.

કાદરીના પરિવારના જણાવ્યા મુજબ કાદરીને ધમકીઓ મળતી હતી અને તેની હત્યા પહેલા તેની હત્યાના બે પ્રયાસમાં તે બચી ગયો હતો. તેમની હત્યા સમયે કાદરીના પરિવારે આરોપ લગાવ્યો હતો કે, વકીલે પોલીસ સુરક્ષા માંગી હતી પરંતુ તેને નકારી કાઢવામાં આવી હતી. જો કે, જમ્મુ અને કાશ્મીર પોલીસે જણાવ્યું હતું કે, કાદરીને તે જે વિસ્તારમાં રહેતા હતા ત્યાંની ભીડને કારણે પોલીસ દ્વારા તેમનું નિવાસ સ્થાન બદલવાની સલાહ આપવામાં આવી હતી. કાદરીએ સ્થળાંતર કરવાનો ઈન્કાર કર્યો હતો. તેની હત્યાના કલાકો પહેલાં કાદરીએ તેના ફેસબૂક પ્રોફાઈલ પર એક વીડિયો પોસ્ટ કર્યો હતો, જેમાં તેના જીવને જોખમ છે એવું કહ્યું હતું. વીડિયો તેની પ્રોફાઈલ પર ઉપલબ્ધ છે, વકીલે કયૂમ અને જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટ બાર એસોસિએશનની કામગીરીની ટીકા કરી હતી. ટૂંક સમયમાં જ બાર એસોસિએશન દ્વારા કાદરીની સદસ્યતા રદ કરવામાં આવી હતી, જો કે, સસ્પેન્શનનો આદેશ તેમને ક્યારેય આપવામાં આવ્યો ન હતો. મોહમ્મદ કાદરીએ એમ પણ કહ્યું હતું કે, કયૂમે ચૂંટાયા પછી તેમના પુત્રનું બારમાંથી સસ્પેન્શન રદ કરવાનું વચન આપ્યું હતું. તેની હત્યાના અઠવાડિયા પહેલાં કાદરીની બારમાંથી સસ્પેન્શન રદ કરવાની અરજી ફગાવી દેવામાં આવી હતી. કાદરીએ સપ્ટેમ્બર ૨૦૨૦ની શરૂઆતમાં સ્થાનિક સમાચાર એજન્સીને જણાવ્યું હતું.

પોલીસે નવેમ્બર ૨૦૨૦માં હત્યા પાછળના ત્રણ કથિત હુમલાખોરોની ધરપકડ કરી હતી, ત્યારે તપાસ ઘણા નિર્ણાયક પાસાઓ પર જવાબ આપવામાં નિષ્ફળ રહી હતી. ૫ મે, ૨૦૨૧ના રોજ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ દ્વારા દાખલ કરવામાં આવેલી ચાર્જશીટ મુજબ કાદરીને મારવાની યોજના શ્રીનગરની સેન્ટ્રલ જેલમાં કાશ્મીરના કુપવાડા જિલ્લાના મૌલવી મુનીર અઝીઝ વાર અને અન્ય અંડરટ્રાયલ, તૌસીફ અહમદ શાહ દ્વારા બનાવવામાં આવી હતી. તપાસ દરમિયાન કાદરીના સંબંધીઓએ ત્રણેયની ઓળખ કરી હતી જેઓ તે દિવસે તેમના ઘરે આવ્યા હતા અને કાદરીને ગોળી મારી હતી. તેમણે કહ્યું કે, અમે જાણીએ છીએ કે તેઓએ તેમની હત્યા કરનારા લોકોને પકડ્યા છે. પરંતુ અમે જાણવા માંગીએ છીએ કે, તેની હત્યા શા માટે કરવામાં આવી હતી અને તેની હત્યા કરવાના મોટા કાવતરા પાછળ કોણ હતું. બીજું, કાદરીને મારવા માટે વપરાયેલું હથિયાર મળી આવ્યું નથી. ત્રીજું, ચાર્જશીટ એ જણાવતી નથી કે બે અંડરટ્રાયલ કેવી રીતે કાદરીની હત્યા કરવાની યોજના ઘડવામાં અને ખરેખર હત્યાને અંજામ આપનાર આરોપી સુધી પહોંચાડવામાં સફળ થયા હતા. રાજ્ય તપાસ એજન્સીના અધિકારીએ સ્ક્રોલને જણાવ્યું હતું કે, તપાસ ચાલુ છે અને તે પૂર્ણ થયા પાકી આ કેસને લગતા તમામ પ્રશ્નોના જવાબ આપવામાં આવશે.

# નબળી માંગ વચ્ચે સ્ટોર વિસ્તરણ મંદ પડી જવાને પગલે ભારતના ટોચના રિટેલર્સે ૨૬,૦૦૦ નોકરીઓમાં કાપ મૂક્યો

## નાણાકીય વર્ષ ૨૪માં રિલાયન્સ, ટાઈટન અને રેમન્ડ સહિતના મોટા ભારતીય રિટેલરોએ લગભગ ૨૬,૦૦૦ નોકરીઓમાં કાપ મૂક્યો હતો, જે નબળી માંગ વચ્ચે ધીમા સ્ટોર વિસ્તરણને કારણે અગાઉની ભરતીના વલણોને બદલે છે, ફુગાવા જેવા આર્થિક પડકારો અને ગ્રાહક ખર્ચમાં ઘટાડો રિટેલ વેચાણ વૃદ્ધિમાં ઘટાડા તરફ દોરી જતા રિટેલ સેક્ટરનું વર્કફોર્સ ૧૭ ટકા ઘટ્યું છે

(એજન્સી) તા.૧૯

FY૨૪માં ભારતમાં લગભગ એક ડઝન લિસ્ટેડ જીવનશૈલી, કરિયાણાના રિટેલર્સ અને ક્વિક-સર્વિસ રેસ્ટોરન્ટ્સ (QSR)એ સામૂહિક રીતે લગભગ ૨૬,૦૦૦ કર્મચારીઓ દ્વારા તેમના કર્મચારી સંખ્યાબળ ઘટાડ્યું હતું. આનાથી પાછલા બે નાણાકીય વર્ષોના હાયરિંગ સ્પ્રીમાંથી તીવ્ર વિરોધાભાસ જોવા મળ્યો હતો, કારણ કે ગ્રાહકોની નબળી પડતી માંગ વચ્ચે કંપનીઓએ સ્ટોરના વિસ્તરણની ગતિમાં ઘટાડો કર્યો હતો. મીડિયા અહેવાલ મુજબ કર્મચારીઓની સંખ્યામાં ઘટાડો મુખ્યત્વે પાંચ મોટા રિટેલર્સ દ્વારા કરવામાં આવ્યો હતો જેમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની રિટેલ આર્મ, ટાઈટન, રેમન્ડ, પેજ ઈન્ડસ્ટ્રીઝ અને સ્પેન્સરનો સમાવેશ થાય છે. સાથે મળીને, આ કંપનીઓએ તેમના સંયુક્ત કાર્યબળમાં ૧૭ ટકા જેટલો ઘટાડો જોયો, જેનાથી અંદાજે ૫૨,૦૦૦ કર્મચારીઓની ઘટ પડી. આ આંકડામાં કાયમી અને કરાર આધારિત સ્ટાફનો સમાવેશ થાય છે, જે એટ્રિશન માટે સમાયોજિત છે. આ કંપનીઓ, જેમણે F૨૨૩માં ૪૫૫,૦૦૦ લોકોને રોજગારી આપી હતી, F૨૨૪માં તેમના કર્મચારીઓની સંખ્યા ઘટીને ૪૨૯,૦૦૦ થઈ ગઈ હતી. રિટેલર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાના સીઈઓ કુમાર રાજગોપાલને પ્રતિભા સંપાદનમાં પડકારો પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે કહ્યું, "અહીં પ્રતિભાની અછત છે અને અમે ઉદ્યોગને વધુ ભરતીના વિકલ્પો પ્રદાન કરવા માટે યુનિવર્સિટીઓ સાથે સહયોગ કરવા માટે કામ કરી રહ્યા છીએ. જ્યારે કેટલીક કંપનીઓએ વ્યવસાય બંધ થવાને કારણે સ્ટાફ ઘટાડ્યો છે, જ્યારે અન્ય શોપર્સ સ્ટોપ અને ટ્રેન્ટ વિસ્તરણ કરવાનું ચાલુ રાખે છે અને તેમને વધારાના કર્મચારીઓની જરૂર પડશે." અહેવાલમાં ઉમેરવામાં આવ્યું છે કે છૂટક ભરતીમાં મંદી આવી છે કારણ કે ભારતીય ગ્રાહકોએ દિવાળી ૨૦૨૨થી વસ્ત્રો, જીવનશૈલી ઉત્પાદનો, ઈલેક્ટ્રોનિક્સ અને ડાઈનિંગ આઉટ પર બિન-આવશ્યક ખર્ચને રોકવાનું શરૂ કર્યું છે. ફુગાવો, વધતા વ્યાજ દરો, સ્ટાર્ટઅપ્સ જેવા ક્ષેત્રોમાં નોકરીની ખોટ જેવા પરિબળો અને IT, અને સામાન્ય આર્થિક મંદીએ આ પરિવર્તનમાં ફાળો આપ્યો છે. "પ્રત્યાઘાતી ખરીદી" દ્વારા સંચાલિત, રોગચાળા પછીના ખર્ચમાં વધારાને પગલે ગયા વર્ષે ભારતમાં છૂટક વેચાણની વૃદ્ધિ ૪ ટકા મંદ પડી હતી.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે તેના વાર્ષિક અહેવાલમાં નોંધ્યું છે કે નાણાકીય વર્ષ ૨૪માં સ્વૈચ્છિક વિભાજન નાણાકીય વર્ષ ૨૩ની તુલનામાં નીચું હતું, જે રિટેલ ક્ષેત્રના ઉચ્ચ કર્મચારી ટર્નઓવર દરના ઘટાડાને આભારી છે, ખાસ કરીને સ્ટોર ઓપરેશન્સમાં.

મીડિયા અહેવાલને ટાંક્યા મુજબ રિટેલ કન્સલ્ટિંગ ફર્મ થર્ડ આઈસાઈટના સ્થાપક દેવાંગશુ દત્તાએ ધ્યાન દોર્યું હતું કે સ્ટોરની ઉત્પાદકતા ચક્રમાં વધઘટ થતી હોય છે. "રોગચાળા પછી, અમે ઉપભોક્તા ખર્ચમાં વધારો જોયો, જે રિટેલરોને તેમના નેટવર્કને વિસ્તૃત કરવા માટે પ્રોત્સાહિત કરે છે. જો કે, જો કેટલાક સ્ટોર્સ અવ્યવહારૂ સાબિત થાય છે, તો મેનેજમેન્ટ ટીમો હવે તેમને બંધ કરવામાં વધુ ઉદ્દેશ્ય, નિર્દય પણ છે. વધુમાં, ipoની યોજના બનાવી રહેલ કંપનીઓ ઘણી વાર ઓપરેશન ખર્ચ ઘટાડવાનો વિકલ્પ અપનાવે છે જો કે અમે તેને સીધી રીતે રિલાયન્સ સાથે જોડી શકતા નથી."

રિટેલરોએ પણ તેમના સ્ટોરના વિસ્તરણની ગતિ ધીમી કરી છે, આ ક્ષેત્રે માત્ર ૯ ટકાનો વૃદ્ધિ દર નોંધ્યો છે, જે ઓછામાં ઓછા પાંચ વર્ષમાં સૌથી ધીમો છે. કોમર્શિયલ રિયલ એસ્ટેટ ફર્મ CBRE મુજબ રિટેલ સેક્ટરે ૨૦૨૩માં ભારતના ટોચના આઠ શહેરોમાં ૭૦.૧ લાખ ચોરસ ફૂટ જગ્યા શોષી લીધી હતી, જે ૨૦૨૪માં ઘટીને ૬૦-૬૦.૫ લાખ ચોરસ ફૂટ થવાની ધારણા છે. એવન્યુ સુપરમાર્ટ્સના CEO અને MD નેવિલ નોરોન્હાએ વ્યૂહાત્મક પ્રતિભા સંચાલનના મહત્ત્વ પર ભાર મૂક્યો કારણ કે કંપની આ પડકારોને નેવિગેટ કરે છે. તેમણે રોકાણકારોને કહ્યું કે, "આગામી દાયકામાં ટકાઉ વૃદ્ધિની ખાતરી કરવા માટે, આપણે આજે અને આવનારા વર્ષોમાં આપણને કેવા પ્રકારની પ્રતિભાની જરૂર છે તે વિશે વિચારવું જોઈએ."

# મહિલાઓને દર મહિને રૂા.૫૦૦૦, કાશ્મીરી પંડિતોનું પુનર્વસન : જમ્મુ અને કાશ્મીરની ચૂંટણીઓ માટે નેશનલ કોન્ફરન્સના ચૂંટણી ઢંઢેરાની મુખ્ય વિશેષતાઓ

## નેશનલ કોન્ફરન્સે જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી પહેલાં તેનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે, જમ્મુ અને કાશ્મીરની રાજકીય અને કાનૂની સ્થિતિની પુનઃ સ્થાપના અને કાશ્મીરી પંડિતોનું પુનર્વસન મેનિફેસ્ટોના મુખ્ય વચનોમાંનું એક છે

(એજન્સી) શ્રીનગર, તા.૧૯

જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી હોવાથી રાજકીય વાતાવરણ ગરમ થવા લાગ્યું છે. નેશનલ કોન્ફરન્સે ગઈકાલે પોતાનો ચૂંટણી મેનિફેસ્ટો જાહેર કર્યો હતો. પાર્ટીના ઉપાધ્યક્ષ ઓમર અબ્દુલ્લાએ ચૂંટણી મેનિફેસ્ટો જાહેર કરતા કહ્યું કે, દસ્તાવેજને ફ્રેમ બનાવવા માટે સામાન્ય લોકો પાસેથી સૂચનો આમંત્રિત કરવામાં આવે છે. મેનિફેસ્ટોમાં ૧૨ ગેરંટી છે, જેમાં કેન્દ્રશાસિત પ્રદેશોની રાજકીય અને કાનૂની સ્થિતિની પુનઃ સ્થાપના, પબ્લિક સેફ્ટી એક્ટને રદ કરવો, જમીનનું રક્ષણ, રાજકીય કેદીઓની મુક્તિ અને કાશ્મીરી પંડિતોનું પુનર્વસનનો સમાવેશ થાય છે. ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે, સંસદની ચૂંટણીઓ પૂર્ણ થયા પછી અમે વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ શરૂ કરી દીધી છે. ફારૂક અબ્દુલ્લા દ્વારા મેનિફેસ્ટોની રચના વરિષ્ઠ નેતા અબ્દુલ રહીમ રાથેરને આપવામાં આવી હતી. અમારા માટે મેનિફેસ્ટો સૌથી મહત્ત્વની બાબત હતી. સમિતિની રચના કર્યા પછી રાથેર સાહેબે જમ્મુ-કાશ્મીરના લોકો જે દુઃખનો સામનો કરી રહ્યા છે તેમાંથી કેવી રીતે છૂટકારો મેળવવો તે અંગે પક્ષકારો સાથે ચર્ચા કરી હતી. તેમણે કહ્યુ કે, અમે સામાન્ય લોકો પાસેથી સૂચનો આમંત્રિત કર્યા છે. અમને એ જોઈને આશ્ચર્ય થયું છે કે, અમારા મેનિફેસ્ટો માટે NC કાર્યાલયને ૧૦૦૦થી વધુ ઈ-મેઈલ, પત્રો અને સંદેશાઓ મોકલવામાં આવ્યા હતા. દરેક સૂચનને ધ્યાનમાં લેવામાં આવ્યું હતું અને અમે તે સૂચનોમાં માર્ગો શોધવાનો અમારા સ્તરે શ્રેષ્ઠ પ્રયાસ કર્યો હતો. આ માત્ર ચૂંટણીનો દસ્તાવેજ નથી, તે અમારા શાસનનો અમારો એજન્ડા છે, અમે તેને આગામી પાંચ વર્ષ માટે રોડમેપ તરીકે તૈયાર કર્યો છે.

**નેશનલ કોન્ફરન્સના પોલ મેનિફેસ્ટોના મુખ્ય મુદ્દાઓ :**

- જમ્મુ અને કાશ્મીરની રાજકીય અને કાનૂની સ્થિતિની પુનઃ સ્થાપના.
- સામાન્યતા પુનઃ સ્થાપિત
- પબ્લિક સેફ્ટી એક્ટને રદ કરવો
- જમીનનું રક્ષણ, ભૂમિહીન માટે નીતિ.
- ભારત અને પાકિસ્તાન વચ્ચે વાતચીતને પ્રોત્સાહિત કરો.
- રાજકીય કેદીઓની મુક્તિ.
- કાશ્મીરી પંડિતોનું પુનર્વસન.
- મહિલાઓને દર મહિને ૫૦૦૦ના રાહત પેકેજની સાથે સામાજિક કલ્યાણની ગેરંટી અને વર્ષમાં ૧૨ ગેસ સિલિન્ડર મફત.
- પાસપોર્ટ વેરિફિકેશન પ્રક્રિયાને સરળ બનાવવામાં આવશે.
- નોકરીઓની ગેરવાજબી સમાપ્તિ સુધારવામાં આવશે.
- રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર લોકોને બિનજરૂરી હેરાનગતિ બંધ કરવામાં આવશે.
- બેરોજગાર યુવાનો માટે વ્યાપક જોબ પેકેજ.

ઉપરોક્ત વચનો ઉપરાંત નેશનલ કોન્ફરન્સે યુટીમાં વીજળી અને પાણીની કટોકટીમાંથી રાહતની ખાતરી પણ આપી હતી. ફારૂક અબ્દુલ્લાની આગેવાની હેઠળની પાર્ટીએ યુટીમાં હાઈડ્રોપાવર પ્રોજેક્ટના ટ્રાન્સફર અને વાડા રિપોર્ટ અને જેકેએનસીની ડ્રગ મેનેસ નાબૂદી પ્રતિબદ્ધતાના અમલીકરણનું વચન પણ આપ્યું હતું. મેનિફેસ્ટોમાં મજબૂત સ્વાસ્થ્ય માળખાકીય સુવિધાઓ, પ્રવાસન, ઉદ્યોગ અને ખાણકામ પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. ભારતીય ચૂંટણી પંચ (ECI)એ જમ્મુ અને કાશ્મીર વિધાનસભા ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરી હતી. કેન્દ્રશાસિત પ્રદેશમાં ૧૮ સપ્ટેમ્બર, ૨૫ સપ્ટેમ્બર અને ૧ ઓક્ટોબરે ત્રણ તબક્કામાં ચૂંટણી યોજાશે. હરિયાણાની સાથે ૪ ઓક્ટોબરે મતોની ગણતરી કરવામાં આવશે.

# કોંગ્રેસ દ્વારા 'સાઈડલાઈન' કરવામાં આવેલા અને 'ક્રોસ વોટિંગ' માટે તપાસ હેઠળના ધારાસભ્ય ઝીશાન સિદ્દીકીએ અજિત પવારની યાત્રામાં હાજરી આપી

## ઝીશાનના પિતા કોંગ્રેસ છોડીને અજિત પવારની NCPમાં જોડાયા હતા, ઝીશાન કહે છે કે, તેઓ પ્રતિસ્પર્ધી પક્ષમાં જોડાવાની યોજના ધરાવતા નથી પરંતુ વિશ્લેષકો જણાવે છે કે, તેમને ડર છે કે, તેમને વિધાનસભાની ચૂંટણીમાં ટિકિટ નહીં મળે

(એજન્સી) મુંબઈ, તા.૧૯

અજિત પવારની આગેવાની હેઠળની એનસીપીના મંચ પરથી કોંગ્રેસના ધારાસભ્ય ઝીશાન સિદ્દીકીએ તેમની પોતાની પાર્ટીની નિંદા કરતા કહ્યું કે, તેમના પોતાના લોકોએ તેમને તેમના મતવિસ્તારમાં કામ કરતા રોકવાનો પ્રયાસ કર્યો છે, જ્યારે નાયબ મુખ્યપ્રધાન પવાર હંમેશા તેઓને મદદ કરે છે. હું ધારાસભ્ય બન્યો ત્યારથી મને મારા મતવિસ્તાર માટે ભંડોળ મેળવવામાં સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. તે સમયે મને કહેવામાં આવ્યું કે, આ મુખ્યમંત્રીનો વિસ્તાર છે અને અમે કંઈ કરી શકતા નથી. તે સમયે અજિત પવાર મને મદદ કરતા હતા. મારા પોતાના ઘણા લોકો મને મારા વિસ્તારમાં કામ કરતા રોકવાનો પ્રયાસ કરી રહ્યા છે પરંતુ હું તમને ખાતરી આપું છું કે, તમારા સમર્થનથી હું ફરી એકવાર ધારાસભ્ય બનીશ. કેટલાક લોકો માત્ર 'મોહબ્બત કી દુકાન'ની વાત કરે છે પરંતુ મોહબ્બત આપણા દિલમાં હોવી જોઈએ. આ ટિપ્પણી તેમના પક્ષના નેતૃત્વ પ્રત્યે સિદ્દીકીની વધતી જતી નારાજગીના સંકેત તરીકે જોવામાં આવે છે અને તેમના મતવિસ્તારમાંથી



ટિકિટ નકારવામાં આવે તેવી પણ આશંકા છે. વાંદ્રે પૂર્વના ધારાસભ્યના પિતા બાબા સિદ્દીક જે કોંગ્રેસના જૂના હાથ હતા, તેઓ ફેબ્રુઆરીમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)ના પવારના નેતૃત્વવાળા જૂથમાં જોડાયા હતા.

ઝીશાન ગયા મહિનાની વિધાન પરિષદ (MLC) ચૂંટણીઓથી કોંગ્રેસ દ્વારા તપાસ હેઠળ છે, કોંગ્રેસના છથી સાત ધારાસભ્યોએ ક્રોસ વોટિંગ કર્યું હતું, જેના કારણે વિપક્ષ મહા વિકાસ અઘાડી (MVA) એક બેઠક ગુમાવી હતી. MVAમાં કોંગ્રેસ, શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) અને શરદ પવારના NCP જૂથનો સમાવેશ થાય છે. ઝીશાને એમએલસી ચૂંટણી પહેલાં પાર્ટી દ્વારા બોલાવવામાં આવેલી મીટિંગમાં હાજરી ન આપી હોવાથી તેના પર આંગળીઓ ઉઠાવવામાં આવી હતી.

જો કે, ઝીશાને તે પવાર સાથે જોડાવાનો ઈન્કાર કર્યો છે અને કહ્યું કે, હું કોંગ્રેસમાં જ છું. આ રેલી અજિત પવારને 'લાડકી બહેન યોજના' માટે આભાર માનવા માટે છે જેણે મારા મતવિસ્તારમાં લગભગ ૨૦,૦૦૦ મહિલાઓને લાભ આપ્યો છે. રાજકીય વિશ્લેષક હેમંત દેસાઈના મતે આ આશ્ચર્યજનક નથી. અજિત પવાર મુંબઈમાં મુસ્લિમોમાં એક આધાર બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે અને બાબા સિદ્દીક સાથે તેમની છાવણીમાં કોંગ્રેસમાં ઝીશાન માટે બહુ વધુ મહત્ત્વ નથી. ગયા જુલાઈમાં અજિત પવાર તેમના કાકાથી અલગ થઈ ગયા હતા અને એકનાથ શિંદે શિવસેના અને બીજેપીના શાસક મહાયુતિ ગઠબંધનમાં જોડાયા હતા. કોંગ્રેસના કેન્દ્રીય નેતા કે.સી. વેણુગોપાલે ક્રોસ વોટિંગ કરનારા ધારાસભ્યો સામે શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે કે કેમ અને શું તેમને ટિકિટ આપવાનો ઈનકાર કરવામાં આવશે એવું પૂછતાં તેમણે કહ્યું હતું કે, ક્રોસ વોટિંગ કરનારા ધારાસભ્યો સામે કાર્યવાહી કરવામાં આવી છે અને તમે ભવિષ્યમાં પરિણામ જોશો. શિસ્ત ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. બાબા સિદ્દીક ફેબ્રુઆરીમાં અજિત પવાર કેમ્પમાં જોડાયા પછી ઝીશાનને યુથ કોંગ્રેસના પ્રમુખ પદેથી હટાવી દેવામાં આવ્યા હતા.

તેમણે એમ પણ કહ્યું છે કે, કોંગ્રેસ લઘુમતીઓ સાથે હોવાનો દાવો કરે છે. પરંતુ કોઈ મુસ્લિમ નેતા મુંબઈ કોંગ્રેસના અધ્યક્ષ બન્યા નથી. કોંગ્રેસ મુસ્લિમોનું રક્ષણ કરવાનો દાવો કરે છે, પરંતુ કોંગ્રેસ અને યુથ કોંગ્રેસમાં સાંપ્રદાયિકતા છે તે બીજે ક્યાંય જોવા મળતી નથી. તેમણે આરોપ લગાવ્યો કે, જ્યારે તે 'ભારત જોડો યાત્રા'ના પ્રથમ ચરણ દરમિયાન રાહુલ ગાંધીને મળવા માંગતા હતા ત્યારે તેમને ૧૦ કિલો વજન ઘટાડ્યા પછી આવવા માટે કહેવામાં આવ્યું હતું. થોડા અઠવાડિયાં પહેલાં મુંબઈ પોલીસે ઝીશાન અને અન્ય સાત લોકો સામે ઝૂંપડપટ્ટી પુનર્વસન સત્તામંડળ (SRA)ના અધિકારીઓને બાંદ્રામાં સર્વેક્ષણ કરવામાં અવરોધ કરવા બદલ કેસ નોંધ્યો હતો.

# મુખ્યમંત્રી બિરેનસિંહે કથિત રીતે રાજ્યના સંઘર્ષ માટે શ્રેયનો દાવો કરતા કહ્યું હતું કે, 'મેં ઓપરેશન શરૂ કર્યું છે'; 'કુકીઓ ST ક્વોટા દ્વારા સરકારી પોસ્ટ્સ મેળવે છે'

## બિરેનસિંહે કથિત રીતે કુકી મહિલાઓની નગ્ન પરેડ વિશે કહ્યું હતું કે, 'તેઓ પર બળાત્કાર થયો હતો તેનો કોઈ પુરાવો છે ?'

## મણિપુરમાં હિંસા અંગે તપાસ પંચને સુપરત કરાયેલ રેકોર્ડિંગમાં મુખ્યમંત્રી જેવા હોદ્દા પરની વ્યક્તિ પર એવા પ્રશ્નો ઊભા થાય છે જેને ગેરબંધારણીય ગણી શકાય છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

જ્યારથી મણિપુરમાં મેઈતેઈ-કુકી વંશીય સંઘર્ષ ફાટી નીકળ્યો છે ત્યારથી રાષ્ટ્રીય અને રાજ્ય-આધારિત મીડિયા બંને સંભવિત કારણો અંગેના અહેવાલો આપ્યા છે. મોટાભાગના મેઈતેઈ સમુદાયને અનુસૂચિત જનજાતિ (ST)નો દરજ્જો આપવાની ભલામણ કરતા વિવાદાસ્પદ મણિપુર હાઈકોર્ટના આદેશ પર આંગળી ચીંધે છે. સુપ્રીમ કોર્ટે આ ચુકાદો લખનાર જજની બદલી કરી હતી. કુકી અને મેઈતેઈ બંને સમુદાયોના નેતાઓએ આ સંઘર્ષ માટે એકબીજાને દોષી ઠેરવ્યા છે. ઓછામાં ઓછા ૨૨૬ લોકોના જીવ ગયા છે અને હજારો લોકો આંતરિક રીતે વિસ્થાપિત થયા છે, તે સ્પષ્ટ છે કે, મે મહિનામાં ફાટી નીકળેલી હિંસા માટે હાઈકોર્ટનો આદેશ જ માત્ર કારણભૂત નથી. સંઘર્ષના પ્રથમ થોડા દિવસો દરમિયાન રાજ્યની રાજધાની ઈમ્ફાલ સહિત ખીણના વિસ્તારોમાં મેઈતેઈના ટોળા દ્વારા કુકી સમુદાય સાથે સંકળાયેલા કેટલાક વરિષ્ઠ સરકારી અધિકારીઓના નિવાસસ્થાનો પર હુમલો કરવામાં આવ્યો હતો. કુકી સમુદાયના લોકોને લઈ જતી એમ્બ્યુલન્સ પર પણ હુમલો કરવામાં આવ્યો હતો અને તેમના રહેવાસીઓ માર્યા ગયા હતા. મુખ્યપ્રધાન ઓડિયો ક્લિપમાં તેનો ઉલ્લેખ કરતા સાંભળી શકાય છે કે, મેઈતેઈ ટોળા દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો અને કુકીઓનો મૃત્યુઆંક વધ્યો હતો. ખીણ વિસ્તારોમાં સમુદાયના લોકોની માલિકીના રહેઠાણો, ચર્ચ અને વ્યાપારી સંસ્થાઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. ડિસેમ્બર ૨૦૨૩માં સર્વોચ્ચ અદાલતે રાજ્ય સરકારને સંઘર્ષ દરમિયાન નાશ પામેલા ૩૫૦૦ જેટલા ચર્ચોને પુનઃ સ્થાપિત કરવા જણાવ્યું હતું, જેમાંથી મોટાભાગના કુકીઓના હતા. આ ઓડિયો રેકોર્ડિંગમાં એવો પણ સંકેત છે કે, કુકી સમુદાય રાજ્યમાં ગેરકાયદેસર ડ્રગ્સના વેપારમાં સામેલ છે. વંશીય સંઘર્ષ દરમિયાન 'ક્રોસ બોર્ડર નાર્કો-ટેરરિઝમ' શબ્દ ઘણીવાર આવ્યો છે. બાંગ્લાદેશ અને મ્યાનમારથી બહાર આવેલા કુકી સશસ્ત્ર જૂથો, મણિપુર સરકારની 'ડ્રગ્સ વિરુદ્ધ યુદ્ધ' નીતિનો વિરોધ કરે છે. મણિપુર ટેપના બીજા ભાગમાં મુખ્યપ્રધાન એન. બિરેનસિંહનો કથિત અવાજ અમુક વ્યક્તિઓના જૂથને એવું કહેતા સાંભળી શકાય છે કે, તેઓએ બે યુવાન કુકી-ઝો મહિલાઓના વાયરલ વીડિયો વિશે બચાવ ન કરવો જોઈએ. જુલાઈ ૨૦૨૩માં જ્યારે બે મહિલાઓનો એક વીડિયો સામે આવ્યો, ત્યારે આ ભયાનક કૃત્ય સામે આક્રોશ સમગ્ર દેશમાં હતો. સિવિલ સોસાયટી જૂથોએ પણ તેની સામે અવાજ ઊઠાવ્યો હતો, જેમાં શક્તિશાળી મહિલા મંડળ, મીરા પાઈબીનો સમાવેશ થાય છે, જેના સભ્યોએ મુખ્ય આરોપી સહિત વીડિયોમાં દર્શાવવામાં આવેલા પુરૂષોના ઘરો પર હુમલો કર્યો હતો અને સરકાર પાસે તેમને 'યોગ્ય સજા' આપવાની માંગ કરી હતી. આ રેકોર્ડિંગમાં બિરેનસિંહના અવાજમાં સાંભળી શકાય છે જે સૂચવે છે કે, મેઈતેઈ સિવિલ સોસાયટી જૂથો જેમણે તે ગુનામાં સંડોવણીના આરોપમાં કેટલાક પુરૂષોની ઓળખ કરી હતી તેઓએ 'NIA' (નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી)ને તે મહિલાઓને બચાવવા, તેમને વસ્ત્રો પહેરાવવા અને ઘરે મોકલવા માટે ટોળાનો ભાગ હતા તેવા પુરૂષોને ઈનામ આપવાનું કહ્યું હતું. મુખ્યપ્રધાને જાહેરમાં એવું કહેવાનું શરૂ કર્યું હતું કે, બે કુકી મહિલાઓને ટોળામાંથી બચાવવાનો શ્રેય મેઈતેઈ સમુદાયને આપવો જોઈએ.

# 'ભ્રામક જાહેરાતો' માટે CCPA દ્વારા શ્રીરામ IAS કોચિંગ સંસ્થાને રૂા.૩ લાખનો દંડ ફટકારવામાં આવ્યો : શ્રીરામ IASના સ્થાપકે કહ્યું કે, 'અમે ક્યારેય વધુ સંખ્યાને મહત્ત્વ આપતા નથી'

## કન્ઝ્યુમર પ્રોટેક્શન વોચડોગ કહે છે કે, શ્રીરામ IASને વારંવાર વિનંતીઓ કરવામાં આવી હોવા છતાં જાહેરાતોમાં તેના દ્વારા કરવામાં આવેલા દાવાઓને સમર્થન આપવા માટે પૂરતા પુરાવા આપવામાં નિષ્ફળ ગયા પછી દંડ ફટકારવામાં આવ્યો હતો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

શ્રીરામ IASના સ્થાપક-નિર્દેશક શ્રીરામ શ્રીરંગમ કહે છે કે, અમારો અભિગમ ક્યારેય સંખ્યાઓને વધુ દર્શાવવાનો નથી. UPSC ઉમેદવારો માટેના આ કોચિંગ સેન્ટરને કેન્દ્રીય ગ્રાહક સુરક્ષા પ્રાધિકરણ (CCPA) દ્વારા સિવિલ સર્વિસ પરીક્ષા ૨૦૨૨માં તેના 'સફળતાના દર' અંગે ભ્રામક જાહેરાતો બદલ રૂા.૩ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.

CCPAના મુખ્ય કમિશનર નિધિ ખરેએ સોમવારે ધ પ્રિન્ટને જણાવ્યું હતું કે, તપાસના ભાગરૂપે CCPAએ શરૂઆતમાં શ્રીરામના IAS સહિત લગભગ ૨૦ UPSC કોચિંગ સેન્ટરોને નોટિસ પાઠવી હતી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, તેણે સિવિલ સર્વિસ પરીક્ષા ૨૦૨૨માં ૨૦૦ ટોપર્સ બનાવ્યા હતા. બાદમાં તપાસમાં કુલ ૪૫ કોચિંગ સેન્ટરોને આવરી લેવામાં આવ્યા હતા. આ તપાસ ગયા વર્ષથી ચાલુ છે. અમે કોચિંગ સેન્ટરના દાવાઓને સમર્થન આપવા માટે વારંવાર પુરાવાની વિનંતી કરી હતી, પરંતુ જ્યારે તેઓ પૂરતા પુરાવા આપવામાં નિષ્ફળ ગયા ત્યારે અમે દંડ ફટકાર્યો હતો. જો કોચિંગ સેન્ટરોએ સફળ ઉમેદવારો વિશે સાચી માહિતી આપી હોત તો તેમના નાણાં અને સમયની બચત થઈ હોત.

આ નોટિસમાં CCPAએ શ્રીરામ IASને તમામ ગેરમાર્ગે દોરતી જાહેરાતો તાત્કાલિક બંધ કરવા જણાવ્યું હતું. CCPAની પ્રેસ નોટ કહે છે કે, આ કોચિંગ સંસ્થાઓ, ઓનલાઈન એડટેક પ્લેટફોર્મ આવા ઉમેદવારો દ્વારા પસંદ કરાયેલા અભ્યાસક્રમો અને અભ્યાસક્રમનો સમય જાહેર કર્યા વિના સંભવિત ઉમેદવારોને પ્રભાવિત કરવા માટે કેટલાક સફળ ઉમેદવારોના ચિત્રો અને નામોનો ઉપયોગ કરે છે. આ કોચિંગ સેન્ટરે કન્ઝ્યુમર પ્રોટેક્શન વોચડોગ દ્વારા જારી કરાયેલા દંડનું પાલન કર્યું હોવાની પુષ્ટિ કરતાં શ્રીરામ IASના શ્રીરામ શ્રીરંગમે સોમવારે ધ પ્રિન્ટને જણાવ્યું હતું કે, અમારો અભિગમ ક્યારેય સંખ્યા વધારે દર્શાવવાનો નથી. અમે વિવિધ પ્લેટફોર્મ પર ઘણા લોકોને માર્ગદર્શન આપીએ છીએ. જો કે, અમારી પાસે તમામ દસ્તાવેજો ન હોઈ શકે. અમારા ઘણા વિદ્યાર્થીઓ વિવિધ રાજ્ય સેવાઓમાં પસંદગી પામે છે પરંતુ અમારી પાસે તેનો ડેટા નથી. જ્યારે CCPAએ નોટિસ જારી કરી, ત્યારે અમે કાયદાનો આદર કર્યો અને તેમના નિર્ણયનું પાલન કર્યું, અમે અપીલ કરી નથી કારણ કે, અમે સત્તાનો આદર કરવામાં માનીએ છીએ. CCPA મુજબ શ્રીરામ IASએ તેની જાહેરાતોમાં બે ભ્રામક દાવા કર્યા હતા : 'UPSC સિવિલ સર્વિસ પરીક્ષા ૨૦૨૨માં ૨૦૦થી વધુ પસંદગીઓ' અને 'અમે ભારતની નં.૧ પ્રતિષ્ઠિત UPSC/IAS કોચિંગ સંસ્થા છીએ.' દાખલા તરીકે શ્રીરામ IASએ જાહેરાતોમાં દાવો કર્યો હતો કે, તેના ૨૦૦થી વધુ ઉમેદવારોએ સિવિલ સર્વિસ પરીક્ષા ૨૦૨૨ પાસ કરી હતી, પરંતુ જ્યારે CCPA દ્વારા વિગતો આપવાનું કહેવામાં આવ્યું ત્યારે તે ફક્ત ૧૭૧ ઉમેદવારો માટે જ માહિતી આપી શક્યું હતું. તેમાંથી ૧૦૨ તેના ઈન્ટરવ્યુ માર્ગદર્શન કાર્યક્રમમાં ૫૫ ફ્રી ટેસ્ટ શ્રેણીમાં ૯ જી.એસ. ક્લાસરૂમ કોર્સમાં અને પાંચ જેઓ વિવિધ રાજ્યો સાથે મફત કોચિંગ માટેના એમઓયુ હેઠળ કોચિંગ સેન્ટર સાથે સંકળાયેલા હતા. CCPAએ તેની પ્રેસનોટમાં જણાવ્યું હતું કે, શ્રીરામ IAS દ્વારા કરવામાં આવેલી જાહેરાતો ઉપભોક્તાઓના માહિતગાર થવાના અને અન્યાયી વેપાર પ્રથાઓથી સુરક્ષિત થવાના અધિકારનું ઉલ્લંઘન છે. CCPA ચીફ ખરેએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, મોટાભાગની UPSC કોચિંગ સંસ્થાઓ સફળ ઉમેદવારો દ્વારા પસંદ કરાયેલા ચોક્કસ અભ્યાસક્રમોના નામ અંગે સ્પષ્ટ માહિતી આપતી નથી.

# કોઈ દુર્ઘટના સર્જાય તો જવાબદાર કોણ ??



એક તરફ સરકારી તંત્ર સબ સલામત અને સુરક્ષાની વાતો કરે છે જ્યારે બીજી તરફ તેની જ નાક નીચે સુરક્ષાના નામે લોકો બિન્દાસ્ત મનમાની કરી લેતા હોય છે. તહેવારો નજીક આવતા જ અમદાવાદ-સુરત જેવા મહાનગરોમાંથી અનેક શ્રમજીવીઓ વતનની વાટ પકડતા હોય છે પણ તંત્ર તેમના માટે પરિવહનની જે વ્યવસ્થા ગોઠવે છે તે પૂરતી ન હોય તેવું લાગે છે અને એટલે જ લોકો જીવના જોખમે પ્રસ્તુત તસવીરમાં જે દૃશ્યમાન થાય છે તે રીતે મુસાફરી કરવા મજબૂર બને છે. જો આવા સમયે કોઈ હોનારત કે અકસ્માત સર્જાય તો જવાબદાર કોણ ? શું આ દૃશ્યો ટ્રાફિક પોલીસ, RTO કે તંત્રના ધ્યાને નહીં આવતા હોય ? પ્રસ્તુત તસવીર અમદાવાદ શહેરના મુખ્ય એસ.ટી સ્ટેન્ડ (ગીતા મંદિર)ની નજીકની છે. જ્યાંથી ખાનગી વાહનો દ્વારા લોકો રાજ્યમાં અનેક સ્થળોએ મુસાફરી કરે છે જ્યારે રક્ષાબંધનનો પર્વ હોવાથી લોકો મોટી સંખ્યામાં વતન તરફ જવા ઊમટ્યા હતા. જેનો લાભ ખાનગી ટ્રાવેલ્સવાળા ભરપૂર રીતે ઉઠાવે છે ત્યારે તંત્ર આમના માટે કોઈ અલાયદી વ્યવસ્થા કરતું નહી હોય ? તેવો સવાલ થયા વગર રહેતો નથી. જો ગુજરાતના સૌથી મોટા શહેરના મુખ્ય મથકની આસપાસ આ સ્થિતિ હોય તો પછી અન્યત્ર તો ક્યાંય વિકાસ શોધવા જેવું જ નથી ને ?

### બનાસકાંઠામાં જાતિવાદી માનસિકતાને છતી કરતી કલંકિત ઘટના

# ૧૫મી ઓગસ્ટના રોજ સરકારી પ્રાથમિક શાળામાં દલિત મહિલાને વિદ્યાર્થીઓમાં ચોકલેટ વહેંચતાં રોકવામાં આવી

## ● પોલીસે ત્રણ લોકોની કરી ધરપકડ ● મધ્યાહ્‌ન ભોજનમાં પણ દલિત વિદ્યાર્થીઓને અલગ બેસાડાતા હોવાનો આક્ષેપ

અમદાવાદ,તા.૧૯

દેશને આઝાદ થયાને ૭૫ વર્ષથી વધુ સમય થઈ ગયો છતાંય હજુય કેટલાક દૂષણો દૂર થયા નથી કે કરી શકાયા નથી. આ દેશમાં દલિતોને સમાનતાના અધિકાર માટે જાતિવાદી માનસિકતાનો સામનો કરવો પડી રહ્યો છે. ખુરશી પર બેસવાની વાત હોય કે મૂંછ રાખવાની કે પછી ઘોડા પર ચડવાની દલિતોને અવારનવાર જાતિવાદી માનસિકતાનો શિકાર બનાવવામાં આવે છે ત્યારે બનાસકાંઠામાં વધુ એક આવો કિસ્સો સામે આવતા ચકચાર મચી જવા પામી છે.

૧૫મી ઓગસ્ટે આ દેશમાં તમામ લોકો દ્વારા સ્વતંત્રતા પર્વ ઉજવવામાં આવતો હતો ત્યારે બનાસકાંઠાના એક ગામમાં દલિત સમુદાયની એક મહિલાને જાતિવાદી માનસિકતાનો સામનો કરવો પડ્યો હતો. તેની ફરિયાદ મુજબ તે દલિત હોવાને કારણે તેને સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓમાં ચોકલેટનું વિતરણ કરતા રોકવામાં આવી હતી. બનાસકાંઠાના આગથળા પોલીસે શુક્રવારે આ બનાવ વિશે એફઆઈઆર દાખલ કરી હતી જેમાં મહિલા કાસુ પરમાર અને તેના ભત્રીજા નરેશ પરમારે આરોપ મૂક્યો હતો કે તેમને અન્ય સમુદાયના સભ્યો દ્વારા ધમકી આપવામાં આવી હતી અને ચોકલેટનું વિતરણ કરતા અટકાવવામાં આવ્યા હતા. તેઓએ એવો પણ આક્ષેપ કર્યો છે કે શાળાના દલિત વિદ્યાર્થીઓને મધ્યાહ્ન ભોજન દરમિયાન અલગથી બેસાડવામાં આવ્યા હતા. જાતિના મુદ્દાને કારણે મહિલાને ચોકલેટ વહેંચવાથી રોકવામાં આવી હતી. આ કેસમાં ત્રણ આરોપીઓ ચેહરા, ગમણ અને અરજણની ધરપકડ કરવામાં આવી છે.’ બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકાના ખેરોલા ગામના રહેવાસી નરેશે તેની પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે કાસુ ગામની લાલપુરા પ્રાથમિક શાળામાં શાળાના બાળકોને ચોકલેટ વહેંચવા ગઈ હતી. જ્યારે તે ચોકલેટનું વિતરણ કરી રહી હતી, ત્યારે રબારી અને ઠાકોર સમુદાયના સભ્યોએ વાંધો ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે, ‘વાલ્મીકિ સમુદાયની કાસુ અમારા બાળકોને ચોકલેટ વહેંચીને દૂષિત કરી રહી છે.’ આરોપીઓમાંથી એક ભરત ઠાકોરે કાસુને ધમકી આપી હતી કે તેણે માત્ર દલિત વિદ્યાર્થીઓને જ ચોકલેટ વહેંચવી જોઈએ, અન્ય સમુદાયના વિદ્યાર્થીઓને નહીં. અન્ય ત્રણ આરોપીઓ - ચેહરા રબારી, ગમણ રબારી અને અરજણ રબારીએ કાસુને ધમકી આપી હતી. આરોપીઓએ એવી ધમકી પણ આપી હતી કે તેઓ દલિત વિદ્યાર્થીઓને શાળામાં ભણવા નહીં દે. કાસુ અને નરેશે આ મુદ્દો શાળાના આચાર્ય દક્ષેશ ભાવસાર સમક્ષ ઉઠાવ્યો હતો. તેમણે આચાર્યને એમ પણ પૂછ્યું હતું કે દલિત વિદ્યાર્થીઓને મધ્યાહ્ન ભોજન માટે અલગથી કેમ બેસાડવામાં આવે છે?’ ત્યારે આચાર્ય ભાવસારે તેમને કહ્યું હતું કે ‘દલિત વિદ્યાર્થીઓને અલગથી બેસાડવામાં આવશે. તમારાથી જે થાય એ કરી લેજો.’

### મેઘાએ વિરામ લેતાં ગરમીમાં થયો વધારો

# આગામી બે દિવસ દક્ષિણ ગુજરાતમાં અનેક સ્થળોએ ભારે વરસાદની આગાહી

## રાજ્યમાં છૂટાછવાયા વરસાદી ઝાપટાંની સંભાવના

અમદાવાદ, તા.૧૯

રાજ્યમાં સામાન્ય ઝાપટાંઓને બાદ કરતાં છેલ્લા કેટલાક દિવસોથી મેઘરાજાએ વિરામ લીધો છે. તો આવનાર સપ્તાહમાં છૂટાછવાયા વરસાદની આગાહી વચ્ચે એક મોટી આગાહી સામે આવી છે. જે અનુસાર આગામી બે દિવસ દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતા છે. જ્યારે વરસાદે વિરામ લેતાં રાજ્યના મહત્તમ તાપમાનમાં વધારો થયો છે. તો બફારો અને ઉકળાટથી લોકો અટવાઈ ઉઠ્યા છે.

રાજ્યમાં હાલ પૂરતો વરસાદે વિરામ જરૂર લીધો છે પણ આગામી બે દિવસ તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ અને દાદરા-નગર હવેલીમાં ભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ ઉપરાંત સમગ્ર રાજ્યમાં છૂટાછવાય સ્થળ પર વરસાદી ઝાપટાં વરસી શકે છે. હાલમાં ગુજરાતમાં જરૂરિયાત કરતાં ત્રણ ટકા વધુ વરસાદ નોંધાયો છે, જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છમાં એક જૂનથી લઈને અત્યારસુધીમાં ૧૯% વધુ વરસાદ નોંધાયો છે. તો ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં જરૂરિયાત કરતા ૯% ઓછો વરસાદ થવાથી વરસાદની ઘટ સર્જાય છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, આવતીકાલથી દક્ષિણ ગુજરાતના

## નવસારીમાં ફરી એકવાર જામ્યો વારસાદી માહોલ

જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતા સાથે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે આજે સમગ્ર ગુજરાતમાં કોઈ પણ જિલ્લામાં ભારે વરસાદની કોઈ વોર્નિંગ જાહેર કરવામાં આવી નથી. તદુપરાંત માછીમારો માટે પણ કોઈ સૂચના જાહેર કરવામાં આવી નથી. ઉલ્લેખનીય છે કે અગાઉ દક્ષિણ ગુજરાતથી લઈને ઉત્તર કેરળ સુધી એક ઓફ શોર ટ્રફ સક્રિય હતો, જેને કારણે ગુજરાતના દક્ષિણ ભાગમાં ભરપૂર વરસાદ નોંધાયો હતો, પરંતુ હાલમાં છેલ્લા કેટલાક દિવસોથી આ તરફ નિષ્ક્રિય થતાં વરસાદે વિરામ લીધો હતો. રાજસ્થાનમાં દક્ષિણ ભાગમાં જે વરસાદી સિસ્ટમ સક્રિય હતી, એટલે કે મોન્સૂન ટ્રફ ઉત્તર રાજસ્થાન તરફ ખસ્યો છે, જેને કારણે ગુજરાતમાં વરસાદની ઘટ સર્જાય છે. આવતીકાલથી ફરી એક વખત દક્ષિણ ગુજરાતમાં વરસાદની સિસ્ટમ સક્રિય થશે. ૨૦ અને ૨૧ ઓગસ્ટના તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ અને દાદરા અને નગર-હવેલીમાં ભારે વરસાદ સાથે યલો જાહેર કરવામાં આવ્યું છે. બપોર બાદ નવસારી શહેરમાં વીજળીના કડાકા-ભડાકાક સાથે ધોધમાર વરસાદ વરસ્યાના અહેવાલો સાંપડ્યા છે. ત્યારે આગામી બે દિવસ દક્ષિણ ગુજરાતમાં ફરી એકવાર વરસાદનું જોર જોવા મળશે

### રાજકોટ અગ્નિકાંડના આરોપીઓ પૈકીના સાગઠિયાએ મીડિયાથી મોં છૂપાવ્યું

# રાજ્યની વિવિધ જેલમાં કેદી ભાઈઓને રાખી બાંધવા બહેનો આવતાં ભાવુક દૃશ્યો સર્જાયા

## બહેનોએ ભાઈ વહેલા છૂટે તે માટે કરી પ્રાર્થના : જેલ તંત્ર દ્વારા વિશેષ વ્યવસ્થા ગોઠવાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

ભાઈ-બહેનના સંબંધનો તહેવાર રક્ષાબંધનની સમગ્ર દેશમાં ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં આજે રાજ્યની વિવિધ જેલોમાં બંધ કેદીઓને તેમની બહેનોએ રાખડી બાંધી હતી તેમજ ભાઈ વહેલો જેલમુક્ત બને એ માટે પ્રાર્થના કરી હતી. આ દરમિયાન ભાવુક દૃશ્યો જોવા મળ્યાં હતાં.

વડોદરા મધ્યસ્થ જેલમાં રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. જેલના કાચા-પાકા કામના કેદીઓને બહેનો રાખડી બાંધી શકે એ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. બહેન પોતાના ભાઈને રાખડી બાંધી શકે એ માટે સૌપ્રથમ રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું અને ત્યાર બાદ તબક્કાવાર બહેનોએ જઈ રાખડી બાંધી રક્ષાબંધનની ઉજવણી કરી હતી. બહેને પોતાના ભાઈને રાખડી બાંધી બહાર આવતાં ભાવુક દૃશ્યો પણ જોવા મળ્યાં હતાં. તો કેટલીક બહેનોના ચહેરા પર ભાઈને મળવાની ખુશી પણ જોવા મળી અને ભાઈઓ પણ બહેનોને મળીને ખુશ જોવા મળ્યા હતા.





જ્યારે રાજકોટ મધ્યસ્થ જેલમાં રાજકોટ શહેર ઉપરાંત બહારગામથી બહેનો વહેલી સવારથી જ જેલ ખાતે પહોંચી ગઈ હતી અને રજિસ્ટ્રેશન માટે કતાર લગાવી હતી. જ્યારે બહેન પોતાના ભાઈને રાખડી બાંધવા માટે પહોંચી ત્યારે ચૌધાર આંસુએ રડી પડી હતી. કોઈ યુવાને પોતાના બાળકને છાતીએ લગાવી વહાલ વરસાવ્યું હતું તો કોઈ કેદી બહેન કે માતાની આંખમાં આંસુ જોઈને પોતે કરેલા ગુના પ્રત્યે અફસોસ કરી રહ્યા હતા.

આ ઉપરાંત રાજકોટ TRP ગેમ ઝોન અગ્નિકાંડના આરોપીઓને પણ તેમની બહેનો રાખડી બાંધવા આવી હતી, જેમાં જેલમાં બંધ રાજકોટ મહાપાલિકાના પૂર્વ ટાઉન પ્લાનિંગ ઓફિસર મનસુખ સાગઠિયાને તેમની ૩ બહેન રાખડી બાંધવા આવી હતી. શરૂઆતમાં સાગઠિયા મીડિયાથી પોતાનું મોઢું છુપાવતા હતા, પરંતુ બાદમાં બહેન રાખડી બાંધવા આવતાં તેને મીડિયા સમક્ષ આવવું પડ્યું હતું. પોલીસે સાગઠિયાને કહેતાં તે સીધો ઊભો રહ્યો હતો અને બાદમાં તેને ત્રણેય બહેનો જ્યારે રાખડી બાંધવા માટે આવી ત્યારે તેઓ રડવા લાગી હતી. આ ઉપરાંત મુખ્ય આરોપી યુવરાજસિંહ સોલંકીની બહેન તેને રાખડી બાંધવા આવી ત્યારે તેની આંખમાં પણ આંસુ આવી ગયા હતા. પરિવારની મહિલાએ યુવરાજસિંહના ઓવારણાં લીધાં તો પરિવારની બાળકી યુવરાજસિંહને જોઈ રહી હતી. બાદમાં એક મહિલાએ જતાં જતાં કહ્યુ કોઈ ચિંતા ન કરતો.

પોતાના ભાઈને બહેન યોગ્ય રીતે મળી શકે અને રાખડી બાંધી મીઠાઈ ખવડાવી ઉજવણી કરે એ માટે જેલતંત્ર દ્વારા યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી હતી, જેલતંત્ર દ્વારા બહાર સ્ટોલ લગાવી ખરીદી માટે મૂકવામાં આવ્યાં હતાં. અહીં અલગ અલગ વેરાઈટીના ફરસાણ અને બરોડા ડેરી દ્વારા શુદ્ધ મીઠાઈ વાજબી ભાવે ઉપલબ્ધ કરવામાં આવી હતી.

આ અંગે વડોદરા સેન્ટ્રલ જેલના પીઆઈ વી.ડી.બારિયાએ જણાવ્યું હતું કે દર વર્ષની જેમ વડોદરા સેન્ટ્રલ જેલમાં આ વખતે પણ રક્ષાબંધન પર્વની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. દર વર્ષે ૭૦૦થી ૮૦૦ કેદી ભાઈઓને તેમની બહેનો રાખડી બાંધતી હોય છે. આ સમયે ભાવુક દૃશ્યો સર્જાય છે. આજે પણ એવાં જ દૃશ્યો જોવા મળ્યાં હતાં, જેમાં બહેનોએ ભાઈઓને રાખડી બાંધ્યા બાદ બહેનો અને ભાઈઓ બંનેની આંખોમાં આંસુ જોવા મળ્યાં. જેલમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને એ રીતે આ આયોજન કરીએ છીએ.

### સુરતમાં ચાર માસના ટૂંકા ગાળામાં અગ્રણી મોલ માટે ફરીવાર ધમકી અપાઈ

# રાજ્યમાં ભય ફેલાવવાના પ્રયાસો : પોશ વિસ્તારના મોલને ઉડાવી દેવાની ધમકી

## ડોગ અને બોમ્બ સ્કવોડની મદદ લેવાઈ : ધમકી માટે ઈ-મેઈલનો ઉપયોગ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૯

સુરત શહેરના પોશ વિસ્તારમાં આવેલા વીઆર મોલને ફરી એકવાર મેઈલથી ધમકી મળી છે.થોડા દિવસ અગાઉ પણ પીપલોદ રોડ ઉપર આવેલા વીઆર મોલને ઈમેલથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. જ્યારે આજે રક્ષાબંધનના તહેવાર પર ફરી એક વખત મોલને ઉડાવી દેવાની ધમકી મળતાં પોલીસ તંત્ર દોડતું થયું હતું. એસઓજી અને પીસીબીની ટીમ સહિત અને ક્રાઈમ બ્રાન્ચની ટીમ પણ વીઆર મોલ ખાતે પહોંચી ગઈ હતી.ડોગ સ્કવોડ અને બોમ્બ સ્કવોડની મદદ લેવાઈ રહી છે.

પોલીસ દ્વારા પ્રાપ્ત થતી વિગતો અનુસાર વી.આર મોલને ઈ-મેલથી ધમકી આપવામાં આવી છે. ઈમેલમાં બોમ્બથી મોલને ઉડાવી દેવાની ધમકી મળતાંની સાથે જ પોલીસને જાણ કરવામાં આવી હતી. વીઆર મોલમાં આજે રજાના દિવસે અને રક્ષાબંધન નિમિત્તે લોકો મોટી સંખ્યામાં ખરીદી કરવા માટે અને હરવા-ફરવા માટે પહોંચ્યા હતા. ઘટનાની જાણ થતાંની સાથે જ ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળ ઉપર પહોંચી ગયા હતા અને તમામ પ્રકારના અગમચેતીના પગલાં લેવાના શરૂ કરી દેવાયા હતા. સૌપ્રથમ પોલીસ દ્વારા મોલ ખાલી કરાવવામાં આવ્યો હતો, જેથી કરીને કોઈ પણ પ્રકારની દુર્ઘટના ન બને. ગણતરીની મિનિટોમાં જ બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડ ઘટનાસ્થળે પહોંચીને તપાસ શરૂ કરી દીધી હતી. આખા મોલની અંદર તપાસ કરવાનું શરૂ કરી દેવા હતા અને પોલીસ કાફલો ખૂબ જ મોટી સંખ્યામાં ઘટનાસ્થળ ઉપર પહોંચી જતાં ભયનો માહોલ ઉભો થયો હતો, લોકો પણ સ્થિતિ પારખી જતાં તાત્કાલિક મોલથી દૂર જવાનું યોગ્ય સમજ્યું હતું. ફાયર વિભાગની ટીમ પણ એલર્ટ થઈ ગઈ છે.અગાઉ પણ આ વર્ષે જ ૯મી એપ્રિલે સુરતનો સૌથી મોટો વીઆર મોલને ધમકી મળતાં પોલીસે ખાલી કરાવ્યો હતો.જો કે તે સમયે પણ તમામ તપાસ કર્યા બાદ મોલમાં કોઈ પણ જગ્યાએ બોમ્બ મળ્યો નહતો અને ત્યારબાદ લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. ત્યારબાદ સુરત સાયબર ક્રાઈમની ટીમે તપાસ શરૂ કરી હતી અને તેમાં સામે આવ્યું હતું કે મેઈલ યુરોપના એક દેશમાંથી કરવામાં આવ્યો હતો અને તે પણ કોઈ સાયબર એકસપર્ટે કર્યો હોવાની પ્રાથમિક માહિતી સામે આવી હતી, બીડીએસની ત્રણ ટીમે ધાર્યા કરતા વહેલા સમયમાં તપાસ પૂર્ણ કરી લીધી હતી અને બોમ્બ અને ડોગ સ્કવોડની ત્રણ ટીમ કામે લાગી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે VR મોલના ઓફિશિયલ ઈમેઈલ આઈડી પર આ ઈમેઈલ કરવામાં આવ્યો હતો.

# સ્નાતકની બોગસ માર્કશીટના આધારે એલએલબીમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીના પ્રવેશ રદ કરવાના નિર્ણયને હાઈકોર્ટની બહાલી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

સ્નાતક થયાની બોગસ માર્કશીટના આધારે એલએલબીમાં પ્રવેશ મેળવી લોની ડીગ્રી મેળવનાર એક વિદ્યાર્થીના પ્રવેશને રદ કરવાના વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીના નિર્ણયને ગુજરાત હાઈકોર્ટે યથાવત્ રાખ્યો હતો. હાઈકોર્ટની ખંડપીઠે આ અંગેના સીંગલ જજ જસ્ટિસ નિખિલ એસ.કેરીયલેના હુકમને યોગ્ય ઠેરવ્યો હતો અને અરજદાર વિદ્યાર્થીની અપીલ ફગાવી દીધી હતી. કેસની વિગતો મુજબ અરજદાર વિદ્યાર્થી મેહુલ ચાંપાનેરીયાએ રાજસ્થાનની શ્રીધર યુનિવસટીની બેચલર ઓફ આર્ટસની ૨૦૧૩માં ડિગ્રી મેળવી હતી અને આ ડિગ્રીનો ઉપયોગ વીર નર્મદ યુનિવર્સિટીમાં એલએલબી કોર્સમાં પ્રવેશ માટે કર્યો હતો. તા.૧૧-૬-૨૦૧૫ના રોજ તેણે રજૂ કરેલા દસતાવેજોના આધારે યુનિવર્સિટીએ રજૂ કરેલા દસ્તાવેજોના આધારે કામચલાઉ પ્રમાણપત્ર જારી કર્યું હતું. દરમ્યાન અરજદાર મેહુલ ચાંપાનેરિયાએ એલએલબીનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યો અને ડિગ્રી મેળવી હતી. પરંતુ ત્યારબાદ જ્યારે તેણે વકીલાતની સનદ માટે ગુજરાત બાર કાઉન્સીલમાં એપ્લાય કર્યું ત્યારે ગુજરાત બાર કાઉન્સીલના વેરીફિકેશન દરમ્યાન ખુલાસો સામે આવ્યો હતો કે, આ વિદ્યાર્થી મેહુલ ચાંપાનેરિયાએ રજૂ કરેલી ગ્રેજ્યુએશનની માર્કશીટ બોગસ છે. હકીકતમાં આ વિદ્યાર્થીને શ્રીધર યુનિવર્સિટીમાં ક્યારેય પ્રવેશ આપવામાં આવ્યો ન હતો અને ગ્રેજ્યુએશન કે કોઈપણ શૈક્ષણિક પ્રમાણપત્રો આપવામાં આવ્યા ન હતા. બાર કાઉન્સીલની જાણકારી બાદ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીએ મેહુલ ચાંપાનેરિયાની એલએલબીની ડિગ્રી રદબાતલ ઠરાવી હતી. અરજદાર વિદ્યાર્થી મેહુલ ચાંપાનેરિયાએ એલએલબીની ડિગ્રી રદ કરવાના વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિ.ના નિર્ણયને પડકાર્યો હતો, જેમાં જસ્ટિસ નિખિલ એસ.કેરીયલે અરજદાર વિદ્યાર્થીની રિટ ફગાવી દીધી હતી. તેથી આ વિદ્યાર્થીએ ખંડપીઠ સમક્ષ અપીલ કરી હતી પરંતુ ખંડપીઠે સીંગલ જજનો હુકમ બહાલ રાખ્યો હતો. ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ખંડપીઠે વિદ્યાર્થીને કોઈપણ પ્રકારની રાહત આપવાનો ઈન્કાર કરી દીધો હતો અને એલએલબીની ડિગ્રી રદ કરવાની વાત માન્ય રાખી હતી કારણ કે, અરજદારનું ગ્રેજ્યુએશન સર્ટફિકેટ, પ્રવેશ માટે ઉપયોગમાં લેવાયું હતું, તે છેતરપિંડીયુક્ત હતું. હાઈકોર્ટે જણાવ્યું હતું કે, અરજદાર છેતરપીંડી કરવાની બાબતનો ગુનેગાર છે, તેથી તે કોર્ટ પાસેથી કોઈપણ પ્રકારની રાહત માંગી શકે નહી. અરજદાર પાસે એલએલબીની ડિગ્રી મેળવવાની કોઈ લાયકાત જ ન હતી. તેણે ગ્રેજ્યુએશનના ખોટા સર્ટિફિકેટના આધારે એલએલબીમાં પ્રવેશ મેળવ્યો છે. આમ, અરજદારે વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી સાથે પણ ગંભીર પ્રકારની છેતરપિંડી કરી છે.

# જ્ઞાન સહાયકના મેરિટ લિસ્ટમાં ૧૬ હજાર કરતાં વધુનો સમાવેશ

## માધ્યમિકના મેરિટમાં ૧૦,૯૧૨ અને ઉ.માધ્યમિકના મેરિટમાં ૫,૧૭૨નો સમાવેશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સહાયકોની નિમણૂકને લઈ શિક્ષણ વિભાગ દ્વારા પ્રોવિઝનલ મેરિટ લિસ્ટ જાહેર કરાયું છે. જેમાં માધ્યમિક વિભાગમાં જ્ઞાન સહાયક બનવા માટેના મેરિટ લિસ્ટમાં ૧૦૯૧૨ ઉમેદવાર અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં જ્ઞાન સહાયક બનવા માટે ૫૧૭૨ ઉમેદવારોનો સમાવેશ કરાયો છે. આમ, જ્ઞાન સહાયક માટેના મેરિટ લિસ્ટમાં કુલ ૧૬૦૮૪ ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા શાળાઓમાં કાયમી શિક્ષકોની જગ્યા ન ભરાય ત્યાં સુધી જ્ઞાન સહાયકના માધ્યમથી શિક્ષણ આપવાનું નક્કી કરાયું હતું. આ માટે ગત વર્ષે જ્ઞાન સહાયકોની પસંદગી કરવામાં આવ્યા બાદ ચાલુ વર્ષે ઘણા જ્ઞાન સહાયકોના કરાર રિન્યૂ પણ કરવામાં આવ્યા હતા. જો કે, આમ છતાં રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની જગ્યા ખાલી હોવાથી આ જગ્યા પર જ્ઞાન સહાયકની ભરતી માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જ્ઞાન સહાયક બનવા માટેના મેરિટ લિસ્ટમાં માધ્યમિક વિભાગમાં ૧૦૯૧૨ ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં અંગ્રેજી માધ્યમમાં ૮૮, ગુજરાતી માધ્યમમાં ૧૦૮૦૬ અને હિન્દી માધ્યમમાં ૧૮ ઉમેદવારોનો વિવિધ વિષયના મેરિટ લિસ્ટમાં સમાવેશ કરાયો છે. જ્યારે ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં જ્ઞાન સહાયક બનવાના મેરિટ લિસ્ટમાં કુલ ૫૧૭૨ ઉમેદવારોનો સમાવેશ કરાયો છે. જેમાં અંગ્રેજી માધ્યમમાં ૩૯, ગુજરાતી માધ્યમમાં ૫૧૦૪ અને હિન્દી માધ્યમમાં ૨૯ ઉમેદવારોનો સમાવેશ કરાયો છે.



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS